
# મેઘાણીની નવલિકાઓ

ખંડ

2

ઝવેરચંદ મેઘાણી

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય




56631

56631

કિંમત : રૂ. 95

પુનર્મુદ્રણ: ફેબ્રુઆરી 2008

આવૃત્તિઓ : પહેલી 1942, બીજી 1946

પુનર્મુદ્રણ: 1954, 1960, 1980

'મેઘાણીની સમગ્ર નવલિકા' (ભાગ 2)માં પુનર્મુદ્રણ: 1998

MEGHANINI NAVALIKAO (PART 2)
*short stories*
by Jhaverchand Meghani
Published by Gurjar Grantharatna Karyalaya,
Gandhi Road, Ahmedabad 380 001, (India)
Ed.2, 1946, reprinted 2007

સુશોભન-રેખાંકનો : વાસુદેવ સ્માર્ત

પાનાં : 12+244=256

ISBN 978-81-8480-005-0

નકલ : 1250

■ પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001 : ફોન : 22144663 ■ ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279 ■ મુદ્રક : ભગવતી ઑફસેટ 15/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

અર્પણ

ભાઈ ઉમાશંકરને



# નિવેદન

['ચિતાના અંગારા', ખંડ 1]

**ઘ**ણા વખતથી 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળનો મનોરથ હતો કે મારે ટૂંકી કથાઓ લખવી. જેલમાં રહ્યે રહ્યે એ વિચારે મારા મન ઉપર જોર કર્યું હતું. બહાર નીકળ્યા પછી એ મંથનનું આ રૂપે પરિણામ આવ્યું છે.

આ વાર્તાઓ લખાતી ગઈ તેમ તેમ 'સૌરાષ્ટ્ર' પત્રમાં પ્રગટ થતી રહી છે. અને એ-નો એ જ ક્રમ જાળવી રાખીને આમાં છપાઈ છે. ક્યાંક ક્યાંક રંગો ઘેરા કરવા સિવાય લખાણમાં કે વસ્તુમાં મોટો ફેરફાર કર્યો નથી. એના મૂળ ગુણદોષો સાથે જ એ બહાર પડે છે.

લેખકના નામના નિર્દેશ વિના જ એ છાપેલી. મારા તરફના પક્ષપાતથી રંગાયા વિનાનો મિત્રોનો અભિપ્રાય જાણવો હતો. એકંદર ઘણાખરાનો સત્કાર મળ્યા પછી જ પ્રગટ નામે બહાર પાડે છે.

ખાસ કરીને ગ્રામસેવામાં પડેલા યુવક બંધુઓને આ ચિત્રો આવશ્યક લાગ્યાં છે. ગામડિયા સમાજની નજીકમાં નજીક હોઈ તેઓને આ સાહિત્યની યથાર્થતા વિશેષ દેખાઈ છે. હું તો કલાની કે સાહિત્યની દૃષ્ટિએ મારી આ વાર્તાઓના ગુણદોષ તપાસવા નથી બેઠો. આપ્તજનોના અભિપ્રાયને ભરોસે આ નાવ તરતું મૂકું છું.

ચિતા જલે છે. એક–બે નહિ, લાખો શબો સામટાં સળગે છે. શબોની નહિ, જીવતાં કલેવરોની એ અગ્નિ-શૈય્યા છે. વાચક! ભાઈ અથવા બહેન! અંગારા ઓલવાઈ ગયા છે એવો ભુલાવો ખાઈશ નહિ. તું જોઈ શકે નહિ માટે માની લઈશ મા, કે આ વાર્તાઓમાં રજૂ થયેલો જમાનો ગયો છે. ચિતા જલે છે; બુઝાવાની વેળા આઘી છે.

કથાઓમાં અમુક સાચી ઘટનાઓનું માત્ર બીજારોપણ થયું છે, તે

પછી એનાં ડાખળાંપાંદડાં તો એકંદર જીવનના નિરીક્ષણમાંથી ફૂટેલાં છે. કોઈ એક જ ઘટનાને સાંગોપાંગ નથી ઉઠાવી.

બાકી રહેલી તેમજ નવી લખાયે જતી વાર્તાઓનો બીજો ખંડ થશે.

રાણપુર: 28-9-'31 *ઝવેરચંદ મેઘાણી*

['ચિતાના અંગારા', ખંડ 2]

આમાંની પહેલી ચાર વાર્તાઓ મારી સ્વતંત્ર છે. છેલ્લી 'પરિત્યાગ'ની કથા તો શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની છે. એનો અનુવાદ મેં 'ગુજરાત'માં પ્રગટ કરાવેલો. એ મહાન કલાકારની કૃતિ આંહીં મૂકવામાં મારી વાર્તાઓને હું કદાચ જોખમમાં ઉતારતો હોઈશ. પરંતુ જેના અનુવાદમાં મારા અંતઃકરણે મૌલિક સર્જનનું મમત્વ અનુભવેલ છે, તેના સુખભોગમાં વાચકોને મારા બનાવવાનો મોહ મારાથી છોડી શકાયો નથી.

મારી આ શિખાઉ વાર્તાઓ છે. સહુ સ્નેહીઓ અને શુભચિંતકોનું નિઃસંકોચ વિવેચન હું નોતરું છું. તેઓને ખાત્રી આપું છું કે તેઓની ખંડનાત્મક તેમજ મંડનાત્મક બન્ને પ્રકારની ટીકાઓનો આ કૃતિઓના ઘડતરમાં હિસ્સો છે.

બોટાદ: 24 માર્ચ 1932 *લેખક*

['આપણા ઉંબરમાં']

જાતમહેનત કરનારાં ઉદ્યમી જનોની એક આખી દુનિયા આપણા ઉંબરમાં જ – આપણી પડખોપડખ જ – જીવે છે, જીવનસંગ્રામ કરે છે, ને મરે છે પણ આપણા ઉંબરમાં, છતાં આપણે અને એ પરસ્પર પરદેશી જેવાં બન્યાં છીએ. એમની સમસ્યાઓ આપણાથી સમજાતી નથી. કાં તો આપણે એની ઘૃણા કરીએ છીએ, ને કાં દયા ખાઈએ છીએ. દયા ખાવી એ પણ તિરસ્કારનું જ એક સ્વરૂપ છે.

આંહીં રજૂ થતાં ચિત્રોમાં કોઈ શ્રમજીવી-મૂડીદાર વચ્ચેના વિગ્રહની ફિલસૂફી નથી વણાઈ. એ પ્રશ્ન તો લેખકને માટે ગહન છે, ને ખાસ અભ્યાસ

માગી લે છે.

'ફક્કડ વાર્તા' અમેરિકાના 'નૅશન' પત્રના 'નાઈસ સ્ટોરી' નામના શબ્દચિત્ર પરથી ઉતારેલ છે. બાકીનાં ચિત્રો સ્વતંત્ર છે. 'ગંગા, તને શું થાય છે?'નું સ્ફુરણ વિલાયતના કોઈ એક ન્યાયમૂર્તિએ, બનતાં સુધી તો જસ્ટીસ મેકકાર્ડીએ, એક કુમારિકાએ કરેલા ગર્ભપાતના ગુના પર આપેલ ફેંસલામાંથી નીપજેલું છે.

ટૂંકી વાર્તાની કલાને ધોરણે કસતાં આ વિચારી વાર્તાઓને 'વાર્તા' નામ નહિ આપો તો પણ ચાલશે. આ તો ચિત્રો છે. અનર્થ નીપજાવ્યા વિના રેલગાડીનાં મુસાફરોની વાટ ખુટાડવામાં ખપ લાગે તો બસ છે.

બોટાદ: 23-5-'32 *ઝવેરચંદ મેઘાણી*

['આપણા ઉંબરમાં', આ૦ 3]

1932માં આ વાર્તાઓની પહેલી આવૃત્તિનું દર્શન કર્યા પછી છેક આજે એનાં પ્રૂફ વાંચતાં વાંચતાં પુનર્દર્શન પમાયું. વચલી આવૃત્તિ મારી ગેરહાજરીમાં થઈ ગઈ હતી.

પ્રૂફો વાંચતો હતો ત્યારે એવી લાગણી થતી હતી કે જાણે કોઈ નવરુધિરવંતાં સાત બાળકોનો ફરીવાર અણધાર્યો ભેટો થયો છે.

એ સાત બહેનો સાથેના મેળાપમાંથી મોટામાં મોટો આનંદ તો આ મળ્યો: કે સાતેય જણીઓ એમને મેં પહેલીવાર દુનિયામાં રમવા મોકલી તે દિવસના જેટલી ને જેટલી જ સ્ફૂર્તિભરી આજે પણ લાગી.

આ સાત બહેનોના જ એક વિખુટા પડી ગયેલા ભાંડરુ સમી આઠમી 'કાનજી શેઠનું કાંધું' મારી ભૂલથી 'ચિતાના અંગારા' (ભાગ 1)માં ચડી ગઈ હતી. એને મેં એના ભાંડુ-સાથમાં લાવી મૂકેલ છે.

શરૂમાં થોડાંક ઢોરનો ધણી ગોવાળ થોડાં વર્ષે જ્યારે બહોળી પશુ-સંખ્યાનો સ્વામી બને ત્યારે એ કાંઈ એકેય પશુની વ્યક્તિત્વને વીસરી જઈ ભુલાવામાં પડી જતો નથી. હું પણ આજે લાંબી ને ટૂંકી બેઉ પ્રકારની કથાઓની ઠીક ઠીક સંખ્યાનો સર્જક બન્યો હોવા છતાં મારા નવલિકા-

સર્જનની પ્રારંભ વેળાની આ 'બકરીઓ'ને, પ્રત્યેકને, વ્યક્તિવાર પિછાની શકું છું. એવી ઓળખાણને શક્ય બનાવવા પૂરતું તાજાપણું તેમનામાં જ હોવું જોઈએ ને! એકલી એ ગોવાળની ઓળખ-શક્તિ શા કામની?

ઓચિંતાનો આ કુટુંબ-મેળાપ કરાવનાર પ્રસંગ તો એ બન્યો કે છેક મધ્યપ્રાંત અને વરાડમાં હાઇસ્કૂલ બોર્ડની સરકારી મીજી તરપથી થોડા દિવસ પર એક કાગળ મળ્યો લખ્યું હતું કે 'આપણા ઉંબરમાં' નામની તમારી ચોપડી આંહીં અમારે ત્યાં હાઇસ્કૂલોની પરીક્ષામાં પાઠ્યપુસ્તક તરીકે મૂકેલ છે. પણ એ કોઈ ઠેકાણે મળતી કેમ નથી?

ગુજરાતની બહાર છેક મધ્યપ્રાંત વરાડમાં મારી નાનકડી પુસ્તિકાને પાઠ્યપુસ્તકનું સ્થાન! આશ્ચર્ય થયું. છેક એટલે દૂર કોણે આ વાર્તાઓને વિદ્યાર્થીયોગ્ય તરીકે ઓળખી અને ઓળખાવી હશે? કોનો આભાર માનું? હજુય ખબર નથી.

બીજો ચિંતાભર્યો વિચાર તૂર્ત હાજર થયો, કે ભાઈ, પાઠ્યપુસ્તક થનારું ચોપડું જો એને ફરજિયાત ભણતર લેખે ભણનાર વિદ્યાર્થીઓને કંટાળો આપનાર બન્યું ને, તો તેઓ તારી સાત પેઢીને મનમાં મનમાં શાપ આપશે! ને તારા વાર્તાલેખક તરીકેના નામ પર જ ચોકડી મૂકશે. ઉપરાંત તેમાંનો એકાદ મોટપણે જો વિવેચક બન્યો, તો તો તારા સાહિત્યનાં ભીંગડાં જ ઉખેડી નાખશે. પાઠ્યપુસ્તકોમાં તારા પુસ્તકનું મુકાવું, એટલે ૯૯ ટકા તો વિદ્યાર્થીઓના કટક સાથેનું ગુપ્ત વૈર બંધાવું એમ જ સમજી લેવું, બચ્ચા લેખક!

પણ પાઠ્યપુસ્તકમાં પ્રવેશ કરવાની દુષ્ટબુદ્ધિ કેટલી જોરાવર હોય છે! મરાઠી મધ્યપ્રાંતના સો-બસો ગુજરાતી છોકરાઓમાં મશહૂર બનવાની તાલાવેલીએ મારે માટે "ભાઈસાહેબ, પાઠ્યપુસ્તકના શાપમાંથી મને બચાવો!" એટલું લખી મોકલવાની હિંમત ન રહેવા દીધી. મેં તો ઉલટું એ તાબડતોબ છપાવી બહાર પાડી દીધી છે.

આ ચોપડી મૂળ તો ચાર આનાની, પણ એમાં એક વાર્તા વધારી, અને કાગળો સારા વાપર્યા એટલે છ આના મૂકવા પડેલ છે. આભાર માનજો મારો કે રૂ. એકની કિંમત ફટકારી દઈને વિદ્યાર્થીઓ પાસેથી ફરજિયાત થોડું રળી

લેવાની લાલચ મેં રોકી લીધી. ઉપરાંત, મૂળ વિચાર 'ચિતાના અંગારા'ના બે ભાગને તથા આ ચોપડીને ભેગાં કરી અઢીસો-ત્રણસો પાનાંનું પુસ્તક કરવાનો છે, છતાં આની થોડીક જુદી પ્રતો, વિદ્યાર્થીઓ માટે કઢાવી લીધી તે પણ પૈસા રળવાની દૃષ્ટિએ મેં ખોટું કર્યું એનો હવે મને પસ્તાવો થાય છે.

આવી વાતો ચોડેધાડે કહી દેવી એ દુનિયાદારીમાં એક મોટી બેવકૂફી છે એવો વિચાર પણ છેલ્લે છેલ્લે આવે છે. ને બેવકૂફીના કળશરૂપે એ છેલ્લા વિચારને પણ આંહીં ટાંકું છું, કે જેથી કદાચ કોઈક બીજા લઘુવાર્તાકારને આ પરથી એકાદ નવલિકાનો વિષય મળી રહે. ને ખરે જ શું પાઠ્યપુસ્તકમાંથી કમાણી કરવાની કરામતો એકાદ લઘુવાર્તાનો વિષય નથી?

રાણપુરઃ 20-11-'38 — *ઝવેરચંદ મેઘાણી*

['મેઘાણીની નવલિકાઓ', ખંડ 2]

ઈતિહાસ-દૃષ્ટિએ આ બીજો ખંડ પહેલો ગણાય. મારું સ્વતંત્ર વાર્તા-લેખન 1931માં, આ ખંડની વાર્તા 'કિશોરની વહુ'થી, આરંભાયું. તે વખતના સાપ્તાહિક 'સૌરાષ્ટ્ર'માં બબે હપ્તે આમાંની કેટલીક કથાઓ પ્રકટ થએલી, અને કેટલીએક બીજી 1932-33માં, 'ફૂલછાબ' નાનકડા સાહિત્યપ્રધાન સામયિકરૂપે નીકળતું તેમાં, અને તે પછી 'ચિતાના અંગારા' (2 ખંડ) અને 'આપણા ઉંબરમાં' નામના લઘુસંગ્રહોમાં બહાર પડેલી. એ બધાં લોકપ્રિય નીવડેલાં.

'દરિયાપરી'ની છેલ્લી મૂકેલી લાંબી નવલિકા સ્વતંત્ર નથી, પણ ઇબ્સનકૃત નાટક 'લેડી ફ્રૉમ ધ સી' પરથી આલેખાઈ છે. 'ઘૂઘા ગોર' અને 'ગરાસ માટે' ત્રણેક વર્ષ પૂર્વે લખીને વર્તમાન 'ફૂલછાબ' સાપ્તાહિકમાં આપી હતી. 'ગરાસ માટે' એ સાચી ઘટના છે.

નવલિકા-લેખનના પ્રદેશમાં મારું ભણતર કેવા ક્રમે થયું તેનો ટૂંકો ઇતિહાસ અસ્થાને નહિ ગણાય. 1922માં 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક સાથે મુખ્યત્વે તો સાહિત્ય-પ્રકાશનો કરવા માટે મારું જોડાણ થયું. તે વખતે હું 'ડોશીમાની વાતો'ની હસ્તપ્રત સાથે લઈને જ ગયેલો.

તે પૂર્વે 'બાલમિત્ર' નામના બાળકોના માસિકમાં અંગ્રેજી બે પુસ્તકો 'સ્ટોરીઝ ફ્રોમ પ્લાન્ટ લાઇફ' અને 'સ્ટોરીઝ ફ્રોમ એનિમલ લાઈફ'માંના સીધા કથેલા વિષયો પરથી વાર્તાઓરૂપે મેં ભમરી, ઈયળ, ગોકળગાય, પતંગિયું, વરસાદનાં ટીપાં વ૦ આલેખેલાં.

એટલે કક્કા ઘૂંટ્યા આ પ્રાણીશાસ્ત્ર–વનસ્પતિશાસ્ત્રને લગતી વાર્તાઓ દ્વારા, બારાખડી શીખ્યો બાળકોની વાર્તાઓ દ્વારા, અને કંઈક આગળ ચાલ્યો કવિવર ટાગોરની 'કથા ઓ કાહિની' નામની પદબંધી કથાઓ પરથી 'કુરબાનીની કથાઓ'નું આલેખન કરતો કરતો.

બીજો તબક્કો: તે પછી તુરતમાં જ, એટલે કે 1922-23માં, સૌરાષ્ટ્રી મધ્યયુગના પ્રેમશૌર્યના કિસ્સાઓ વાર્તાકારોને કંઠેથી સાંભળી સાંભળીને 'સૌરાષ્ટ્રની રસધાર' માંહેની કથાઓ આલેખવા બેઠો. આ પાંચેય ભાગની સો જેટલી કથાઓની માંડણી સાંભળેલ કિસ્સાઓ પર થઈ છે, પણ વાર્તાશિલ્પ મોટે ભાગે મારું છે.

તે પછીના 'સૌરઠી બહારવટિયા'ના ત્રણ ખંડોમાં પણ પ્રાપ્ત કિસ્સાઓની રજૂઆતમાં વાર્તા-રંગો પૂરવાનો અને સંકલના આણવાનો મહાવરો પડતો ગયો. 'કંકાવટી'ની વ્રતકથાઓએ પણ લોકવાણીનાં વાર્તાબળો શીખવામાં સહાય કરી.

રૂપેરી પરદા પર જે ચિત્રપટો જોયાં તેને વાર્તારૂપે ઉતારીને આ કલામાં વધુ રસ લેવાના પ્રયાસો 'પ્રતિમાઓ' અને 'પલકારા' નામના બે સંગ્રહો દ્વારા કર્યા. આ વાર્તાઓ વિદેશની હતી; પુરાંત, તેની રૂપેરી પરદા પરની રજૂઆત ગ્રંથસ્થ વાર્તાથી અનોખા પ્રકારની, અનેરા જ કલાવિધાનોથી ઓપતી હતી. તેનું શબ્દલેખન તદ્દન જુદી કલાને માગી લેતું હતું.

'વેરાનમાં' નામના મારા 1933માં પ્રસિદ્ધ થયેલા પુસ્તકમાં જેને આપણે નાની લઘુકથાઓ કે ટુચકાઓ કહી શકીએ તેવા નજરે નિહાળેલા કેટલાક પ્રસંગો આલેખ્યા છે.

મુંબઈ યુનિવર્સિટીના ઉપલા વર્ગોના ગુજરાતી અભ્યાસક્રમમાં લઘુકથાઓનું સ્વરૂપ શીખવા માટે મારી નવલિકાઓની જે ભલામણ થઈ છે, તેને લક્ષમાં રાખીને જ આટલો ઇતિહાસ આપેલ છે. બાકીના વાચક-

સમૂહને સારુ એ બિનજરૂરી ગણાય.

'ચિતાના અંગારા' (2 ખંડ) તેમ જ 'આપણા ઉંબરમાં' એ ત્રણેય નાનકડા સંગ્રહોને આ પુસ્તકમાં અને 'ધૂપછાયા'ને પહેલા ખંડમાં શામિલ કરી દઈને મેં મારી ઘણીખરી નવલિકાઓને, આમ, ખીલે બાંધી છે. બાકીની જે બહાર વેરણછેરણ છે તેમાં જો, અને જ્યારે, નવી નવલિકાઓ લખીને ઉમેરવાનો સમો આવશે તો, ત્યારે, એ 'મેઘાણીની નવલિકાઓ'ના ખંડ ત્રીજા તરીકે અપાશે.

રાણપુર: 9-8-'42

ઝવેરચંદ મેઘાણી

[આવૃત્તિ 2]

આ લઘુકથાઓને એના જોગું સ્થાન મળ્યું તે માટે વાચક-સમૂહનો ઋણી છું.

ટૂંકી વાર્તાના આલેખનનો ઘણા સમયથી અટકી પડેલો પ્રવાહ 'ઊર્મિ'ના સંપાદક મારા સ્નેહી શ્રી ઈશ્વરલાલના ઉત્સાહ તેમ જ પ્રોત્સાહનના પરિણામે ફરી 'ઊર્મિ' માસિકમાં વહેતો થયો, અને એ વહેણને ભાઈ ઈશ્વરલાલ 'પ્રજાબંધુ' સાપ્તાહિક તરફ વાળી ગયા. પરિણામે નવો લઘુકથા-સમૂહ, 'વિલોપન' નામથી, 'પ્રજાબંધુ'ની 1946ની વર્ષભેટ તરીકે, ગ્રંથસ્થ બન્યો છે.

'નવલિકાઓ'નો ખંડ ત્રીજો આપવાની '42ની સાલની ઉપરલખી ઉમેદ, એ રીતે, 'વિલોપન' દ્વારા બર આવે છે.

આસ્તિકોને મન જે ઈશ્વર-કૃપા છે, પ્રારબ્ધવાદીઓ જેને પરમ ભાગ્ય કહી પિછાને છે, અને પુરુષાર્થવાદીઓ જેનો નિજસિદ્ધિ લેખે ગર્વ કરે છે, તે વસ્તુતઃ તો શું હશે? કોણ જાણે. જનમ્યા–જીવ્યાની થોડીઘણી સાર્થકતા એ જ જીવનનું શેષ છે, અને એ મારી યોગ્યતા મુજબ મને લાધ્યું છે તેમ સમજું છું. શક્તિના કરતાં ઊંચેરું નિશાન કદી તાક્યું નથી તેને માટે તો આટલું જ ગનીમત ગણાય.

અમદાવાદ: 1946

ઝવેરચંદ મેઘાણી

## ક્રમ


| | |
|---|---|
| * નિવેદન | [5] |
| 1. રેલગાડીના ડબ્બામાં | 3 |
| 2. દિવાળીની બોણી | 10 |
| 3. ફક્કડ વાર્તા | 18 |
| 4. ગંગા ! તને શું થાય છે ? | 28 |
| 5. છાલિયું છાશ | 40 |
| 6. અણકથી વેદના | 52 |
| 7. બૂરાઈના દ્વાર પરથી | 60 |
| 8. કાનજી શેઠનું કાંધું | 71 |
| 9. કિશોરની વહુ | 77 |
| 10. અનંતની બહેન | 87 |
| 11. સદાશિવ ટપાલી | 98 |
| 12. મંછાની સુવાવડ | 108 |
| 13. ચોટલે ઝાલીને | 120 |
| 14. મોરલીધર પરણ્યો | 127 |
| 15. ભનાભાઈ ફાવ્યા | 137 |
| 16. કેશુના બાપનું કારજ | 154 |
| 17. 'લાડકો રંડાપો' | 169 |
| 18. ઘૂઘા ગોર | 183 |
| 19. ગરાસ માટે | 192 |
| 20. દરિયાપરી | 199 |
| ઝવેરચંદ મેઘાણી : સાહિત્ય-જીવન | 240 |
| મેઘાણી-સાહિત્ય | 243 |

# મેઘાણીની નવલિકાઓ
## ખંડ 2

# રેલગાડીના ડબ્બામાં

**ગાંડી હશે!**

ઘડીવાર ઓશીકે પોટકું મૂકીને આ બાઈ પાટિયા ઉપર સૂવે છે. ઘડીમાં પાછી ઊઠીને બેસે છે. બારીનું પાટિયું પકડીને પાછી માથું ઢાળે છે. બે પળમાં પાછી નીચે ઊતરીને ડબ્બાની ભોંય ઉપર ઊંધી પડે છે. ફરીવાર ઊઠીને બાંકડા પર બેસે છે. થોડી વાર માથે ઓઢણું ઓઢે છે, તો થોડી વાર ઉતારી નાખે છે.

આ તે ગાંડી હશે! ઠીક થયું, ગમ્મત આવશે. કાંઈક જોણું તો જડ્યું!

એ રીતનું એનું સૂવું, ઊઠવું, બેસવું, બારીએ ઝકડવું, નીચા પડવું, ડોળા તાણવા, હોઠ ફફડાવવા વગેરે ચસ્કેલ જેવી ચેષ્ટાઓ ચાલુ જ રહી; ગાંડાં-ડાહ્યાં સર્વને ઉઠાવી જતી ગાડી સૂસવાટ દોડતી રહી; અને ડબ્બાનાં લોકો એ બાઈ તરફ હસતાં, ને એને વળગાડ હોવાનું માની વિનોદ સાથે હેબત પામતાં રહ્યાં.

પડખામાં એ ગાંડીનો આદમી બેઠો હતો. 38-40 વરસની ઉંમરે એના મોંમાં ફક્ત ચાર-પાંચ જ દાંત, કોઈ ભયંકર રોગચાળામાં સાફ થઈ ગયેલ બહોળા કુટુંબમાંથી બાકી રહેલા જીવતા જણ જેવા, સૂનમૂન ઊભા છે. બાઈ જ્યારે જ્યારે આ રીતે લોચતી લોચતી બેવડ વળી જાય છે, ત્યારે એ બોખો પુરુષ પૂછે છે કે, "પાણી પાઉં?" પુરુષના હાથમાં પાણીની નાની ટબૂડી છે. ટબૂડીના વણમાંજ્યા પિત્તળ પર નજર કરીને નિહાળીએ તો નાની બાળ-આંગળીઓની મેલી છાપ પડેલી દેખાય છે.

લોચતી લોચતી ને ગોટો વળી જતી બાઈ બે ગોઠણ વતી પેટ દબાવી રાખીને કહે છે કે, "ના રે ના!" પાછી શ્વાસ ખાય છે. વગડાની હવામાં

ભરપૂર સૂસવતો પ્રાણવાયુ, કોઈ કંજૂસની માફક, એના ગળામાં પેસતો નથી. એ બોલી શકે છે માત્ર આટલું જ કે, "મારાં છોકરાં! મારી પોટી ધાવવા... સારુ... વલવલતી હશે! અંહ! અંહ! અંહ!"

બીજું સ્ટેશન આવે છે. વગર-ટિકિટે એક બાવો ચડે છે. પોતાની છલોછલ ભરેલ ઝોળી, ગંધાતી ગોદડી, સર્પાકાર લાકડી, માળાના લૂરખા, ભિક્ષાનું ખપ્પર વગેરે સરંજામ પાથરીને બાવોજી એ બાઈના બાંકડા પર પથારો કરે છે. રેલગાડીના સાંધાવાળાના એ 'ગરુ મા'રાજ' છે. બેસતાંની વાર જ "બચ્ચા! મારી ચલમ-સાફી ક્યાં?" કહી ચલમ માગે છે; "ગરુ દત્ત!" બોલતો ઝોળીમાંથી ગાંજાની ચપટી કાઢી ચલમનો સાજ સજે છે. ગાંજામાં ડૂલ બનેલી એની આંખો, અને આંખો ફરતાં કાળાં કૂંડાળાંથી કદરૂપ બનેલું એનું મોઢું. એની જિંદગીની હેવાનિયતની સાખ પૂરે છે; એના સર્જનહારને શરમિંદો બનાવે છે.

ચકચકિત, ઘડીદાર પોશાકવાળાં બીજાં ઉતારુઓ ચડે છે, અને, બાવાજીના પવિત્ર પથારાને અડક્યા વિના, એ ગાંડી જેવી લાગતી બાઈને જ ઓસીકે બેઠક લે છે. પુરુષ અને સ્ત્રી વધુ ને વધુ સંકોડાતાં જાય છે. પુરુષના લીરા-લીરા થઈ ગયેલ કેડિયાની કસે બે પીળી ટિકિટો બાંધેલી છે. બાવાજીને તો ટિકિટ લેવાની શી જરૂર હોય! 'રામજી કી ગાડી' હતી.

ગાડી ત્રીજે સ્ટેશને ઊભી રહી. પાછલે બારણેથી એક ફકીર એનાં બેથી માંડી પંદર વરસ સુધીનાં પાંચ બચ્ચાંને લઈ ઓરત સાથે ચડે છે. વચેટ છોકરાના મોંમાં એ ધમાચકડ વચ્ચે પણ બીડી ઝગે છે. ગાંસડાં-પોટલાંની ફેંકાફેંક ચાલે છે.

આ ધકાધકીએ ડબ્બાના એક મહત્ત્વના મુસાફરની તલ્લીનતાને ઉડાડી દીધી. હાથમાં જગતનાં પીડિતોની ચીસો પાડતું 'ઈન્સાફનો આર્તનાદ' નામનું પુસ્તક હતું, તે એના હાથમાં જ થંભી રહ્યું. ભીડાભીડથી અકળાઈને પછી નિરૂપાયે, વખત કાઢવા માટે, એણે પેલા બોખલા મરદને પોતાની પડખે બેસારીને પૂછ્યું: "આ તમારું માણસ છે? ગાંડી છે? કશો વળગાડ?"

પુરુષ બોલે તે પહેલાં તો એ વેદનાથી લોચી રહેલી બાઈ બોલી ઊઠી કે, "ગાંડી નથી, બાપુ! રોગ છે. પેટમાં પોરની સાલથી રોગ ઊપડ્યો છે. રે'વાતું નથી. રાજકોટ જાયે છૈયેં."

"દવા કરી? કોઈને દેખાડ્યું?" વિદ્વાન પુરુષે મોઢા ઉપર કંટાળો, કુતૂહલ અને કરુણાના રંગો બતાવ્યા.

"દવા? માણસુંએ બતાડી તેટલી સંધીય દવા કરીઃ સાકર પીધી, ધાણા પીધા, ધરાખ પીધા, મારાં કડલાં હતાં તે વેચીને ગાયનું ઘી પીધું, ગૂગળ ખાધો, સૂંઠ ખાધી..." એવાં એક શ્વાસે પચીસેક નામ દઈને બાઈ કે': "વાનાં-માતર ખાધાં-પીધાં. પીપળવા ગામની એક લંઘણ્યની નામચા સાંભળીને એની પાસે ગઈ. ઈ કહે કે, પંદર રૂપિયા મોર્યથી મૂકો. અમે અમારી ગા વેચીને રૂપિયા પંદર જોગવ્યા. લંઘીએ કાંઈક મંતરેલું પાણી પાયું... પછેગામના વૈદુંમાં રૂપિયા દસ વાવર્યા. પણ, બાપા..." બાઈના પેટમાં વઢાતું હતું... "આ રોગ મટ્યો નહિ. એહ, આમ જોવોને... આંઈ પેટ માથે ડામ સોત દેવરાવ્યા." એમ કહીને બાઈએ પેટનો ભાગ ખોલી દેખાડ્યો.

ગાંડી માનીને પ્રથમ હસતાં હતાં તે ઉતારુઓને બાઈની આ નિર્લજ્જતા દેખીને શરમ આવી. સહુ એકબીજાંની સામે જોવા લાગ્યાં. પછી વળી અનુકંપા દેખાડી કે, "અરે બાઈ, દેઈનાં દરદ તો દેઈમાં જ સારાં. બારાં નીકળ્યાં દોયલાં છે, બાપા! ઈશ્વરની લીલા અગાધ છે."

દરમિયાન 'ગુરુ મહારાજ'ની ચલમના ગાંજામાંથી ધુમાડા પથરાતા હતા. સાંઈમૌલાની લીલી કુટુંબ-વાડીમાં એક પછી એક મુખે એ એક બીડી, ગરબે ઘૂમતી સ્ત્રી જેવી, ગોળ-કૂંડાળે રમતી હતી. બીમાર બાઈ ગૂંચળું વળતી હતીઃ ચોમાસાની ઋતુમાં રસ્તે ચગદાતા મામણમૂંડા કીડા જેવી જ છટાથી એનું શરીર વળતું હતું.

"તે હવે ક્યાં જાઓ છો?"

પુરુષ કે જેના ચહેરા ઉપર કશી લાગણી જ ઊઠતી નહોતી, તેણે કહ્યું: "આ લીંબડીની નરસને દેખાડ્યું, તે કહે રાજકોટ ગોરા સરજન કને જાવ. ગામના મા'જને ચાર રૂપિયા ઉઘરાણું કરીને ટિકિટના દીધા. જેઈને

દાગતરખાને પડશું."

"હા, બાપા!" બાઈ બોલી: "મારાં તો પૂરાં પાપ ઊવળ્યાં છે. પણ મારાં છોકરાંના ભાગ્ય હશે તો પાછી આવીશ."

"છોકરાં છે! કેવડાં છે?" વિદ્વાનને ઘૃણા આવી. 'બેકારો પણ બ્રહ્મચર્ય ન પાળે!' એ એના આત્માની ઊંડી વરાળ હતી.

"એક તો મારી પોટી ધાવણી છે. ચાર અવડ્યાં-અવડ્યાં છે..." બાઈએ ભોંયથી એક-બે ફૂટ ઊંચે હાથ રાખીને, વનસ્પતિના રોપા બતાવતી હોય તે રીતે, ખ્યાલ આપ્યો. "ઘરમાં એક મણ દાણો નાખી આવ્યાં છીએ. હળુ-હળુ રાંધીને ખાશે."

વિદ્વાનના હાથમાં ચોપડી હજુ બંધ હતી. એણે સલાહ આપી: "નડિયાદ જાવ ને! મીરજ કાં નથી જતા? ત્યાં વાઢકાપનું દવાખાનું છે."

બાઈ અને એનો ધણી આ બોલ સાંભળીને તાકી રહ્યાં. ભાષા કંઈક અજાણી હોવાનો વહેમ પડ્યો.

બાજુમાં બેઠેલ બાવાજીના ચેલા સાંધાવાળાથી ન રહેવાયું: "હવે મીરત્ય ને ફીરત્ય, રાજકોટ ને નડિયાદ... કોણ બેટીનો બાપ આવરદાની દોરી સાંધવાનો હતો? આવા અબધૂતનાં પગું ઝાલી લ્યો ને!"

ફકીરથી ન સહેવાયું: "દાતારની ટેકરીને માથે કૈક ઓલિયા પડ્યા છે. મીટ્યું મળ્યે મુડદાં ઊઠે."

જેના કાળા રંગની ઝાંય પડે એવી ત્રણ પહેલવાન ઓરતો આઘેરી બેઠી હતી, તેમાંથી એક બોલી: "અરે બાઈ! આંઈ અંતરિયાળ શું ઉપાય! કંડોરણે આવે તો એક દિ'માં ફેર દેખાડીએ. ન મટે શું! કૈકને મટાડ્યાં છે."

વઢવાણ સ્ટેશને સહુ વિખરાયાં. રહ્યાં ફક્ત ત્રણ જણાં: એક વિદ્વાન, બીજો બગોયા ગામનો બોખો સામત કોળી, ને ત્રીજી પોટીની મા સજૂડી. સજૂનો ગૂંચળાકાર હજુ ચાલુ જ હતો.

"સામત પગી!" વિદ્વાને 'ઇન્સાફના આર્તનાદ'ની ચોપડીની મોહિની અને આ માર્ગમાં વળગી પડેલી અધ્યારી વચ્ચે મનને માંડમાંડ વારીને વાતો

ચલાવી: "આટલી ઉમ્મરે દાંત કેમ પડી ગયા? ગામડિયા ભૂત ખરા ને, એટલે માવજત નહિ રાખી હોય."

ઘેરથી ઘડીને લાવેલ રોટલાનો ભુક્કો કરીને મોંનાં પેઢાં વચ્ચે મમળાવતો મમળાવતો સામત હસીને બોલ્યો: "દાંત તો ઢાંઢે પાડી નાખ્યા છે ઢાંઢે, બાપા!"

"ઢાંઢે એટલે બળદે?" વિદ્વાને અર્થની ખાતરી કરી.

"હું બગોયે વાડી વાવતો. જાતજાતની લીલોતરી શાક કરતો. એક દિ' કોસ હાંકું છું, એમાં મેં ઢાંઢાને ખૂબ માર્યો. કોસ ઠાલવીને ઢાંઢા પાછા વાળું છું, ત્યાં આની નજર પડી..."

સજૂએ વાત ઉપાડી: "હું ધોરિયાને કાંઠે બેઠી બેઠી રોટલો ખાંતી'તી એમાં મારી નજર પડી કે, ઢાંઢો એમ ને એમ થાળા ઢાળો પાછલે પગે હાલ્યો જ જાય છે. જોઉં-જોઉં ત્યાં તો પટલને ઢાંઢે ઠેઠ થાળાની કોર સુધી ધકેલ્યા. મેં રાડ્ય પાડી કે, નીકળી જાવ. પણ ઈને તો ઢાંઢો કૂવામાં પડવાની બીક –" આટલું બોલતાં જ બાઈને વેદના ઊપડી, એ ગોટો વળી ગઈ. ત્યાંથી પાછો વાતનો તાર પટેલે સાંધી લીધો:

"એટલે મેં થાળામાં પગ ટેકવીને ઢાંઢાના પાછલા બે પગ વચ્ચે માથું નાખ્યું. ઘણું જોર કર્યું; પણ ઢાંઢો મારે માથે આવ્યો – મને ભીંસી દીધો. મારું જડબું થાળાના પાણામાં ચેપાણું. ઢાંઢો મારે માથેથી અળગોટિયું ખાઈને જઈ પડ્યો કૂવામાં."

બાઈને જરી શાંતિ વળી, એટલે એણે વાત ઉપાડી લીધી:

"અને આને મોઢે લોહીનાં પરવાળાં વયાં જાય છે; દાંતનો ઢગલો નીકળી પડ્યો છે. મારા તો શાકાળા હાથ: એમ ને એમ, ધોયા વગર, હું તો ધ્રોડી. પટલ કહે કે, મને નહિ, ઝટ ઢાંઢાને બચાવો. હું તો ધ્રોડી ગામમાં. ઝાંપડાને કહ્યું કે, ઝટ ઢોલ પીટો, ઢોલ પીટો: તમારા ભાણેજને ચેપી નાખીને ઢાંઢો કૂવે પડ્યો છે. હું ગામમાં ફરી વળી. માણસું ધ્રોડ્યાં આવ્યાં. હું ઘરેથી ગોદડાં લઈ આવી."

"ગોદડાં?" વિદ્વાન ચમક્યો.

"હા, ઢાંઢાનું ડિલ છોલાય નહિ તે સારુ એને ડિલે વીંટીને પછી રાંઢવા બાંધીને સિંચાય. પછી તો બીજા જણ માલીપા ઊતર્યા. પણ ઢાંઢો કોઈને ઢૂકડા આવવા ન દ્યે. એટલો ખીજેલ, એટલા ફરડકા નાખી રહેલ, પણ જ્યારે આ પટલ પંડ્યે લોહી વહેતે મોઢે માંઈ ઊતર્યા, ત્યારે ઈ ઢાંઢે રીસ મેલીને બાંધવા દીધું. સૌએ રીડિયા કરીને ઢાંઢાને સીંચ્યો. મારાં છોકરાં ને હુંય એક રાંઢવે વળગ્યાં'તાં. કાઢ્યો પણ પગ ભાંગી ગ્યો'તો. આ તે દિ' પટલના દાંત પડ્યા. મને મે'નત્ય પડી એટલે કસુવાવડ થઈ ગઈ ને આ રોગ લાગુ પડ્યો. ઈ ઢાંઢો ભાંગ્યો ને અમારી ખેડ્ય ભાંગી."

"તે દિ'થી હું ઉભડ બન્યો છું. પાંચ દિ' કામ કરું ત્યાં વળી ખાટલે પડું, ને બે દિ' એમ ને એમ નીકળી જાય." સામતે કહ્યું.

"પણ તમારે તત્કાળ તમારા રાજને દવાખાને જવું'તું ને? તમારા લોકોનું ગયું છે જ આમ પ્રમાદમાં." કહીને વિદ્વાને બગાસું ખાઈ આળસ મરડી. ચોપડીનો મોહ વધતો હતો.

"હેં-હેં-હેં-હેં! દવાખાનું!" સામત પટેલે બોખા દાંતવાળું મોઢું ફાડ્યું; એની છાતીની એક-એક ગણાય તેવી તમામ પાંસળીઓ પણ ચુડેલોના વૃંદ-શી હસી પડી: "રાજનું દવાખાનું?"

બાઈ બોલી: "આપડે દરબારે કો'ક એક નોખો લાગો ઉઘરાવીને આંતરડાંની છુબી પાડવાનો એક કારસો તો મગાવેલ છે. જોવો ને! છુબી પાડ્યાના વીશ રૂપિયા મેલાવે છે. પણ કે' છે કે રોગ માતર મટી જાય છે."

વિદ્વાન સમજી ગયો: 'એક્સ-રે ફોટોગ્રાફી'ની વાત કરે છે.

"પણ ઈ તો શાહુકાર સારુ. આપડા સારુ નહિ. બચાડા શેઠીઆવે મારા બળધિયાને મા'જનમાં લીધો. પણ અમે ક્યાં જાયેં?"

"અનાથ-આશ્રમ ઘણા છે. કહો તો હું ભલામણ લખી દઉં." વિદ્વાનના દિલમાં દયાના ઝરા છૂટ્યા.

"ના, બાપા! અમારે અણહકનું ખાવું નથી. કાયા હાલશે ત્યાં લગી ઢરડશું. આને હું અસ્પતાલમાં રાખીશ. ઈ સાજી થાશે, એટલે એને ગાડીએ

બેસારીને ઘરે વે'તી કરવા જેટલું ભાડું છે. અને હું પગપાળો નીકળીને મહિને-પંદર દહાડે ઘેર પોગી જઈશ."

એક મહાન ગ્રંથકારે 'સ્વાશ્રય' પર લખેલો લેખ વિદ્વાનને યાદ આવ્યો. બોખો સામત રડવા લાગ્યો:

"એંહ, બાપા! મે'રબાનીથી મને આટલું કરી દેશો? મને રાજકોટમાં જો કાં'ક મે'નતમજૂરીનું કામ મળી જાય ને, તો હું એમાંથી મારું પેટિયું કાઢીને આની પથારી પાસે પડ્યો રહીશ. મને જો કાંઈ મે'નત્યનું કામ અલાવી દ્યો ને, તો તમે જ મારા પરભુ!"

રાજકોટની ઇસ્પિતાલમાં એ દંપતીને મૂકીને વિદ્વાન પોતાને કામે ચડ્યો. એની ઘોડાગાડીનાં પૈડાં નીચે કચૂડાટ થતો હતો, તેમાંથી એક જ વેણ સંભળાતું હતું: 'એંહ, બાપા! મને કાં'ક મે'નત્યનું કામ અપાવી દ્યો ને, તો તમે જ મારા પરભુ!'

# દિવાળીની બોણી

જેમ જેમ સાંજ પડતી જતી હતી, તેમતેમ બન્ને છોકરાંની અકળામણ વધતી જતી હતી. બપોરના બાર વાગ્યાથી બન્ને બચ્ચાંને નવરાવી ધોવરાવી, આંખો આંજી, ચાંદલા કરી, ટાફેટાનાં નવાં ખમીસ પહેરાવી એની બાએ પન્નાલાલની સાથે પેઢી ઉપર મોકલ્યાં હતાં. મુંબઈમાં આ વર્ષે દિવાળીનું ચોપડા-પૂજન રાતના બાર વાગ્યે નક્કી થયું હતું; એટલે સાંજરે બન્ને છોકરાંને તથા છોકરાંની બાને પન્નાલાલે દીવાની રોશની જોવા માટે એક વિક્ટોરીઆમાં લઈ જવાં, અને વળતાં દિવસે બેસતા વર્ષનું બહુ વખણાયેલું 'છેલ-છેલૈયા'નું નાટક બતાવવું એવો ઠરાવ ઘરમાં થયા પછી જ છોકરાંની બાએ રડવું બંધ કરેલું.

પન્નાલાલ છોકરાંને પેઢી ઉપર લઈ આવ્યો તો ખરો, પણ એને આજે દોડાદોડ હતી. સહુ મહેતાજીઓમાં ને નાનો હતો. તરવરિયો ઘોડો હતો, હસમુખો હતો અને દાદર ઉપર એકસામટાં બબે પગથિયાં ઠેકીને ચડવાની ટેવવાળો હતો; એટલે બાકી રહેલી ઉઘરાણીઓ પતાવવા સહુ એને જ ધકેલતા. ચોપડા-પૂજન માટે ગોર, ગોળ-ધાણા, કેળા, નાગરવેલનાં પાન, અબીલ-ગુલાલ, ફૂલનો પડો ને ગુલાબદાનીમાં ભરવાનું સસ્તું ગુલાબ-જળ... વગેરે સામગ્રી પણ એણે જ આણવાની હતી. બાકી રહેલી ખાતાવહીને ખતવવાનું કામ પણ આજે ચોપડા-પૂજન પહેલાં તો તૈયાર થઈ જ જવું જોઈએ એવી શેઠની સૂચના હતી. તમામ મહેતા- -મુનીમો અધૂરાં કામ પૂરાં કરવા માટે એકતાર થઈ ગયેલા. પંદરેક લેખણો, કોઈ મોટા ઢોરના મુર્દાને ઠોલતી સમળીઓ જેવી, ચોપડાઓ ઉપર ચીંકાર કરી રહેલી હતી.

"પન્નાલાલ!" ઉપલે જ દાદરે શેઠ રહેતા, ત્યાંથી વારંવાર સાદ

ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય
ગુજરાતી સાહિત્ય પરિષદ
9901350936



પડતો; ને "જી, આવ્યો" કહી પન્નાલાલ ચોપડો ખતવતો ખતવતો હોલ્ડર કાને ચડાવતો, ધોતિયું આજે કોરું પહેરેલું તે વારંવાર તંગ કરતો કરતો દોડી જતો. "ભાઈ, હું આવું?..." "ભાઈ, તમે ક્યાં જાવ છો?" કહેતાં બન્ને છોકરાં એની પાછળ દોડતાં, અને એણે પહેરેલા ગુલાબી ફેંટાનું છોગું તથા કાછડીનો પાછલો છેડો ખેંચતાં. "હું હમણાં આવું છું, બેટા! ત્યાં શેઠને ઘેર ન અવાય તમારે..." એમ કહી, છોકરાંને રડતાં મૂકી પન્નાલાલ ઉપલે માળે દોડતો. 'આટલી મીઠાઈ ઘર માટે લાવો!... ફ્રૂટ લાવો! આ હીરાની બંગડીઓ ઝવેરીને ત્યાં જઈ બદલાવી લાવો!' એવાં એવાં ઘર-કામ માટે શેઠ પન્નાલાલને મોકલતા. 'અને ખતવણી બધી કરી નાખી કે?' એ સવાલ દર વખતે યાદ કરાવતા. 'જી, કરું છું...' એટલો જવાબ મળતો. 'સાંજ પહેલાં થઈ જવી જોઈએ, હો!' એ ટકોર વારંવાર થતી.

"પન્નાલાલ! આપણી 'કાર' નીચે ઊભી છે તે લઈ જજો, હો કે!" એમ શેઠાણીએ કહ્યું કે તુરત જ શેઠ બોલી ઊઠ્યા: "ના, હો! મારે હમણાં જ બહાર જવું છે."

56631

શેઠાણીનું મોં ઝંખવાણું પડ્યું. પન્નાલાલ તો, "ના રે ના! હું હમણાં ટ્રામમાં જઈ આવીશ..." એમ બોલી નીચે દોડ્યો.

શેઠાણી છેલ્લા ચાર દિવસથી પન્નાલાલને કહેતાં કે, "આટલી દોડધામ રહે છે, તો અહીં જ જમી લેતા જાઓ ને, પન્નાલાલ! ઘેર ધક્કા શીદ ખાઓ છો?" પણ તુરત જ શેઠે કહેલું કે, "આવા સપરમા દિવસોમાં કોઈને પોતાના ઘરની થાળી ન ત્યજાવવી જોઈએ."

પન્નાલાલ ગયા પછી શેઠાણી પડી ગયેલે ચહેરે ઊભાં થઈ રહ્યાં. "મને જરા મોજાં પહોરાવજો તો!" અને "મારો ટસરનો સૂટ કાઢજો તો!" એવી પતિ-આજ્ઞાઓ સાંભળીને શેઠાણી ધીરે પગલે બીજા ખંડમાં ચાલ્યાં ગયાં. ત્યાંથી એનો અસ્પષ્ટ ઉદ્ગાર સંભળાયો કે, "હે પ્રભુ! વાતવાતમાં હું કાં પાછી પડું?"

વીસ વર્ષની પોતાની પત્ની વાતવાતમાં ત્રીસ વર્ષના જુવાન પન્નાલાલની આટલી બધી કાળજી બતાવે છે, તે પચાસ વર્ષના પતિને નહોતું

ગમતું.

પન્નાલાલ બજારમાંથી પાછો આવ્યો ત્યારે બન્ને બાળકો એકબીજાં ઉપર બિલાડીનાં બચોળિયાંની માફક ખડકાઈને સૂઈ ગયાં હતાં. બન્નેની આંખોનું આંજણ મુંબઈની ગરમીને લીધે રેળાઈને લપેડા-લપેડા થઈ ગયેલા. રડતાં રડતાં ઊંઘી જવાથી આંખોનાં આંસુ, નાકના શેડા, મોંની લાળો અને બાએ આંજેલું કાજળ એ ચીરેય ચીજમાંથી નીપજેલા ખટમીઠા, ચીકણા રસાયન પર માખીઓ દિવાળી માણતી હતી. ઊંઘમાં ને ઊંઘમાં બાળકો વારંવાર થોડુંક રડીને લવતાં હતાં કે, "હાલો ને, ભાઈ, દીવા જોવા! હાલો ને, બા હેઠે ઊભી છે." બીજો છોકરો જાણે વિક્ટોરીઆમાં બેઠો હોય તેમ બોલતો કે, "ભાઈ, મારે ગાડીવાળાની બાજુમાં બેસવું છેઃ ઘોડો હાંકવો છે... નાળિયેરનું પાણી પીવરાવોને, ભાઈ!"

પેઢી પરના બીજા મુનીમો અને મહેતાજીઓ પન્નાલાલની આ વેજાને જોઈ ખિખિયાટા કરતા હતા. વાતો ચાલતી કે –

"દિવાળી ટાણે તે આંહીં મુંબઈમાં કચ્ચાંબચ્ચાં પોસાય? એ બારકસોને તો દેશમાં જ રવાના કરી દેવાં જોઈએ!"

"શેઠ દેખશે તો નાહકના ચિડાશે."

"– ને અત્યારે ચિડાય એટલે આખા વરસની મજૂરી ધૂળધાણી. કાલે સવારે બોણી બોનસ આપવાના હોય, તેના આંકડા ઉપર અસર થાય જ તો."

"એ ભાઈ...! પન્નાલાલને કશો વાંધો નથી. એના ઉપર તો શેઠાણીની અમીની આંખ છે..." એમ બોલીને એક આધેડ ઉમ્મરના નામું લખનારે આંખોનો મિચકારો માર્યો.

"પન્નાલાલ! બાઈ બોલાવે છે." ઉપરથી અવાજ પડ્યો. અવાજનો જાણે જીવતજાગત પડઘો હોય તેવો પન્નાલાલ વેગથી ઉપર ગયો. પેઢીના મહેતા-મુનીમોએ એકબીજાની સામે મર્માળી નજરો માંડીને નિઃશ્વાસ સાથે ઉદ્‌ગાર કાઢ્યોઃ "તકદીર! બાપા, તકદીર!"

સંધ્યા થઈ ગઈ હતી. છોકરાં સળવળીને ફટાકડાના અવાજ

સાંભળતાં ઊઠ્યાં. રોતાં સૂતેલાં એટલે રોતાં જ જાગ્યાં. ટીખળી મહેતાઓએ બન્નેને ઉપરને દાદરે ચડાવ્યાં. "ભાઈ! દીવા જોવા જવું છે!" એવા રડતા અવાજ સાંભળતાં જ પન્નાલાલ શેઠાણીની સાથે વાતો કરતો કરતો ઝડપથી બહાર નીકળ્યો. ઉપર ચડી ચૂકેલાં છોકરાંને એણે હાથ ઝાલીને હડબડાવ્યાં કે "પાછળ શીદ દોડ્યાં આવો છો?"

શેઠની પત્ની દાદર પર આવ્યાં: "શું છે, પન્નાલાલ?"

"ના...કંઈ નથી."

"આ કોણ છે?"

પન્નાલાલ કશું ન બોલ્યો. "ભાઈ, પેશાબ કરવો છે... ભાઈ, ઝાડે જવું છે..." એવા રુદન-સ્વરોના જવાબમાં, "કજિયા કરાય નહિ!" એમ ડારતો પન્નાલાલ બન્ને બાળકોને નીચે ઘસડી જતો હતો. શેઠાણી સમજી ગયાં કે, તાબૂત ટાણે વાઘ–દીપડાના વેશ કાઢેલ જેવાં બન્ને ભૂલકાં પન્નાલાલનાં જ લાગે છે. "તે ઝાડે બેસવા આંહીં આપણા સંડાસમાં જ ભલેને જાય!" એમ કહી એણે બન્ને બાળકોને હાથ ઝાલી, ઘાટણને કહી સંડાસમાં મોકલ્યાં. અગાઉ કદી ન જોયેલાં આરસનાં સાફ અને દુર્ગંધ વગરનાં સંડાસો દેખી પ્રથમ તો આ 'ચાલી'નાં બાળકો મૂંઝાયાં; પછી હરખાયાં, બેઠાં બેઠાં રમ્યાં. ફરસબંધી ઉપર હાથ ફેરવવા લાગ્યાં.

પન્નાલાલ ઘણું શરમાયો. શેઠાણીએ પૂછ્યું: "તમારાં વહુને આંહીં કેમ કોઈ વાર લાવતા નથી? એ કયા ગામનાં છે?"

"માધવપુર –" 'ના' કે 'ની' પ્રત્યયમાંથી કયો લગાડવો એની મૂંઝવણ થવાથી પન્નાલાલની જીભ ફક્ત 'માધવપુર' કહીને થોથરાઈ ગઈ. શેઠાણી હસ્યાં.

"હું પણ માધવપુરની છું."

"હું જાણું છું."

"શી રીતે?"

"મને મારી વહુએ કહ્યું હતું."

"એમને કેમ કોઈ દિવસ આંહીં લાવતા નથી? મને એકલવાયું લાગ્યા

કરે છે, એટલે એવો સમાગમ હોય તો ઠીક.''

"એ બિચારીને નવરાશ ક્યાંથી મળે?''

દરમિયાન છોકરાં પાછાં આવ્યાં. શેઠાણીએ બન્નેનાં પાટલૂનોના પટા સરખા કરી આપ્યા; હાથ-પગ, મોં ધોઈને નવા ટુવાલ વતી લૂછી દીધાં. "બન્ને ભૂખ્યાં થયાં હશે. ત્યારનાં અહીં છે, તો અહીં નાસ્તો કરવા ન લવાય?'' એમ કહીને બન્નેને હીંડોળે બેસાડી મીઠાઈ દીધી.

એ જ વખતે બહારથી શેઠ પેઢી પર આવ્યા; પૂછ્યું: "પન્નાલાલ ક્યાં છે? નીચે કોઈ બાઈ એને મળવા ઊભેલ છે. મને શી ખબર કે કોણ હશે? મેં તો કોઈ મદદ લેવા આવેલી ભિક્ષુક બાઈ સમજીને વગર પૂછ્યે જ કહ્યું કે, 'બાઈ, હું ભીખને ઉત્તેજન નથી આપતો. છતાં રાતે પૂજન ટાણે આવજો. અત્યારે નહિ'. ત્યાં તો એણે મારી સામે ઘૂમટો ખેંચી રાખીને શોફરને કહ્યું તે 'આંહીં શેઠની પેઢીમાં 'પ' ઉપર નામ છે... તેનું મારે કામ છે.' ''

આટલું કહી શેઠ હસી પડ્યા. બીજા સહુ હસ્યા; બોલ્યા: "વહુથી વરનું નામ લેવાય નહિ ને, સાહેબ! આપણા શાસ્તરના એ કાયદા છે ના!''

શેઠ ફરીવાર હસ્યા; પૂછ્યું: "કેમ, બધી તૈયારી છે ના? બધા ચોપડા 'કમ્પલીટ' છે ના? વરસ બાકીનું તલ જેટલું પણ કામ રહી ન જવું જોઈએ.''

"અમે બધા તો રાત સુધીમાં પતાવી લેશું; પણ... એક પન્નાલાલની ખતવણી બાકી રહેશે.''

"હજુ બાકી? બોલાવો પન્નાલાલને: ક્યાં છે?''

"એનાં છોકરાંને ઝાડો-પેશાબ કરાવવા ઉપર લઈ ગયેલ છે.''

"છોકરાંને આજે આંહીં? કામને વખતે? કાંઈ નહિ – હું જ ઉપર જાઉં છું.''

આ દરમિયાન પન્નાલાલ પોતાની નીચે ઊભેલી પત્નીને શેઠાણી પાસે લાવ્યો હતો. લાજ કાઢીને ફૂલકોર બેઠી હતી. છોકરાંઓએ "હાલો દીવા જોવા! ભાઈ, હાલોને!'' એવી જીદ કરતાં કરતાં એક ફ્લાવર-પૉટ તોડ્યું હતું; ને શેઠ ઉપર આવે છે તે જ ક્ષણે કબાટના મોટા કાચ ઉપર ચીરો પડ્યો. શેઠાણીએ એ કાચની અંદર પોતાના બહારથી ચાલ્યા આવતા

પતિના પ્રતિબિંબને ચીરાતું દીઠું.

"પન્નાલાલ!" શેઠે બાજુના ખંડમાં જઈને કહ્યું: "કાં કુટુંબ, ને કાં કામકાજ! બન્ને ન પોસાય. તમારી ખાતાવહી રઝળે છે – જાણો છો?"

છેલ્લો એક મહિનો થયાં બબે વાગતાં સુધીનો ઉજાગરો ખેંચી રહેલી પન્નાલાલની લાલઘૂમ આંખો ફાટી રહી.

"ને કાલ સવારે બોણી લેવા તો સહુ દોડ્યા આવવાના!" શેઠે મોજાં કાઢતાં કાઢતાં દુભાઈને ઉમેર્યું.

ગયા એક વર્ષની તનતોડ મજૂરીએ આ એક જ પળમાં જાણે કે પન્નાલાલના શરીરનો મકોડેમકોડો તોડી નાખ્યો.

"કોઈ પણ હિસાબે ખાતાવહી સવાર સુધીમાં પૂરી થવી જોઈએ." શેઠે પન્નાલાલના પ્રેતવત્ બનેલા દેહ ઉપર જીભનો કોરડો લગાવ્યો.

ત્રીજા માળની એ મેડી ઉપરથી નીચે ઊતરવા દાદર છે કે પરબારો રસ્તા ઉપર ભુસ્કો મારવાનો છે, એ વાત ઘડીભર તો પન્નાલાલ ભૂલી ગયો. કબાટના ઉઘાડા બારણાને એણે ઘડીભર દાદરનું દ્વાર સમજી લીધું. શેઠના ઓરડામાંથી એ પગે ચાલીને બહાર નીકળ્યો કે ગલોટિયાં ખાઈને? કશી ખબર પડી નહિ. પોતાની પછવાડે સ્પ્રિંગવાળું અરધિયું બાર ચીસ પાડીને જ્યારે બિડાયું. ત્યારે જાણે કોઈએ એના બરડામાં એક ઘુસ્તો લગાવ્યો હોય તેવો શેઠનો દુભાયેલો ઉદ્ગાર સંભળાયો કે, "સહુને દિવાળીની બોણી જોઈએ છે: કામ નથી જોઈતું."

દાદર પાસે શેઠાણી ઊભાં હતાં, એની આંખો પન્નાલાલને પેઢીમાં જતો જોઈ રહી. શેઠે એને એનાં સ્ત્રી-બાળકોનાં દેખતાં – અરે, મારા સાંભળતાં ઠપકો આપીને એ જુવાનનું અભિમાન શા માટે હણ્યું? પાંચેય દાદરની સળંગ ગૂંચળાકાર નિસરણી જાણે કોઈ અજગર એને ગળી જવા ચડતો હોય એવી દેખાઈ. પન્નાલાલની પત્ની અને બન્ને બાળકો ચાલ્યાં, તેને એ 'આવજો!' પણ ન કહી શકી. છોકરાં માની સાથે કજિયો કરીને પાછાં પેઢીમાં ગયાં. "ભાઈ! દીવા જોવા જવું છે. હાલો, બા નીચે ઊભી છે" એવી જિકર કરવા લાગ્યાં.

પન્નાલાલ ચોપડો લખવા બેસી ગયો હતો. એણે છોકરાંને ફોસલાવ્યાં: "હેઈ! જુઓ આ દીવા! કેવા સરસ!" એમ કહી એણે પેઢીમાં લટકતાં ઝુમ્મર, હાંડી અને જાપાની કાગળનાં ફાનસો સામે આંગળી ચીંધી. તોયે છોકરાંએ ન માન્યું. "હેઈ! જુઓ! આ કેવા લીલા-પીળા રંગ!" એમ કહી એણે પેઢીની દીવાલ પર ઝુલાવેલી જરિયાની રેટાની કમાનો બતાવી. તોપણ છોકરાંની અવળચંડાઈ ન શમી. "હેઈ! જુઓ 'ખાઉ-ખાઉ'!" એમ કહી એણે બારીમાંથી સામે દેખાતી મીઠાઈની શણગારેલી દુકાન દેખાડી.

"ભાઈ, 'ખાઉ-ખાઉ' લઈ આપો!" એમ કહેતી છોકરાંની રસવૃત્તિ આંખોની રસભોમ ઉપરથી જીભના સ્વાદ ઉપર પટકાઈ ગઈ.

" 'ખાઉ-ખાઉ' લેવાય નહિ; અહીં બેઠાં બેઠાં જોઈને 'ખાઉ-ખાઉ' રમાય." એ રીતે બાપે બાળકોની અભિરુચિને ઉન્નત બનાવવા યત્ન કર્યો.

પણ બચ્ચાં ન માન્યાં; બાપના ચોપડામાં ડાઘા પાડવા લાગ્યા. એણે છોકરાંને વળ દઈને છૂપી ચૂંટીઓ ખણી. રડતાં છોકરાં ફરીવાર સૂઈ ગયાં.

સવારના પોણાચાર વાગ્યે પન્નાલાલ ખતવણી પૂરી કરીને બેસતા વર્ષની શરૂ થતી ટ્રામગાડીમાં બન્ને છોકરાંને ખડકી પોતાની 'ચાલી' ભેગો થયો.

*

સવારે સહુ મુનીમો-મહેતાઓ સાકરના પડા અને શ્રીફળ શેઠને પગે મૂકીને 'સાલ મુબારક' કરતા ઓશિયાળે મુખે ઊભા રહ્યા. શેઠે સહુને 'સાલ મુબારક' કહ્યું. નાનકડો સુંદર દરબાર ભરાઈ ગયો. મોટા મુનીમ ટીપમાંથી 'નાનાલાલ', 'દલસુખ', 'ઓતો...' વગેરે નામ બોલતા ગયા તે પ્રમાણે નાનાલાલ, દલસુખ, ઓતો વગેરે સહુ ધીરે પગલે અને આભારનમ્ર ચહેરે શેઠની સન્મુખ આવી-આવી તકદીર મુજબ પાંચ, સાત કે અગિયાર રૂપિયાની 'બોણી'ની અક્કેક ઢગલી શેઠના હાથમાંથી વળી-વળીને લેતા, થોડુંક પાછે પગલે ચાલ્યા પછી જ પીઠ ફેરવીને પોતપોતાની જગ્યાએ બેસતા ગયા. દસ મિનિટમાં તો, 'તને શું મળ્યું?' "ઓધાને શું મળ્યું?" એવા પ્રશ્નો ગુંજી રહ્યા. દૂર-દૂરથી આંગળાંની ઈશારતો વડે ઉત્તરો અપાયા.

શેઠે પૂર્ણાહુતિ કરીને કહ્યું: "આ વર્ષે આપણી પેઢીને આટલા મોટા સ્ટાફની જરૂર તો નથી."

સહુના શ્વાસ અધ્ધર ચડી ગયા.

"કોઈ ડરશો નહિ: કોઈને કમી કરવાના નથી. પન્નાલાલનું એદીપણું મને નથી ગમ્યું. પન્નાલાલ ક્યાં છે?"

"આવેલ નથી."

"શું આવે! ખતવણી બાકી રહી હશે. મુનીમજી, એને બોણી પહોંચાડજો, હો કે!"

એ પછી શેઠને ઘેર જ ચહા-નાસ્તો લેવાનો ને સહુએ સાથે ફોટોગ્રાફ પડાવવાનો કાર્યક્રમ હતો.

દલસુખે ને ઓતાએ પોતાની દીકરીઓ સારુ દસ-દસ રૂપિયાનાં 'ઇમીટેશન' હીરાનાં એરિંગ લીધાં ને દેશમાં રવાના કર્યાં. સાંજે સહુએ 'છેલ-છેલૈયા'નું નાટક જોયું. બાર બજ્યા સુધી ગ્રામોફોન બજાવ્યાં. પન્નાલાલને ઘેર મોકલવામાં આવેલ રૂ. 11 પાછા આવ્યા હતા ને તે સાથે જ પન્નાલાલનું રાજીનામું આવ્યું હતું.

તે પહેલાં બપોરે શેઠને ઘેર એક નાની વાત બની ગઈ હતી. શેઠે શેઠાણી સારુ પાંચ હજારનાં હીરા-મોતી આણ્યાં. "વિમળા! આજે તો આ પહેરીને જ નાટકમાં જવું છે. આપણી 'બૉક્સ' ગ્વાલીઅરના મહારાજાની 'બૉક્સ'ની બાજુમાં જ બુક કરાવી છે."

પોતાના કંઠમાં હીરાનો હાર રોપવા સારુ લંબાયેલા શેઠના હાથને વિમળાએ ધીરે પણ મક્કમ હાથે પાછા વાળ્યા; એક કરડું હાસ્ય કર્યું.

"કેમ?"

"મને એ હારમાં પન્નાલાલની આંખો પરોવેલી દેખાય છે." એટલું કહીને એ બીજા ઓરડામાં ચાલી ગઈ.

રોજ પ્રભાતે ઊઠીને વિમળા પોતાના ચાર માસના ગર્ભાધાનનું ધ્યાન ધરીને બોલતી કે, 'મારા બાળ! તારી આંખોમાં થોડીક પણ એ ગરીબની આંખોની અણસાર લેતું આવજે!'

# ફક્કડ વાર્તા

**સો**મવારનાં તમામ છાપાંઓમાં પહેલે જ પાને સળંગ મોટાં મથાળાં વંચાઈ રહ્યાં હતાં કે –

*પકડાયો, પકડાયો: બેકાર બુઢ્ઢો: પાંચ ભૂખ્યાં છોકરાંનો પિતા: ઘેર બૈરી: મંદિરમાંથી રૂપિયાની કોથળી ચોરતાં પકડાયો.*

વિગતવાર હકીકત એમ હતી કે, ઇસારીઆ નામના એક રખડુ આદમીએ રવિવારના રોજ સાંજરે મહાલક્ષ્મીના હિંદુ મંદિરમાં પેસી જઈ દર્શન કરીને લોકો બહાર નીકળતાં હતાં ત્યારે ભીડાભીડમાં એક ગૃહસ્થનાં પત્નીને કેડે ભરાવેલી પૈસાની ચીંથરી ખેંચી લીધી. પણ, સદ્‌ભાગ્યે, ત્યાં છૂપી પોલીસનો એક માણસ ઊભેલો, તેણે એ દીઠું; ચપળતાથી ઇસારીઆને પકડ્યો. તરત પૈસાની ચીંથરી 'બાઈ મજકૂર'ને પાછી સુપરદ કરવામાં આવી; અને ચીંથરીમાં ટ્રામ-ભાડા પૂરતો એક આનો પણ હતો કે નહિ તેટલુંયે જાણવાનો સંતોષ મળ્યા પહેલાં તો ઈસારીઓ પોલીસ-થાણે પુરાયો.

આ બનાવ બીજાં છાપાઓને તો માત્ર કૌતુક અને સનસનાટી પૂરતો જ રસભર્યો હતો, ત્યારે અમારી 'દીનબંધુ' છાપાની ઑફિસમાં તો એ કાળા કકળાટ તથા ઊંડા નિઃશ્વાસનો વિષય થઈ પડ્યો. અમારા અઠવાડિક-વિભાગના તંત્રીને તત્કાળ સૂઝ્યું કે, આવતા અંકને સારુ આ ઘટનાની સરસ આખી કથા ગૂંથી શકાશે. એનું લોહી તપી આવ્યું. એણે ઉદ્‌ગારો ઠાલવ્યા કે "આ બાપડા ઇસારીઆની કથામાં જ અત્યારની સમાજ-રચનાનો સરવાળો આવી જાય છે. બસ, એ જ ભીતરનું ખરું દર્શન છે. જુઓ તો! ધંધામાંથી બાતલ કરેલો બિચારો: ભૂખે મરતાં બાળબચ્ચાં: ઘર માલિક

ઘર ખાલી કરાવેઃ પછી ચોરી ન કરે તો શું કરે? સાલાઓ! તમે એની જગાએ હો તો બીજું શું કરો? જીવવાની – ગમે તેમ કરીને જીવવાની – આકાંક્ષા તો કુદરતનો સહુથી પહેલો ને પ્રબલ નિયમ છે. ઈસારીઓ બાપડો અબૂધ, એટલે પકડાઈ ગયો. હવે એ સાલા મૂડીદારોના કાંધિયા લોકો એને નીચોવશે! સત્યાનાશ જજો આ સમાજનું! ઠીક, ચાલોઃ તંત્રીની નોંધવાળા ફરમામાં જ આનું એક પાનું બનાવી કાઢો. આની એક ફક્કડ વાર્તા બનશે.''

સામેના ટેબલ પર એક શિખાઉ બહેન ખબરપત્રીની ખુરશીએ કામ કરતાં હતાં, તેને તંત્રીજીએ કહ્યું: ''તમે જાઓ: પહેલવહેલાં જે પચીસ લોકો મળે તેઓને પૂછી વળો કે, 'આપ ઈસારીઆને સ્થાને હો તો શું કરો? આપ એને દોષ દો છો? આપને એમ લાગે છે કે એને સજા થવી જોઈએ? કારણો જણાવશો?' આ બધા જવાબો ટપકાવી લેજો, દરેક સજ્જનનું નામ લખી લેજો.''

''નામ!'' સ્ત્રી-ખબરપત્રીએ પૂછ્યું.

''કપાળ! હા, નામઠામ ને ઠેકાણું પણ દરેકનું. એટલું તો સમજો કે આપણા છાપામાં સાચાં નામ વગરની કશી જ હકીકત આપણે છાપતાં નથી.''

બહેન ઊપડ્યાં. વકીલોથી લઈને શેઠાણીઓ સુધી ઘૂમી વળ્યાં. એક મોટર-ડ્રાઇવરને પણ મળી લીધું. એમ પચીસને વિચારમાં નાખી દીધાં. આ કોયડો ભારી જટિલ હતો. ઘણાંખરાંએ ઈસારીઆને એક બેવકૂફી સિવાય અન્ય તમામ વાતે નિર્દોષ જાહેર કર્યો. કહેવામાં આવ્યું કે, કાં તો એણે કચ્ચાંબચ્ચાંનાં ખૂન કરીને પોતે આપઘાતનું શરણ લેવું હતું અથવા તો પછી કોઈ અનાથાશ્રમમાં ચાલ્યા જવું હતું.

આ રીતે, એ બનાવમાં તો રસની ઠીક-ઠીક જમાવટ થઈ પડી. અમારો અઠવાડિક અંક એ લેખને કારણે દીપી ઊઠ્યો; સર્વ અખબારો વચ્ચે અમારી નવીન જ ભાત્ય પડી. અમારા તંત્રીને થયું કે, ઈસારીઆના કિસ્સાને આ પછીના અંકમાં પણ નવીન સ્વરૂપે છેડવો. એણે મને બોલાવીને કહ્યું: ''નગરના નામાંકિત પુરુષોની પિછાન-પોથી જુઓ: એમાંથી પચીસ નામ

ચૂંટી કાઢો: મુલાકાત લો: ઈસારીઆની કર્મ-કથાથી વાકેફ કરો: પૂછો કે, 'આપ એની જગ્યાએ શું કરત?' ગમે તેમ કરીને કંઈક તો તેઓનાં મોંમાંથી કઢાવજો. ને તેઓએ કંઈક તો કહેવું જ પડશે: નહિ કહે તો જશે ક્યાં! 'દીનબંધુ' છાપાની કટારોમાં તેઓનું મૌન કેવો અર્થ પકડશે, એ તેઓ જાણે છે! મૌનનો અવળો અર્થ લેવાશે એટલો ઇશારો કરજો જરૂર પડે તો, હો કે!"

"જી હો!"

એટલું કહેતો હું મારી દફ્તર-થેલી લઈને ઊપડ્યો. તંત્રીજીનું અરધા દિવસનું કામ તો એ રીતે મને રવાના કરવાથી ખલ્લાસ થઈ ગયું. માત્ર મારું જ કામ બાકી રહ્યું. મેં પચીસ નામો કેટલી મહેનતે તારવ્યાં, દરેકની પાસે જઈને ત્રીસ વર્ષના, બેકાર, બચ્ચરવાળ, લાંઘણો કરતા ઇસારીઆની, એને ભાડાને અભાવે ઘર ખાલી કરવાની ધમકી આપતા મકાન-માલિકની અને આવી મૂંઝવણો વચ્ચે એણે પૈસાની ચીંથરી ચોર્યાની વિગતવાર કથા કેવી સફાઈથી સંભળાવી – એ આખી વાતના વર્ણનમાં ઊતર્યા સિવાય હું ફક્ત ટૂંકમાં કહી નાખું છું કે, મને પેલાં મારાં ભગિની-રિપોર્ટર જેવું સરસ ભજવતાં તો ન જ આવડ્યું.

એક તો હું 'ગેરન્ટી ટ્રસ્ટ કંપની'ના ઉપ-પ્રમુખને મળ્યો. અગાઉ એક વાર મેં બૅન્કની બાબત પર એની મુલાકાત લીધી હતી, એટલે આજ પણ હું પેસી જઈ શક્યો. મેં તો જાણે કે મરણિયા થઈને પેલા બેકાર, બચ્ચરવાળ, ભૂખે મરતા... વગેરે વિગતદાર કથાના નાયક ઇસારીઆની અથ-ઇતિ કથા કહી, અભિપ્રાય પૂછ્યો: "આપ એની જગ્યાએ –"

"હું એની જગ્યાએ!!!" શેઠ હેબતાઈ ગયા. પછી મેં એમને મારી ને ઇસારીઆની બન્નેની મૂંઝવણ જ્યારે સમજાવી, ત્યારે પછી એમણે એક સિગારેટ સળગાવી, ખુરશી પર દેહ લંબાવી તત્ત્વાલોચના આરંભી:

"જુઓને, યાર, ભારી વિચિત્ર છે આ આત્મરક્ષણનો પ્રકૃતિ-અંશ. એ પ્રકૃતિ-તત્ત્વ કેવે રૂપે પ્રકટ થશે, તે કોઈ કહી જ ન શકે. હવે તમે જ કહો છો કે ઇસારીઓ માંદો હતો, કામ જડતું નહોતું. બાયડી પણ

ખાટલાવશ હતી... પાંચ બચ્ચાં: ઘર ભાડું ચડેલું: રઝળતા થવાની તૈયારી: આમાં એણે કંઈક તો કરવું જોઈએ ને, ભાઈ! આપણે જ, જુઓને, ઘણાંખરાં પશુ-પ્રકૃતિનાં છીએ: પડ્યાં-પડ્યાં લાંઘણો ખેંચીને જાન કાઢી નાખી શકતા નથી – કંઈક કરી બેસીએ છીએ. હવે આ ઈસારીઓ જુઓ: એણે પેલી થેલી –"

"ના જી, ચીંથરી જ હતી." મેં સુધાર્યું.

"– કહો કે ચીંથરી ચોરી; સંભવ છે કે એને ભાન જ નહિ રહ્યું હોય કે પોતે શું કરતો હતો. આમ બધો ગોટાળો છે, ભાઈ! હાં, પણ એનાં બાળબચ્ચાંનું શું થયું?"

મેં કહ્યું: "મદદનાં કહેણ આવી પડ્યાં છે. અમે 'ઈસારીઆ સહાયક ફંડ' ખોલ્યું છે. કદાચ એ અદાલતમાંથી પણ છૂટી જશે."

"હું નહોતો કહેતો?" કહીને એણે મારી સામે, મારી તાળી લેવા સારુ, હથેળી લંબાવી.

આમ મને એક સરસ મુલાકાત મળી ગઈ. બહાર નીકળીને મેં બધું યાદ કર્યું; પણ મને લાગ્યું કે, આખી વાતની મલાઈ તો હું ક્યાંક એની ઑફિસમાં જ ભૂલી આવ્યો છું...

પછી પ્રોત્સાહિત બનીને મેં બીજા પકડ્યા.. બેરિસ્ટરને 'દીનબંધુ' નામનું મારું કાર્ડ ગયું, એટલે સડેડાટ મને દાખલ કરવામાં આવ્યો. મેં એમની પાસે એ બેકાર, બીમાર, બચ્ચરવાળ, બાયડીવાળા, ભાડાવિહોણા... ઇત્યાદિ વિગતોવાળા ઇસારીઆની કથા કહી: આખા બનાવની પાછળ રહેલું તત્ત્વ સમજાવ્યું: સમાજરચનાની ઉથલપાથલનો દાવાનલ--તણખો આ એક જ ઘટનાના ભસ્મ-ઢગલાના ગર્ભમાં ગાયેબ રહીને કેવો એકાદ ફૂંકની રાહ જોતો બેઠો છે તેનો ફોડ પાડ્યો.

"મને મૂળ કિસ્સો બરાબર ન સમજાયો;" એમણે કહ્યું.

મેં ફરીને કથા કહી – ડોશીમાઓ શ્રાવણિયા સોમવારની વ્રતકથા જે કડકડાટીથી બોલી જાય છે તે કડકડાટીથી હું બોલી ગયો.

એણે કહ્યું: "આ વાત હું માનતો જ નથી. આવું બને જ નહિ. તમે

ઈસારીઆને મળ્યા છો? શી રીતે જાણ્યું કે વાત સાચી છે?''

મેં કહ્યું: ''વાતનું સત્યાસત્ય તો હું બરાબર ચકાસી કાઢીશ. પણ ધારો કે આવું બન્યું જ હોય, તો આપ શું કહો?'' મારે તો હરકોઈ હિસાબે એમનું મંતવ્ય મારા 'દીનબંધુ'ના આવતા અંક સારુ કઢાવી લેવાનું હતું.

''ના-ના, એ બીજી કોઈ રીતે બન્યું હશે. કંઈક બીજાં ગુપ્ત કારણો હશે. તમે એ શખ્સનું ચારિત્ર્ય, એની કારકિર્દી વગેરે તપાસો. આમ અધ્ધરથી વાત ન કરો.''

હું ચાલ્યો ઈસારીઆની શોધમાં. એનું ઠેકાણું 'ડોકામરડી' ગલીમાં હતું. આ ઘરનો અમુક નંબર હતો. હું જઈ પહોંચ્યો. એક અંધારિયો મજલો હતો. ઓરડીઓ પર નામ નહોતાં.

પૂછપરછ કરી. ભોંયતળિયામાં રહે છે ખરો. હું ત્યાં ગયો. દિવસ-વેળા હતી, છતાં દેવદારનાં ખોખાંનાં પાટિયાંની દીવાલની ચિરાડો અંદર દીવો બળતો હોવાનો ભાસ દેતી હતી.

મેં બારણું ભભડાવ્યું. અંદર કશોક સંચાર થતો હતો, તે એકદમ ચૂપ થઈ ગયો. વાતાવરણમાં જાણે ફટકો પડ્યો. મેં ફરી બારણું ભભડાવ્યું.

થોડી વારે બારણું ઊઘડ્યું. પચીસેક વર્ષની જણાતી ઓરતે અર્ધઊઘડ્યા બારણામાંથી ડોકું કાઢ્યું.

મેં પૂછ્યું: ''ઈસારીઓ છે?'' એણે જવાબ ન દીધો, પણ ઈસારીઓ ઘરની અંદર ક્યાંયે છુપાઈ તો નથી રહ્યો એવી કેમ જાણે ખાતરી કરાવતી હોય તેમ આખું જ બારણું ઉઘાડી નાખ્યું.

એ અંધારિયું, ભેજવાળું ઘર હતું છતાં સાફસૂફ હતું. નીચી છત ઉપર ગૂંચળેગૂંચળાં ભરીને ધુમાડા કાઢતો દેશી દીવો બળતો હતો. ત્રણ છોકરાં – ત્રણેય છોકરાં ચાર વર્ષની અંદરનાં – એની ભીની ભોંય પર બેઠેલાં. ધાવણું બાળક એક ખાટલા પર સૂતેલું.

''ઈસારીઓ ક્યાં છે? મારે જરૂરી કામ છે.''

''પોલીસ-ચકલે હશે.''

હું ગયો પોલીસ ચકલે. પૂછ્યું. પોલીસના હોઠ પર પણ અદૃશ્ય બટન

બિડાયેલાં હતાં. પછી મેં 'દીનબંધુ' છાપાની પિછાન દીધી. જાદુ થાય તેમ તેની જીભ ઊપડી: "ઈસારીઆને તો કોર્ટે છોડી મૂક્યો છે."

હું પાછો ઇસારીઆને ઘેર ગયો. એ હજુ નહોતો આવ્યો. બાઈને મેં ખુશખબર દીધા. પણ મારાં અભિનંદનની કશી અસર મેં તેના મોં ઉપર ન દીઠી. એણે એક તૂટેલી ખુરસી લૂછીને મને તે પર બેસવા કહ્યું.

ઇસારીઓ આવી પહોંચ્યો: એ ઠીંગણો, ઠીક ઠીક બાંધાનો આદમી હતો. એની ઓરતે એક હરફ પણ બોલ્યા વગર મને ઈસારીઆ તરફ આંગળી ચિંધાડી.

શિકારીઓના પંજામાંથી બચી છૂટેલ સસલા જેવી એની મનોદશા હતી. અમે બેઠા. મેં એને બધી વાત પૂછી. ગરીબ માનવી શરમાઈ જઈને જે નિરાધારીભરી આજ્ઞાંકિતતા સાથે વાત કરે, તે રીતે એણે પણ પોતાની કથા શરૂથી આખર સુધી કહી દીધી. છાપાંમાં આવેલી બીના પૂરતું તો બધું જ બરાબર હતું.

પરંતુ મૂળ જીવન-કથા આમ હતી: "અમે ... જિલ્લાનાં વતની. મારા બાપને જમીન છે. અમે પાંચ વર્ષ ઉપર અહીં આવ્યાં છીએ. હું બિસ્કૂટ-ડબલરોટીવાળાની દુકાને ભઠિયારખાનાનું કામ કરતો. પણ ગિયે ઉનાળે મુંને અકસ્માત થિયો. પગ ભાંગેલો. ઇસ્પિતાલમાં રિયો: જહાન્નમ જેવું. દોઢ મૈનો રે'વું પડ્યું. બા'ર નીકળ્યો. અસલ ધની સાનો રાખે! લંગડાને કોન રાખે?"

"કેમ ન રાખે? તને અકસ્માત તો ત્યાં બિસ્કિટને કારખાને જ થયો ને?"

"ના, તિયાં અકસ્માત સાનો થાય? એ તો બધાં સારાં લોક છે. પગ ભાંગ્યો તે તો રસ્તા પર એક મોટરના ખટારાએ મુંને પટકી દીધો તેથી. દેખોને..." કહીને એણે પાયજામાનો એક પાયજો ઊંચે ચઢાવી ગોઠણ ઉપરનો જખમ બતાવ્યો: હજુ જખમની જગ્યા લાલચોળ અને પોચી હતી; ટેભા લીધેલા તે જગ્યામાં ગૂંથ પડી ગયેલી.

મને તો, આ રીતે, ખૂબ લેખન-સામગ્રી જડી: માનવીના ગુનાની

પાછળ કેટલાં તત્ત્વોની પરંપરા ઊભી હોય છે!... પોતાનું મુકદ્દર અજમાવવા દેશાવર ખેડવા નીકળી પડેલો ફક્કડ જુવાન: તન તોડીને મહેનત કરનારો: વફાદાર ઓરત: નીરોગી બચ્ચાં: કાયમી નોકરી: સંતોષી જિંદગી: એમાંથી એકાએક બેનસીબીનો ઉદય: આંધળી ઝડપે દોડતા ખટારાથી જફા થઈ, ઇસ્પિતાલે પડ્યો, રોજી બંધ પડી, નોકરી ગઈ... પછી? "પછી હવે તું તારે વતન કાં નથી ચાલ્યો જતો?"

ઈસાર કહે: "જાવાનું દિલ બહુ જ છે. પણ રૂ. 300ની ખરચી કાંથી જોગવું? બસ, રૂ. 300 હોય ને!"

રૂ. 300 તો કેમ જાણે એને મનથી ત્રણ લાખ હોય, તેવી રીતે એ બોલતો હતો.

"તેં ઇસ્પિતાલથી છૂટ્યા પછી પકડાઈ જવા સુધીમાં શી રીતે ગુજારો કરેલો?"

"સારી ચાકરી ન મિલી. એક હોટલમાં વાસણ માંજવા રિયો. પન એમાં નભાવ ન થઈ સક્યો. એક મૈના પર વહુને છોરુ આવ્યું."

"પણ, ભાઈ ઈસાર, તેં પેલી ચીંથરી શા માટે ચોરી હતી?"

એણે મારી સામે તાક્યું. એ બોલતો બંધ થયો. ત્રૂટક-ત્રૂટક જબાન ચલાવી: "હું સું જાનું! મૂંને કેમ પૂછો છો? મુંને સી ખબર પડે કે મેં સા સારુ ચોરી? શનિવારે ઘર-ધની કહે કે ભાડું દે નીકર બહાર નિકલ. મુંને નીંદ ન આવી. ઊઠીને બાર ગિયો. જઈને ઈ કામ કર્યું: બીજી મુંને સી ખબર! મુંને સી માલૂમ કે સા માટે?"

"પણ તને ઈજા ન થઈ હોત તો?"

"તો તો હું ડબલરોટી પકાવતો જ હોત ને?'

"તને પગ ભાંગ્યો તેની નુકસાની ન મળી?"

"ના."

"ઇસ્પિતાલનું ખર્ચ કોણે ચૂકવ્યું?"

"કુંપનીએ."

"કઈ કુંપનીએ?"

"ખટારાવાલી."

"તું તારી કસૂરથી હટફેટમાં આવી ગયો – કે ખટારાવાળાની?"

"મારી નહિ – ખટારાવાલાની. આ જુઓ... હું અહીંથી આવતો હતો, ને ખટારાવાલાએ..." એમ કહેતાં કહેતાં ઈસારીએ જમીન પર આંગળી વતી નકશો દોરી બતાવ્યો. "ખટારાવાલાની જ કસૂરઃ એણે જ મુંને જફા કીધી."

"બસ, ઈસાર, તું એ પોઈન્ટને મજબૂતપણે પકડી રાખજે, હો! ભૂલી ન જતો. એ ખટારાવાળી કંપની પાસેથી નુકસાનીની રકમ આપણે ઓકાવશું જ. એ સાલાઓને અમારા 'દીનબંધુ' છાપામાં પૂરેપૂરા ઉઘાડા પાડવા છે. આ આંધળી ઝટપે મોટરો હાંકનારાની સામે અમે કાંઈ ઓછું નથી લખતા. આજે બરાબર લાગ છે. તું ફિકર કરીશ નહિ. તેં નુકસાની મેળવવા કંઈ પગલાં લીધેલાં?"

"વકીલ રોકેલો. વકીલે રૂ. 200ની નુકસાની માગવા કહ્યુંઃ અરધા એના ને અરધા મારા. પણ આજ દન લગી પત્તો નથી. હું વકીલની આગળ જ ગિયેલો."

વાહવા! એક પછી એક મુદ્દાઓ હાથ આવતા જાય છે. પચાસ ટકાની ફી આવા લોહીના પૈસામાંથી પડાવનારો વકીલ! ઠીક છે, બચ્ચા, 'દીનબંધુ' એ તમામનો કાળ બનશે. વકીલનું નામ મળ્યું. તમામ મુદ્દા મળી રહ્યા. આખી કથાના અંકોડા સંકળાઈ ગયા. ફક્કડ વાર્તા સર્જાવી શકાશે. ગરીબોને શોષનારાઓનું ભયાનક કાવતરામંડળ જગત જોશે.

હવે મારે માત્ર એ ખટારાવાળી કંપનીનું નામ જોઈતું હતું.

"કોનો હતો એ ખટારો? કોઈ જબ્બર કંપનીનો હશે."

"હવે મારે નામ આપીને સું કરવું છે, ભાઈ!" એમ બોલતો ઈસાર ખૂબ ઉશ્કેરાઈ ઊઠ્યોઃ જાણે કે એને નામ છુપાવવું હતું.

મેં ઊલટપાલટ ઘણા પ્રશ્નો પૂછ્યાઃ જવાબમાં ઈસાર કાંઈક ગોટા વાળતો હતો. એના રોષભર્યા મોંમાંથી સરખાં વેણ પડતાં નહોતાં. એની ગુજરાતી ભાષા પણ ધડા વગરની હતી. એણે કંઈક મારા વિષે ને 'દીનબંધુ'

છાપખાના વિષે કહ્યું.

મેં કહ્યું: "હા, ભાઈ હા! હું 'દીનબંધુ' છાપાવાળો જ છું. ને ઘણું કરીને તો અમે એ ખટારાવાળી કંપનીને દમદાટી દઈને તને સારી એવી રકમ કઢાવી દેશું. તું સુખેથી બાળબચ્ચાં સાથે તારે દેશ પહોંચી જઈશ. તને રૂ. 300 પૂરતા થઈ પડશે તો ખરા ને?"

"અરે અલ્લા! રૂ. 300 કોણ દેતું'તું? રૂ. 300 મળે તો તો ન્યાલ થઈ જાઉં ને! મારો બાપ અમને આસરો દેસે. બાપડો સારો છે મારો બાપ. પણ રૂ. 300 કાંઈ એમ પડ્યા છે તે કોઈ મને ચોરટાને ધરમાદો કરે!"

"ભાઈ ઈસાર, એ બધું તું મારા પર છોડી દે. અમારું છાપું મોટા માંધાતાની મૂછના પણ વળ ઉતારે છે. અમે ચમરબંધીનેય ભૂ પાઈ દેશું. તું મને એ કંપનીનું નામ કહે."

એટલા જ શબ્દો એના મોંથી પડ્યા: "એને કોણ પોગે?... 'દીનબંધુ' છાપાવાળાને?"

"હા, હા; હું જ એ છાપા તરફથી આવું છું. મેં તને વારંવાર કહ્યું કે, અમે એ બચ્ચાઓના ભીંગડેભીંગડાં ઉખેડી નાખશું: તું ખટારાના માલિકનું નામ કહે ને!"

"હા, હા, હું ક્યારનો કહું છું કે, ખટારો 'દીનબંધુ' છાપાવાલાનો જ હતો: એણે જ મુને વગાડ્યું."

મેં અમારા સાતવારિયાના તંત્રીજીને જઈ વાત કરી. એ ચોંકી ઊઠ્યા. એને થયું કે, વહેલામાં વહેલી તકે આ ઈસારીઆને બાળબચ્ચાં સહિત ગુપચુપ એના દેશ ભેળો કરવો જોઈએ; નહિ તો 'દૈનિક સમાચાર'ને અથવા 'સાંજ'ને જો ખબર પડ્યા કે, જે ઈસારીઆ ઉપર 'દીનબંધુ' આટલાં આંસુડાં ઢોળી રહ્યું હતું, તે બાપડાને ચીંથરી ચોરવા જવું પડ્યું તેનું ખરું કારણ તો ખુદ 'દીનબંધુ'નો ખટારો હતો, તેમ જ નુકસાનીનો દાવો ચૂકવવામાં 'દીનબંધુ'એ જ આટલા મહિના ગલાંતલાં કરવામાં કાઢી નાખ્યા છે તો એ આપણા હરીફો આપણો પૂરેપૂરો ધજાગરો ફરકાવવાના.

અમારા તંત્રીજીએ 'મેનેજિંગ ડિરેક્ટર'ને વાત પહોંચાડી. મેનેજિંગ

ડિરેક્ટરે 'બૉર્ડ' પાસે રજૂ કર્યું. વકીલને ટેલિફોન કરીને બૉર્ડે સલાહ લીધી. વકીલોએ બચવાનો મુદ્દો કાઢી આપ્યો કે ખટારાનો તો વીમો ઉતરાવેલ હોવાથી આવા કિસ્સામાં નુકસાની આપવાની હોય જ નહિ.

'દીનબંધુ'ના મેનેજિંગ ડિરેક્ટરે અફસોસ સાથે ઇસારીઆને કશી રકમ આપવાની અશક્યતા જણાવી; કારણ એ જણાવ્યું કે, બીજું તો કાંઈ નહિ... રકમની વિસાત નથી –પણ દાખલો ખોટો બેસે.

આખી વાતમાંથી હું એટલું તો ચોક્કસ સમજી શક્યો કે, ઇસારીઆને આ નિમિત્તે એક પૈસો પણ ચૂકવવો એ વ્યવહારે નીતિ વિરુદ્ધ થાય અને કાયદાની દષ્ટિએ ગેરકાયદેસર ગણાય. બાકી, સહુનો મત એવો પડ્યો કે, પેલા 50 ટકા માગનાર વકીલનું આચરણ તો ઘણું જ હીન કહેવાય... પરંતુ... ખાસ કિસ્સાઓમાં આવી આકરી ફી લેવાનું ધોરણ પ્રચલિત છેયે ખરું.

વારુ. વળતે રવિવારે અમારા સાતવારિયાના નવા અંકમાં ઈસારીઆ બેકારની ફક્કડ વાર્તા પ્રગટ થઈ. તેની અંદર પેલો ખટારાનો અકસ્માત અને તે પછીનાં તમામ પરિણામો ટાંકવામાં આવ્યાં. ફક્ત ખટારાના માલિકોનું નામ નહોતું અપાયું.



# ગંગા ! તને શું થાય છે ?

ત્રવાડીનો ખાંચો એની સંકડાશ માટે જાણીતો છે. દિવસે દિવસે એ વધુ સંકડાતો જાય છે. તુળજાશંકર અંતકાળિયાને વૈદું અને ધનેશ્વરકાકાને લાલ મિલ પડખેની હૉટલ કામધેનુઓ શાં થઈ પડ્યાં હોવાથી તેઓએ હમણાં જ નવી મેડીઓ ચણાવી છે. રાતોરાત પાયો લેવરાવીને ખાંચાની બબ્બે હાથ જમીન દબાવી કાઢી છે. મ્યુનિસિપાલિટીના દાંતોમાં દઈને આ મર્દાઈ કરી છે. દરેક વાતમાં છાતી જોઈએ, ભાઈ, છાતી!

એ બન્ને નવાં મકાનોની વચ્ચે એક જૂનું. જીર્ણ ખોરડું જાણે કે ભીંસાઈને ચેપાતું ચેપાતું ઊભેલું છે. માગશર માસના સવારની પહેલી તડકી માંડ-માંડ જાણે હાંફતી-હાંફતી એ ખોરડાના ઓટલા ઉપર ઊતરતી હતી, અને રાજારામનાં ડોશી કંકુમા પોતાના દીકરાનાં ત્રણ નાગાંપૂગાં છોકરાંને એ તડકીમાં તપાવતાં બેઠાં હતાં.

તુળજાશંકર અને ધનેશ્વરનાં બાળકો શિયાળાના અંગે ખાસ બનાવેલ અડદિયા પાકનો અક્કેકો લાડુ લઈને પોતપોતાની મેડીઓની પરશાળમાં ઊભાં ઊભાં ખાતાં હતાં. પણ તેથી શું થઈ ગયું? નીચે બેઠેલાં રાજારામનાં ભૂલકાંને શરીરે લૂખસની જે મીઠી-મીઠી ખૂજલી ઊપડતી હતી, તે શું કાંઈ ઓછી લહેરની વસ્તુઓ હતી! ડોશી પણ પોતાના માથાના મૂંડા ઉપર અને તામ્રવરણા, કરચલિયાળા હાથ પગ ઉપર ખણી-ખણીને લોહીના ટશિયા કાઢી રહ્યાં હતાં. મેડી પર ઊભેલાં બાળકોને પોતાના હાથનો અડદિયો ચૂપચાપ ખાઈ લેવામાં પૂરી મજા નહોતી પડતી, એટલે તેઓ નીચેનાં છોકરાંને, "જો, મારે અડદિયો! તારે છે કાંઈ?' એમ ટગાવીને નવો સ્વાદ નિપજાવી રહ્યાં હતાં. ખજવાળતાં-ખજવાળતાં એ છોકરાં પેલા આકાશના

ચાંદા જેટલા અપ્રાપ્ય અડદિયા સામે હાથ લંબાવી, કેમ જાણે તે લાડુ વળાવવામાં પોતાના પિતાએ હિસ્સો દીધો હોય તે રીતે માગતાં હતાં કે, "એ...એ...દેને અમારો ભાગ! એ...એ... અમારો ભાગ!"

એ વખતે ઓચિંતી ઘરની અંદર કશીક ધડાપીટ થઈ, અને ગડગડાટ સાથે વૃષ્ટિ સમાન શબ્દો સંભળાયા કે, "કમજાત સા...લી કૂતરી! તારું ને મારું મોત કાં નથી આવતું?"

તડકે બેઠેલાં કંકુમા સમજી ગયાં. મનમાં ને મનમાં બોલ્યાં: 'અરેરે, પ્રભાતના પો'રમાં વળી પાછી મારપીટ માંડી ને, દીકરા! અરે મૂવા, તને હમણાં આ શું ઝોડ વળગ્યું છે તે વહુને વારે-વારે મારી રિયો છે? હોય, ઘર છે તે કો'ક દિ' ઠોંઠ થાપલી હોય. અમેય અમારા સમામાં માર ખાધેલ છે. પણ આમ રોજ ઊઠીને કાંઈ પાટુએ-પાટુએ મરાતું હશે બાયડીને?'

ડોશી આમ પોતાની જાણે બબડતાં રહ્યાં. એનું માથું ખજવાળવું ચાલુ જ હતું. છોકરાંને પોતાના સાડલામાં લપેટતાં લપેટતાં એ બોખા મોંયેથી તૂટક-તૂટક બોલ્યે જતાં હતાં કે "બાયડી ઉપર... ગભરુ ઉપર હાથ-પગ ઉપાડ્યે શી સારાવાટ થવાની હતી? આ કૂંડમાં તળશી કરમાઈ ગયાં એ શું અમસ્થાં-અમસ્થાં?"

ત્રવાડી-ખાંચાના વસનારાં બધા પોતપોતાને બારી-બારણે ડોકાં કાઢીને રાજારામના ઘરમાં ચાલી રહેલી આ ધડાપીટ તરફ સરવા કાન માંડી રહ્યાં હતાં.

મેડી ઉપર બેઠેલા તુળજાશંકર વૈદ એનાં સ્ત્રીને કહે કે, "આ તે બ્રાહ્મણોનો વાસ છે કે વાઘરીવાડો! રોજ-રોજ આ કેમ પોસાય!" વહુ કહે: "પોલીસ-ખાતાને કહીને એને આંહીંથી ખેસવો ને! આ તો શેરીની આબરૂ જાય છે."

"એ તો અંતે દાઢી એ જ માગે છે;" વૈદ્યરાજે કહ્યું: "આપણાં ખોરડાં ચણાતાં'તાં ત્યારે મેં એને શું થોડો વિનવ્યો'તો? 'ભાઈ રાજારામ! બાપા રાજારામ! ભલો થઈને મને તારું ઘોલકું દઈ દે. મારે મકાનનો મેળ તૂટે છે. હું રૂ. 200 રોકડા આપું.' પણ એ નો'તો માન્યો; આપણી ને

ધનેશ્વરભાઈની મેડીઓ વચ્ચે પોતાનો કૂબો રાખી આપણને નત્યના ભૂંડા દેખાડવાની એની હઠીલાઈ એણે નો'તી જ છોડી. નાક કપાવીનેય અપશુકન કરાવવું તે આનું નામ! પણ હવે તો હું હાર્યો છું. બ્રાહ્મણના દીકરાની દયા હવે ખાવા જેવું નથી. કાંઈક ઇલમ કરવો તો પડશે ના! કુળવાન ઘરની વહુ-દીકરીઉં વસે ત્યાં આવા કંકાસ કાંઈ રોજ ઊઠીને પાલવે?"

એવી કૈં-કૈં વિવેચનાઓ કરી કરીને કોઈ હસતાં તો કોઈ ખીજે બળતાં એમ તમામ પાડોશીઓ પાછાં પોતપોતાને કામે લાગી પડ્યાં. કંકુડોશી ઓટલાની તડકીમાં મીઠી-મીઠી ખૂજલી ખજવાળતાં બેઠાં રહ્યાં. એની ઝાંખી આંખોમાં પાણીના છાંટા આવી ગયા તેનું કારણ દીકરાનું વહુ પરનું દુરાચરણ હશે, ઊંચે ચડેલા સૂર્યનાં કિરણોનો આંખોમાં સીધો પડતો અજવાસ હશે, કે તુલજાશંકર ત્રવાડીની એની પત્ની સાથેની ધીરી વાતો હશે તે કળવું કઠિન હતું.

રાજારામ હજુ ઘરમાં જ ઊભો હતો. પત્ની ઉપરના પોતાના વીરત્વે બહાર મોટો તમાશો મચાવ્યો છે તે ભાન થયા પછી ઘર બહાર નીકળવામાં એને શરમ આવી હતી. પાટુ ખાધા પછી પણ પત્ની મૂંગી જ રહી, અને જીભ વડે પણ સામો જવાબ ન વાળ્યો, ઓયકારો ન કર્યો, તેને પરિણામે રાજારામની મનોદશા ગાંધી-ચેલાઓને લાઠીમાર મારનાર સરકારી સિપાઈઓના જેવી થઈ પડી હતી. ઊભડક પગે એ નીચે બેઠો; લાલ-લાલ ડોળા ફાડીને પત્નીને પૂછ્યું: "મોંમાંથી ફાટ તો ખરી! તને શું થાય છે?"

"કાંઈ નથી – શું હોય?"

"તો ખા આ છોકરીના સમ." વહુના ખોળામાં પેલાં ત્રણ ઉપરાંત એક ધાવણી છોકરી ધાવી રહી હતી, તેની સામે આંગળી ચિંધાડીને રાજારામે સોગંદ દીધા.

"અત્યારના પહોરમાં શા સારુ બાળકના સમ દો છો?"

"મારે જાણવું છે કે તું મહિના-દિ'થી આમ નઘરોળ કેમ બની ગઈ છે? બે દિવસથી ઘરમાં ખાંડ થઈ રહી છે, તે સંભારીને મને કાં વેળાસર કહ્યું નહિ? મોં વીલું કરીને કેમ ઘરમાં બેઠી રહે છે? કોઈ વાતના પૂરા

જવાબ કેમ નથી દેતી? તને શું થાય છે?"

દૂધ વિનાના ડાબા સ્તનને ચૂસતી છોકરીએ ભૂખના દુઃખે ચીસ પાડી, એથી વહુએ એને ડાબી બાજુથી ઉઠાવીને જમણા થાનેલા ઉપર ફેરવી. એટલામાં એની આંખો છલછલી પડી.

રાજારામનો રોષ-રક્ત ચહેરો દયાર્દ્ર બની ગયો. એણે પત્નીની આંખોનાં પાણી પોતાની આંગળી વતી લૂછતાં-લૂછતાં પૂછ્યું: "ગંગા, મારા સમ છેઃ મને દિલ ખોલીને કહે, શી વાત છે આવડા બધા દુઃખની?"

"તમારા કારખાનાનો વખત જાય છે. હમણાં જાવ. પછી રાતે વાત."

"ના, કારખાનું જાય જહાનમમાં. આજનું પ્રભાત આમ બગડ્યું છે, એટલે કામકાજમાં મારું ધ્યાન પણ સરખું નહિ રહેઃ છેકાછેકી થશે, અને હેડ-કલાર્ક ખિજાશે. માટે કહી દે. પછી હું મોકળે મને કામ કરી શકીશ."

નેત્રો નીચાં ઢાળીને ગંગા ફક્ત એટલું જ બોલી: "તમને શી ગમ?"

"પણ શાની?"

"કાંઈ નહિ... એ તો અમસ્તો મારા મનને મૂંઝારો થાય છે – બીજું કાંઈ નથી."

રેલવેના કારખાનામાં કારકુની કરી-કરી તૂટી મરનારો રાજારામ ક્યારે નવરો હતો જે સ્ત્રીના જીવનની આવી સાદી શબ્દ-રચનાની પાછળ સંઘરાયેલી સમસ્યાને અને આપદાને સમજી શકે? 'કાંઈ નથી'ની ગૂંચ ઉકેલી ન શકાયાથી એ બોલી ઊઠ્યો: "મૂંઝારો શાનો? હજી તો હું જીવતો છું."

"એવું શીદ બોલો છો? આ છોકરાં, આપણી ગરીબી અને મારું શરીર બગડેલું – એવા નકામા વિચારો આવ્યા કરે છે."

રાજારામે ગંગાના શરીર ઉપર દૃષ્ટિ ફેરવી. આજે પહેલી જ વાર એણે પત્નીના દેહને નિહાળી-નિહાળીને ઉકેલ્યો. ચોમાસામાં બે કાંઠે છલોછલ વહેતી દીઠેલી નદીને ચાર-છ માસ પછી વૈશાખ માસની વચ્ચોવચ્ચ ઓચિંતી જોવાનું બનતાં એક ખાબોચિયું પણ બાકી ન રહેલું માલૂમ પડે, અને જે લાગણી થઈ આવે, તે લાગણી રાજારામને અંતરે જાગી

ઊઠી. પરણ્યા પછીની તાજી તરુણાવસ્થામાં પત્નીને અનેક વાર ખોળામાં લઈ-લઈને ગાઢ મમતાના પ્રવાહમાં ઝબકોળી હશે; પણ કોઈ વાર નહોતું સૂઝ્યું કે ગંગાના ગાલ ઉપર એક મસ હતો, ને કાનની કૂણી બૂટ પછવાડે ઝીણો એક તલ હતો. આજે એ મસ અને એ ગોળાકાર છૂંદણા-શી તલની ટીબકી જાણે કે ગંગાના દેહથી અલગ થવા મથી રહેલાં જીવડાં હોય, કોઈ પશુના અંગ પર ચોટેલ ગીંગોડા હોય, તેવું એને લાગ્યું.

રાજારામ વિચારે ચડ્યો:

હું શું સમજીને આ એક પછી એક બાળકના જન્મોની ખુશાલી પામી રહ્યો હતો! પાડોશીઓ હરેક વખતે પેંડા-પતાસાં વહેંચાવતાં હતાં; મિત્રો દરેક ગર્ભાધાનને તથા પ્રસવને મારું મહાન પરાક્રમ અને પરમ ભાગ્ય માન્ય કરતા હતા: તે બધાંની પાછળ આ પત્નીના એક વારના ભરચક શરીર ઉપર શી-શી શોષણ-ક્રિયાઓ ચાલી રહી હતી! મારી ત્રીસ રૂપરડીની કમાણી, અને આ બે મેડીઓ વચ્ચે ચેપાઈ રહેલું મારું ગંધારું કાતરિયું – એમાં હું આ શો બોજો ખડકી રહ્યો હતો!

રાજારામની આંખો આડેથી રૂઢિનાં પડળ ધીમે-ધીમે ઊંચા ચડવા લાગ્યાં. ગંગાને તો એણે તે વખતે એટલું જ કહ્યું કે, "અરે ગાંડી! એ તો પ્રભુની માયા છે. લખપતિઓ તો શેર માટી સારુ વલખે છે, ત્યારે તું આવા માઠા વિચારો કરી રહી છો? દાંત આપીને જેણે જણ્યાં મોકલ્યાં છે, તે શું ચાવણું આપ્યા વિના રહેશે?" એમ આશ્વાસન આપીને એ કારખાના તરફ ચાલ્યો તો ગયો, પણ વિચારો એને ઝીણી જીવાતના ઝૂમખાની માફક ઘેરી વળ્યા.

રેલ્વેનું કારખાનું ત્રણ સ્ટેશન દૂર હતું. કારખાનાના નોકરોને સારુ ખાસ જોડાતી ટ્રેન સવારમાં ઊપડી ગઈ હતી, એટલે રાજારામ બીજી પેસેન્જેરોની ટ્રેનમાં ચડ્યો. જે ડબ્બામાં પોતે બેઠો ત્યાં જ હાથમાં ધર્માદાના ફંડની પેટી ખખડાવતો રતિશંકર ચડ્યો. પાંચ વર્ષોથી પોતાના કોઈ માયાવી બાળાશ્રમ માટે પૈસા ઉઘરાવી રહેલ આ રતિશંકરે તે પ્રભાતે પંદર હજારમી વાર પેસેંજરોની સામે ગદ્‌ગદિત અવાજે પેલી સાખી લલકારી:

*કબીર કહે કમાલ કું: દો બાતાં શીખ લે!*
*કર સાહેબ કી બંદગી, ભૂખે કું અન્ન દે!*

અને તે પછી, 'સર્વ પ્રકારનાં દાનથી જગતમાં અન્નદાન, વિદ્યાદાન શ્રેષ્ઠ છે' એ સદ્દુપદેશ વડે શ્રોતાઓનાં હૈયાં પિગળાવીને પોતાના બાળાશ્રમની પિછાન કરાવી જે બાળાશ્રમમાં પાંચ વર્ષનાં નિરાધાર બાળકોને પચીસ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરાવવામાં આવે છે. કોઈને ખબર નહોતી કે, રતિશંકરનો આ બાળાશ્રમ ક્યાં આવ્યો છે. છતાં લોકોએ ટપોટપ એની પેટીમાં પૈસા ટપકાવ્યા. આ દેખીને રાજારામને ઘડીભર આસ્થા બેઠી કે, 'દાંત દીધા તે ચાવણું દઈ રહે છે'. પણ એ આસ્થા ઝાઝી વાર ટકી નહિ. પોતાના દરમાયાના 30માંથી 31 થવાને બદલે 'રીટ્રેન્ચમેન્ટ'માં પાંચ ઘટવાની તૈયારી હતી. જે નાના પુત્રની ત્રીજી વર્ષગાંઠ હજુ ચાર જ દિવસ પર ઊજવીને પોતે ખીર-પૂરી ખાધાં હતાં, તે જ પુત્ર આજે કદાપિ મરી જાય તો પોતાને ઝાઝો આઘાત નયે લાગે એવી એની લાગણી બનવા લાગી. રતિશંકરને એણે પૂછી પણ જોયું કે, "અલ્યા, તારા બાળાશ્રમમાં મારા એક છોકરાને દાખલ કરીશ?" પણ રતિશંકરે તો ત્યાં ને ત્યાં ઉતારુઓ વચ્ચે ઊલટાનો એને ફજેત કર્યો: "જોજો, ભાઈસાહેબ છતે માબાપે બાળકોને ધર્માદો ખવરાવવા માગે છે! અલ્યા, તું તે બાપ છો કે કસાઈ?" વગેરે વગેરે.

દરમિયાન તો 'વર્કશોપ'નું સ્ટેશન આવ્યું. રાજારામે સ્ટેશનના સુંદર બગીચા વડે વિભૂષિત પ્લેટફૉર્મ પર રબ્બર-ટાયરની, સ્પ્રિંગોવાળી બાબાગાડીઓ ફરતી દીઠી. ટૂંકા પગારના દસ કારકુનોની જગ્યા કાઢી નાખીને તાજેતરમાં એક ફાલતુ મોટી જગ્યા સ્થાપવામાં આવેલી, તે ઉપર નિયુક્ત થયેલા અધિકારીનાં ત્રણ છોકરાં એ બાબાગાડીઓમાં બેસી કનકમય તડકામાં ઝગારા કરી રહ્યાં હતાં. એ છોકરાંને અંગે ગરમ મોજાં, કાનટોપી અને ઝબલાંનો સંપૂર્ણ જાપ્તો હતો. ગોદરેજની તિજોરીમાં સંઘરેલ નાણા જેવી એ બાળશરીરોની સંરક્ષા હતી. બાબાગાડી ઠેલનાર નોકરો હતા. પોતાને ઘેર કંકુડોશીના ફાટેલ સાડલામાં લપાઈને બેઠેલ ત્રણ અર્ધનગ્ન છોકરાંને જોઈને રાજારામ ચાલ્યો આવતો હતો, એથી એના અંતરમાં આ

દશા-ભેદ દેખી છૂરી ચાલવા લાગી. પછી વળી કામકાજમાં એ વાત વિસારે પડી.

[2]

ખાંચાનાં લોકોને પાકી ખબર હતી કે ગંગાવહુ નવા જમાનાના પોપલાવેડા કરનારી સ્ત્રી નહોતી. એ તો લોઢું હતી લોઢું: શરીરેય લોઢું અને મનથીય લોઢું. નહોતી એ એકલસૂરા સ્વભાવની, કે નહોતી કાચીપોચી, કજિયો બનતાં સુધી કરતી નહિ – ને કરતી ત્યારે આખા ખાંચાને ધરતીકંપના આંચકા લેવરાવતી. વાતોએ ચડતી ત્યારે લાંબા હાથને લહેકે એવાં તો ટોળ-ટીખળ જમાવતી કે સાંભળનારાંનાં શરીરો હસી-હસીને ગોટો વળી જતાં. શેરીમાં ગંગા 'કેસરિયો ઘોડો' નામથી ઓળખાતી; કેમકે એ વારંવાર લહેકા કરીને મલપતી-મલપતી શેરીમાં, બપોર-વેળાએ ભાયડાઓ ઘેર ન હોય ત્યારે, ગાતી કે –

*વા'લા મારા કેસરિયો ઘોડો રે...*
*ગોપીયુંમાં રમવાને છોડ્યો!*

એટલે જ ગંગાના સ્વભાવમાં થઈ ગયેલો આ નવો પલટો સહુને બિહામણો લાગતો હતો. શેરીમાં ભાત-ભાતની વાતો ચાલતી:

કોઈ કહેતું કે, "સવા મહિના ઉપર ગંગા નહાઈ-ધોઈને માથું ઓળતી હતી ત્યારે કોઈ ફકીર આવ્યો'તો: જનનો વળગાડ હશે, માડી!"

બીજી કહેતી: "ના રે ના; તે દિ' એક વેડવી વાઘરણ માગવા આવેલી, તેને ગંગાએ પોતાના હાથમાંથી શેરડીનો કટકો નો'તો દીધો. વેડવાં ભારી કામણટૂમણિયાં હોય છે. એને તો દેખીને બારણાં જ બીડી દેવાં જોઈએ. ગંગા તો એની જોડેય ધડાકા લેવા બેસે. પછી તો આ દશા થાય જ!"

કારણ ચાહે તે હો, ગંગા જાણે આગલી ગંગા જ નહોતી રહી એ તો સાફ વાત હતી. એના મનમાં કંઈક ઊંડું-ઊંડું ઘોળાતું હતું. મોટાં છોકરાં એનાથી બીને દાદીમા પાસે જ લપાઈ રહેતાં. ધાવણી છોકરીનાં નેત્રો માતાના મોં સામે તાકી-તાકીને થાકતાં, પણ ત્યાંથી વહાલનું એક ટીપું પણ વરસતું નહિ. ધણી ઉપર એનો મૂંગો ધિક્કાર જ ઝર્યા કરતો. ધણીના પગની

પાટુ કરતાં પણ એનાં આજ સવારનાં વહાલભીનાં વચનો ગંગાને વધારે આકરાં લાગ્યાં હતાં. ધણી એના છૂપા દુઃખમાં ભાગ લઈ શકે તેમ નહોતું. એથી અધિક વેદનાની વાત તો એ હતી કે ગમાર ધણીઓને સ્ત્રીઓના જીવતરની આ જુગ-જુગની જૂની આપદાઓમાં ગતાગમ પણ નહોતી પડતી.

દિવસ આથમતો હતો. શેરીનાં ખોરડાં ધુમાડે લપેટાઈ રહ્યાં હતાં. માળાની શોધાશોધમાં પંખી ચીસાચીસ કરતાં હતાં એ વખતે મરેલા મનુષ્યના ગેબી ઓછાયા જેવી ગંગા લોટો ભરીને નીકળી પડી. શહેરને આથમણે છેડે ઉઘાડા મેદાનમાં, ગટરોના કીચડથી થોડે દૂર, વાઘરીઓના કૂબાનું ઝૂમખું હતું. તેની અંદર ગંગા દાખલ થઈ. કલાક એક ત્યાં થોભ્યા પછી પાછી ત્રવાડીને ખાંચે પેસી ગઈ. ગુપ્ત વેદના ઠાલવવાનું અને ઇલાજ મેળવવાનું ઠેકાણું બ્રાહ્મણની દીકરીને શું વાઘરીવાડે જડ્યું હશે?

*

થોડે દિવસે મોડી રાતે ખાંચાનાં લોક એકાએક જાગી ઊઠ્યાં. એ ચીસો રાજારામને ખોરડેથી જ સંભળાતી હતી. ગર્ભાશયમાં વીંટ્ય આવતાં જે ચીસ સ્ત્રી-જીવનની તમામ સમતાનાં પડોને ચીરીને બહાર નીકળી પડે છે – અને છતાં સ્ત્રી-હૃદયનો નિકટનો સાથી સગો સ્વામી પણ જેને કદાપિ નથી સાંભળી શકતો, નથી સમજી શકતો, નથી સ્મરણમાં રાખી શકતો તે માયલી આ એક ચીસ હતી. સંગીતના સ્વરો સામે કસ્તૂરીમૃગના કાન જે તલ્લીનતાથી મંડાય છે, તેવી તલ્લીનતાથી – કેમકે પારકાંની બદબોઈમાં બજી રહેલું સંગીત સર્વથી વધુ મિષ્ટ હોય છે – રાજારામની ખડકીની ચિરાડે ખાંચાનાં બૈરાંના દસ-વીસ કાન લાગી ગયા છે. અંદર જાણે કે ચીસો દેતી ગંગાનું માથું ઝાલી ઝનૂનથી આમતેમ ઢંઢોળતો રાજારામ ભયંકર અવાજે પૂછતો હતો કે –

“રંડા! આ શું કર્યું તે! બોલ – નીકર ગળું ચૂસી જાઉં છું.”

ગંગા ગોટા વાળતી જીભે કહેતી હતી કે, “એ...એ...એ...! હું શું કરું? ત્રણ મહિનાથી હું નહાઈ નહોતી.”

“નહાઈ નહોતી!” રાજારામને ગમ પડી નહિ. એ બે શબ્દોની

પાછળ સ્ત્રીના અવતારની શી-શી યાતનાઓ સંઘરાયેલી પડી છે, તેની કલ્પના પુરુષને ક્યાંથી આવે?

"ઓય! ઓય મા! ઓ પરભુ! છ મહિના પછી મારું શું થાત! તમારો ટૂંકો પગાર... ચાર છોકરાં... આપણે ત્રણ – એમાં હું પાંચમો જીવ ક્યાંથી ઉઝેરત! ઓહ! મારી કેડ્યના મકોડા ખડી ગયા છે. હું હાડકાંનો માળખો બની રહી છું. મને ગઈ સુવાવડે બે રૂપિયાનું ઘીયે પેટમાં રેડવા નહોતું મળ્યું. દસ દા'ડે મારે ખાટલો છોડવો પડેલો; ગાંસડો લૂગડાં ધોવા જવું પડતું અરધો ગાઉ આઘે. મારો દેહ કટકે-કટકા થઈ ગયો'તો. એ સાટુ – મારા સાટુ, તમારા સાટુ, અભાગિયા નાના જીવને આ નરકમાંથી ઉગારવા સાટુ – મારે આ કરવું પડ્યું. અરેરે! એના નાના રાતા હાથ: કૂણી આંગળિયું: ગરીબડું મોં... આહા! કેવાં આવત!"

"માડી રે!" ખડકીને બારણે વાતો ચાલી: "છોકરું... વાલામૂઈએ!"

ધડ, ધડ, ધડ લપાટો મારતા રાજારામના મોંમાંથી વધારે ભડકા નીકળ્યા:

"રંડા! બાળ-હત્યા કરી! લાખો હત્યાનું પાપ લીધું!"

એવી ભયંકર રાત વીતી ગઈ, રાજારામનો ઊભરો હેઠો બેસી ગયો, તે પછીના એના રાત્રિના બન્ને પહોર નરક-યાતના ભોગવવામાં વીત્યા. ગંગાનું આ કૃત્ય એને જુદી જ નજરે દેખાવા લાગ્યું. ગંગાની ભાંગીતૂટી વાણીમાંથી એણે જ્યારે વિચાર સાંકળીને આખી વસ્તુ ઉકેલી, ત્યારે એ ઠરી જ ગયો. ઉગ્ર આવેશના વમળો વચ્ચે ગૂંગળાઈ જતો આ બ્રાહ્મણ-બાળ પરોઢે પાછો પત્નીનું માથું ખોળામાં લઈને પંપાળતો બેઠો હતો. 'મારાં પાપ! મારાં પાપ! હું આ સ્ત્રીને શોષી ગયો! હું જ આ નાની-શી નરકનો ઉત્પાદક છું!' એ વાત એને દીવા જેવી દેખાઈ ગઈ.

[3]

પ્રભાતે પાછાં ખડકીમાં બેઠાં બેઠાં મીઠી લૂખસની ચળ માણતાંમાણતાં કંકુમા સહુને સમજાવવા લાગ્યાં કે, "માડી, વહુને તો રાતે કસુવાવડ થઈ ગઈ!"

"હા...હા! ક...સુ...વા...વ...ડ થઈ ગઈ – એમ કે?" ધનેશ્વરની વિધવા બહેને અક્ષરો મરડી-મરડીને છણકો મર્યો: "આંઈ બામણનાં ખોળિયાં રહે છે: ખબર નહિ હોય! હમણે ખબર પડશે! મોટાભાઈ પોલીસ-ચકલે જ ગયા છે."

પોલીસના હાથમાં ગર્ભપાતનો ગુનો આવ્યો, એટલે એ તપાસે ચડી. ધનેશ્વર અને તુળજાશંકરે પોલીસ-ચોકસીમાં સહાય લીધી. પોલીસથી મુદ્દાનો તાંતણો સંધાતો નહોતો: ગર્ભપાતની સાબિતી શી?

"એ મેળવી આપવાનું મારું કામ;" તુળજાશંકરે બીડું ઝડપ્યું: "હું તો અનુભવી: સમજી શકું ને?"

અદાલતમાં તુળજાશંકરે સાહીદો ઊભાં કર્યાં: એક, આથમણા વાઘરીવાડની જીકુડી વાઘરણ; અને, બીજાં, પોતાના ખાંચાનાં પાંચ બૈરાં જેમાં ધનેશ્વર ત્રવાડીની વિધવા બહેન પણ હતી. એ પાંચેય જણીઓએ તે રાતની બીનાની કાનોકાન સાંભળેલ સાહેદી પૂરી.

અદાલતમાં જીકુડી વાઘરણને પ્રોસિક્યૂટરે પૂછ્યું કે "તારી પાસેથી ગંગા ગાજરનાં બિયાં લઈ ગઈ હતી કે?"

"ઓહોહોહો!" જીકુડી છણકો કરીને બોલી: "ઈમાં શું અવડું પૂછો છો? કુણ નથી લઈ જાતું વળી! આ ધનેશર ગોરનાં બૂન સામાં ઊભાં –" ધનેશ્વર અને તુળજાશંકર બેઠા હતા, તેની સામે જોઈ જીકુડીએ કહ્યું: "ડોળા શીદ ફાડો છો, ભા! રાખોને હવે બધી સદ્ધાઈ!"

માજિસ્ટ્રેટે મીઠાશથી પૂછ્યું: "બાઈ, તું શાંત થા; ગભરાય છે શીદ? જો, મારી સામે જોઈને કહે: હું ડોળા નહિ ફાડું. મને કહે – તું આવાં ઓસડિયાં શા સારુ રાખે છે?"

"જુઓ! બાપા સા'બ! પેટછૂટી વાત કરું છું. માથે મેલડી છે. અમે વાઘરી લોક: કૂબામાં રે'નારાં: ટાઢ-તડકો વેઠી, તૂટી મરી માંડ-માંડ રળનારાં, મરી રઈએ... કળશી છોકરાંને ખવરાવીએ શું? આ એટલે, બાપા, અમારે અમારાં બાળને હણવા સારુ જ નીચ ઉપાય કરવા પડે છે."

"દવાઓ વેચો છો?"

"હા, સા'બ."

"કોને?"

"લાજમલાજાવાળા ખાનદાન ઊંચા વરણને, તમારે પગે પડું, સા'બ! વધુ નો બોલાવશો. અમારી પાપીઓની જીભ હાલે તો તમારા જેવા ભાગ્યશાળીના કાનમાંથી કીડા ખરે, આ કોરટનો વાયરો ગંધઈ ઊઠે. બસ! તમારે પગે પડું છું. અમે બોલીએ તો તમારાં કૂંડામાં ફૂલનાં ઝાડવાં છે ને ઇયે લીલાં ને લીલાં બળી ભશમ થઈ જાય. અમારાં પાપ તો અમારા પેટમાં સમાયેલાં સારાં. પણ હું તો, સા'બ, વચાર જ ઈ કરી રઈ છું કે, આ બધાં આ ધનેશરભાઈ ને આ તુલઝાશંકરકાકો ને આ બોનદીકરીઉં શું જોઈને આ બાપડી ગંગા ઉપર ઊતરી પડ્યાં છે? આ છોડીએ તો મોતમાંથી ઊગરવા સારુ કર્યું છે: ક્યાં એને પાપ ઢાંકવાનાં હતાં? બલોરી કાચ જેવી આ બાપડી ઉપર – કીડી ઉપર – કટકાઈ કરનારાંને તો તમે ઓળખો, સા'બ!"

"સારું; જાઓ." કહીને માજિસ્ટ્રેટે રાજારામને પૂછ્યું: "તારે કાંઈ કહેવું છે?"

રાજારામ પોતાની ઘરડી માને ચાર નાનાં બાળકો સાથે હાજર કરી બોલ્યો: "મારે એટલું જ કહેવાનું છે કે, આપ નામદાર મારું ખોરડું જોઈ આવો; મારા ઘરની ઇસ્કામત તપાસો. મને 'રિટ્રેન્ચમેન્ટ'માં રૂ. 20 પર મૂક્યો છે. મારી વહુ પાંચમી સુવાવડમાંથી જીવતી ઊઠત નહિ. મારા ખાતામાં પેન્શન નથી, 'પ્રોવીડન્ટ ફંડ' નથી; અને જિંદગીનો શો ભરોસો?"

"બાઈ ગંગા, તારે કંઈ કહેવું છે?"

ગંગાએ ઘૂમટો ઢાંકેલું માથું હલાવ્યું. એના હાથ-પગ ખુલ્લા દેખાતા હતા. કોઈ ખપાટનો 'ચાડિયો' કરીને મનુષ્યનાં લૂગડાં પહેરાવી ખેતરમાં ઊભો રાખ્યો હોય એવું તે વેળાનું ગંગાનું સ્વરૂપ હતું.

માજિસ્ટ્રેટે ફેંસલો સંભળાવ્યો:

"જગતની સ્થિતિ જ્યારે આઠ-આઠ દિવસે મહાન પરિવર્તન પામી રહી છે, ત્યારે પચાસ વરસો પર ઘડાયેલ કાયદાને ત્રાજવે ન્યાય તોળવા

બેસવું એ ન્યાયાધીશનું દુર્ભાગ્ય છે ને ન્યાયની ઠેકડી છે. સમાજમાં સહુથી મોટો અધર્મ તે મહેનતુ માણસોની કંગાલિયત છે. આ આરોપીઓએ પોતાની આવી બેહાલ દશામાં જો બાળકને જન્મ આપ્યો હોત, તો હું તેને ગંભીર અપરાધી ગણત. ગંગા જેવી હજારો સ્ત્રીઓ પાસે બાળકો જણાવવાં એ હેવાનિયત છે. પણ એક ઓરડાવાળા કાતરિયામાં રહેનાર રાજારામને અચોક્કસ મુદતને માટે બ્રહ્મચર્ય-પાલનનો બોધ આપવો, એ ખોટી બડાઈ છે. સમય આવી પહોંચ્યો છે કે જ્યારે વિજ્ઞાનની ફરજ દરેક પ્રજાજનને સ્વેચ્છાથી સંતતિ-નિયમન કરવાનાં સાધનો સોંપવાની છે. અનેક દીકરીઓને બાપથી, બહેનોને ભાઈથી, ગરીબ ચાકરડીઓને જુલમી માલિકોથી, પત્નીઓને દારૂડિયા કે રોગીઅલ ધણીઓથી ઓધાનો રહે છે; તેની સંતતિ જગત પર ઊતરવા દેવી, એ જગત પર અત્યાચાર છે. કાં તો પ્રજાની તમામ સંતતિની જવાબદારી 'સ્ટેટે' ઉપાડી લેવી, ને કાં પ્રજાને પોતાની તાકાત પ્રમાણે સંતતિનો ભાર કાબૂમાં રાખવાની છૂટ આપવી. આરોપીઓને મારે નછૂટકે સજા કરવી પડે છે; કેમકે ન્યાયાધીશ કાયદાઓને આધીન છે. બાઈ ગંગાને ફક્ત કોર્ટ ઊઠતાં સુધીની સાદી કેદ ફરમાવું છું."

પોલીસ-ખાતાને મેજિસ્ટ્રેટ સાહેબ દીવાના બની ગયેલા લાગ્યા. તુળજાશંકરે અને ધનેશ્વરે નક્કી માન્યું કે ન્યાયાધીશને મોટી રુશ્વત મળી ગઈ છે. ઉચ્ચ જ્ઞાતિના અગ્રેસરોએ પોતપોતાની ન્યાત-વાડીમાં વિરોધ-સભાઓ બોલાવીને રાજારામ, ગંગા તથા મેજિસ્ટ્રેટ ઉપર તિરસ્કારના ઠરાવો કર્યા.

પ્રમોદરાય વકીલને ઘેર શહેરના તમામ વકીલો તે રાતે એકઠા થયા. ઉઘાડા ઊઠવાની તેઓની ઇચ્છા નહોતી; પણ ઘર-મેળે મળેલી એ સભાએ જે ચર્ચા કરી તેનો મુદ્દો એક જ હતો કે "આનું નામ ચૂકાદો જ ન કહેવાય: એમાં 'જજ્મેન્ટ'ની ભાષા જ નથી."

અને તે દિવસે ત્રવાડીને ખાંચે સંકડાશનો પાર ન રહ્યો.

# છાલિયું છાશ

"અલ્યાં, તમે બે જણાં છો તોય ભાળતાં નથી?" એમ બોલતાં બોલતાં ઘણી જ ચાલાકીથી પોતાના પૂરપાટ દોડતા ઘોડાની લગામ ખેંચીને પ્રવીણચંદ્રે બગી થોભાવી લીધી.

"ભાળે તે ક્યાંથી, ભાઈ! હવે કાંઈ વાંક છે આંખ્યુંનો!" એમ કહીને ડોસો ને ડોશી પાછાં પોતાની ધૂળ ખંખેરતાં ભોંય પરથી ઊભાં થયાં. "તમને વાગ્યું તો નથી ને?" એમ કહેતો ડોસો ડોશીનાં શરીર ઉપર ઝાપટ દેવા લાગ્યો.

"ના-ના, રહી ગઈ. તમને કેમ છે?" ડોશીએ પણ ડોસાને પંપાળતાં-પંપાળતાં પૂછ્યું; ડોસાના ખભા ઉપર હાથ મૂક્યો. જેઓ આંખો વિનાનાં હોય તેને હૈયે હજાર નેત્રો ફૂટે છે.

"અરે વાહ!" જુવાન પ્રવીણચંદ્ર જોઈ રહ્યો: "માળાં બુઢ્ઢાં પ્રણય કરતાં લાગે છે! અલ્યાં, હવે તો કોરે ખસો."

બગીની પછવાડેની જગ્યા ઉપર ફરાસ બેઠો હતો, તે ક્યારનો ઊતરીને ઘોડાની લગામ ઝાલી ઊભો હતો. ઘોડો હજુ નવો જ રુખડિયાના કાઠી-દરબાર કનેથી પ્રવીણચંદ્રે વેચાતો લીધેલો. પોતાની બંકી ગરદન ધનુષ્યની માફક મરોડીને સફેદ ઘોડો કાનસૂરી રમાડતો હતો. એના બે કાન વચ્ચે પ્રવીણે વીજળીની ત્રિરંગી બત્તીઓનું ઝૂમખું ગોઠવેલું. ઘોડાના શરીર પરનો ચકચકિત સરંજામ એ તેજનાં બિંબો ઝીલતો હતો. ફરાસના હાથની ચમરી ઘોડાના પેટાળ પર ફરતી હતી.

આજે પહેલી વાર જ બગી કાઢતાં પ્રવીણને ભાન થયું કે, ગામના રસ્તા અતિ સાંકડા છે, અને રાહદારીઓને ડાબી બાજુએ ચલાવવા તેમ

જ નિયમમાં રાખવા કોઈ પોલીસનો બંદોબસ્ત નથી. વીસ વર્ષની ઉમ્મર પ્રવીણે એ જ રસ્તાની માટીમાં પાળા ચાલીને કાઢી હતી; છતાં આ સરત એને નહોતી રહી.

"ડોસા, હવેથી ડાબી બાજુએ ચાલવાનું રાખવું, હો કે!" પ્રવીણે ખૂબ લહેકો કરીને કહ્યું.

"ભાઈ, એ તો રતાંધળાં છે." ટોળે વળેલ લોકોમાંથી કોઈએ ફોડ પાડ્યો.

"રતાંધળાં? બન્ને જણાં?"

"હા, બેય જણાં. સાંજ પડી, ને અંધારું થાય, એટલે હાઉં: ચકલ્યાં જેવું, ધબાય નમઃ!"

"શું કરે છે?"

"ખેતરમાં મજૂરી કરે છે."

"પણ રાતે બેઉ જણા શી રીતે રહે છે?"

"અઠે-ગઠે રોડવે. પણ, ભાઈ, એમાં આ એકની દયા ખાવા જેવું નથી. એવાં તો આ ગામડાંઓમાં સેંકડો નીકળશે."

"સેંકડો? કેમ, કંઈ રોગ છે અહીં?"

"રોગ શેનો? ઈ તો ચાળીસ કે બહુ બહુ તો પચાસ વરસ વળોટ્યાં, એટલે ખેડુ ને વસવાયાં માતરને રાતનો અંધાપો: કુદરતી જ એવું. લોક ઘણુંખરું રતાંધળું જ."

વધુ વાતચીતની વેળા નહોતી. પ્રવીણની બગી પાણીના રેલાની માફક અવાજ કર્યા વગર સરી ગઈ. આંહીં ડોસો ને ડોશી પાછાં ડગુમગુ ઘર ભણી ચાલી નીકળ્યાં. રસ્તે ડોસીએ ડોસાને ફોડ પાડ્યો: "આને ઓળખ્યો? ઊજમ વહુનો દીકરો પરવીણ: દેશાવરથી અઢળખ માયા રળીને આવ્યો છે."

"ઊજમ વહુ? કઈ?"

"લે'રચંદની ઘરવાળી: રાંડીરાંડ. મોરુકા કાળમાં બહુ કઠણાઈ હતી. જુઓને: આપણે ચોખામાં પાણીની છાશ કરતાં, તે બોઘરું ભરી જાતી."

ડોશીએ જરાક ડોસાના કાનની નજીક મોઢું કરીને ઉમેર્યું: "બચાડીને એવા વખા હતા ને, તે..."

*

બગીને રૂપનગર તરફની સડકે ચક્કર ખવરાવી પ્રવીણ રાતના અંધારામાં રસ્તો ધમધમાવતો પાછો ફરતો હતો. વાંક વાળવા માટે ગાડી ધીરી પડી, તે વખતે એક રબારીએ પાસે જઈ કહ્યું: "ભાઈ, બાપા, જરીક થોભાવશો? એક વાત કહેવી છે."

પ્રવીણે ઘોડાને રોક્યો. ગોવાળે પડખે ચઢીને કાનમાં કહ્યું: "ત્યાં ઝાંપે ઓલ્યા ભાભાને તમારી ગાડીનો ટોચો થયો, ભાળ્યું?"

"હા."

"એ જ ભાભાને ઘેર છપનિયા મોર્ય ત્રણ ભેંસ્યું મળતી; ચોખામી છાશ ફરતી. વાણિયા-બામણ પણ લેવા જાતાં. તમારી માની એ બહુ કઠણાઈની વેળા, ભાઈ! તમે તો તે દિ' ઘોડિયે. બા જાતાંને, એટલે આ જ ડોસાની ડોશી બાની દોણીને ઘરમાં લઈ જઈ, ઘાટી છાશ ભરી, માલીકોર અક્કેક દડબું માખણનું રોજ છાનુંમાનું મેલતી, ભાઈ!"

"છાનુંમાનું?"

"હા, છાનુંમાનું. છતરાયું દીધ્યે તમારી મા લ્યે એમ નો'તાં. કુળવાન ઘરની રંડવાળ્ય હતાં, ભાઈ! લાખેણું માણસ! આ ઈ છાશે ને ઈ માખણે તમારી આંખ્યું આજ રતન જેવી ઝગે છે, પરવીણભાઈ! તમારી વેળા વળી છે, પણ એ ભાભાની ખેડ ભાંગી ગઈ. રતાંધળો ન થાય? ઉઘાડે માથે ને અડવાણે પગે ખેતરમાં લા બળતી હોય ત્યારે મજૂરી કરે; ને ખાવામાં રોટલા ભેળી ઘૂંટડોય છાશ ન મળે. આંધળાં ન થાય? બાપા, બગી હળવા હાંકીએ. ધોખો કરશો મા: લે'રાબાઈના દીકરાને કે'વાનો હું હકદાર છું."

"પણ મને સમજાવો તો ખરા: રતાંધળાં થવાનાં શું આ કારણો છે? કોણ રતાંધળાં છે આ ગામમાં?"

"કાલ્ય સાંજે સીમાડે આવજો; વાત કરશું. ભૂંગળી પીશું, બે ઘડી હૈયાં ખોલશું. છાતીમાં ઘણું ભરાણું છે, ભાઈ!"

પ્રવીણ ઘેર ગયો; પણ એની રાત કંઈક વ્યાકુળતાભરી વીતી. રંગૂન શહેરના પાંચ જ વરસના વેપારમાંથી એની સ્થિતિ બંધાઈ હતી. નાનપણમાં એણે એવી ગરીબી વેઠેલી કે મોટાભાઈના વિવાહમાં વરઘોડિયાંને પહેલે દિવસે કંસાર જમાડવા માટેનો ગોળ પણ પાડોશીને ઘેરથી માગી લાવવો પડેલો. નવી લક્ષ્મી તો એક જાદુની માફક ઘરમાં આવેલી પડેલી. આવેલી માયા પાછી ક્યાંય રખેને તણાઈ જાય એ બીકે પ્રવીણ વેપાર સંકેલીને પોતાના ગામમાં બેસી ગયેલો. આશા હતી કે, પડ્યાં પડ્યાં મોજ માણશું. મોજ એટલે તો બીજું શું? એક બંગલો, એક બગી, ઘરમાં કાચનાં બારણાંવાળા કબાટ, કબાટમાં રમકડાં, વહુને માટે હેમ-હીરાના પાંચ વધુ દાગીના, અવારનવાર મુંબઈના હલવા, મેવા કે હાફુસ કેરી અને એક 'ફેમિલી-ડૉક્ટર'ની સગવડ.

પણ પહેલે કોળિયે જ માખી આવી. પ્રવીણને ફરીવાર બગીમાં ફરવા નીકળવાનો વિચાર થઈ શક્યો નહિ. એને પેલાં રતાંધળાં ડોસા-ડોસી યાદ આવ્યાં; અને, 'બાપુ! લોક ઘણુંખરું તો રતાંધળું જ સમજવું!' એ વચન એને બરછી જેવું લાગ્યું. બીજે દિવસે સાંજ પડી, એટલે વહુએ જીવતરમાં પહેલી જ વાર લહાવો લેવો હોય તેવી જાતની તૈયારી બગીમાં ફરવા જવા માટે કરી. વડીલો, કુટુંબીઓ અને પોતાનાં ગામ-લોકોની લાજના કિલ્લામાંથી નીકળીને આજ પહેલી જ વાર એને પતિ સાથે સે'લગાહ કરવાની હતી.

"હું તો નહિ આવી શકું; તમારે જવું હોય તો જાવ." એમ જ્યારે પ્રવીણે કહ્યું ત્યારે વહુનું મોં પડી ગયું. છતાં એ તો બગી કઢાવીને એકલી-એકલી ગઈ.

પ્રવીણ એકલો પગપાળો સીમમાં નીકળી પડ્યો. એને પહેલો જ મેળાપ થોડે આઘે ભીમા રબારીની સાથે થયો. ભીમો ઊભોઊભો પોતાની ભેંસોને વાંભ કરતો હતો. એને ઉઘાડે શરીરે ત્રાંબા જેવો ચળકાટ હતો. એની વાંભનો અવાજ અરધા ગાઉની સીમ ઉપર દેવળની કોઈ મોટી ઝાલર જેવો પથરાતો હતો. આજ પહેલી વાર પ્રવીણનું ધ્યાન આ રબારીની વાંભ ઉપર ગયુંઃ શો કંઠ! ભલભલા ગવૈયા પણ પાણી ભરે તેવું બુલંદ, મીઠું

ગળું.

"ભીમાકાકા! આવું ગળું કેવી કરામતથી કરી શકાય?"

"ઠેકડી કરો છો ને, પરવીણભાઈ! અમારે તો પશુડાંની હારે વાતું કરવી રહી."

"ના, કાકા, હું સાચું પૂછું છું."

"કાંઈ ઇલમ નથી, ભાઈ! અમારો આહાર જ દૂધનો: અમે આચરકૂચર ખાવામાં સમજીએ નહિ. અને ફોગટ-ફોગટની વાતું ન કરીએ: બોલવાનો રસ હોય ત્યારે જ બોલીએ. શા સારુ ગળાની નરવાઈ ન હોય!"

"ભીમાકાકા, રબારીમાં રતાંધળાં કેવાંક?"

"રબારી રતાંધળો કોઈ દિ' હોય જ નહિ. અમાસની અધરાતે પણ અમારી નજર અધગાઉને માથે પોગે."

"અને આ બીજાં લોક?"

"લોક ઘણુંખરું રતાંધળું."

"એમ કેમ!"

"જાણે... જો, ભાઈ: એક તો અમે સાત વરસની ખોરી જાર ખાયેં ઈ કબૂલ, પણ બાજરાને બહુ ન અડીયેં. દૂધ-ઘી ઠીકઠીક હોય તો જ બાજરો ખાવો પરમાણ; નીકર બાજરાની ગરમી એવી દોયલી છે કે ભલભલાંને ઢાળી દિયે."

પ્રવીણચંદ્રે આ લોક-વિજ્ઞાન પહેલી જ વાર જાણ્યું.

"બીજું એમ છે, ભાઈ, કે જ્યારે અમારી ગાય-ભેંસ વિંયાય, ત્યારે ઘરે હોઈં તો ઘરે ને સીમમાં હોઈં તો સીમમાં અમે ખાખરાનાં પાંદના પરડિયામાં ખીરું દોહીને કાચું ને કાચું પી જાઈએ."

"તમે ખીરું પીઓ? કાચું ખીરું?"

"હા. તમે એની રાંધેલી બળીયે ન પચાવી શકો, અને અમે નર્યું ખીરું પીયેં. પણ ખીરું પીધા પછી બે દા'ડા સુધી પાણી કે અનાજ ન લઈએ. જો લીધું, તો ઝાડા હાલ્યા જાય. આ ઈ ખીરાનાં હાડ છે અમારાં. ખીરું અમને દીપડા સામાં બથોડાં લેવાની તાકાત આપે છે. ઈ તમારી દવાયુંથી

ન થાય. ખીરું તમને જરે જ નહિ.''

''કેમ?''

''ઈ લોઢા જેવું અજર છે. પે'લવેતરી ભેંસનું ખીરું અમે લાકડાની ભૂંગળીમાં દોઈને ભરી લઈએ, અને એ સુકાઈ ગયા પછી ભૂંગળું તોડીને કાઢીએ. પછી એમાંથી ચાકુએ કરી-કરીને કાપીએઃ માળાના પારા બનાવીએ. એવું વજ્જર તમને પચે? તમારા કોઠા કયાં! અમારા કોઠા કયાં!''

''ત્યારે તમારે રતાંધળાં નહિ – એમ?''

''ના, રતાંધળું લોક-વરણ. એને દિ' આખો ઉઘાડે પગે ખેતર ખૂંદવાનાંઃ આંખ્યું ને કપાળ ઉપર તાપ વરસે. ન મળે ઘેર દૂઝાણાંઃ છાંટો છાશેય તમારા શેઠિયાઓના પ્રતાપમાં પામે છે કંઈ લોક? નકર દૂધ-ઘીની શી સાડીબાર! છાશની તાંસળીયે પેટ ભરવા મળતી હોયને, ત્યાં સુધી આંખ્યુંનાં રતન ઝગારા કેમ ન કરે? પણ તમારી શેઠાણીઉં...'' ભીમાએ હાથ જોડ્યા.

''કાં, તોબા કેમ કરો છો અમારી શેઠાણીઓથી? હાથજોડ્ય કેમ કરો છો?''

''એ ભાઈ! આમ જુઓ તો દેરાં પૂજે, કીડી-મકોડી ન મારે, લાંઘણ્યું કરે; ને આમ જુઓ તો છાશને સાટે દળણાંપાણી કરાવીને વસવાયાંનો જીવ લઈ જાય. વાણિયો હાટડે બેસીને ચૂસે, ને વાણિયાણ્યું ઘરે વૈતરાં કરાવે એક દોંણી પાંખી, મોરનાં આંસુડાં જેવી છાશ સારુ. નીકર લોકના શરીર! જ્યાં સુધી રોટલો ગળે ઉતારવાની છાલિયું છાશ જડે, ત્યાં સુધી મહેનતુ અને કઠણ બાંધાનાં લોકોનાં શરીર કાંઈ કથળે કે' દિ'? અટાણે જુઓ તો હજાર રોગ આંખ્યુંના જ ફાટી નીકળ્યા છે લોકોને.''

''દવા –''

''હવે તમારી દવાયું ને તમારાં ધરમાઉ દવાખાનાં ને તમારી આંખ્યુંમાં સૂયા-ચાકુ ઘાલવાની વાતું રે'વા જ દઈએઃ એમાં માલ નથી. સાચી વાત તો ઘેર-ઘેર દૂઝણાંવાઝણાંની છે. પણ ઈ તો લાંબો રોગઃ એના

ઇલમી તો વળી કાળાન્તરે કો'ક જાગશે. અટાણે તો છાલિયું છાશની વાત આવીને ઊભી રહી છે."

ધણ ઘોળીને ભીમો રબારી ગામ ભણી આવ્યો. તેની સાથે પ્રવીણચંદ્રે પાછા વળીને આવીઆવી વાતો કઢાવી. બીજે દિવસે એણે બળબળતા બપોરે સીમમાં ભ્રમણ કર્યું. પૈસાનો મદ હજુ ચડેલો નહિ, એટલે સાચી હાલત એની આંખો જોઈ શકી. કોઈ ઉઘાડે માથે, કોઈ કે માથા ઉપર ફાળિયાના લીરા લપેટેલ, કોઈએ વળી આકડાના પાકલ પાંદ અથવા આવળની ડાળખીઓ માથા પર બાંધેલ – એવાં સેંકડોને એણે ખોદતાં, સૂડતાં, વાઢતાં, છાણાં વીણતાં, પાણી વાળતાં, હળ હાંકતાં દીઠાં. પોતાનો પ્રકાશ હજુ જાણે ઓછો પડતો હોય તેવી દાઝથી સૂર્ય પોતાનાં કિરણોની નળીઓ મૂકી-મૂકીને આ પ્રત્યેક કંગાળ આંખની રોશની શોષી રહ્યો હતો.

બપોરે મૂલીમજૂરો ખાવા બેઠાં. ખોઈમાં અક્કેક લૂખો રોટલો બાંધેલો તે પેટમાં ઉતારીને સહુ પાસેની વાવમાંથી મીઠું કે ભાંભળું – જેવું હોય તેવું – પીતાં હતાં.

'આ લોકોને યુરોપની હેટો ઓઢાડી હોય! ચીનાઓ સાદડીની મોટી છત્રીઓ જેવી ટોપીઓ ઓઢે છે, તે આંહીં દાખલ કરી હોય! મિસરીઓની પાઘડીઓ પછવાડે બોચી ઉપર લટકતા પડદાનો છાયો હોય છે, તેવું કંઈક...'

તરત જ એને ભીમા રબારીનો એક ઉદ્ગાર યાદ આવ્યો: "ઈ રોગ બહુ ઊંડો છે, ભાઈ; બહુ લાંબો છે. એનો ભેદુ તો કોઈ કાળાન્તરે જાગશે, અટાણે તો છાલિયું છાશ..."

હા, છાલિયું છાશ: આભ ફાટ્યું ત્યાં થીગડું દેવા જેવું, થીગડું તો થીગડું. પ્રવીણ આથી વધુ ઊંડું સમજે તેમ નહોતો: એનું ગજું કેટલુંક? એને એક જ વાતની રામતાળી લાગી ગઈ! છાલિયું છાશ.

એણે ત્રણ ભેંસો ખરીદી. ઘેર સાથી રાખ્યા. દૂધ પોતે જમાવે. સવારે ચાર વાગ્યે જાગીને છાશનું વલોણું પોતે ઘુમાવે. સવારે સહુ લેવા આવનારાંને બોઘરાં ભરી ભરી પોતે આપે. એના જીવનમાં રસ રહ્યો ફક્ત

– છાલિયું છાશનો.

છાશની પરબ બંધાઈ ગઈ. મજૂરમૂલીના લૂખા રોટલા ભીના થયા. પણ સાથોસાથ પ્રવીણની સ્ત્રીનાં નેત્રો પણ અણસૂક અશ્રુ-ધારા વહાવતાં થયાં: માંડ-માંડ ઈશ્વરે દિ' વાળ્યો, દળણા-વાસીદામાંથી માંડ છૂટ્યાં, મોજ કરવાની માંડ વેળા મળી ત્યાં ધણીને આ શો ધંધો સૂઝ્યો! બહુ થતું હોય તો પાંચ નોકરો રાખીને છાશ ક્યાં નથી કરાવી શકાતી?

ના, ના; પ્રવીણના અંતરનો ઘા ઊંડો હતો. એણે બધું નોકરને હાથે ન છોડી દીધું. એ તો ભેંસોના છાણ-વાસીદામાં પણ પોતે જ રગદોળાઈ ગયો. રાતે એનો ખાટલો કોઢ્યમાં પડતો. ત્યાં સૂતોસૂતો પ્રવીણ નિયમિત ભેંસોને નીરણ કરતો, પાવડી વતી છાણ વાળતો, ભેંસોની ઘાસ-પથારી કરતો, પ્રભાતે પાણી પાતો.

પ્રવીણ ઢોર ભેળો ઢોર બન્યો. પહેરવા ઓઢવાના એના શોખ ગયા. ગામતરાંની સે'લગાહ ગઈ. મિત્ર-મહેમાનો આવે તો પણ આ નિત્ય-કર્મ છૂટે નહિ. ગામને પ્રવીણે છાશથી તરબોળ બનાવ્યું. માખણ ઊતર્યા વિનાની જ છાશ વહેંચાતી.

ને એની કોડભરી વહુ રડતી જ રહી.

*

પંદરેક વર્ષોથી ચાલેલો છાશનો અમી-પ્રવાહ હજુ અટક્યો નથી. અખંડ ધારાવહી રહી છે.

ભેંસો પછી ભેંસો એ વધારતો ગયો. વેતર પણ વધ્યાં. લગભગ એક નાનું-શું ખાડું બની ગયું. એને ચારવા પણ પ્રવીણ પોતે જ જવા લાગ્યો. ગૌર-વરણો એનો દેહ ધીમે-ધીમે ત્રાંબાનો રંગ પકડતો ગયો. પણ એને સુખ હતું: આરસીમાં જોવાનો મોહ ટળ્યો હતો. છાશની ગોળીમાં એ પોતાનું ભૈરવરૂપ પ્રતિબિંબ ક્યારેક ક્યારેક નિહાળી લેતો.

પણ લોકો છાની-છાની વાતો કરતાં હજુ: "બહુ મોટો ત્યાગી! માયા તો હજુ એવી ને એવી બૅન્કમાં પડી છે: ઈ કાં નથી વેં'ચી દેતો આ લોકુંને!"

'હા, સાચું.' પ્રવીણને છૂપું-છૂપું ખટકતું. પણ મોહ મુકાતો નહોતો.

એક દિવસ કુદરતે જ એનો અવાજ સાંભળ્યો: રાજપલટાનો એક એવો કડાકો બોલ્યો કે પ્રવીણના હાથમાં કાગળના કટકા જ રહ્યા; માયા હતી તે ગેબમાં ચાલી ગઈ.

પ્રવીણે રાજી થઈને એ કાગળિયાના લાલ-લીલા રૂપાળા કટકા બંગલાનાં બારણાં ઉપર ચોંટાડીને શોભા કરી. પેટમાં ઉકળાટ થયો, તે છાલિયું છાશ પીને શાંત પાડ્યો.

પણ પ્રવીણે તમામ માયા કાગળિયામાં નહોતી રોકી: સોનાની લગડીઓએ રાજ-પલટાના વાયરા ન ઉપાડી જઈ શક્યા. એક દિવસ સાંજ પછી અધારું ઊતર્યા પછી લગડીનું એક પરબીડિયું વાળી, બગલમાં દબાવી પ્રવીણ બહાર નીકળ્યો. તે દિવસવાળાં જ ડોસો-ડોસી ડગુમગુ ઘેરે જતાં હતાં, તેની પાછળ-પાછળ લપાઈને પોતે પણ ચાલ્યો. રસ્તે એકબીજાને ખંભે હાથ રાખીને બુદ્ઢાં ધીરે સ્વરે વાતો કરતાં હતાં:

"આજ તો રોટલો ભાવે એવું રહ્યું નથી. કૂરજીની ગા તરફડી-તરફડીને મૂઈ, એ નજરે દીઠા પછી ધાન ગળા હેઠ નહિ ઊતરે."

"કાલ આપણે સીમાડે સંધી ગાયનું ધણ હાંકી નીકળેલો. પચાસેય ગાયું શીતળામાં ગેગી ગઈ. રૂંવે-રૂંવે માતાના દાણા પરોવાઈ ગયા'તા. કાળી લૂ વાતી'તી. ન મળે ઝાડવાની છાંયડી, પાણીની બહોળપ. આંહીં પાદરમાં કોઈએ ઊભાં રે'વા દીધાં નહિ. સાંજ પડ્યે પચાસ દૂઝણી ગાયું સીમાડે ઢળી પડી. મોરલા જેવી વાછડિયું ભાંભરડા દિયે છે."

"અને સંધીનું ફટકી ગયું – કે' છે."

"હા. સંધીની ડાગળી તો સાવ ખસી ગઈ છે. બીજું કાંઈ નથી કરતો; પણ તાંબડી અને નોંઝણું લઈને ઊભો રે' છે: જાણે ગાયોને દો'વી હોય ને, એમ વાંભ ઉપર વાંભ કરી કરી, નામ દઈ દઈ બોલાવે છે: ને પછી બેસી, ગોઠણ વચ્ચે તાંબડી દબાવીને કેમ જાણે દો'તો હોય, એમ હાથના ચાળા કરતો કરતો ગાય છે. સામે જ ગાયુંને તો સમળાઓ ને ગીધડાં ઠોલી રહેલ છે."

"અરેરે ઠાકર! શો કોપ છે!"

"કોપ તો કાંઈ ન કે'વાય. શીતળાના રોગ કાંઈ ન મટે એવું થોડું છે? પણ જ્યાં માણસુની દવાએ કોઈ પોગતું નથી, ત્યાં પશુનાં દવાદારૂ કરવાની કોને પડી છે?"

"હા, રાજ તો જીવતાં-મૂવાં તમામ ઢોરની પાન-ચરાઈ મેલાવે છે. વાછરુ પેટમાં હોય એનીયે ચરાઈ છોડતાં નથી. નથી મૂવાંનાં ચામડાંની ભામ લેવાનું ભૂલતાં. પણ દવાદારૂ થોડાં કરે છે!"

"મા'જનનેય એવું સૂઝતું નથી."

"મા'જનની તો પોતાની પાંજરાપોળું જ મડદાંથી ઊભરાય છે ને રોજરોજ!"

"અહોહો ઠાકર! દયાવંતો ને દાનેશ્વરીઓ દેરાં-દેવલાંમાંથી નવરાં થાતાં નથી. નત્ય-નત્ય કાંઈ ઓછાં કેસર-ચંદણ ઘસાય છે! કાંઈ થોડી રસોયું રંધાય છે! કે' છે કે મુંબઈમાં મૂરખ્યાં હવેલીએ હવેલીએ ગાયુંને જલેબી-લાડવા ખવરાવે છે!"

"હેં-હેં-હેં-હેં..." ડોસો દુઃખની દાઝમાં હસી પડ્યો.

ત્યાં તો ખોરડું આવી ગયું. ખડકીથી માંડીને માયલી કોરના ઓરડા સુધી હાથ ફેરવી-ફેરવીને બેઉ જણાં અંદર પહોંચ્યાં. અંધારે-અંધારે પાણી પીધું, બેઠાં.

ડોસો બોલ્યો: "ઠાકરે આંખ્યું લઈ લીધી... અરજણ ને જાદવ જેવા દીકરાય ખેંચી લીધા... પણ આ હાથને એવા સજીવન રાખ્યા છે, કે જાણે ચાર દીકરા: બે મારા, ને બે તમારા!"

"અરેરે!" ડોશીએ કહ્યું: "સંજ્યા ટાણે અરજણ ને જાદવ ક્યાંથી સાંભર્યા વળી તમને? રાત આખી નીંદર નહિ આવે. નજર સામે તરવર્યા કરશે."

"ના, એમ નહિ; પણ આ તો બેમાંથી એક બેઠો હોત ને, તો એને આપણે પરવીણચંદરભાઈની પાસે મોકલત."

"શા સાટુ? આપણે શી ભીખ માગવી છે વળી?"

"ના, ના; તમે મૂંઝાવ મા. આપણે એની એક રાતી પાઈયે ન ખપે.

તમે જુઓ છો ને ગામ આખું છાશ લઈ આવે છે: આપણો પગ હજુ ઊપડ્યો છે ત્યાં જાતાં?"

"ત્યારે?"

"બીજું કાંઈ નહિ... પણ આ છાશની હડેડાટની હારોહાર એકાદ ઢોરનું દવાખાનું અને દાગતર રાખવાનું કે'વરાવત. આપણને કાંઈ કે'તાં થોડું આવડે છે? ઈ મોટા માણસની પાસે તો આપણો અરજણ હોત તો કડકડાટ વાતું કરી આવત. દીકરા વિનાનું તો એવું છે: હેં-હેં-હેં-હેં...! ડોસો પોતાના કંઠમાં ભરાયેલા ડૂમાને એ રીતે હસીને હડસેલવા મથી રહ્યો.

પ્રવીણચંદ્ર ત્યાં ઊભોઊભો આ બધું સાંભળતો હતો. એ સાદી વાતોની અસરથી એના ગળામાં પણ જે ખરેડી પડી હતી, તેને ખંખેરવા માટે એનાથી ખોંખારો થઈ ગયો.

"કોણ ઈ?" ડોસાએ અવાજ કર્યો.

"બાપા!" કહેતો પ્રવીણ પાસે ગયો, "મને ન ઓળખ્યો? તે દિ' ઘોડાગાડીની ઠોકર લગાડી તને બેઉને પછાડેલાં તે."

"કોણ – પરવીણચંદરભાઈ!"

"હા, જેની છાલિયું છાશ હજી તમે નથી સ્વીકારી તે અભાગી હું."

"તમે અટાણે આંહીં ક્યાંથી, ભાઈ? આંહીં આવો; બેસો."

"પાસે આવીને બેસું તો મને ફરીવાર છાનું માખણનું દડબું આપશો, માડી?"

"માખણનું દડબું!" ડોશી કંઈ સમજ્યાં નહિ.

"હા, એ માખણના દડબા જેવો જ સુંવાળો હાથ ફેરવશો મારા મોં ઉપર?"

"આવ, બાપ; ઊજમ વહુનો દીકરો ઈ તો મારો જ દીકરો: મારો અરજણ અને જાદવ!" ડોશીએ પ્રવીણને ગાલે, કપાળે ને ગળે હાથ ફેરવી પંપાળ્યો.

"ઈથીય વધુ;" ડોસો બોલ્યો: "કેમકે તુંને-મુંને તો દીકરા પાળત, પણ આખા ગામને પાળવા કાંઈ અરજણ-જાદવ થોડા જાત!"

"બાપા!" પ્રવીણે કહ્યું: "મને અરજણભાઈ હમણાં જ આખી વાત કહી ગયો."

"કોણ? અરજણ! શેની વાત?"

"ઢોરના દવાખાનાની. આમ જુઓ: આ શું છે?"

પ્રવીણે પરબીડિયામાં બુઢ્ઢાનો હાથ મૂક્યો.

"આ શું? હેમ!"

"આ મારી છેલ્લી મૂડી. એમાંથી દવાખાનું ઊભું કરીશ. અને તમે બેય જણાં હવે ખાશો? હું જાઉં છું એ ગાંડા થઈ ગયેલ સંધીને ગોતવા."

ડોસો-ડોસી એકબીજાંના હાથ ઝાલીને કેટલી વાર સુધી મૂંગાં બેઠાં રહ્યાં!

# અણકથી વેદના

"મારી ઓરત બીમાર છે."

"ઓરતની બીમારીમાં તમે જઈને શું કરવાના હતા? આપણે તો ઓઝલ-પર્દાવાળા છીએ: સમજો છો ને?"

"ખુદાવંદ!" એ જુવાન 'લાન્સર'ની સજળ બે આંખો અમલદારની સામે તાકી રહી. વધુ તો નહિ એક અઠવાડિયાની જ રજા એ બે આંખો યાચી રહી હતી.

"જાઓ: ત્રણ દિવસની રજા આપું છું."

"ત્રણ દિવસ! ગરીબપરવર, સ્ટેશનથી મારું ગામ પચીસ કોસ છેટું છે."

"ત્રણ દિવસ. જિદ ન કરો. રસાલાના મામલા છે."

"પણ આપ નામદાર વિચાર ક–"

"ચૂપ! ત્રણ દિવસ: ટંચન!"

'ટંચન' શબ્દ – અને કલ્યાણસંગનું શરીર ટટ્ટાર બન્યું; એનો જમણો હાથ સલામ કરતો લમણા પર અટક્યો.

"રાઈટ – એબાઉટ-ટર્ન!" અને કલ્યાણસંગનાં ચકચકતાં, કાળાં બૂટ ગોળ કૂંડાળું ફરી ગયાં.

"ક્વિક માર્ચ!" એ ફરમાન પડતાં જ જુવાને કદમ ઉપાડ્યા.

"ડિ...સ-મિસ!" એ છેલ્લો આદેશ અને યુવાન કૂચકદમ કરતો 'ઓર્ડરલી'-રૂમમાંથી બહાર નીકળી ગયો.

"તેજાજી: બકલ નંબર 45." એ નામની બૂમ પડતાં બીજો જુવાન ઓર્ડરલી-રૂમમાં દાખલ થયો. બહાર ઊભેલા લશ્કરી સિપાહીઓ અને

અમલદારો કલ્યાણસંગના ઊતરી ગયેલા ચહેરા તરફ જોતા રહ્યા. પણ કોઈ કશું પૂછે તે પહેલાં તો સૂરજને તડકે ઝગઝગાટ કરતાં બટન, બકલ, બિલ્લા, ખંભા પરની સાંકળી અને તોતિંગ બૂટવાળો એ જુવાન પોતાની ઓરડી પર ચાલ્યો ગયો. 'ડ્રેસ' ઉતારીને 'બાંડિસ' છોડતોછોડતો પણ જાણે એ ચાર જ અવાજો હજુ સાંભળે છે: ટંચન: રાઈટ – એબાઉટ-ટર્ન: ક્વિક માર્ચ: ડિ-સ...મિ-સ!

પણ કલ્યાણસંગ સાત વર્ષોથી રસાલામાં રહ્યો છે. એને આ ચાર શબ્દોની નવાઈ નથી. એવા તો કૈંકૈં શબ્દોએ એના દેહ-પ્રાણને યંત્ર સમાન બનાવી મૂકેલ છે. 'પોલો' રમવામાં એ પોતાના ઘોડા ઉપરથી આવા જ હુકમને પરિણામે સાત વાર પટકાયો છે. બહારવટિયાની પાછળ 'ચાર્જ' કરવામાં એણે ડુંગરો અને કોતરો ગણકાર્યા નથી. એવી ભયાનક જિંદગીએ તો ઊલટાની આ જુવાનની નસેનસે લાલ મર્દાનગી રેડી છે.

પણ આજે એની નસો ખેંચાય છે; કેમકે પોતાના વતન વાળાકમાંથી એને ઊડતા સમાચાર મળ્યા છે કે એની પરણેતર સુજાનબાને કસુવાવડ થઈ છે. લશ્કરી પોશાક ઉતારતાં ઉતારતાં એના હાથની આંગળીઓ અડકી તો રહી છે ફક્ત નિષ્પ્રાણ બટનોને કે સાંકળીને; પણ એને અનુભવ થાય છે કોઈ સજીવ, સુકોમળ, રોમાંચક સ્પર્શનો – કારણ કે આ પિત્તળનાં બટન-બિલ્લાને અને બૂટને આઠ માસ સુધી સુજાનબાના હાથ સાફ કરી ગયેલા છે. બાર જ મહિના પર પરણેલા એ જુવાનની રજપૂતાણી આ ઓરડાની ખપાટ-જાળી આડાં જે કંતાન બાંધેલાં છે તેની આડશે બેઠીબેઠી નોકરી પરથી આવતા ધણીની વાટ જોતી; અને વેળા ન ખૂટે ત્યારે એ લશ્કરી સિપાહીનો જે કંઈ લોઢાપિત્તળનો સરકારી સામાન પડ્યો હોય તે પાલીસની માટી વતી ઘસ્યા જ કરતી: ઘસીઘસીને અંદર પોતાનું મોં જોતી. એના મનનો સંતોષ એક જ હતો કે 'ઇન્સ્પેક્શન'ને દિવસે કલ્યાણસંગની સાફસૂફી સહુથી વધારે ઝળહળી ઊઠે. ગોળીબારની પરીક્ષામાં પણ દર માસે કલ્યાણસંગે છયે છ કાર્તૂસો 'ગુલજરી'માં જ આંટતો, તેનું કારણ સુજાન હતી: રાઇફલની નળીને સુજાનબા કાચની શીશી સમી ચોખ્ખી ને ચકચકતી બનાવતી. બીજું કશું

કામ ન હોય ત્યારે કોપરેલના પોતાવાળો ગજ રાઇફલની નળીમાં સુજાન ઘસતી જ બેઠી હોય. ઘરેણાં કરતાં બંદૂક એને વધુ વહાલી હતી...

એટલે જ અત્યારે કલ્યાણસંગને એની ઓરત પલેપલે યાદ આવી. એણે સાદી સુરવાલ ઉપર બાંડિસ કસકસાવીને, અને પોતાના ઘોડાની સારવાર પાડોશીભાઈને ભળાવીને બપોરની ગાડીમાં મુસાફરી આદરી. રાતે દશ વાગ્યે એક નાનકડા જંક્શન પર રેલ્વે અટકી ગઈ. નાની 'બ્રાંચ' ગાડી તો સવારે ચાલવાની હતી. એની વાટ જોતાં તો કલ્યાણસંગ વળતે દિવસે બપોરે ઘર ભેગો થાય. એણે રાતોરાત પગપાળી મજલ આદરી. હજુ તાજેતરમાં જ બહારવટિયાનો પીછો લેવામાં એને ડુંગરાઓની અંદર ઘોડાની પીઠ પર પાંચ રાતો કાઢવી પડી હતી. લોથપોથ બનેલું શરીર નીંદર માગતું હતું. ચાલતાં ઝોલાં આવતાં હતાં. અક્કેક ઝોલાંની અંદર નાનાં-નાનાં બે-ત્રણ સ્વપ્નાં પણ ઘેરી વળતાં. છતાં કલ્યાણસંગથી બે કલાકનોય વિશ્રામ લેવાય તેવું નહોતું.

એ સમજે છે કે બાપુના તરફથી તો સુજાન મરી જશે તેના સમાચાર પણ ઓરતની રાખ સ્મશાનમાંથી પવન ઉપાડી ગયો હશે તે પછી મળવાના. કદાચ એકનું મૃત્યુ અને બીજી નવી ગરાસણીની પ્રાપ્તિ – એ બન્નેના સમાચાર ભેળા પણ થઈ જશે. અંતરથી કલ્યાણ આ દશા સમજતો હતો; એટલે જ આજની રાત એને પંથમાં વિસામો ન હોય. કસુવાવડ શું અને સુવાવડ શું તેની આ જુવાનને ચોખ્ખી સાન સુધ્ધાં નહોતી. નાનપણમાં ગામની સીમો ખૂંદી આંબાની શાખો ચોરતો; બાર-પંદર વર્ષે નિશાળમાં માસ્તરને સ્લેટ મારી, પાદરમાં ચરતાં કોઈકનાં ટારડાં ઘોડાંને દળી કે લગામ વગર પૂરપાટ દોડાવતો; ને જુવાનીમાં ખભે દસ શેરની બંદૂક નાખી 'ડ્રીલ' કરી: એટલે સંસારના ઘાટ શા, તેનું ભાન આ રજપૂત જુવાનને નહોતું. પણ એ તો વગર-સમજ્યે જ સુજાનને મળવા ધસ્યો જાય છે: જાણે કોઈ પોતાનું જીવન-ધન ચોરી જનાર ચોરની પાછળ હડી ન કાઢતો હોય એવું કારમું એનું ધસવું છે. ને ખરેખર એ રાત્રિએ કાળની અને કલ્યાણની વચ્ચે એક અગોચર સરત જ દોડાઈ રહી હતી. પણ યમરાજની રાંગમાં પ્રલય-

વેગી, મસ્ત પાડો હતો; અને કલ્યાણને બે તૂટી પડતા, કટકા થઈ જવા ચાહતા, લથડતા પગ હતા. પચીસ કોસનું અંતર એને અંધારી, ડુંગરિયાળ ભોમ વચ્ચેથી કાપવાનું હતું. રસ્તે આવતાં ગામડાંની ખળાવાડો પાસે એને ફરજિયાત ધીમા પગ ભરવા પડતા; નહિ તો ચોર ગણાઈને ગોળી ખાવાની દહેશત હતી.

સવારે પહેલા પહોરનો તડકો ચડ્યે કલ્યાણસંગ જ્યારે બાપુની ડેલીએ પહોંચ્યો, ત્યારે ઘણા મહેમાનોની ઠઠ જામી હતી. કલ્યાણસંગને ઓચિંતાનો આભમાંથી પડે તેમ આવ્યો દેખી કોઈના મોં પર ઠેકડી તો કોઈના ચહેરામાં તિરસ્કારની રેખાઓ તરવરી ઊઠી. વધારે ઘૃણા અને અચંબો તો સહુને ત્યારે ઊપજ્યાં જ્યારે કલ્યાણસંગે ભોળે ભાવે કહી નાખ્યું કે, "હું તો ત્રણ જ દિવસની રજા લઈ પગપાળો રાતોરાત આવી પહોંચ્યો છું."

"હોય, ભાઈ; અરસપરસના નેહ-સનેહ એવા છે."

"જાણે પ્રવીણ-સાગરનો અવતાર!"

"રાજપૂત-બચ્ચાની આ રીત છે?"

"કલ્યાણભા! ભારી વસમો પંથ ખેંચ્યો તમે તો!"

કલ્યાણ એક ખૂણામાં ચોર જેવો બનીને બેસી ગયો. એણે જોયું કે કસુંબા તો ઘૂંટાતા જ જાય છે, ગરણીમાંથી કસુંબલ ગાળમો ટપકી રહેલ છે, કટોરીઓ ભરાઈભરાઈને દાયરામાં ફરે છે, અને થોડાથોડા સમયને અંતરે અંદરને ઓરડેથી વડારણ આવીને ઊભી રહે છે; સમાચાર આપે છે કે, "જીજી! સુજાનબાને તો પાછો તાવ ચડ્યો છે."

થોડી વાર પછી: "જીજી! ડિલ ટાઢું પડે છે."

વળી થોડી વારે: "ઊંઘે છે પણ ઊંઘમાં લવે છે."

આમ ગોલીની જીભના ખબર પરથી અનુમાન દોરીને એક ઘોડેસ્વાર ઊપડે છે, અને ચાર ગાઉ ઉપર આવેલા ટપ્પાના ગામે રહેતા દાક્તર કનેથી દવાઓ લાવવામાં આવે છે. કલ્યાણસંગ જેને માટે આમ ઝૂરતો-તલસતો દોડ્યો આવ્યો છે, તેનું કલેવર ત્યાં પડ્યું છે ઓરડે. ઓરડાની અને ડેલીની

વચ્ચે ફક્ત એક જ સંબંધ-તાંતણો છે: વડારણ. વડારણના પ્રત્યેક આગમન વખતે ધર્મગઢ રાજ્યનો જુવાન લાન્સર કલ્યાણસંગ કાન માંડે છે. સ્ત્રીની માંદગીના સમાચારનો પ્રત્યેક બોલ એના ચહેરા પર અક્કેક છમકો ચોડતો ભાસે છે. પણ એનાથી ખબર પુછાય નહિ: એનાથી ઊર્મિ બતાવાય નહિ. આસપાસનાં ગામોમાંથી સગાંવહાલાંઓનાં કે ઓળખીતાઓનાં બૈરાંનાં માફાળાં ગાડાં અંદર જાય છે... અને બહાર નીકળે છે: એનાં પૈડાં પરની કાંકરી બનીને છૂંદાતો-છૂંદાતો પણ હું અંદર ઓરડે પહોંચવા તૈયાર છું એમ કલ્યાણસંગનું કલેજું બોલી રહ્યું છે; પરંતુ કોની મજાલ છે એ ઓરડે પહોંચવાની! ક્ષત્રિયોનો મલાજો એમ કેમ તૂટશે!

"કલ્યાણ!" અધરાત ભાંગ્યા પછી દાયરો વીખરાયે રતાંધળા બાપુએ દીકરાને બોલાવ્યો.

"બાપુ!"

"તને કાગળ બે દિ' પહેલાં જ લખ્યો."

"મને નથી પહોંચ્યો."

"મંદવાડ કાબૂમાં આવ્યો જ નહિ."

"દાક્તરને નહોતા બોલાવ્યા?"

"દાક્તરને બોલાવ્યે મોટી હો-હો થઈ જાય, અને મહેમાનસેમાનનો પાર ન રહે. એ બીકે અમે બહુ દિ' કાઢ્યા. હવે તો સારાંસારાં ખેતરડાં હાથમાંથી છૂટી ગયાં ખરાં ને, એટલે મહેમાનોનો હડચો ઝિલાતો નથી, ભાઈ! પણ પછી દાક્તરને તેડાવ્યા. એણે વાતચીત સાંભળીને દવાયું તો ઘણી દીધી."

"નાડ્યબાડ્ય ન દેખાડી?"

"ઓઝલ-પડદાનું કામ: સુજાણે હઠ પકડી કે આડો ચક નાખીનેય દાક્તરના હાથમાં કાંડું ન દઉં. તારાં માએ થરમામીટર મેલીને મોકલેલું ડેલીએ."

"હવે?"

"હવે તો જો'છ ને? દાખડો કરવામાં કાંઈ મણા નથી. મોરલીધર

કરે તે ખરી..."

"મારે તો અટાણે પાછું નીકળવું પડશે."

"ઠીક: ખબર દઈ મોકલીશ."

કલ્યાણસંગ! તારે એક વાર ઓરડે જવાની ઝંખના હતી. તારાં બૂટ, બટન અને બિલ્લા ચકચકિત કરનારીનો ચહેરો છેલ્લી વાર જોવો હતો. ગઢની અંદર પેસનારાં કૂતરાં ને બિલાડાં તારાથી વધારે ભાગ્યવંતાં હતાં. જેણે તારાં પિત્તળ-લોઢાં ઊજળાં કર્યાં હતાં, તેની પાસે જઈ તારે જોવું હતું કે, એનો પાણી પીવાનો કળશો કેવોક માંજેલો છે? તારે તપાસ કરવી હતી કે, એની પથારીમાં એનું કરિયાવરમાંથી આવેલું ગાદલું પથરાયું છે કે નહિ? ઓછાડ કેટલા દિવસથી ધોવાયા વગરનો છે?

એ કશું જ જોવાનો એને હક્ક નહોતો. ભાંગતી રાતે કલ્યાણસંગ પાછો બાંડિસ બાંધીને નીકળી પડ્યો. આખે રસ્તે એને તમ્મર આવતાં હતાં. બાપુનો બોલ એને કાને અથડાતો હતો કે 'જેવી મોરલીધરની મરજી!'

કલ્યાણસંગ લાન્સર બરાબર ત્રીજા દિવસની રાતે રસાલામાં હાજર થઈ અમલદારની સામે 'ટંચન' બની ઊભો રહ્યો. બટનબિલ્લા જરી ઝાંખાં પડ્યાં છે.

*

છએક મહિના વીત્યા હશે. એક દિવસને પ્રભાતે ઓર્ડરલીરૂમમાં ફરીવાર પાછો કલ્યાણસંગ ચકચકાટ મારતાં બટન-બિલ્લે ખડો છે; આઠ દિવસની રજા માગે છે.

"એટલા બધા દિવસ શું કરવા છે?"

"મારા વિવા થવાના છે."

"આઠ દિવસ નહિ મળે; રસાલાના મામલા છે. ચાર દિવસ આપું છું."

"પણ, ખુદાવંદ, મારા બીજી વારના –"

"વધુ વાત નહિ. ટંચન!" કલ્યાણસંગે ચકચકતાં બૂટવાળા પગ ટટ્ટાર કર્યા.

"રાઈટ – એબાઉટ-ટર્ન!" એ ફરી ગયો.

"ક્વિક માર્ચ!' એણે કદમ ઉપાડ્યાં.

"ડિ...સ-મિસ!" એ ઓર્ડરલી રૂમની બહાર નીકળી ગયો. કલ્યાણસંગ લાન્સર ફરીવાર પાછો ઓઝલ-પરદાવાળીને પરણવા ચાલ્યો ગયો.

જીવન કે મૃત્યુના અવાજ જ્યાંથી સંભળાતા નથી, જે પોતે જ મહાન મૃત્યુની એક સોડ સમાન છે એવા એ ઓઝલ-પરદામાં ફરીવાર એક નવી યૌવનાને જીવતી દફનાવી દઈ ત્રણ દિવસે કલ્યાણ પાછો ફર્યો. બરાબર સુજાનના શબને પાછળ મૂકીને જે રાત્રિએ પોતે નીકળ્યો હતો, તેની સ્મૃતિ એને ઘેરી વળી. એને પડખે પડખે જાણે કોઈક ચાલી રહેલ છે, એવો એને વારંવાર વહેમ જતો. પણ કોઈ ત્યાં હતું નહિ. પોતે નવા વિવાહનો રસોલ્લાસ પામી શક્યો નહોતો. પોતાની અને નવી રજપૂતાણીની વચ્ચે સદાય એક કોઈ ઓછાયો આવીને ઊભો રહેતો. પોતાના અને નવી પરણેતરના હસ્તમેળાપ થયા ત્યારે એક ત્રીજો હાથ – થરથરી ઉઠાય તેવો ટાઢોબોળ અને લાકડા જેવો કઠોર – એ બન્ને હાથોની હથેળી વચ્ચે જાણે કોઈ પેસાડી રહ્યું હતું. આજ પોતે ચાલ્યો જાય છે ત્યારે પણ કોઈ પર્દેનશીન ઓરત જાણે એક હાથમાં કલ્યાણનાં ચકચકિત બટન-બિલ્લા અને બીજા હાથમાં એક વણમાંજેલ પાણીનું પ્યાલું લઈને એની સામે ચાલી આવે છે, અને કહે છે કે, 'આ મારી મોત વેળા વપરાયેલ પ્યાલો, ને આ મને પાયેલું વાશી પાણી...'

કલ્યાણને શરીરે તે રાતે રેબઝેબ પરસેવો છૂટી ગયો. એને ખાતરી થઈ કે, પોતાની જોડેજોડે કોઈ એક પડછાયો અને એક અવાજ ચાલ્યો આવે છે. એનાથી વારંવાર ચીસ પડાઈ જાય છે કે 'પણ હું શું કરું! હું શું કરું!' આ ચીસનો અવાજ નથી નીકળતો: ચીસ અંદર જ સમાય છે. છતાં પોતે જાણે આખી દુનિયાને સંભળાવી રહ્યો હોય તેમ પોકારવા મથે છે.

સવાર પડ્યું. કલ્યાણ લોથપોથ થઈ ગયો. દારૂ એ કદી પીતો નહોતો પણ પહેલવહેલું જે ગામ આવ્યું તેના પીઠામાં જઈ એણે એક-બે પ્યાલીઓ

પીધી. એ આગળ ચાલ્યો. ક્યાં જાય છે તેનું એને ભાન પણ ન રહ્યું, પરવા પણ ન રહી. એ કોઈ પણ ઉપાયે પેલા અવાજનું અને પડછાયાનું ધ્યાન ચુકાવીને નાસવા માગતો હતો.

રસ્તે આજે મખમલિયા ડુંગરનો જબ્બર મેળો ચાલે છે. રાસડાની ઝૂક બોલે છે. કલ્યાણ રાસડા સાંભળવા ઊભો રહ્યો. થોડી વારે પોતે પણ વચ્ચોવચ્ચ જઈ કૂંડાળે ફરવા લાગ્યો. 'કોઈ ગાંડો! કોઈ પીધેલો! કોઈ છાકટો!' એવી ચીસો પડી, અને રાસડો વિંખાઈ ગયો. ત્યાંથી કલ્યાણ માર ખાતો નીકળ્યો. ફરીવાર એણે દાંત ભીંસીને દારૂ પીધો. પછી ચાલ્યો. ચકડોળ અને ફજેતફાળકા ફરતા હતા. એક બેઠકમાં ઓરતો બેઠીબેઠી ખાલી રહેલી જગ્યામાં બેસવા પુરુષોને બોલાવી રહી હતી.

પાંચ-દસ પુરુષોને ધકાવી, જગ્યા કરી કલ્યાણ એ ખાનામાં ચડી બેઠો. ને પછી એની બધી મરજાદ છૂટી ગઈ. એ ઘૃણિત અવસ્થા જાણે કોઈને પોતે અંતરિક્ષમાં દેખાડી રહેલ હોય તે રીતે બોલવા લાગ્યો: "કેમ? હજુય નથી સમજવું કે? હજુ નથી લાજ આવતી? સારાં ઓઝલ-પરદાવાળાંનું આ કામ છે કે?"

અને ચકડોળ ઊપડ્યો. બે સ્ત્રીઓના ગળામાં હાથ નાખીને કલ્યાણ રીડિયા કરવા લાગ્યો: "એ જાય ભાગ્યાં! ઓ જાય ભાગ્યાં! ઓ...હો...હો...હો...!"

અને એ આકાશ-પાતાળના ફંગોળા ખવરાવી રહેલ ચકડોળમાં કલ્યાણ ઊભો થઈ ગયો. "ઓ જાય! ઓ જાય ભાગ્યાં! ઓ જાય!" એવી ઉન્માદભરી કિકિયારી કરીને એણે પોતાના હાથ છોડી દીધા: છેક ઊંચે ચડેલા ખાનામાંથી એણે પડતું મૂક્યું... "ઓ જા...ય!" એવો એક ઉચ્ચાર – અને એનો દેહ પછડાઈને ભોંય પર છૂંદો થઈ ગયો.

# બૂરાઈના દ્વાર પરથી

**કો**ળી અને કોળણ ચીભડાં વેચવા બેઠાં હતાં. શાકપીઠની અંદર હાટડું ભાડે રાખવાની બે દા'ડા સારુ શી જરૂર, એટલે શેરીમાં રસ્તા ઉપર પછેડી પાથરીને ચીભડાં મૂક્યાં હતાં. પણ બેના ચાર દિવસ થઈ ગયા હતા. જુવાન જોડલું હતું. ચમનલાલ શેઠના 'બાથરૂમ'માં જઈને એક વાર જો તેલનું મર્દન લઈને માઇસોરી સુખડના સાબુથી અંઘોળ કરે, અને ટુવાલે શરીર લૂછે, તો કોળી અને વાણિયા, વચ્ચેનો રૂપ-ભેદ કોણ પારખી શકે? એવાં એ કોળી અને કોળણનાં લાવણ્યવંતાં; ઘાટીલાં અને લાલ ચટકી ઊપડતાં શરીરો હતાં. સંસાર જો તપોવન હોય, અને પરસેવો ટપકાવીને પેટ-ગુજારો કરવો એ જ સાચો યજ્ઞ હોય, તો તો આ બેઉ જણાં સાચો યજ્ઞ જ કરી રહ્યાં હતાં. બેઉ ઉપવાસી હતાં. ધૂપમાં બેઠાં હતાં. એક આસને બેઠાં હતાં; ધૂળના વંટોળા ગરીબીના હવનના ધુમાડા-શા ઊડતા હતા, અને બેઉનાં મોં ઉપર આનંદનો ઉજાસ મલકતો હતો.

"હવે બે ફાંટ મતીરાં રિયાં છે. ઝટ નીકળી જાય તો ભાગીએ."

"હા, હવે રોટલા પણ એક ટંકના જ બાકી છે. બે દિ'ના ઘડી લાવી'તી; તેને સાટે ચાર દિ' ગદરી ગયા. માતાજીએ સે' પૂરી, ખરું?"

"પણ હવે રોટલા કાં'ક સુકાણા, હો! ભેળું કાંઈ શાક આથણું ન મળે ખરું ને, એટલે પાણીને ઘૂંટડે ઘૂંટડે..."

"અરે, તમે જુઓ તો ખરા! હોંશિયાર થઈને આટલાં ચીભડાં કાઢી નાખો ને, એટલે સાંજે ને સાંજે અમરાપર ભેળાં થઈ જઈએ, અધરાત થઈ ગઈ હશે ને, તોય મારી મા ઊનાઊના રોટલા ઘડી દેશે, ને હું લસણની ચટણી વાટી નાખીશ. માટે તમે હેમત રાખીને આટલા વેચી કાઢો – મારો

વા'લો કરું."

નાના બાળકને પ્રોત્સાહિત કરતી હોય તેવે શબ્દે ધણીને ચાનક આપતી બાઈ પોતાનાં ધાવણવિહોણાં સ્તનો ચૂસી રહેલ નાના બાળકને પાલવ ખેંચીને ઢાંકતી હતી. પણ પાલવ તાણવા જાય છે ત્યાં પાછી બીજી બાજુ પીઠ ઉઘાડી થઈ જતી હતી; છોકરો છાતીમાં માથું માર-માર કરતો હતો.

"પણ ઘરાક આવે છે જ ક્યાં?"

"અરે, આવે શું નહિ? તમે મોઢામાંથી કાં'ક બોલો તો તો હમણાં આવે: મોરલીને માથે નાગ આવે એમ આવે. આમ જોવોને: આખી પીઠમાં કાછિયા કેવીકેવી બોલી કરીને લલકારી રિયા છે! તમે તો, ભૂંડા, જીભ જ હલાવતા નથી."

"મને એવું વેણ કાઢતાં ને સમે રાગે નાખતાં આવડે નહિ."

"નો આવડે શું?" ધીરે સૂરે બાઈ પુરુષને પઢાવવા લાગી: "એ આ સાકરિયા મેવા! એ આ મધના ઘડા લઈ જાવ! અમૃતના મેવા લૂંટી જાવ!... લ્યો, બોલો એમ!"

લજામણીનો છોડ જાણે: એનું જડબું ફાટ્યું જ નહિ. નીચે જોઈ ગયો.

"ઓય માટીડો! નારી ઘડતાંઘડતાં ભૂલથી નર ઘડ્યો લાગે છે ભગવાને." એમ કહેતીકને બાઈ પોતાના ગળચટા ગળાના સૂર કાઢવા લાગી:

"બે જઈના શેર! આ અમરતના કૂંપા બે પૈસાના શેર! આ સાકરટેટી બે જઈની શેર! આ મીઠા મેવા બે પૈસે શેર!"

એક ખેસધારી વેપારી આવીને ઊભા રહ્યા. ઘેરે વિવાહ છે; સાંજે જાનનાં માણસોને પીરસવા ચીભડાનું શાક કરવું છે. પૂછે છે: "શો ભાવ?"

"બે પૈસે શેર, બાપા! અમૃત રોખો માલ!"

"આનાનાં અઢી શેર તો ઓલી દુકાને આપે છે."

"ના, બાપા; અમારે પોસાય નહિ. અમે પરગામથી આવેલ છયેં! ચાર દિ'થી ખુવારના ખાટલા છે અમારે. નદીમાં કૂંટિયા ગાળીગાળીને,

માટલાં સારીસારીને વાડા પાયા છે, ભાઈ! કેડ્યના મકોડા નોખા થઈ ગયા છે!"

"ઈ ઠીક; મહેનત વગર કાંઈ થોડો રોટલો મળે છે!" રૂના સટ્ટા રમનાર વેપારીએ કોળણને ભોંઠી પાડી. "લે – એક વાત કર, એટલે હું આ આખી ફાંટ લઈ લઉં. મારે ઘેર જાન આવવાની છે."

"અરે, મારા ભાઈ! જાનને જમાડવી છે, હજારું રૂપિયા ખરચીને વિવાહ માંડેલ છે, એમાં અમને ચાર-છ આના ખટાવતાં શું બીઓ છો? એમાં તમને કેટલોક કસ રે'શે?"

"લાંબી વાત નહિ. આનાનાં ત્રણ શેર તોળી દેવાં હોય તો દે. તારાં સડેલબડેલ, અડધાં ચીરેલાં તમામ લઈ જાઉં."

"ના, ભાઈ; અમારે પેટના પાટા ન છૂટે."

"ઠીક ત્યારે; બેઠાબેઠા ફાકો ધૂળ આંહીં બે દિ' સુધી."

વેપારી ભાઈ હાટડેહાટડે અને નીચે બેઠક કરીને વેચનાર એકોએકની પાસે ફરે છે. વારંવાર એની ટાંપ આ કોળી-બેલડીની ફાંટ ઉપર મંડાય છે.

કોળી-કોળણના અંતરમાં આ વાત પરથી વિચારનું જાણે કે એક વલોણું ચાલવા લાગ્યું:

"આ શેઠિયાવ: હજારુંના રળનાર અને હજારુંના ધુંવાડા કરીને વરા ઉકેલનારા પણ શાકપાંદડાંની વાતમાં પાઈ-પૈસાની ગણતરી છોડતા જ નથી."

"કોણ જાણે આપણે કઈ મેડિયું ચણાવી નાખીએ છયેં આ કમાણીમાંથી!"

"ઈ વેપારીયુંની વિદ્યા જ અવળચંડી. બાપ દીકરાને પે'લું શાસ્તર જ ઈ પઢાવે કે આગલા પાસેથી કસીને લેવું, અને સામાને છેતરે ઈ ચડિયાતો."

એવી વાતો થાય છે ત્યાં તો એક બાઈ રૂમાલ લઈને આવી ઊભી રહી: હાથ-પગ અને ડોકમાં હેમના દાગીના છે; પગમાં ચંપલની જોડી

છે; ઝીણો સુંદર સાડલો છે; નાની-શી કોથળીમાં પૈસા ઠીકઠીક છે.

"કેમ દે છે ચીભડાં?"

"બે પૈસે શેર, બોન!"

"અરે, એવું તે હોય? તમે કોળી તો હવે લૂંટવા બેઠાં... લે, જોખ એક શેર. મારે મંદિર જવાનું મોડું થાય છે... એમ શેની જોખછ? જો, કડી ચડી ગઈ છે ત્રાજવાની. ને નમતું જોખ બરાબરઃ છોકરાં ફોસલાવ મા."

"લ્યો, બોન! આ નમતું." કહીને કોળીએ દોઢ શેરથી ઝાઝેરો માલ જોખી આપ્યો.

"હવે એક ચીર દે આ પાકા ચીભડામાંથી." શેઠાણીએ એક કાપેલ ચીભડા ઉપર બણબણતી માંખો ઉડાડીને એમાંથી ચીર માગી.

"હજી પાછી ચીર, બોન!"

"હાસ્તો, મફત ક્યાં દેછ? મારો છોકરો ઘેર જતાં જ માગે, ખબર છે?"

"પણ, બોન –!" કોળણને એ અક્કેક પલકે પોતાનો મહેનતે ઉઝેરેલ વાડો, મથી મથીને ગાળેલ કૂંટીઓ, અને માટલે માટલે સારીને ત્રણ મહિના સુધી લાગલાગટ પાયેલ પાણી સાંભરી આવતાં હતાં. શિયાળવાં અને હરાયાં ઢોર હાંકી-હાંકી ઉજાગરા તાણેલા.

"લાવ, ચીર દેછ કે? નીકર આ લે તારું ચીભડું પાછું."

ચીર દેવી પડી. કેમ જાણે કલેજામાંથી ચીર કાપી આપવી પડી હોય, એવું દર્દ એના અંતઃકરણમાં થયું.

"આવા જીવ શે થઈ જાતા હશે આ પૈસાવાળાંના?"

"માટે જ આપણે નિર્ધન રહ્યાં સારાં."

"ના, ના; મને તો દાઝ ચડે છે કો'ક કો'ક વાર."

"દાઝ ન ચડાવીએ, ડાયા! પારકો પરદેશ છેઃ આપણે રિયાં કોળીઃ કાંક થાય તો સપાઈને આપણા જ વાંકની ગંધ આવે."

તેટલામાં તો "પિયુ. પે'લી પેસેન્જરમાં આવજો..."નું છેલ્લામાં છેલ્લું નવું લોકપ્રિય નાટક-ગીત ગાતોગાતો બંકડો પોલીસ આવ્યો, અને એક

ચીભડું લઈ, કશી ચર્ચા, માથાકૂટ કે લપછપ કર્યા વગર મલપતી ચાલે ચાલ્યો ગયો, ચીભડાં ઉપર આંગળીઓથી તાલ દેતો એ નવું કવાલી-ગીત ગાતો ગયો:

*અય બેઈમાન દિલબર, જોબન લૂટાનેવાલા!*

કોળી અને કોળણ એકબીજાં સામે જોઈ રહ્યાં. બાઈ તો ઝેર પી ગઈ હતી; હસીને બોલી: "આય એક તાલ છે ને!"

"તને ઓળખે છે?" ધણીની આંખોમાં ઠપકો હતો.

"તમારું તે ફટકી ગયું છે કે શું?"

"ચાર પૈસાનો માલ આમ ઉપાડીને હાલતો થાય, તોય તું દાંત કાઢછ: કેમ જાણે તારા પિયરનો સગો હોય!"

"હવે વાત જાતી કરોને..." બાઈએ ધણીના વાંસામાં હાથ ફેરવ્યો. "જોને, તમારાં લૂગડાં એક મહિનામાં મેલાંદાટ થઈ ગયાં છે, આજ સાંજે મારા બાપને ઘેર પહોંચવા દે: ત્યાં ખારોપાટ છે. તે સંધાય લૂગડાં ત્યાં ઘસી-ભૂંસી, ચોળીને હડમાનની કૂઈએ રૂપાળાં ધમધમાવી નાખું. હાલો, મારો વા'લો કરું – હવે એકાદ લલકારો કરો જોઉં!"

ધણીના કલેજાની કળ જાણે કે આ સુંવાળાં વચનો વડે ઊતરી ગઈ. "માતાના સમ! મને શરમ આવે છે."

"હેઠ્ય નાની વઉ!" કહીને કોમળ કંઠે કોળણે સૂર છોડ્યા: "એ...આ સરબતના કૂંપા લઈ જાવ! આ દૂધિયા માલ લઈ જાવ!"

સાંજ નમતી હતી. વર-વહુના ચહેરા ઉપર પશ્ચિમનાં કેસૂડાં જાણે રંગે ઢોળતાં હતાં. આથમણી દિશાના માળી સૂરજે સીમાડા ઉપર ફૂલ-ભરપૂર ખાખરાનાં કેસરિયાં વન ખડાં કર્યાં હતાં. વાદળાઓમાં રમતી વગડાઉ છોકરીઓ એ વન-ફૂલને વેડતી હતી.

"સાંજે આપણે જાયેં ત્યારે ચારે દિ'ના પૈસા તમારી પાઘડીના માયલી કોરના એક આંટામાં બાંધી લેજો, હો! રસ્તે કાઠીનું ગામ છે..."

"પણ ઈ તો પાઘડીય નહિ પડાવી લ્યે? રાતા મધરાસિયાની પાઘડી કાંઈ કાઠી એમ મૂકી દેશે?"

"ઠીક ત્યારે, હું મારી કેડ્યે બાંધી લઈશ."

બકરીને હાંકતાં હાંકતાં ફરીથી બાઈએ લલકાર કર્યો કે "એ... આ ઘીના કૂડલા લઈ જાવ!"

"કેમ કર્યાં ચીભડાં?" એમ પૂછતો, જવાબની રાહ પણ જોયા વગર એક જુવાન નીચે બેસીને કહે છે કે "અધમણ જોખો."

"સુમનલાલ!" પેલા ખેસધારી વેપારી સામેની એક ખોજાની દુકાને બીડી પીતા હતા, તેણે આ સુમનલાલને હાથની ઇશારત કરીને બોલાવી લીધાં, ને કહ્યું: "ઉતાવળ કરો મા. એ છે પરગામનાં. આજ સાંજ પડશે એટલે મફત આપી દઈને પણ ભાગશે, એવાં થાકેલાં છે. તમે થોડી વાર થોભી જાવ. આનાનાં ત્રણ શેર લેખે આખોય 'લૉટ' આપણે ઉપાડીને પછી વહેંચી લેશું."

કોળી–કોળણે સમજી લીધું: "આપણું ઘરાક ટાળ્યું ઓલ્યે શેઠિયે."

"મને તો કાંઈનું કાંઈ થઈ જાય છે મનમાં." કોળીના ધગધગતા મગજમાંથી જાણે કલ્પનાના દસ માનવી અક્કેક ડાંગ લઈને દોડે છે, અને એ વેપારીની ઉપર તૂટી પડે છે.

સુમનલાલ શરમેશરમે થોડી વાર ઊભા થઈ રહ્યા. એના સલાહકાર ખેસધારી ભાઈ કોળી-કોળણ સામે જોઈ હસવા લાગ્યા. પણ સુમનલાલની અધીરાઈ દેખાવા લાગી. વારંવાર એની નજર પોતાની કાંડા-ઘડિયાળના કાંટા ઉપર પડવા માંડી. ખેસધારી ભાઈએ એને પાંચ-દસ મિનિટ કઢાવી નાખવાના હેતુથી પૂછવા માંડ્યું: "કૉલેજમાં પાછા ક્યારે જવાના છો? કેટલામો નંબર રાખો છો? હવે 'એલએલ. બી.' થવાને કેટલાં વરસ બાકી? વિલાયત જશો ને? કે ગાંધી મા'તમ્યામાં ભળશો?"

"જે થાય તે ખરું." એવા ટૂંકા અવાજથી પતાવીને સુમનલાલ પાછો એ કોળી–કોળણ તરફ વળ્યા ખેસધારીએ કહ્યું: "કાં! ઘડીક સાટુ શીદ બગાડો છો બાજી?"

"મારે મોડું થાય છે."

"વોય ભણેલો! આ વિદ્યા શું લીલું કરવાની હતી?"

સુમનલાલે જઈને કહ્યું: "લ્યો, જોખો અધમણ: હું મજૂર બોલાવું."

કોળી દરેક પાંચ શેરની ધારણમાં અક્કેક શેરે નમતું તોળવા લાગ્યો.

ખેસધારી ભાઈ આવીને ઊભા રહ્યા: "આ બધું તો એકનું એક થયું ને, માળા ગાંડા! કે કોળો રહ્યો એટલે થઈ રહ્યું!"

"કેમ?"

"આટલી નમતી ધારણે તો એ જ હિસાબ થઈ રહે છે. મેં આનાનાં ત્રણ શેર તો માગ્યાં'તાં."

"અમે તો, બાપા રકઝકના કાયર, ચાર દિ'થી સૂકા રોટલા ચાવતાં હોઈએ, ઈ કાંઈ અમનેય થોડું ગમે છે? પેટમાં પાણાની જેમ ખૂંચે છે, ભાઈ!"

કોળણ બોલતી ગઈ. કોળી જોખતો ગયો. પાંચેક ચીભડાં વધ્યાં. જુવાને કહ્યું: "જોખો એક વધુ ધારણ."

"ના;" કોળણે કહ્યું: "ઈમ ને ઈમ નાખી દ્યો. ધારણ નથી કરવી. ભલે ભાઈ લઈ જાતા. તમારાં પેટ ઠરે, બાપા!"

જુવાન સુમનલાલને આ કોળી–કોળણમાં રસ પડ્યો. વર્ડ્ઝવર્થના ઊર્મિ-ગીતોમાં કદી આવો રસ નહોતો ઊપજ્યો. એણે કૌતુકથી પૂછવા માંડ્યું: "ક્યાંનાં છો? ક્યાં વાડા કરો છો? કેટલા મહિનાની મહેનત? શી શી મુસીબતો? કેટલું રળો? ક્યારે પરણ્યાં છો? કેટલી ઉમ્મર છે બેઉની? આ બાળકને કેમ ધવરાવ્યા જ કરો છો? ટાઢા રોટલા કેમ ખાઓ છો? આંહીં કોઈ ન્યાતીલાઓનાં ખોરડાં નથી?"

દરેકના જવાબમાં સુમનલાલે સંધ્યાના રંગો જેટલી જ નિખાલસ સલૂકાઈ દીઠી. વચ્ચેવચ્ચે વર-વહુના મતભેદનું મીઠું, મર્માળું ટીખળ પણ માણ્યું.

પણ આ વર–વહુએ એ વાતો દરમિયાન પોતાનો સંકેલો ચાલુ જ રાખ્યો હતો. પછેડી ખંખેરીને એ બન્ને પોતાની ભાડે રાખેલી વખારમાં ગયાં.

સૂરજ દોડાદોડ ચાલ્યો છે: ક્યાં જાય છે – આટલો અધીરો બની

ક્યાં જાય છે! પોતાને સાસરે કે પિતૃઘેરે – તે તો એ જાણે! પણ એની સાથે આ કોળી-કોળણ પણ રવાદ કરી રહ્યાં છે. છોકરાંને કેડે ઝાલીને કોળણ ધણીને એક હાથે બધી લે-મેલ્યમાં સાથ દઈ રહી છે. "આ અલીભાઈની અઢી-શેરી દઈ આવો: આ છરી લઈ લ્યો: આ દીવામાંથી ઘાસૂલેટ ઢોળીને લઈ લ્યો: આ લ્યો – આ કાગળમાં વીંટી લ્યો: આ તાળું વખારના માલેકને આપી આવો: લ્યો, આપણાં લૂગડાંલત્તાંની ને તોલાં-ત્રાજવાંની ફાંટ બંધાવું: સૂંડલો મારે માથે મેલો: અરે ભાન-ભૂલ્યા, ઇંઢોણી તો પે'લી મૂકો!"

દરેક આદેશનું મૂંગું પાલન કરતો ધણી દોડાદોડ કરતો હતો.

સુમનલાલ પણ વખારે આવીને તાલ જુએ છે; ને બાઈને કહે છે:

"તમારું કહ્યું બરાબર ઉઠાવે છે, હો!"

"ઉઠાવે નહિ, ભાઈ? ઊનાઊના રોટલા જમવા છે આજ મારી માના હાથના: ખરું ને, એલા?"

કોળીના વ્યસનહીન રાતા હોઠ મલકાતા હતા.

"પાછા આ વખતે તો અમારે સ[illegible]ણિયાને મેળે જાવું છે: કાં ને, એલા?"

કોળી જુવાનની આંખોમાં આ બધી વાતોની 'સેંક્શન' થકી આનંદના દીવા રમવા લાગ્યા.

પેલા ખેસધારી ભાઈ પાંચમી બીડીનું ખોખું ચૂસતાંચૂસતાં ક્યાંઈક આંટો દઈને પાછા આવ્યા: "કાં, સુમનલાલ! શાક ક્યાં?"

"ક્યારનું ઘેર પહોંચડાવી દીધું, મજૂર ભેળું."

"ઠીક; મજૂરને પણ ઘરનું બે ટંકનું શાક નીકળશે! ને તમે તો બહુ રોકાણા! કાંડા-ઘડિયાળના કાંટા ખોટકી ગયા કે શું?"

એ મર્મમાં હૃદયની તમામ દુર્ગંધ હતી.

સુમનલાલે કહ્યું: "હું તો જોઈ રહ્યો છું, કે આ લોકોનું કેવું સાચું સહિયારું જીવન છે!"

"કૉલેજમાં આવું નહિ શિખવાતું હોય, ખરું? વાણિયાના દીકરાઓની નિશાળ શાકપીઠમાં ખોલાવવા જેવું છે: કેમ, નહિ?"

"હા. સટ્ટાબજારમાં તો નહિ જ..."

"બરાબર છે: ત્યાં બાઈઓ ન મળે ખરી ને!"

"એટલે જ આપણે પાંગળા છીએ ને? બાઈઓ રસોડે આપણા મહેમાનો સારુ ઊની ઊની રોટલી જ ઉતાર્યા કરે છે!"

દરમિયાન કોળી-કોળણ પરવારી રહ્યાં. વહુએ માથા પર ગાંસડીવાળો સૂંડો ચડાવી લીધો. ધણીએ છોકરાને ખભે ચડાવ્યો. છોકરો બાપને માથે માથું ઢાળીને ત્યાં ને ત્યાં જ ઊંઘી ગયો.

"લ્યો, બાપા, રામરામ! તમારે પરતાપે વે'લા વે'લાં અમે ઊના રોટલા ભેગાં થઈ જાશું."

"પ્રતાપ તમારી મહેનતનો, બહેન!"

ઉજળિયાત જુવાનના મોંમાંથી 'બહેન' શબ્દ સંબોધાતાં કોળણને એક નવી દુનિયાનાં દ્વાર ઊઘડી પડ્યાં લાગ્યાં.

"હું રાજપર આવીશ ત્યારે તમારા વાસમાં ચોક્કસ આવીશ."

"જરૂર જરૂર આવજો, ભાઈ; આ ગગાના સમ છે તમને."

કેસૂડાંની વનરાઈ સંકેલીને જ્યારે સંધ્યા ચંપા-ધારની પાછળ ઊતરી ગઈ હતી અને આઠમનો ચાંદો વાદળીઓમાં રમતી કન્યાઓને દૂધિયા રંગની ઓઢણીઓ દેતો હતો, ત્યારે ત્રણ ઠેકાણે ત્રણ તરેહની વાતો ચાલી રહી હતી:

પેલા ખેસધારી શેઠિયા પોતાની બહેનને ઘેર આવેલી જાનનાં માણસોને સુમનલાલનો દાખલો આપી કૉલેજમાં ભણનારાંની વ્યવહારકુશળતાની મશ્કરી માંડતા હતા: 'વાણિયા વિના રાવણનું રાજ ગયું તે આ રીતે, બાપા!' એ જૂની કહેવતને એમણે લાખ રૂપિયાની કહી જણાવી.

ઘેરે પોતાની બહેનનાં લગ્ન હતાં, તેની ધમાલમાંથી છાનીમાની પોતાની જુવાન પત્ની સવિતાને મેડી ઉપર બોલાવીને સુમન અમરાપરનો કેડો બતાવતો હતો: "સવિતા! એ કેડે બે વર–વહુ ચાલ્યાં જાય છે. એનું તે સાચું સહજીવન. મરતાંમરતાં પણ એ જીવતરનાં તોફાનો સાથે રહી વીંઝે છે. આપણું સહજીવન કેવળ સિનેમામાં, ફોટોગ્રાફમાં, અને

રાતના પાંચ-છ કલાકમાં. હું વકીલ થઈશ; ને તું કુટુંબમાં રોવા–કૂટવાનું કરીશ. મારું ભઠિયારખાનું કરીશ: મારો ક્લાર્ક પણ નહિ બની શકે. ઘૃણા છૂટે છે આ सहनाववतु सह नौ भुनक्तु सहवीर्यं करवावहैના એકવીસ ક્રોડ વાર જૂઠા બોલાએલા મંત્ર પર, એ મંત્રનાં આચરનારાં તો ઓ જાય અમરાપરના કેડા ઉપર...''

*

''માતાના સમ!'' અમરાપરને કેડે પુરુષ ખભે છોકરું સુવાડીને સ્ત્રીના હાથમાં હાથ પરોવી કહેતો હતો: ''આજ તો મને ખાઈ ગઈ'તી. પાંચ વરસથી વાડા વાવતાં આજે ગળોગળ આવી ગયો'તો. એમાં ઓલ્યા સપાઈએ, ઉપર ચીર્ય માગનારી બાઈએ એ શેઠિયાએ તો મારી ખોપરી ફાટફાટ કરી મેલી.''

''અરે ભૂંડા, ખોપરીને તો ટાઢી રાખીએ.''

''ના, ના; આમ લોહીનાં પાણી કર્યેય જો રોટલો ન પમાતો હોય, તો પછી... મેરકાની ટોળીમાં ભળવું શું ખોટું!''

''રોયા! ચોરી...'' બાઈએ વરને ચીંટિયો ભર્યો.

''માતાના સમ: કદીક છે ને બે મહિનાની જેલ મળે, એટલું જ ને!''

''બસ, એ તારે મન કાંઈ નહિ?'' બાઈએ પ્રેમના તુંકારા માંડ્યા.

''ના; રોટલા તો ત્યાંયે મળે છે: ઊલટાનાં બે ટાણાં બબ્બે રોટલા, દાળ અને શાક પેટ-પૂરતાં આપે છે.''

''પણ ત્યાં તુંને બે વાનાં નહિ મળે; તારાં આંસુડાં નહિ સુકાય.''

''શું નહિ મળે?''

''એક આ તારી ઝમકુ, ને બીજો આ દીકરો ઝીણિયો.''

''એટલેથી કરીને જ આ વાડા પાઈને પ્રાણ નિચોવું છું ને! બાકી, આ દુનિયા – આ શેઠ શાહુકાર ને આ સપારડા તો હવે મને ચોર જ બનાવી રહેલ છે.''

''કેમ આમ હારી જા છ?'' ઝમકુએ ચાંદાના ઉજાસમાં ધણીની આંખો ભીની થતી ભાળી. એના સાદમાં પણ ખરેડી પડી હતી. એણે ધણીને

શરીરે હાથ વીંટીને હૈયા સાથે ચાંપ્યો: "હે બહાદુર! મરદ થઈને આવા માઠા વચાર! ઠાકર –"

"ઠાકરની વાત હવે નથી ગમતી. 'કીડીને કણ અને હાથીને હારો' દેનારો મરી ગયો લાગે છે."

"ગાંડા! સંજ્યાટાણે ઠાકરનું હીણું ન બોલીએ, તારે ખંભે તો જો: ઝીણિયો જંપીને સૂતેલો છે."

"પણ ત્યારે આ તું ને હું બેય તૂટી મૂવાં, તોય તાજો રોટલો કેમ ન મળે? આ મલક બધો બંગલા મેડિયુંમાં મા'લે છે, ગંઠાહાર ને હીરા પે'રે છે; તારા-મારા જેવા દસ નભે એટલી તો એની એઠ્ય રોજ ગટરુંમાં પડે છે; ફોનુંગ્રામ અને ધૂડપાપ વગર એના દા'ડા ખૂટતા નથી: ત્યારે આપણને તો પૂરી ઊંઘેય નહિ! આ તે શું?"

"તને વિચારવાયુ ઊપડ્યો."

"મારું મન મૂંઝાય છે. મેરકાની ટોળી મહિને પંદરદા'ડે કેટલું પાડે છે – જાણછ?"

"તું ઝમકુનો દા'ડો ખા – જો હવે વધુ બોલ્ય તો. જો, અમરાપરનો સીમાડો આવી ગયો." ઝમકુએ વરના ગાલ ઉપર ટાઢા હાથ દીધા.

સમાજનો સેવક આ કોળી, એ આઠમની રાતને પહોરે, સમાજની શત્રુતાના ઊઘડું ઊઘડું થતા દ્વાર ઉપર છેક ઉંબર સુધી પહોંચી ગયો હતો. ઝમકુનાં જનેતા સમાં ફોસલામણાંએ એને ત્યાંથી પાછો વાળી લીધો.

શિયાળવાંની લાળી સંભળાતી હતી. ચાંદનીમાં પણ એકાન્ત અકારી હતી. પોતાના પગ-ધબકાર પણ કોઈક પાછળ પડ્યું હોય તેવી ભ્રાંતિ કરાવતા હતા. એ બીક ઉરાડવા માટે બાઈ બોલી: "કોઈ કાઠીબાઠી ન નીકળ્યો. દેન કોની છે આવવાની! માતાજીને નાળિયેર માન્યું છે મેં તો."

ત્યાં તો ગામ-પાદરનાં કૂતરાં બોલ્યાં.

# કાનજી શેઠનું કાંધું

"ભાઈ પબા!"

"કાં, મા?" પરબત પટેલ ગાડું જોડતો હતો.

"મને તો ઝાંખુંઝાખું એવું ઓસાણ છે, કે આપણે કાનજી શેઠનાં તમામ કાંધાં ભરી દીધાં છે: એકેય બાકી નથી."

"હે...હે...હે ખૂંટિયો!" પરબત એના બે બળદ માંહેલા ખૂંટિયાને ફોસલાવતો હતો. ખૂંટિયો ધોંસરું લેતો નથી. એનું કાંધ પાકીને ઘારું પડ્યું છે. ખૂંટિયો ખસીને દૂર ઊભો રહે છે. પરબત એક હાથે ધોંસરેથી ગાડું ઊંચું રાખીને બીજે હાથે ખૂંટિયા તરફની રાશ ખેંચે છે. ગોધલો તો બાપડો શાંત ઊભો છે.

"જો, માડી!" ડોશી નજીક આવ્યાં. એની આંખે મોતિયો આવેલ છે, એટલે પરબતની ઉપાધિ એ દેખતાં નથી. એણે તો પોતાનું જ પ્રકરણ ચલાવ્યું: "જાણે...જો: પે'લુ કાંધું આપણે કઈ સાલમાં ભર્યું? પરારની સાલમાં. શીતળાના વામાં, જો ને, આપણો ગોધલ્યો મરી ગયો, એટલે વહુની હીરાકંઠી વેચીને રૂ. 180નો આ ખૂંટિયો લીધો, ને રૂ. 100 ભર્યા કાંધાના. બીજું –"

"ઓય... કમજાત! અરરર!" એવો અવાજ કાઢતો પરબત બેવડ વળી ગયો. ખૂંટિયે એના પેડુમાં પાટુ મારી હતી.

"રાંડ વાંઝણીના!" પેડુ દબાવીને પરબત ઊભો થયો. "એમ તને પંપાળ્યો પાલવશે? એમ પાણી પાયા વિનાનો રઝકો બળી જાવા દેશે! ઊભો રે', તારા લાડ ઉતારું." એમ કહી પરબતે દાઝમાં ને દાઝમાં ખૂંટિયાના દેહ ઉપર પાંચ પરોણા ખેંચી કાઢ્યા. પશુની આંખોમાંથી આંસુની ધાર

પડી ગઈ. વળી પાછાં પરબતની માએ, શું થઈ રહેલ છે તે દીઠા વિના, આંધળી આંખો અંતરિક્ષમાં મટમટાવતાં અને ટચલી આંગળીનાં બીજા આંકા પર અંગૂઠો માંડીને કહ્યું: "બીજું કાંધું આપણે ભર્યું શેરડીનો વાઢ કર્યો'તો ત્યારે. જો ને: કાનજી શેઠ વાડે ચાર દિ' રોકાણા, ને સંધોય ગળ જોખીને કાંધા પેટે ઉપાડી ગયા. જો ને: આપણે ઘરનાં છોકરાં સાટુય મણ ગળ નો'તો રાખ્યો; મેં રાખવાનું કહ્યું ત્યાં કાનો શેઠ કોચવાણા'તા: સાંભરે છે ને?"

આ દરમ્યાન પરબતે પરોણાના પ્રહારથી ટાઢાબોળ થઈ ગયેલા ખૂંટિયાને ધોંસરામાં ઝકડી લીધો હતો, અને એના કાંધા ઉપરના લદબદ થતા ઘારામાં ધોંસરું રાતુંચોળ રંગાઈ ગયું હતું. માથે બાંધેલા ફાળિયાનો કટકો દુઃખતા પેડુ ઉપર કસકસાવીને ટપકતે પરસેવે પરબતે ગાડું ડેલા-બહાર લીધું. હજુ જ્યાં સુધી પેડુમાં પીડા છે ત્યાં સુધી એ પશુ ઉપરથી એની દાઝ ઊતરી નથી; એટલે પૂંછડાના કટકા થઈ જાય એટલા જોરથી એણે ખૂંટિયાનું પૂછ ઉમેળ્યું. ડોશીએ પોતાનું વાળ વગરનું માથું ખજવાળતાં ખજવાળતાં પોતાની પારાયણ ચલાવી:

"પબા, તું જાછ, માડી? થોડી વાર ઊભો તો રે'." એ વખતે ડોશીનો અંગૂઠો ટચલી આંગળીના ત્રીજા આંકા ઉપર હતો. "અને ત્રીજું કાંધું આપણે ઓલ્યા નાગડા બાવાઓની જમાત આવેલ તયેં ભર્યું. જો ને: બાવાઓને માલપૂડાની રસોઈ જમાડવી'તી... લાગો ભરવો'તો... ઉઘરાણું થયું, એમાં ભરવા આપણી પાસે કાંઈ નો'તું... તુંને બાવાઓએ મારીમારીને આખો દિ' તડકે બેસાડી રાખ્યો'તો. ને પછી, જો ને, આપણે આપણી ઓતીને ઓલ્યા અરજણ પબાણી વેરે નાતરે દઈ રૂપિયા બસો જોગવ્યા. એમાંથી કાના શેઠનેય કાંધું ભર્યું. મને બરોબર સાંભરે છે: ઓતડી તે દિ' રોતી'તી – નહિ? એને નાતરે નો'તું જાવું: સાંભરે છે? એટલે પછી આપણે એને મારીને ગાડે નાખી'તી."

પરબત પટેલ રાશ તાણીને ગાડું રોકી સાંભળી રહ્યા. એણે કહ્યું: "માડી! મારું હૈયું તો ફૂટી ગયું છે: મને કાંઈ નો સાંભરે. હું તો એટલું

જાણું કે કાનો શેઠ ખોટું નો કરે. ઈ દિ'માં બે વાર સમાક્ય કરીને બેસનારો ભગતીવંત શ્રાવક પુરુષ છે. એને વેણે તો સૂકાં ઝાડ લીલાં થાય છે. એનો ચોપડો વરસોવરસ પૂંજાય છે. ઈ ચોપડો બોલે તે સાચું. મને તમે મૂંઝવો મા! મારે વાડીએ રઝકો સૂકાય છે.''

એ જ વખતે પોતાની છલકાતી કેડ્ય ઉપર ત્રણસરો કંદોરો શોભાવતા કાનજી શેઠ ખંભે ખેસ અને બગલમાં ખેડૂતના લાલચોલ લોહી જેવો ચળકતો રાતો ચોપડો દબાવીને હાજર થાય છે. એણે બળદની નાથ ઝાલીને પૂછ્યું: ''કાં પબા! આ ચોખ્ખું કરીને પછે જ જા ને, બાપ!''

''કાનાકાકા! મારે વાડીનું પીત સુકાય છે. કાલ્ય ગ્યો'તો વેઠે, એટલે નહિ જાઉં તો રઝકો બળી જાશે. ને બપોરે વાડીમાં પાણી નહિ રે': હરજી વડોદો સંધુંય પાણી એના મોલને પાઈ દેશે. તમે મારી મા હારે નક્કી કરી નાખો; જે કરો તે મારે કબૂલ છે.''

એ ઘડીએ કાનજી શેઠની નજર ખૂંટિયાના કાંધ ઉપર પડી. એણે મોં આડો ખેશ દીધો. થૂક્યું. કહ્યું: ''પબા! એલા, દયાનો છાંટો તો રાખ્ય! આ ધંધા! આ ખૂંટિયાને કાંધે ધોંસરું! આ ગામમાં કોઈ મા'જન મૂવું છે? કે હાંઉં, બસ, વાણિયાઓનું આથમી ગયું? આ રાક્ષસનો દંડ કોઈ કાં નથી કરતા?''

પરબત ઝંખવાયો.

''એ પલીત!'' કાનજીએ દયાથી ઘવાયેલ દિલે કહ્યું: ''આના કાંધ માથે થોડું ઘાસલેટ તો રેડ્ય!''

''હા, કાનજીકાકો સાચું કહે છે. ધરમી જીવ છે.'' એમ કહી ડોશીએ સાદ પાડ્યો: ''એ વઉ! આપણા દીવામાંથી ઘાસલેટ કાઢીને લાવજો.''

વહુ લાજ કાઢીને આવી ઊભી રહી; બોલી: ''ઘાસલેટનો છાંટોય ક્યાં છે ઘરમાં? રઝકાનો ભારો જૂઠા શેઠને ઘેર નાખી આવીશ, તઈ દેશે ને! ઉધાર ક્યાં આપે છે?''

''ખોટાં! નખશિખ ખોટાં કણબાં! ઘરમાં ઘાસલેટ ન હોય એવું બને? પણ જીવમાં દયા જેવી જાત્ય જ નહિ ને! લટૂડાના મા'જનને કહીને આંહીં

આ પાપિયાઓ ઉપર કડક દેખરેખ રખાવ્યા વિના છૂટકો જ નથી.''

એમ બબડતા કાનજી શેઠ પરબતની ડેલીમાં પ્રવેશ્યા. ઘરમાં ક્યાં ક્યાં કોઠીઓ છે, વહુના હાથમાં કે ગળામાં શો શો દાગીનો છે એ બધું ટીકીટીકીને જોઈ લીધું. પછી વાત ચલાવી: ''કાં, પૂતળીડોશી! ચોથા કાંધાનું હવે શું કરવું છે?''

''માડી, કાનાભાઈ! મને તો એમ ઓસાણ છે કે ચારેય કાંધાં ભરાઈ ગયાં છે.''

''માડી, તમારું ઓસાણ સાચું? કે વેપારીનો ચોપડો સાચો?''

''સાચો તો વેપારીનો ચોપડો, માડી!'' ડોશી ડરતાં ડરતાં બોલ્યાં: ''ને મારું તો હવે હૈયુંય ફૂટી ગયું છે, ભાઈ! પણ મને વે'મ છે. જુઓ ને, કાનાબાઈ: એક કાંધું જાણે કે શીતળાના રોગચાળામાં...'' એમ કરીને ડોશીએ આંગળીના વેઢા ગણતાં ચારેય કાંધાની કથા માંડી.

''હેં-હેં-હેં-હેં...!'' કાનજી શેઠ હસી પડ્યા: ''માડી! સાઠ્ય પૂરાં થયાંને તમને?''

''હા, માડી!'' એ વેણમાં રહેલો કટાક્ષ ન સમજેલી ગભરુ ડોશીએ કહ્યું: ''સાઠને માથે સાત થયાં. આંખે અંધાપો આવી ગયો, બાપ! પબાનો બાપ જેલમાં જ પાછા થયા ખરા ને, એટલે રોઈ રોઈને મારી આંખ્યું ગઈ, કાનાભાઈ! પબાના બાપને માથે તર્કટ –''

ડોશી પોતાની પારાયણ આદરશે એ બીકે કાનજી શેઠે ચોપડો ઉઘાડીને ત્રણ ભરાયેલાં કાંધાં વાંચી બતાવ્યાં.

પરબતના બાપની વાત સંભારતાં આંસુ પડવાથી પોતાના મોઢાની ઊંડી કરચલીઓ ભરાઈ ગઈ હતી, તે સાડલાને છેડે લૂછી નાખીને પબાની મા હરખથી ઊછળ્યાં: ''ને, માડી, એની ફારગતી પણ તમારી સહીવાળી તમે લખી દીધી'તી. હંઅં! મને સાંભર્યું, સાંભર્યું. વાહ! મારો વાલોજી મારે હેયે આવ્યા, આવ્યા! વાહ ગરુડગામી! વાહ દીનદયાળ!''

''કાં કાં! શું થયું, ડોશી?''

''તમારી ફારગતી મેં સાચવી રાખી છે.''

"એ બરોબર; ફારગતી લખી દીધી હોય તો હાંઉ – મારે કાનની બૂટ ઝાલવાની, કાઢો ફારગતી..."

"રો' રો', હું હૈયે આણું છું... એ હા! આવ્યું. આવ્યું... એ વઉ! તારી તેલની કાંધીની હેઠળ મેં ઈ ફારગતીની સીઠી દબાવી'તી."

ડોશી હાંફળી હાંફળી ઊઠી; દોડી. ઘરના છાપરામાં લટકાવેલ શીંકા ઉપર રજે ભરેલું એક ડબલું પડેલું, તેની અંદર તેલનો શીશો મૂક્યો છે, વહુએ એ નીચે ઉતાર્યું; અંદર કેટલીક ચીંથરીઓ ને ગાભાઓ ખોસેલાં. આંધળી ડોશીની આંગણીએ આંગળીએ જાણે અકેક દીવો પેટાયો હોય તેમ એ ચિઠ્ઠી ગોતવા લાગી. છતાં કાનજીને કશીયે અકળામણ નહોતી. આખરે ડોશીએ, દરિયામાં ડૂબનાર જેમ લાકડું પકડે, તેમ કાગળિયો પકડ્યો.

"આ રહી ફારગતી: લ્યો, માડી! હાશ! હું સીતેર વરસની ડોશી ખોટી ઠરત, મારા પરભુ!"

કાનજી જરાક ઠરી ગયો: "જોઉં! લાવો તો, માડી; મારો કોઈ વાણોતર તો ઉચાપત નથી કરી ગયો ને?"

એ જ વખતે ફળીમાંથી અવાજ આવ્યો: "લક્ષ્મી પ્રસન્ન!" અને ફળીમાં એક પહોળા ગળામાંથી મોટો બળખો પડ્યો.

"લ્યો, આ વાસુદેવ વ્યાસજી આવ્યા. વ્યાસજી સાક્ષી: એની સાક્ષીએ ફારગતી વાંચી લે, બાપ કાનજી!"

"શું છે, પૂતળીમા! વાસુદેવ વ્યાસે કાનજી શેઠના કપાળે કંકુનો ચાંદલો કરતાં કરતાં પૂછ્યું: "માડી વ્યાસજી! તમે આ કાગળ વાંચી જોવો: આ કાના શેઠની ફારગતી છે કે નહિ?"

વાસુદેવ વ્યાસ આજ વીસ વરસથી દરરોજ સવારે પૂતળી ડોશીના ઘેરેથી અરધી અરધી તાંબડી કણિક લઈ જાય છે. ઘરમાં ખાવા ન રહે ત્યારે પણ શંકરના આ સેવકની ઝોળી કણબણે પાછી નહોતી વાળી. પબાના બાપા જેલમાં મરી ગયા, તેની પાછળ ડોશીએ વ્યાસજી પાસે ગરુડ-પુરાણ વંચાવીને રૂ. 200-300 જેટલો માલ આપેલો. ઘણી વાર પબાને વ્યાસજીએ

કહેલું પણ ખરું કે "તારા પડખાની વાડીવાળો હરજી વડોદો છ મહિને ફાટી પડે એવા મારણ-જાપ કરવા હું બેસી જાઉં – તું જો ખરચ કરી શકે તો!" આમ વ્યાસજીને આ ઘર સાથે ઘાટો વહેવાર હતો. પૂતળી ડોશીને ખાતરી હતી કે, વ્યાસજી તો સોળવલું સોનું છે.

કાનજીએ વ્યાસજીને મારેલ મિચકારા એળે ન ગયા. વ્યાસજીએ કહ્યું: "ના ના, માડી, આ તો વેઠના વારાની ચિઠ્ઠી છે!"

"અરેરે માડી! એમ થયું? તયેં ઇ ફારગતી ક્યાં મૂકાઈ ગઈ હશે? આ તો હું સીતેર વરસની ડોશી ખોટી પડી ને!"

"ત્યારે હવે ચોથા કાંધાનું કેમ કરશું, પૂતળીમા!" કાનજી મુદ્દાની વાત પર આવી ગયો.

"ઈ ચિઠ્ઠી પાછી લાવજો, ભાઈ!"

"ચિઠ્ઠી! મેં તમને પાછી આપી ને! તપાસો તમારાં લૂગડાં.... મારી પાસે નથી..."

એકાએક પરબતની વહુ લાજના ઘૂમટામાંથી કળકળી ઊઠી: "એ ફૂઈ! એ... ચિઠ્ઠી કાનાભાઈના મોઢામાં રહી! એ... ચાવી જાય! લે! લે! કાનાભાઈ! આ ધંધા!"

પૂતળી ડોશી સજ્જડ થઈ ગયાં: "ચિઠ્ઠી કાનજીભાઈ ચાવી ગયો? કાનજી દામજીનું ખોરડું ઊતરી ગયું? વ્યાસજી! શંકર આવું સાંખી લ્યે છે?"

"ડોશી! ઝાઝી વાતનાં ગાડાં ભરાય. ને હવે ચીંથરાં ફાડો મા: ચોથું કાંધું ભરી દ્યો; મારે ખોટીપો થાય છે."

સાંજે પરબત વાડી પાઈને પાછો આવ્યો. રાતે ને રાતે કાનજી શેઠ એનો ગોરીઓ ગોધલો કાંધા પેટે છોડાવી ગયા.

બીજે દિવસે સવારે પરબત જ્યારે પહોર-દિ' ચડ્યે જાગ્યો, ત્યારે ગમાણમાં એકલા-અટૂલા બેઠેલા બંધુહીન ખૂંટિયાનું કાંધ બે કાગડા ઠોલી રહ્યા હતા.

# કિશોરની વહુ

તે દિવસે લગભગ અરધું ગામ આભડવા નીકળ્યું હશે. મોતીશા શેઠના કિશોરની વહુને સવારે પાંચ વાગ્યે કાઢી ગયા ત્યારે શેરીએ શેરીએ સ્ત્રીઓ એકમોંએ વખાણ કરતી હતી કે "સસરો હોય તો મોતીશા શેઠ જેવો જ હોજો! રોજ વીસ-વીસ રૂપિયાની તો દવાયું વાપરી છે. ઠેઠ મુંબઈથી મઢ્યમું તેડાવી ગોરો સર્જન રોજના પાંચસે રૂપિયે દોઢ દિ' ને બે રાત બેસી રહ્યો. ઠેઠ પાતાળેથી પણ જીવ પાછો વળે તેવી ભારે ભારે દવાઓની પિચકારીઓ મુકાવી. ખરચ કર્યામાં સાસરે પાછું વાળી નથી જોયું. અને રાતે બે વાગ્યે જ્યારે ગોરો દાક્તર ટોપી પછાડીને ઊભો થઈ ગયો, ત્યારે તો શેઠ કાંઈ રોયા છે! કાંઈ રોયા છે! આ મોંમાં લીલું દાતણ છે ને ખોટું નહિ કે'વાય, ભગવાનઃ આવો સસરો તો જેણે પરભવ પૂરાં પૂજ્યાં હોય તેને જ મળે."

"અને, બાઈ, મડાને ચૂંદડી ઓઢાડવી'તીઃ ઘરમાંથી સાસુએ વહુના ટ્રંકમાંથી જૂનું ઘરચોળું કાઢી આપ્યું; પણ ડેલીએથી સસરે પાછું મોકલી કહેવરાવ્યું કે, 'કિનખાબની સાડી આપણે વિવા વખતે છાબમાં મૂકી હતી, તે લઈ આવો. અત્યારે વહુ જેવી વહુ ગઈ, અને આપણો જીવ શું એક ગાભામાં ગરી રહે છે! જો'શે ત્યારે બીજું ક્યાં નથી લેવાતું? પ્રભુનો પ્રતાપ છે.'

"બાળવામાં પણ અધમણ ચંદન, એક ડબો ઘી... આખે રસ્તે છેક સ્મશાન સુધી 'જે જે નંદા! જે જે જીનંદા!' કરતા શેઠે પોતે મોઢા આગળ ચાલી ભંગિયાને ખોબેખોબે પાયલી બે-આનીઓ ઉડાડી. ગામને મસાણ-છાપરી નહોતી, તે દુઃખ ત્યાં બેઠાંબેઠાં જ ટાળ્યું. એમ ઘણો ધરમાદો કર્યોઃ મોતીશાએ વહુની પાછળ લખલૂટ વાપર્યું. બાકી, મૂઆ માણસના અવગુણ

ન ગાઈએ... પણ વહુ તો હતી લખણની પૂરી, હો!''

મસાણેથી પાછા વળતાં પણ ગામની બજારને એક છેડેથી બીજા છેડા સુધી મોતીશા એવો તો ઠૂઠવો મૂકીને, 'વહુ રે! મારી વહુ! મારા દીકરા રે! મારા ઘરના દીવા રે!' એવા કરુણ બોલ બોલતા બોલતા રડતા હતા કે જેઓને ઘેર ત્રીજી વારની દીકરા-વહુઓ આવી હતી તેઓને પણ રોવાનું મન થતું હતું. ખીમચંદ ભરાડી (ગામમાં ખીમચંદ શેઠની અટક જ 'ભરાડી' પડી ગયેલ) વાત કરતો હતો કે, ''આ સગે હાથે મેં ત્રણ દીકરા-વહુઓને દેન દીધાં છે, ને આ સગી આંખે મડદાં બળતાં જોયાં છે; પણ આજ મારીયે છાતી થર્ય નથી રહેતી.'' મોતીશા શેઠ સાંભળી શકે તેવી રીતે બોલાયાથી એમને વધુ રડવું આવેલું. અને ખીમચંદ ભરાડી એવા મોકાનું બોલેલો કે પાછળથી મોતીશાએ ખીમચંદનું બધું કરજ માફ કર્યું હતું.

ડાઘુઓ થોડી વાર અનાજના ભાવ, અમેરિકાનાં રૂનાં બજાર, ગામનાં વસવાયાં લોકોની વધી પડેલી ફાટ્ય... વગેરે પરચૂરણ વિષય પર વાતો કરી શેઠનું મન વહુના શોકમાંથી બીજા વિચારે વાળી લઈને બપોરે બાર વાગ્યે વીખરાયા. તે પછીના અરધા કલાકની અંદર આટકોટવાળા ફૂલા શેઠ, જેતપુર-હાઇસ્કૂલના હેડમાસ્તર મોરારજી ઠેબાણી એમ.એ. રાજકોટના સુધાકર બારિસ્ટરનું ખાસ આવેલું માણસ અને ખમીસાણા ગામડાનો પ્રેમજી વાણિયો એમ ચાર કે પાંચ જણ આવી ગયા. શેઠની ગાદીની નજીક જઈને ગરીબડે મોંએ કાનમાં કંઈક કહી પણ ગયા. એ વાતોમાંથી 'શ્રીફળ', 'છબી', ''ઉમ્મર', 'ગોરો વાન', 'નમણાઈ', 'ખાતરી કરો', 'બીજે થાય નહિ, હો!', 'ગૂંજે ઘાલીએ' એવા શબ્દો ખાસ સંભળાઈ આવતા હતા. એ સહુને મોતીશાએ ટૂંકો જ જવાબ આપ્યો કે, ''હું જોઈશ; તમને પૂછ્યા વિના નહિ કરું.'' સૌમાંથી ખમીસાણાવાળા પ્રેમજી વાણિયાની સાથે મોતીશાએ વિશેષ ચોકસાઈથી વાતો કરી.

[2]

''લ્યો, વેવાણ! હું ત્યારે રજા લઉં છું. બોલ્યુંચાલ્યું માફ કરજો!'' મરેલી વહુનો બાપ, કે જે બાબરાની અંગ્રેજી શાળાનો 'આસિસ્ટંટ' માસ્તર

હતો, તેણે તે જ દિવસે રાત્રે પુત્રીનાં સાસુની રજા માગીઃ હાથ જોડ્યા. મોતીશા શેઠે એક વિચિત્ર નિયમ રાખેલો કે, કન્યા હંમેશાં પોતાના બરોબરિયાની નહિ પણ ગરીબની જ લેવી.

"બસ, જાવ છો? બે દિ' રોકાણા હોત તો દુઃખમાં ભાગ લેવાત..." ચંદનનાં સાસુએ વિવેક કરતાં માથા પરનો ઘૂમટો પેટ સુધી તાણી લીધો. આજે એમણે પણ વહુની નનામી પાછળ પાદર સુધી દોડી દોડી દસ પછાડીઓ ખાધી હતી; શરીરની ખેવના નહોતી કરી.

"મારે રજા પૂરી થઈ ગઈ છે, એટલે નહિ રોકાઈ શકું. વળી ઘેર કોઈ ઊઠ્યું માણસ નથીઃ છોકરો મા વગરનો છેઃ પરવશ મૂકીને આવ્યો છું."

"ભલે ત્યારે." થોડી વારે સાસુએ આંખો લૂછી, નાકે આવેલ પાણીને છંટકોરી નાખી ઉદ્ગાર કાઢ્યો કે, "અરેરે બાઈ! ભર્યાં ઘરમાંથી ગઈ. ભાગ્યમાં નહિ ત્યારે જ ને! નીકર આ રૂપાળી ઘોડાગાડી, આ મોટર... ને હમણાં હમણાં તો રોજ સવાર–સાંજ ઘોડાગાડીમાં બેસાડીને ચંદનને ફેરવી આવતા. પણ આયખું નહિ ના. એટલે દરદ ઘેરી વળ્યું; કોઈ કારી જ ન ફાવી."

"વેવાણ!" ચંદનના બાપે બીતાં બીતાં કહ્યું: "મને વેળાસર એક ચિઠ્ઠીચપતરી બીડી હોત ને...! હું તો ધારતો હતો કે, ચંદન સાજીસારી છે. મારે ઘેરે તો કોઈ દિ' નખમાંય રોગ નહોતો. આંહીં એકાએક –"

"ના, ભા!" સાસુએ સહેજ કચવાટ બતાવીને કહ્યું: "આંહીં એને નથી અમે દળણાંપાણી કરાવ્યાં, કે નથી વૈતરું કરાવ્યું. રોગ તો મૂળ તમારા ઘરનો છેઃ પછી તે ચાય તમારો હો, ચાય તો એની માનો હોય. પરણીને આવ્યાં ત્યારથી થોડી થોડી ધગશ ને ઉધરસનું ઠસકું તો રે'તાં..."

મહેમાન ઉંબર ઉપર જ સજ્જડ થઈ ગયો. નાક છીંકવાને બહાને પીઠ ફેરવીને એણે આંખોનાં ઝળઝળિયાં લૂછ્યાં. વેવાણે વાત આગળ ચલાવીઃ

"બાકી તો, એને કાંઈ કહ્યું થાતું? 'તમે આણામાં પૂરાં લૂગડાં ન લાવ્યાંઃ તમારે બાપે જાનની પૂરી સંભાળ નો'તી લીધીઃ તમારી આંખે ઝાંખ

છે, એનો તો અમને સગપણ વખતે કોઈએ ફોડ જ ન પાડ્યો' આવું કાંઈક હસવામાંય કહેવાઈ જાય, તો પણ દડ દડ દડ આંસુડાં પાડે, ને આંખ્યું તો ઘોલર મરચાં જેવી થઈ જાય. બોલે તો નહિ, પણ મનમાં બળીબળીને ભસમ!"

મહેમાન ત્યાંથી નાસવા માગતો હતો; પણ એના પગને જાણે કોઈ શબ ઝાલી રાખતું હતું, ને કહેતું હતું કે, 'મારી પૂરેપૂરી કથા સાંભળતા જાઓ'.

કિશોરની બાએ ફરીવાર વાર્તાનો તાર સાંધ્યો: "અને પાછી ઘરમાં થયેલી અક્ષરેઅક્ષર વાતની ફરિયાદ રોજ રાતે મેડીએ જઈ કિશોરને કહેવા બેસે. કિશોર બચાડો દુકાનેથી થાક્યોપાક્યો આવ્યો હોય, એનેય જંપ નહિ. મારો કિશોર તો માવતરની ને કુળની મોટાઈની પાકી અદબ રાખનારો, અસ્ત્રી-ચળિતર સમજનારો, ડાહ્યો – એટલે આવી બાઇડીશાઈ વાતુંને કાન દિયે જ નહિ. હાઉં, પછી તો ધ્રુશકે-ધ્રુશકે રોવાનું હાલે, ઇસ્ટોલિયા ઊપડે; ઘર આખાને જંપવા ન દિયે. એક વાર તો તમારા વેવાઈ પંડ્યે ઊઠીને રાતે બાર બજે બહાર આવ્યા; ત્રાડ નાખી કે, 'વહુને ન પોસાય તો કાલ સવારે કઢાવી દ્યો ખીજડિયા જંક્શનની ટિકિટ: જાય બાબરે. આંહીં તે શું કોળી-વાઘરીનું ઘર છે! જરા ખોરડું તો ઓળખો!' "

"અરર! એટલે સુધી મારી દીકરી –" માસ્તરના મોંમાંથી ઉદ્ગાર સરી પડ્યો.

"દીકરીની તો શી વાત! સસરો સાંભળે એમ ચીસું નાખે કે, 'એ...મને કૂવામાં ભંડારો! એ... મને અફીણ આપો! મારે ક્યાંય નથી જાવું. મને બાપ ઊભી નહિ રાખે!' એમાંથી તાવ ચડ્યો, ઠસકું વધ્યું. દવા તો કરાય તેટલી કરી; પણ આવરદા નૈ ને!"

મરેલી પુત્રી ઉપર 'કોરોનર' અને 'જ્યુરી' બેઉની મળીને સરજેલી એક માનવ-શક્તિ વિગતવાર ફેંસલો આપતી હતી; અને એ સાંભળીને બાબરા ગામની 'એંગ્લો-વર્નાક્યૂલર' શાળાના આસિસ્ટંટ માસ્તર ઘડી લજ્જા, ઘડી ગુસ્સો ને ઘડી પાછો વાત્સલ્યનો કોમળ આંચકો અનુભવી

રહ્યા હતા. વળી પાછો એની નજર સામે મરેલી, મા-વિહોણી, તાવલેલી દીકરીનો દેહ તરવરતો હોય તેમ એણે કહ્યું:

"વેવાણ! મને વેળાસર ખબર આપ્યા હોત તો હું એને પંચગની લઈ જાત. તમારે પ્રતાપે મેંય મારા ટૂંકા પગારમાંથી પૂણી-પૂણી બચાવીને બસો રૂપિયાની મૂડી કરી છે; એટલે હું ચંદનને પંચગની –"

"અરે, તમે શું લઈ જાતા'તા! મેં ને તમારા વેવાઈએ કેટલું કેટલું કહ્યું કે, 'હાલો પંચગની... હાલો ધરમપુરના સેનિટોલમમાં... કોઈ વાતે હાલો... હું હારે આવું'. પણ માડી રે! એની તો એક જ હઠ – કે કિશોર એકલો જ સાથે આવે, અમે કોઈ નૈ! અમે તો એને કડવાં ઝેર! ત્યારે કિશોર તે જીન-પ્રેસનું કામ સંભાળે, કે રૂ–કપાસની ખરી મોસમ ટાણે બાયડી સાટુ ઠેઠ પંચગની સુધી હડિયું કાઢે! પણ વહુને તો બચારીને મરવું સરજ્યું'તું ખરું ને, એટલે સાચી વાત સૂઝી નહિ. એની તો એક જ હઠ કે, 'પંચગની નૈ, ધરમપુર નૈ, ક્યાંયે નૈ; જીનને જ બંગલે મને એકલીને કિશોર ભેળા રે'વા દ્યો! તમે કોઈ નૈ!' અરે, એનો હાકમ જેવો સસરોય એને કડવા ઝેર થઈ પડ્યા!"

દીકરી શું આટલી બધી નાદાન થઈ હશે! પુત્રીનો પિતા ગામડિયાં છોકરાં ભણાવતો ભણાવતો કોઈકોઈ વાર નાની ચંદનને બોટાદકરની 'રાસતરંગિણી' વાંચી સંભળાવતો, અને કોઈ કોઈ વાર રાતે પરીક્ષા-પત્રો તપાસતો-તપાસતો તેર વર્ષની ચંદનને અંદરના ઓરડામાં બાપની પથારી પાથરતી 'રસની એ રેલ, સખિ, સાંભરે રૂપાળી રાત' – વાળી પંક્તિ કોમળ કંઠે ગાતી સાંભળતો – તે બધું અત્યારે વીસરી ગયો. છેવટે વેવાણના આ એકાદ કલાકના ઉદ્‌ગારોમાંથી પોતે બે-ચાર વસ્તુઓ પકડીને બાબરે ચાલ્યો ગયો: એક તો, ચંદન હઠીલી; બીજું, એનું આયખું નહિ; ત્રીજું, કિશોરને એણે સંતાપ્યો, મોતીશાની મર્યાદા ન પાળી, સાસુની શિખામણો ન લીધી; ને ચોથું, મોતીશા શેઠે ચંદનનું મોત સુધાર્યું. આ બધી અસરથી એને પ્યારી પુત્રીના અવસાનનો શોક ઓછો થયો. ઘડીભર એમ પણ થયું કે, મોટા ઘર સાથેનો મારો સંબંધ વધુ બગાડવા એ ન જીવી તે પણ સવળું જ થયું.

[3]

એક જરૂરી બિના કહેવી રહી ગઈ છે: આભડીને આવ્યા પછી પહેલી જ વિધિ કિશોરને માથે લાલ રેશમી પાઘડી બંધાવવાની, કપાળે ચાંદલો કરવાની અને જરીક ગોળ ચખાડવાની હતી. જમાડવી તો જોઈએ લાપસી; પરંતુ કિશોરનાં બા અને બાપા, બન્ને જણાં, 'વહાલી વહુની ચિતા હજુ સળગી રહી છે ત્યાં કંસારનું આંધણ ન મુકાય' એવું વિચારીને ગોળથી જ અટક્યાં હતાં.

આ વિધિઓમાંથી નિવૃત્ત થઈને કિશોર રોજનાં કામકાજ પર ચડી ગયો હતો. દરેક માણસ સારા અથવા માઠા – ચાહે તેવા આખરી પરિણામને માટે જ ઉત્સુક હોય છે. કિશોરના મન પરથી પણ ચંદનની માંદગીની લટકતી પથારી ખસી ગઈ હતી. છેલ્લા આઠ-દસ દિવસથી તો વહુનાં ક્ષયનાં જંતુઓ રખેને દીકરાને ચોટે એ બીકે કિશોરની બાએ એને ચંદનની પથારી પાસે પણ આવવા નહોતો દીધો; એટલે કિશોરને ખાસ વિયોગ-દુઃખ જન્મે તેવું રહ્યું નહોતું. મેડી ઉપર વારે-વારે સહુને ચડ-ઊતર કરવી ન પડે તે માટે ચંદનની પથારી તો છેલ્લા એક મહિનાથી કિશોર-ચંદનના શયનખંડમાંથી ખસેડીને ભોંયતળિયે જ લાવવામાં આવી હતી. એમ કરવાનાં બીજાં પણ કેટલાંક કારણો હતાં: મોતીશાને અને શેઠાણીને કાને એક ચોંકાવનારી વાત તો એ આવી હતી કે છેલ્લા ચાર મહિનાથી રાતમાં ચંદનનાં ઝાડો–પેશાબનાં 'પૉટ' કિશોર પોતે જ ઉપાડીને છાનોમાનો, કોઈ સંચળ પણ ન સાંભળે તે રીતે લપાઈને, સંડાસમાં નાખી આવતો. એનું ખરું કારણ એ હતું કે ચંદન હવે સંડાસ સુધી જઈ શકતી ન હતી. માબાપને તો એમ જ લાગેલું કે વહુ, એ રીતે, દીકરા ઉપર અમલ ચલાવવામાં હદ વટાવી ગયાં હતાં. વસ્તુતઃ ચંદન તો ચાર વિસામા ખાઈને પણ સંડાસમાં જ પહોંચતી, અને કિશોરે આ ભંગી-કામ કરવાની જિદ્દ કરી ત્યારથી ચંદનને ઝાડો-પેશાબ દબાવી રાખવાની ટેવ પડેલી.

આજે પેલો ગોળ ખાધાને ચોથો દિવસ છે. કિશોરનું મન મોકળું

થયું છે. ચંદનનું રોગી જીવન સાંભરે છે; પણ તેથી એને વ્યથા નથી – રાહતની લાગણી છે. 'બિચારી રિબાતી હતી તે છૂટી' એવો અનુકંપાનો ભાવ પણ ઊઠે છે. વળી પોતાને એકલપણું લાગશે, વિરહ સાંભરશે તે પહેલાં તો નવા લગ્નની દુનિયાનો કાંઠો શરૂ થઈ જશે એમ પણ એણે માનેલું. પણ હકીકત એથી ઊલટી બની. મોતીશા શેઠ જો ડાહ્યા હોત તો એણે કિશોરને બહારગામ હિસાબકિતાબમાં ને ઉઘરાણીમાં મોકલી દેવો જોઈતો હતો; અથવા, કંઈ નહિ તો, એને અમદાવાદની પેઢી પર જ મોકલવો હતો. ત્યાંનો મુનીમ વ્યવહાર-કુશળ હતો; કિશોરને નાટક-સિનેમામાં લઈ જાત. પણ ભૂલ એ થઈ કે કિશોરને જીન-પ્રેસના કારખાના પર જ રાખ્યો. કારખાનું ગમે તેમ તોયે જીવતાં જીવોનું જગત છે. ત્યાં બેસનાર માલિક અને ધન-પ્રાપ્તિની વચ્ચે સેંકડો હૈયાંના ધબકારા સંચાઓના થડકાર જેટલા જ જોરદાર ચાલી રહ્યા હોય છે.

કારખાનાના સંચા ચલાવનારાં મજૂરામાં સ્ત્રીઓ મોટી સંખ્યામાં હતી; કેમ કે એને ઓછી રોજી આપવા છતાં કામ દોઢું ઊતરતું. બહાર ઝાડની ડાળે બાળકોનાં ખોયાં લટકાવીને માતાઓ સંચા ચલાવતી; બચ્ચાં રુવે ત્યારે ઢીબરડીને પાછી ધાવણ પાતી. સાસુ-વહુઓ ઉઘાડેછોગ લડી-બોલીને પાછી કંઈ ન બન્યું હોય તેવી રીતે કામે લાગતી. સંચો ચલાવતાં બાયડીની આંગળી વઢાય તો દોડીને એનો ધણી સો મજૂરોની વચ્ચે પણ એને ઘાસલેટમાં બોળેલ પાટો બાંધી દેતો, ને પગે ઘવાયેલી સ્ત્રીને નાના બાળકની માફક કેડ્યે બેસારીને ઘેર લઈ જતો.

આવું પડદા વિનાનું મજૂર-જીવન જોયું એ કિશોરને માટે વાઘના બચ્ચાએ લોહીનું ટીપું ચાખ્યા જેવું બન્યું. એનામાં મૂળથી જ મોતીશાના મજબૂત સંસ્કારો ઊઘડ્યા નહોતા. વયમાં એ જુવાન હતો. કોઈ કોઈ વાર મનને નબળું બનાવી મૂકનાર દંપતી-સાહિત્યની વાર્તાઓ વાંચવાની તક પણ એને મળી જતી. તેમાં સ્ત્રી ગુજરી ગઈ, ને આંહીં આ મજૂરોને દુ:ખમાં ખદબદતાં છતાં કુળ-પ્રતિષ્ઠા જવાના ભય વિના મોકળામણમાં જીવતાં દીઠાં.

જૂની સ્મૃતિ જાગવામાં કોણ જાણે કુદરતના કયા નિયમો કામ કરતા હશે, તે તો અમે જાણતા નથી; પણ વિચિત્ર તો બહુ જ લાગે છે કે એક જુવાન મજૂરણ ગેલતી ખેલતી સાંજે કિશોરની મોટર કનેથી પસાર થઈ. અને એ સાંજના ભળભાંખરામાં કિશોરે એના મોં પર દૈવ જાણે શીયે પરિચિત રેખા જોઈ લીધી. દૂરદૂરથી હવામાં ગળાતું એ ટીખળી મજૂરણનું ગીત કાને પડ્યું:

*બાળી ઝાળીને જીવડો ઘેરે આવ્યો રે લોલ;*
*હવે, માડી, મંદિરિયે મોકળાણ જો:*
*ભવનો ઓશિયાળો હવે હું રિયો રે લોલ.*

કિશોર ઘેર ગયો. દીવો બળતો હતો, તે બુઝાવી નાખ્યો. ઓરડાની એક ખીંટી પર ચંદનની ઘણા વખત પહેલાંની ઊતરી ગયેલી સાડીમાંથી ફાડેલો જોડા લૂછવાનો એક કટકો પવનમાં ઝૂલતો હતો, તે અમસ્થો અમસ્થો પણ આજે એને ચંદનના શરીરના છેદાયેલા અંગ જેવો લાગ્યો. તેથી જ બીને બત્તી બુઝાવી હશે કે કેમ, તે તો એ જાણે; પણ પછી એ બારીમાં મોં રાખીને બેસી રહ્યો. માંદગીની પથારી પહેલાંનો કાળ અંતરની આંખો સામે ઊઘડવો શરૂ થયો: કોઈક જાણે એને એક ઝાંખો દીવો લઈને જીવન-ગુફામાં ઊંડે ઊંડે ઊંડે દોરી જતું હતું. ગુફાના તળિયામાંથી કોઈનું ડૂસકાભર્યું વચન સંભળાતું હતું કે, 'ત્યારે તમે મને શા માટે પરણ્યા! શા માટે પરણ્યા!'

પ્રત્યેક દિવસે, એક પછી એક રાતે, પ્રત્યેક રાતને કયે કલાકે શું શું બન્યું તે બધું જ કોઈ મશાલને અજવાળે ભોંયરામાં દેખાય તેવું બિહામણું દેખાયું. એક વાર તો એને પરસેવો વળી ગયો. એણે જોયું કે... ચંદન હિસ્ટીરિયામાં પડી છે: સામે ઊભી ઊભી મા કહી રહી છે કે, 'અરધોઅરધ ઢોંગ, બાપ!' ને પોતે એક ટાંચણી લઈને ચંદનના પગને તળિયે ઘોંચી એ હિસ્ટીરિયાનું સાચજૂઠ પારખી રહ્યો છે...

"ઓય!" કહી કિશોર ચમકી ગયો. તે વખતે અંધારે અગાસી પર

એના બાપ આવીને ઊભા હતા.

"અંધારું કેમ છે, કિશોર?" કહી મોતીશાએ નોકરને બોલાવી દીવો પ્રગટાવ્યો. પછી વાત છેડી: "હવે આપણે જલદી નક્કી કરવું પડશે."

'શાનું?' એટલું પૂછવાની પણ કિશોરમાં શક્તિ નહોતી. મોતીશાને પણ પ્રશ્નો સાંભળવાની ટેવ નહોતી. એમણે સ્પષ્ટ કર્યું: "આપણા ઘરના મોભા મુજબ વહુના બારમા પહેલાં જ બોલ બોલાઈ જવા જોઈએ. એક દિવસ પણ મોડું થશે તો લોકોને વહેમ પડશે કે તારામાં કંઈક કહેવાપણું હશે; ને પછી સહુનાં મન સંકોડાશે. મોડુંમોડું આપણે કરશું તો ખરાં જ: આભ-ધરતીનાં કડાં એક કરીને પણ કરશું. પણ અત્યારે થાય તે સવા લાખનું લેખાય."

કિશોર નિરુત્તર રહ્યો. બાપે ચલાવ્યું:

"ચાર દિવસમાં પચીસ ઠેકાણાંનાં તાર-ટપાલ છે. એમાં આટકોટવાળા ફૂલા શેઠ તો વહુને ક્ષય છે એવું સાંભળ્યું ત્યારથી જ આપણી વાટ જોઈને બેઠા છે. પણ મને સામો પૈસાદાર સગો પોસાય નહિ... મોરારજી માસ્તરની દીકરી સહેજ ભીને વાને છે, એટલે એ તો હીરના ચીરમાં પાણકોરાના થીગડા જેવું થશે... સુધાકર બારિસ્ટરે આપણા રાજના દીવાન સાહેબ મારફત મારું ગળું ઝાલ્યું છે. પણ એણે કન્યાને વધુ પડતી કેળવણી આપી છે: આપણને પોસાયું – ન પોસાયું... તો પછી સામો બારિસ્ટર ઠીક નહિ. વળી કન્યા વીસ વરસની થઈ છે. એ કાંઈક કહેવાપણું હોયા વિના તો ન જ બને ના! બધી દૃષ્ટિએ ખમીસાણાવાળો પ્રેમજી શેઠ ઠીક લાગે છે. એ આપણી શેહમાં દબાતો રહેશે. ને આપણે ઘેર કન્યા આવ્યા પછી સંગીત, અંગ્રેજી વગેરે તારે જે શીખવવું હોય તે શીખવી શકાશે. બે માસ્તરો રાખશું."


"બાપુ!" કિશોરના હોઠના ટેભા તૂટતા હોય એવો અવાજ થયો: "મારે જુદા થવું છે: જલદી મજિયારો વહેંચી આપો."

"શું...?! માંકડને મોઢું આવ્યું કે?" મોતીશા શેઠે આજ જીવનભરમાં પહેલી જ વાર દીકરાની જીભ ઊપડતી દીઠી. "માથું ભમી ગયું છે કે?

મારા બોંતેર કુળ બોળાવા બેઠો કે શું?"

"એક અઠવાડિયામાં મજિયારો વહેંચી આપો – નહિ તો હું કોર્ટે ચડીશ." એટલું કહીને કિશોર ત્વરાથી નીચે ઊતરી ગામ બહાર ચાલ્યો. નદીની ભેખડ પર બેસીને, ત્યાં એટલો બધો પવન ફૂંકાતો હતો છતાં કિશોરને એટલો ઓછો પડ્યો હોય તેમ, એ પોતાના પહેરણની ચાળ વડે છાતી પર પવન ખાવા લાગ્યો.

જીવતી હતી ત્યારે બંધ કરેલા ઓરડામાં પણ જેને બા-બાપા સાંભળી જાય એ બીકે ગળું ખોલીને બોલાવી નહોતી, તેને આજ કાળ-સિંધુને સામે કાંઠે સંભળાય એટલી તીણી ચીસ પાડીને કિશોર પુકારી ઊઠ્યો કે "ચંદન! ઓ ચંદન! મેં તારું ખૂન કર્યું છે."



# અનંતની બહેન

**સ**વારની ગાડી બરોબર વખતસર આવી હતી. સ્ટેશનથી અનંત ઘેર આવી પહોંચ્યો ત્યારે શેરીની છેલ્લી સ્ત્રી ઉકરડા ઉપર ઝાડે ફરીને ઊઠતી હતી, અને તે પછી ત્યાં શેરીનાં ત્રણથી આઠ વર્ષનાં છોકરાંનું દિશાએ બેસવાનું શરૂ થઈ ચૂક્યું હતું. 'જગડૂ શેરી'ના આવા રોજિંદા સૂર્યોદયને મનમાં મનમાં વંદન કરીને અનંત પિતાના ઘરને પગથિયે ચડ્યો.

ઘર બરાબર ઉકરડાની સામે જ હતું. અંદર આંગણાની સાંકડી ભોંય ઉપર ભદ્રાબહેન જ પાણી છાંટીને રંગોળી પૂરી રહી હતી. સામે ઉકરડા પરનું ગંદું દૃશ્ય અનંતભાઈને ન દેખાય તે સારુ ભદ્રાએ તરત જ મોતી ભરેલા મોરલાવાળો પડદો બારણા આડો ટાંગી દીધો. અનંતે પૂછ્યું: "કેમ, ભદ્રા!"

ભદ્રાએ કોઈ ન સાંભળે તેમ વાક્ય સેરવી દીધું કે, "ભાઈ, વખતસર આવી પહોંચ્યા છો. હું ગૂંગળાઈ ગઈ છું. મને છોડાવી જજો, હો!"

"કોઈ તારો વાળ વાંકો કરી ન શકે." એટલું કહી અનંતે છાતી કાઢી, ખભા પરથી કૅમેરા ઉતાર્યો.

બે મહિના પર અનંત આંહીં આવેલો ત્યારે આ જગ્યાએથી ઉકરડો ટાળવા માટે એણે તુલસીનાં કૂંડાં મુકાવી, પાણી છંટકોરી શેરીનાં લોકોને સ્વીટ્ઝરલાંડની સ્વચ્છ, સુંદર પોળોનો સિનેમા બતાવેલો. જગડૂ શેરીના મૂળ મહાપુરુષ જગડૂશા શેઠનું મોટું ચિત્ર કરાવીને પણ ત્યાં પધરાવેલું. પણ લોકોએ આ બધું એટલી જ આસાનીથી ફેંકી દીધેલું; કેમકે લોકોને તુલસી-કૂંડાં, સિનેમા અને જગડૂશાના ચિત્ર કરતાં મ્યુનિસિપાલિટીના જાજરૂની વધુ જરૂર હતી. અને એને માટે જરૂર હતી એક તોપની: મ્યુનિસિપાલિટીને

રાજીખુશીથી જગ્યા ખુલ્લી ન કરી આપનારા શેઠિયાઓની આભે અડકતી અટારીઓ તોપખાના વિના ખસે તેમ નહોતું.

પણ આજે અનંત એક બીજા, વધુ ભયાનક બદબો મારી રહેલ, ઉકરડાને ચોખ્ખો કરવા આવ્યો હતો. જગડૂ શેરીની ખીચોખીચ ઊંચી ઇમારતોના ભીતરમાં વધુ ભીડાભીડ કરતી ઊભેલી બીજી અદૃશ્ય હવેલીઓ હતી એના ઉપર પણ અનંતે આજ લગી ફૂલ-રોપા જ ઢાંકેલા; એ બધા એળે ગયેલા. આજ એ અદૃશ્ય ઇમારતોને તોપે ઉરાડવા જ અનંત આવ્યો હતો. પોતાના બાપની જ કુલીનતાની હવેલી એને પહેલાં-પ્રથમ ભાંગવી હતી.

અનંત ઘરમાં ગયો. બા પથારીવશ હતાં, તેને પગે લાગ્યો; જુવાન વિધવા વહુ બાને બદલે દેવની પૂજા કરતી ટોકરી બજાવતી હતી, તેના સમાચાર પૂછ્યા. અનંતભાઈનો સ્નેહાર્દ્ર અવાજ સાંભળીને રસોડાના અંધારામાં બેઠેલી એ વિધવા વહુએ ઘીની દીવાની વાટ સંકોરી દીવો સતેજ કર્યો. દીવાના તેજમાં, પૂજા માટે પહેરેલી આછી કામળી સોંસરવું, એનું તાજું મૂંડાવેલ માથું અનંતની આંખોમાં તરવરી ઊઠ્યું. અનંત પહેલે માળ ચડ્યો; ત્યાં પોતાની ગાંડી થઈ ગયેલ ભાણેજ ઓરડામાં પુરાયેલી, ફાવે તેમ ગાતી હતી. ઉપલે માળે પિતાજી શ્રી શંકરાચાર્યની મોટી છબીને ચરણ-સ્પર્શ કરી રહ્યા હતા. મોં પરની કરડાકી છુપાવ્યા વિના અનંતે પણ પિતાનો ચરણસ્પર્શ લીધો. રજવાડાંના નોકરોની માફક અનંતની કેડ્યના મકોડા જ માતા-પિતાની સન્મુખ આવતાંની વારે આપોઆપ વળી જવા ટેવાઈ ગયેલા હતા. અનંત એવા વંદનમાં ઉચ્ચ સંસ્કાર કલ્પતો. સાદું 'જે-જે' એને બાંડું, તોછડું ને કલાવિહોણું લાગતું.

"આવ્યો, ભાઈ!" બાપુએ અનંતના શિર પર હાથ મૂકી કરચલિયાળા, સૂકા મોંએ કહ્યું: "તારો ભડકે બળતો કાગળ મળ્યો હતો. ચાલો આપણે વાતો કરી લઈએ." બન્ને બેઠા.

"મારા કાગળમાં તમે ભડકા ભાળ્યા, પણ તમારી આ ત્રીજા માળની શીતળ મેડીને તળિયે તો તપાસો! ખરી ઝાળો તો ત્યાં બળે છે. તમે આંહીં

જ્વાળામુખી ઉપર જ બેઠા છો.''

અનંતે આરંભ જ આવો ભપકાબંધ કરી દીધો; કેમકે એને ડર હતો કે કદાચ જરીક વાર થતાં બાપુની સમક્ષ પીગળી જવાશે, અને માંડમાંડ મોંએ કરેલાં વાક્યો ભૂલી જવાશે.

''તારી સાક્ષરી ને કવિત્વમય ભાષામાં મારા જેવા પેન્શન ખાનાર વસૂલાતી અમલદારને શું સમજાશે, ભાઈ! સીધું કહે: ભદ્રાને છ મહિનાને માટે ખૂણો પાળવા મોકલવી છે કે નહિ?''

''શા માટે? પાંચ વર્ષથી જેણે ભદ્રાને કાઢી મૂકી, વગોવી, મારી નાખવાની કોશિશો કરી એ ધણીનું ચૂડી-કર્મ કરવા? – એના ખાતર માથું મૂંડાવવા? ભદ્રાને હવે આજ નવેસર વિધવા બનવાનું શું હતું! પરણી તે પછી પાંચ મહિનાથી જ એ તો રંડાપો જ વેઠી રહી છે. ચોટલે ઢસરડીને કાઢી'તી: યાદ નથી?''

''ભાઈ!'' બાપુએ દીન સ્વરે કહ્યું: ''હું ને તારી બા હવે કાંઠે બેઠાં છીએ. આ ઉંમરે હવે ન્યાતનો ને સમાજનો તિરસ્કાર અમારાથી નહિ સહેવાય. છેલ્લી વારનું પતાવી દઈએ; પછી ભદ્રાને તું તેડી જા. તેં એને જે રંડાપો આજ સુધી પળાવ્યો છે, તેને હવે પૂરેપૂરો ઉજાળી લેવા દે.''

''હા; ભદ્રાના રંડાપાની આસપાસ મેં ખૂબ ભાવનાઓ ગૂંથ્યા કરી હતી, તે જ ભૂલ થઈ છે. મને લાગે છે કે કવિતાથી, ચિત્રોથી, ધૂપથી ને ફૂલોથી મેં બેનના જીવતા મોતને શણગાર્યું છે. મારે એ છોકરીને...''

અનંત જોતો હતો કે, બાપુના દિલના ટુકડા થઈ રહ્યા છે. એની જીભ થોથરાતી હતી; પણ એને તો મનમાં ગોઠવી રાખેલાં વાક્યો હિંમત રાખીને એકઝપાટે બોલી જવાં હતાં, એટલે આગળ ચલાવ્યું: ''ગીધડાં ને સમડીઓ હંમેશાં મુડદાને ચૂંથે છે: જીવતાંને ચૂંથનારાં માત્ર મનુષ્યો જ છે. ભદ્રાને એ પાપીએ શરીરની કઈકઈ જગ્યા ઉપર ધગધગતા ડામ ચાંપીને હંમેશાંની જીવતું મુડદું બનાવી છે, એ તમેય જાણો છો. જ્ઞાતિયે જાણે છે. એની કલ્પના-માત્રથી જ મારી બાના કેશ એક જ રાતમાં ધોળા બની ગયા હતા. એના મૃત્યુ પર આજ કઈ સગાઈએ ભદ્રા કેશ ઉતારે ને ચૂડીઓ

ભાંગે! એ રાણીગામમાં પગ જ શી રીતે દેશે! તમે માવતર ઊઠીને આજ ભદ્રાને જીવતી ચિતામાં કાં મોકલો છો? એ કરતાં ક્લોરોફોર્મ સુંઘાડી દો ને!"

બાપુ હસતા હતા. બાપુના ઊંડે ગયેલા ડોળાના ખાડામાંથી એ હાસ્ય રાફડાના ભોણમાંથી કોઈ સાપ જીભના લબરકા કરી રહ્યો હોય તેવું દેખાતું હતું.

"બીજું કાંઈ કહેવું છે, ભાઈ?" બાપુએ ભયંકર ખામોશીથી પૂછ્યું.

"કશું નહિ; ભદ્રાને તમે ત્યાં ઘસડશો, તો એના માથાનો ચોટલો કપાય તે પહેલાં હું મારું માથું કપાવીશ..."

સૂરતની કૉલેજનો પ્રોફેસર અનંત હજુ ગઈ કાલે જ ઇબ્સનનાં નાટકના વિદ્યાર્થીઓને ભાષણ આપીને ગાડીમાં બેઠેલો હતો, અને પોતાની સામે કૉલેજને દરવાજે સૂઈ રહેલી 'પિકેટર' સ્ત્રીઓનો જુસ્સો જોઈને આવતો હતો. એને જ્યારે મધુમતી નામની પિકેટર કન્યાએ 'હિચકારો' કહી શરમાવ્યો હતો, ત્યારે પોતે પોતાના અંતરાત્માની પ્રામાણિક માન્યતાનો આધાર લીધેલો કે, 'રાજકારણ મારું ક્ષેત્ર નથી: હું લડીશ સમાજની બદીઓ સામે.' આજ પોતે એ યુદ્ધ લડી રહ્યો હતો, અને સૂરત-કૉલેજને ફાટકે સૂતેલી મધુમતીને જાણે પોતે આંહીં બેઠો પડકારતો હતો કે, 'આમ જો! શું હું લડવાથી ડરતો હતો! નહિ નહિ: स्वे स्वे कर्मे...'

આ વખતે જ દાદર ઉપર કોઈ ધીમેધીમે હાંફતું ચડી રહ્યું હતું. એ અનંતનાં બા હતાં. આજારીની પથારીમાંથી ઊઠી મહાકષ્ટે બા ઉપર આવતાં હતાં. ભદ્રાના ખભાં પર એણે ટેકો લીધો હતો. ઉપર આવીને બા કઠણ બની બેઠાં. અનંતની સામે આંખો માંડી કહ્યું: "ભદ્રાની વાતનાં ચૂંથણાં ચૂંથો છો ને, ભાઈ!"

અનંતે બહેનની સામે મીટ માંડી. નાની-શી સુંદર નદીના ક્ષીણ પ્રવાહ જેવો એનો દુર્બળ દેહ જાણે કે વહેતો હતો. નદીનાં પાણીની માફક એ પ્રેત-શરીરનાં લોહી-માંસ પણ અદીઠ આગમાં સળગી, વરાળ થઈ ઊડી રહેલ હતાં. કાળી, મોટી આંખોની આસપાસ દાઝ્યો પડી ગઈ હતી. પણ

અનંતની નજર તો બહેનના કેશની બન્ને ગાલો પર ઝૂલતી કાળી ભમ્મર લટો ઉપર હતી. ભાઈ નાનો હતો ત્યારે એ અંબોડામાં કરેણનાં ફૂલ ભરતો, ને એ લટોમાં મોં છુપાવી ચંદ્ર-વાદળની રમત રમતો. અત્યારે ભાઈનો દેહ બહેનને ભેટી ન શકે; પણ અંદરનો પ્રાણ આંખો વાટે એ લટો પર ચડી, વડલાની ડાળે વાંદરું રમે તેમ, ઓળકોળાંબડે રમવા લાગ્યો. ત્યાં તો બાએ ફરીવાર પોરો ખાઈને અનંતને સંબોધી શરૂ કર્યું:

"ભાઈ! ચીંથરાં શીદને ફાડછ? આ શેરી ને આ નાત અમારી દુનિયાના છેડા ઠર્યા. હવે આ આંખો આઘેરું નહિ જોઈ શકે. અમારી બુદ્ધિને તાળાં દીધેલ સમજઃ અમને પેટનાં બાળ ભક્ષનારાં સમજ. બેનને આ ખોળામાં ધવરાવી છે. દૂધ પીતી કરી હોત તો દુઃખ નો'તું; પણ જીવતી રહી છે, એટલે એનો ચૂડો ને ચોટલો ઉતાર્યા વિના અમારે છૂટકો નથી."

"નીકર?" અનંતે બા સામે જોયા વગર પૂછ્યું.

"નીકર હું ને તારો બાપ અફીણ ઘોળશું. તમે સુખી થાજો, ભાઈ! આજ લગી તમે 'માતૃદેવો ભવ'ના ને 'પિતૃદેવો ભવ'ના જાપ જપ્યા; તમે આ માના ખોળા ખૂંદ્યા: આજ અમારું મોત બગાડવા ઊભા થયા છો, ખરું?"

એ જ વેળા બીજે માળેથી કોઈ ગાતું હતું કે –

*કરતા હોય સો કીજિયેં,*
*અવર ન કીજે, કગ્ગ!*
*માથું રહી જાય શેવાળમાં,*
*ને ઊંચા રહી જાય પગ.*

અનંતના વ્યવહારડાહ્યા મોટાભાઈનો એ અવાજ હતો. બહુ વખતસર એ દોહરાના સૂર નીકળતા હતા. 'માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ!'ના જૂના સંસ્કાર અનંતના આત્માની અંદર ગુંજવા લાગ્યા. અનંત બીજું જેટલું વ્યાખ્યાન ગોખીને લાવ્યો હતો, તે ભૂલી જવા લાગ્યો. બા બોલ્યાં:

"છેવટે તારે કરવું તો છે બેનનું ઘરઘરણું ને! બહુ સારું; ખુશીથી; અમારા પંડ્ય પડ્યા પછી મનધાર્યું કરજો. પણ અમે બેઠાં તો ધરમને નહિ જવા દઈએ, ભાઈ!"

બાપુ વચ્ચે આવ્યા: "તમે એમ ગરમ શીદ બનો છો? હું ભાઈને સમજાવું: જો, ભાઈ: તારું શું ચાલવાનું? આ ભદ્રા તો ગરીબ ગાય છે. આપણા ન્યાત-પટેલો એના ભવાડા કરશે; એની બદબોઈ કરી એને જીવતી મારી નાખશે: તે કરતાં અમારો માર્ગ શું ભૂંડો છે? તું સાથે આવીશ તો તારી શેહમાં દબાઈને એનાં સાસરિયાં એને પીડતાં અટકશે. સહુની આબરૂ રહેશે. પછી તું ને તારી બેન મનનું ધાર્યું બધુંયે કરી શકશો."

અનંતનો દારૂગોળો ખલાસ થઈ ગયો. જે માતાને ખોળે બેસી એણે ધાવણ ધાવેલું, વાર્તાઓ સાંભળેલી, ધગધગતા તાવથી તપતું શરીર ઢાળેલું, તે માની છેલ્લી – છેલ્લામાં છેલ્લી – માગણી અનંતને મન પરમ પવિત્ર બની ગઈ. ભદ્રાનો ભોગ અપાઈ ગયા પછી પોતે એક મહાન ક્રાંતિકાર બની શકશે, એ એનું આશ્વાસન હતું.

"ત્યારે જો, બેટા," બાપુએ આખો કાર્યક્રમ રજૂ કર્યો: "બેનનું ચૂડી-કર્મ તો આંહીં આપણને મરણના ખબર મળે કે તરત જ કરી લેવું જોઈએ. પણ ભદ્રા તો હઠે ભરાયેલી, તારા આવ્યા વગર એ માનવાની જ નહોતી, એટલે હવે અત્યારે જ કરી નાખીએ: એક ચૂડલી ભાંગવામાં શી વાર છે!"

અનંતની કલ્પનામાં ભદ્રાના કાંડાનાં કંકણ 'કડડ! કડડ! કડડ!' બોલતાં સંભળાયાં. એ કડકડાટમાં અનંતે સ્વરો ગુંજતા સાંભળ્યા કે, 'માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ!' પિતાએ આગળ ચલાવ્યું:

"પછી આજ રાતે ગાડીએ બેસીએ. વચ્ચે લીંબડી, વઢવાણ, લખતર ને વીરમગામથી આપણા ધનશંકર, નરહરિ, હરિહર વગેરે કાણિયાઓ એની વહુઓ સાથે ભેળા થશે. સવારે નાની ગાડી બદલશું. સમાણા સ્ટેશને ઊતરી ગાડું કરી લેશું. તું ને હું આગળ જઈને ત્રિપુરાશંકરની માફામાફી કરી લેશું; કેમકે ગામમાં એણે ગુંડાઓ તૈયાર રાખીને ભદ્રાની ઉપર વેર વાળવાની પેરવી કરી છે. કોઈ રીતે હાથે-પગે લાગી, બારમા સુધી રોકાઈ બેનના માથાનું ક્ષૌર-કર્મ થઈ જાય એટલે આપણે ચાલ્યા આવશું. બેન પાંચેક મહિનાનો ખૂણો પાળી લેશે, એટલે તેડી લાવશું. પછી તું ઠીક પડે તેમ

કરવા મુખત્યાર છે, ભાઈ!''

સહુને આ વિગતો વાજબી લાગી. અનંત નિરાંતે નહાયો, ત્યાં નીચે બાએ શેરીની બાઈઓને એકઠી કરીને ભદ્રાનો ચૂડો ભાંગવાની પહેલી ક્રિયા પતાવી પણ લીધી. સગાંવહાલાં ને જ્ઞાતિજનો આ સમાચારથી રોષ ઓછો કરી શક્યાં. અનંતના સ્નેહીઓએ પણ એનામાં આ ઓચિંતી ખીલી નીકળેલી સમાધાન-વૃત્તિ વખાણી.

[2]

સાંજે સંજવારી કાઢવાને બહાને ભદ્રા અગાસી પર ચડી છે. સૂર્યનાં ઢળતાં કિરણો પ્રતાપગઢની દરિયા-ખાડીમાં ખૂતતાં-ખૂતતાં ચાલ્યાં જાય છે. તે રીતે ભદ્રાના છેલ્લા મનોભાવો પણ જીવતરની ખાડીના કૈં કૈં કીચડમાં ભમે છે... આજથી આઠ જ મહિના પહેલાં ત્રવાડી-ફળિયાની રંડવાળ છોકરી રેવા એક બંગડી વેચનાર જુવાન મુસલમાન જોડે ભાગી ગઈ છે ને, સાંભળવા પ્રમાણે, લખનૌના મહબૂબ મહોલ્લામાં 'ગુલબીબી'ને નામે લીલાલહેર કરે છે... બીજી એક પતિની તજી દીધેલી પચીસ વર્ષની શ્રીમાળણ કાશી ગાંડી થઈને તળાવને કાંઠે ફરતી ફરતી એ તજનાર ધણીનાં ગાણાં ગાય છે... ત્રીજી સુનંદાઃ બાળ રંડવાળ્યઃ એનો સુધરેલો મામો સાસરિયાંને ઘેર જઈ, ભાણીનું માથું મૂડતા હતા તેમાંથી જોરાવરીએ લાવ્યો; જલંધરમાં ભણાવી ગણાવી હુશિયાર કરાવી દીધીઃ એણે હમણાં જ દાક્તર ઇન્દ્રજીત ત્રવાડીના દીકરા બળવંતને મોહિની છાંટી, બળવંતનું ઘર ભંગાવી, બળવંતની જુવાન રૂપાળી બાયડીને બોરબોર આંસુડાં પાડતી દીકરાસોતી ઘરબહાર કઢાવી છે ને પોતે પ્રેમ-લગ્ન કરી બેઠી છે... આ બધા બનાવોએ ભદ્રાના અંતરમાં ઊંડા પ્રશ્નો ઉઠાડ્યાઃ હું ક્યાં જઈ રહી છું? મારે કપાળે શું માંડ્યું છે? મારું કોણ? ગાંડી થઈ જઈશ તો?

પાણીમાંથી નીકળવા ફાંફાં મારતું ઢોર જેમ ભેખડ ઉપર પગ ઠેરવવા મથે, તેમ ભદ્રાનું મન એના વિચારો ઠેરવતું હતું. રાતના દસે ઊપડતી ગાડીમાં તો પોતાના માથાની વેણી અને કાંડાંની ચૂડીના કટકા લઈ સ્વર્ગે

સંચરેલા સ્વામીનાથને અર્પણ કરવા જવાનું છે. અંધારું થયું, એટલે એની યાદદાસ્ત ઢૂકડા-ઢૂકડા કયા કયા ને કેટલા કેટલા ઊંડા કૂવાઓ છે તેની ગોત કરવા લાગી. પછી એણે અગાશીની પાળ પરથી નીચે બજારમાં નજર કરી. આંખે તમ્મર આવ્યાં. મન બોલ્યું: 'આ જ ઠીક નથી?'

એ વખતે થોડે દૂર નેહરુ ચોકમાંથી કાંઈક અવાજો આવ્યા: 'ઝંડા ઊંચા રહે હમારા'નું જોશીલું ગીત: ફટકા અને લાઠીઓની ફડાફડી: ઘોડેસવારોની ને તોપખાનાની દોડાદોડ. કાંઈક તુમુલ કાંડ જામ્યો છે. જગડૂ શેરીના શ્રીમંતો દુકાનો વધાવી લઈ મકાનોમાં પેસી રહેલ છે. એક આગેવાન પોળવાસી ગભરાટભર્યો શેરીમાં ઘેરઘેર જઈને કહી રહેલ છે કે, "મામલો વીફર્યો છે, ભાઈઓ! નવરોજીના પીઠા પાસે બાઈઓના ચોટલા ઝાલીને સોલ્જરો ભોંય ઉપર ખેંચે છે, ચત્તીપાટ પછાડીપછાડીને બંદૂકને કૂંદે-કૂંદે ગૂંદે છે, ને કહે છે કે ગયે વખતે તો જેલમાં બાયડીઓની બંગડીઓ જ ભાંગતા, પણ આ વખતે તો ચોટલા મૂંડવાના છે. જોજો, ભાઈઓ, ચેતજો! જહાનમમાં જાય એ સ્વરાજ ને એ ગાં..."

ટપોટપ જગડૂ શેરીનાં ઘરો બંધ થયાં. પાડોશીઓ આ તોફાન જોવા માટે ભદ્રાના ઘરની અગાશીએ ચડ્યાં, ને એ ભીડાભીડમાં ભદ્રા બહારના દાદરેથી નીચે ઊતરી ગઈ. બહાર નીકળી મકાનને ખૂણે અંધારામાં એક જ પળ ઊભી રહી.

કોઈકોઈ વાર એક યુગ કરતાં એક પળની શક્તિ વધારે હોય છે. એવી પળ એટલે કાળની બંદૂકમાં ઠાંસી-ઠાંસીને ધરબેલી દારૂગોળી.

વંટોળિયાની ગતિથી ભદ્રા નેહરુ ચોક તરફ ચાલી ગઈ. એના અંગમાં ને અંતરમાં કોઈક અજાણ્યું બળ ફાટફાટ થતું હતું. પહોંચી ગઈ, અને લાકડીઓની ફડાફડીમાં કોણ જાણે ક્યાં ગાયેબ થઈ.

બે જ કલાકમાં પાછી શાંતિ છવાઈ. જગડૂ શેરીના લખપતિ શેઠિયાઓ ઘરની બહાર નીકળીને ખોંખારો ખાઈ વાતો કરવા લાગ્યા કે "આપણી શેરી તો પટારા જેવી છે પટારા જેવી! આપણું જૂથ કેવું જબ્બર

અને એકલો'યું! આંહીં કોઈ ગાંધીનું માણસ ન ઢૂંકે, ન કોઈ મસલમાન ફરકે, કે ન કોઈ પોલીસ આપણું નામ લ્યે. આપણે ભલા, ને આપણો ધરમ ભલો! આપણી બાયડિયુંને ભોળવીને આ ધતિંગમાં ભેળવવા કયો બચ્ચો આંહીં ફાવવાનો હતો!" વગેરે વગેરે ચર્ચા કરતા લોકો હાથમાં ઝાલેલા ડંગોરા પછાડીપછાડી ભસતાં કૂતરાંને વધુ ઉશ્કેરતા હતા. ફરીવાર પાછી એ ઉકરડા ઉપર શૌચ કરતી સ્ત્રીઓની પંગત શરૂ થઈ ગઈ હતી, અને ઉપલે માળે ઊભેલો અનંત બબડતો હતો કે "આંહીં તોપ માંડવી જોઈએ – તોપ!"

તે વેળા ઘોડાગાડીવાળો હાજર થયો. અનંત અને બાપુ નીચે ઊતર્યા. બાપુએ બાને કહ્યું: "ચાલો, બેન તૈયાર છે ને?"

"બેન તો ઉપર હતી ને?"

"ના, ક્યારે? જુઓ તો!"

સાદ પાડ્યા. સહુ દોડીને ત્રણેય માળ ફરી વળ્યાં. મોટાભાઈએ તો મેડાનું કાતરિયું પણ તપાસ્યું.

"બેન ક્યાં?"

એ આખી રાત અનંતે અને બાપુએ આસપાસના છ-સાત કૂવાઓ ઉપર પેટ્રોમેક્સ-બત્તીઓ બાળી, અંદર મીંદડીઓ નંખાવી પાણી ડોળી જોયાં. શ્રીમાળીની ન્યાતમાં ઘેર-ઘેર વાતો ચાલી કે "રાંડ ભાગી ગઈ! ઠીક થયું! બહુ ઉફાંદ કાંઈ સારી છે, બાપુ!"

[3]

સવારના અગિયાર બજે જેલ પર મુલાકાતો શરૂ થઈ હતી. ઓરતોની બુરાકમાં મુકાદમની બૂમ પડી કે "બાઈ ભદ્રાની મુલાકાત!" એક ઘંટી દળાતી હતી, તે અટકી ગઈ. કપાળ અને હાથ ઉપર પાટા વીંટાળેલી ભદ્રાને ધક્કા મારતી ઓરત-મુકાદમ મરિયમ જેલને દરવાજે લઈ આવી. બાપુ અને ભાઈ ભદ્રાની મુલાકાતે આવ્યા છે.

"જેલર સાહેબ!" ભદ્રાએ પૂરા તોરથી, વિજયના આનંદે ફૂલી ઊઠતા

કંઠનો અવાજ કાઢ્યો: "હું એક મહેરબાની માગું છું. આ એક પડીકું મારા સગાને સુપરત કરવાની રજા આપો. બદલામાં હું બે મણ વધુ જુવાર પીસી દઈશ."

"ઇમેં ક્યા હૈ? ખોલો!" ગોરા જેલરે હોકલીના ગોટેગોટ ધુમાડા કાઢતાં-કાઢતાં એની હિન્દી-ગુજરાતીમાં કહ્યું.

પડીકું ખોલાયું: એક વાંભ જેટલો લાંબો, ઘનશ્યામ-રંગી સુંવાળો ચોટલો હતો.

"બાપુ! ભાઈ! લ્યો: આજે રાતે જ ગાડીએ ચડજો, ને આ મારા સૌભાગ્યના શણગાર જ્યાં મૂકવા હોય ત્યાં મૂકી આવજો."

અનંતે એ ચોકડીવાળી સાડીમાં ઢંકાયેલું ભદ્રાનું મૂંડેલું માથું નિહાળ્યું. એના વાનર-હૃદયને ઓળકોળાંબડે રમવાના બાળ-દિનો યાદ આવી ગયા. લટો વિનાની બહેન એનાથી કલ્પાઈ નહિ.

પણ આ એક જ રાતમાં ભદ્રાની આંખો ફરતી કાળી દાઝ્યો ક્યાં ઊડી ગઈ? એના ડોળામાં આ દીપ્તિ ક્યાંથી? એના જખમી હાથો કયા જોમે છલકાય છે? ભાઈ-બાપની પાસે ઊંચી નજર પણ ન કરનાર આ કંગાળ બ્રાહ્મણ-કન્યા આજે પહાડ જેવડા કદાવર અને ગોધા જેવા કરડા જેલર સાથે તડાકા ક્યાંથી કરે છે?

"લ્યો, બાપુ! ભાઈ! હું રજા લઉં છું. તમને સહુને હવે સંતોષ થવો જ જોઈએ. તફાવત હોય તો એટલો જ કે આ દેહ અને આ ચોટલો મેં બીજાં કોઈને દેવા કરતાં આ જન્મભૂમિને દીધાં – કે જે, કાંઈ નહિ તો, છેલ્લે સાડાત્રણ હાથ જમીન તો આપશે!"

બાપુએ નીચે જોયું.

"– ને, બાપુ! આંહીં જ્ઞાતિ નથી; સધવા-વિધવા કે તજાયેલીના ભેદ નથી; કંકુ નથી, ચૂડી નથી, ચોટલા નથી. વાઘરણોની સાથે આંહીં રહું છું ને ખાઉં છું, પીઉં છું, હો! આંહીં તો લીલાલહેર છે."

મરિયમ મુકાદમના ધક્કા ખાતી એ જુવાન બ્રાહ્મણી કોઈ મસ્ત

આનંદે મલકતી અદૃશ્ય થઈ. જીવતરમાં કાંઈક કરી નાખ્યાનો – સમુદ્રની બહોળી છોળોમાં નહાયાનો – એ આનંદ હતો.

હાય! પટારા જેવી જગડૂ શેરી, તિજોરી જેવી શ્રીમાળી બ્રાહ્મણની જ્ઞાતિ, અને પ્રતાપગઢના માજી વસૂલાતી અધિકારીનું આદ્ય ખોરડું એ ત્રણેયમાં એકાએક આ ગાબડું પાડનારી તોપ ક્યાંથી મંડાઈ ગઈ! એ વિચાર કરતો પ્રોફેસર અનંત પાછો સૂરત જઈ કૉલેજિયનોની સામે ઇબ્સન ઉપર ભાષણ દેવા લાગ્યો.

રોજ દરવાજે દાખલ થતાં કોઈ કહેતું: "હિચકારો!"

એ તો પેલી વંઠેલી પિકેટર મધુમતી!

# સદાશિવ ટપાલી

"**થા**વા જ દઉં નહિ ને! પાટે ચડવા જ દઉં નહિ ને! ભલેને દીકરો ફાવે તેટલા દાવ ફેંકી લ્યે!"

આટલું બોલીને ભવાનીશંકરકાકાએ પોતાની ડાબી હથેળીમાં ચૂનો મિલાવેલી તમાકુ ઉપર એક, બે ને ત્રણ થાપટ મારી લીધી. તાળોટાના રણકાર સારા બોલ્યા.

"જોયું! મારી તાળી પણ સાક્ષી પૂરે છે!" એટલું કહી, નીચલો હોઠ જમણા હાથથી લાંબો કરી તેના પોલાણમાં કાકાએ ફાકડો પૂરી દીધો. અમરસંગની કટારી જેવી એની કતરાતી નજર તે વખતે ટપાલ નાખીને ચાલ્યા જતા સદાશિવ ટપાલીની લોહી-છલકતી પીઠ પાછળ દોડી જતી હતી. અત્યારે જો કલિયુગ ન હોત તો ભવાનીશંકરકાકાની એ દૃષ્ટિ તીણું ત્રિશૂળ બની જાત અને સદાશિવના ભરાવદાર બરડામાંથી આરપાર નીકળત. જમના શુક્લાણીના એ મજૂરી કરનાર અભણ દીકરાનો બરડો એટલો બધો આકર્ષક હતો.

લોટ માગવાનો વ્યવસાય મોળો પડ્યો હતો. મોરુકા વખતની કણબણો ખોબા ભરીને લોટ દેતી, તે હવે રાંધણિયામાંથી જ 'હાથ એઠા છે, મા'રાજ!' કહીને શુક્લોને વિદાય દેતી. જાત-મહેનતના ધંધામાં હીણપ લાગતી, એટલે ભવાનીશંકરકાકાની ડેલીએ શુક્લ–ન્યાતના નવરા બ્રહ્મપુત્રોનો અખાડો ભરચક રહેતો. એ મંડળમાં અત્યારે સદાશિવ ટપાલીની ચર્ચા મંડાઈ.

"ભવાનીકાકા! ઘર બંધાવા દ્યોને બાપડાનું! બિલાડાની જેમ 'વઉ! વઉ!' કરી રહેલ છે!"

"એમ કાંઈ ઘર બંધાશે! મોટો ભાઈ કુંવારો મૂઓ, તેનાં લીલ પરણાવ્યાં નથી, બાપનું કારજ કર્યું નથી. અરે, પોતેય જનોઈના ત્રાગડા વાઘરીની જેમ પે'રી લીધા છે. આટલી પેઢીથી ન્યાતનાં ભોજન ઊભે ગળે ખાધાં છે, અને હવે ખવરાવવામાં ઝાટકા શેના વાગે છે!"

"બાપના વખતનું કંઈ ઘરમાં ખરું કે નહિ, ભવાનીકાકા?"

"ખોરડું છે ને! શીદ નથી વેચતો?"

"પણ પછી એને રે'વું ક્યાં?"

"એને શું છે! વાંઢો છે. આપણા ખડવાળા ઓરડાની ઓસરીને ખૂણે ભલેને રોજનાં બે દડબાં ટીપી લ્યે; કોણ ના પાડે છે?"

"પણ અત્યારે કોણ એ ખોરડાનાં નાણાં દેતું'તું?"

"ન્યાતનું મોં મીઠું થતું હોય, ન્યાતનો ધારો સચવાતો હોય ને એનું પણ સારું થતું હોય તો હું રાખી લઉં."

"હા! ભવાનીકાકાને હવે વધુ ખોરડાની જરૂર પડશે. દીકરા મોટા: જુવાન દીકરી ઘરમાં: પોતાનું ત્રીજી વારનું પરણેતર... વસ્તાર તો વધે જ ના!"

"ભવાનીકાકાને સળંગ ઓસરીએ એના બે શીરાબંધ ઓરડા ઊતરે હો!"

"મારે તો ઠીક, સાંકડ્યેમોકડ્યે ચલાવી લેવાય. પણ આ તો ન્યાતનું ભૂષણ નથી રે'તું: ન્યાતનો ધારો તૂટે છે, શુક્લ બામણનાં બસો કુટુંબોનાં મોઢાંમાંથી મીઠો કોળિયો જાય છે."

એ વખતે જ ભવાનીશંકરકાકાની પંદર વર્ષની કિશોર દીકરી મંગળા પાણીનું બેડું ભરીને ડેલીમાં થઈ ઓરડે ચાલી ગઈ. મંગળાની હેલ્ય ઉપર કાગડો બેસે એ રીતે ઊડી-ઊડીને બ્રાહ્મણોનાં હૈયાં એ રૂપ ઉપર રમવા લાગ્યાં. કોઈ ટીખળીએ કહ્યું: "કાકા! સદાશિવને જમાઈ જ ન કરી લેવાય?"

"નરહરિશંકર!" કાકા કોચવાઈ ગયા: "કાગડાને મોતીના ચારા નીરનાર હું ગમાર નથી. હું અંબાજીનો ઉપાસક દ્વિજ-પુત્ર છું. દ્વિજોનો પણ

56631


શુક્લ છું. એથી તો દીકરીને દૂધ પીતી કરીશ, પણ કઠેકાણે કેમ નાખીશ?''

જ્ઞાતિનાં ગૌરવ જ્યારે આ પ્રમાણે ચર્ચાઈ રહ્યાં હતાં, ત્યારે સદાશિવ ટપાલીના પેશીદાર, લઠ્ઠ પગ ગામને બીજે છેડે સોંસરા નીકળી ચૂક્યા હતા. ''દાક્તર સાહે...બ', 'ફોજદાર સાહે...બ', 'હીરાચંદ પાનાચંદ', 'સપાઈ દાદુ અભરામ', 'પગી ઝીણિયા કાળા' અને 'મેતર માલિયા ખસ્તા' એવા સિંહનાદે એક પછી એક શેરીને અને ફળીને ચમકાવતો, ઘરેઘર કાગળ ફેંકતો સદાશિવ સડેડાટ, કોઈની સાથે વાતો કરવા થોભ્યા વિના કે ગતિમાં ફેર પાડ્યા વિના, ગાંડાની માફક ચાલતો હતો. આડુંઅવળું જોવાની એને ટેવ નહોતી. એક તો જાતનો શુક્લ, અને પાછો અભણ, એટલે તોછડો તો ખરો. ખુદ નગરશેઠ પૂછે કે 'મારો કાગળ છે?' તો જવાબમાં 'ના જી'ને બદલે એકલી 'ના' જ કહેવાની સદાશિવિયાની તોછડાઈને કારણે નગરશેઠે પોસ્ટખાતાને ફરિયાદ કરી હતી. 'નૉટ-પેઇડ' થયેલું પરબીડિયું છાનું વાંચવા દઈને પાછું લઈ જવાની એણે ના પાડેલી, તેથી મ્યુનિસિપાલિટીના નવા 'કાઉન્સિલર' જમિયતરામભાઈનો એ ગમારે ખોફ વહોરેલો. પરિણામે એના ખોરડાને એક બારી મૂકવાની પરવાનગી જોઈતી હતી તે નહોતી મળી.

પણ સદાશિવ ટપાલીનો કોળીવાડાને, કુંભારવાડાને તેમ જ ઢેઢવાડાને ભારી સંતોષ હતો. ઘર-ધણી ઘેર ન હોય તો એનો કાગળ પોતે પૂરી કાળજીથી ઘરના બારણાની તડમાંથી સેરવી આવતો. ઢેઢવાડાના કાગળો એ ઠેઠ રામદેવ પીરના ઘોડાની દેરી સુધી જઈને આપી આવતો. માલિયા ઝાંપડાનું રજિસ્ટર આવેલું, તેની પહોંચ પોતે છાંટ લીધા વગર જ લઈ લીધેલી. અને ગલાલ ડોશી કહેતાં કે, ''મારા દીકરાનું મનીઆડર આવેલું તે દિ' હું ખેતર ગઈ'તી તે સદાશિવ બાપડો દિ' આથમતાં સુધીમાં ત્રણ આંટા ખાઈને પણ તે દિ' ને તે દિ' પૈસા પોગાડ્યે રિયો'તો. તે દિ' જો મને નાણાં ન મળ્યાં હોત ને, તો તળશી શેઠ ઉધાર માંડીને બાજરો આપવાનો નો'તો!''

ને, તે સાચે જ શું સદાશિવ રૂપાળો હતો? હા; એની સચોટ સાક્ષી જો'તી હોય તો પૂછો ભવાનીશંકરકાકાની જુવાન દીકરી મંગળાને. પણ

ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલય
ગુજરાતી સાહિત્ય પરિષદ



ના, ના; મંગળાને એમાં શું પૂછવું છે? બ્રાહ્મણ માબાપનું કિશોરબાળ પૂછ્યે જવાબ પણ શો આપવાનું હતું! પોસ્ટ-ઑફિસ સામેની ટાંકીએ મંગળા પાણી ભરવા જતી, ત્યારે સદાશિવ એને બેડું ચડાવવા આવતો ખરો; પણ એ કદી હસ્યોય નહોતો, મંગળાની સામે ટીકતોય નહોતો; બની શકે તેટલો છેટો રહીને બેડું ચડાવતો. ગામની મેમણિયાણીઓ આડાં બેડાં નાખીને જોરાવરીથી મંગળાનો વારો ટાળતી, ત્યારે સદાશિવ ખડે પગે ઊભો રહીને મંગળાને રક્ષણ દેતો. પણ એ કાંઈ પ્રેમ કહેવાય! પ્રેમ શું એવો મૂઢ હોય! પ્રેમની તો અદ્ભુતતા હોવી જોઈએ ને!

મંગળા તો ગામની કન્યાશાળામાં પાંચ ગુજરાતી ભણી હતી. દાક્તરે દીકરીઓને અંગ્રેજી શીખવવા ઘેર એક માસ્તર રાખ્યો હતો. ત્યાં જઈને અંગ્રેજી ભણવા માટે પણ મંગળાએ મન કરેલું. પણ ભવાનીશંકરકાકા તો શુક્લની દીકરી અર્ધે માથે અને ખસી ગયેલે ઓઢણે 'વંઠેલ' ભાષા ભણવા બેસે તે કલ્પનામાત્રથી જ કંપી ઊઠેલા. પાંચ ચોપડી ગુજરાતી પૂરી કરાવી હતી, અને કન્યા શાળાના મેળાવડાઓમાં ગીત–ગરબા તેમ જ સંવાદોમાં પાઠ લેવા દીધેલા, તે તો કોઈ સારો મૂરતિયો મેળવવાના હેતુથી. કોઈ દરબારી કે સરકારી અમલદાર મળી જાય, તો મંગળાને પણ ભયોભયો: પોતાનો પણ વશીલો: દીકરાઓને કન્ટ્રાક્ટનાં બહોળાં કામકાજ હાથમાં આવે... એ બધું એમની ગણતરી બહાર નહોતું.

[2]

શુદ્ધ શુક્લ-ઓલાદના એ બ્રહ્મપુત્રની આશા બરોબર ફળી: ઇડર રાજના 'પબ્લિક પ્રોસિક્યૂટર' રાંડ્યાં. ઉંમર વર્ષ પિસ્તાલીસથી વધારે નહોતી. એની ખાતરી જોઈતી હોય તો પ્રોસિક્યૂટર સાહેબનું નિશાળે બેઠા તે દિવસનું સાર્ટિફિકેટ તેમણે મેળવ્યું હતું. પણ ભવાનીશંકરકાકાને એ ખાતરીની ક્યાં જરૂર હતી? મુરતિયાને આગલી બે વહુઓનાં પાંચ બચ્ચાં હતાં ખરાં, પણ તે તો મોસાળ જઈ રહેવાનાં હતાં. ટૂંકામાં, પ્રોસિક્યૂટર પચાસ માણસોની જાન લઈને એક દિવસ આવ્યા. ઇડરના ઠાકોર સાહેબ ખુદ ટીકાબાપુ ખાસ સ્પેશ્યલ ગાડી લઈને એક કલાક માટે પ્રોસિક્યૂટરની

જાનમાં આવ્યા, તે બનાવે તો આખા ગામને હેરત પમાડી દીધી. ધર્મરાજ યુધિષ્ઠિરના રથની માફક ભવાનીશંકરકાકા પણ તે ઘડીથી ધરતીથી એક વેંત અધ્ધર ચાલતા થયા. પ્રોસિક્યૂટરે ચોરાસી જમાડી, તેની તો એઠ્ય જ એટલી બધી વધી પડી કે ગામના બન્ને ઢેઢવાડા ધરાયા ને મોટેમોટે ચાળીસ ઘેર પિરસણાં પહોંચ્યાં. ઈડર રાજનું દરબારી બૅન્ડ આવીને ગામને ચાર-ચાર દિવસ સુધી જલસા કરાવી ગયું, એ તો અવધિ થઈ ગઈ.

આવી જાહોજલાલીથી પરણી ઊતરેલી પંદર વર્ષની ઉગ્રભાગી મંગળા ઈડર રાજ્યના પ્રોસિક્યૂટરની અર્ધાંગના બની. 'અર્ધાંગના' શબ્દ આંહીં અલંકારમાં કે કટાક્ષમાં નથી વાપરેલો. સોગંદ પર કહી શકાય કે વરરાજાનો બેઠી દડીનો, ચરબીવંત દેહ મંગળાના શરીરથી બેવડો મોટો હતો. ઈડર રાજના પ્રોસિક્યૂટરની પડખોપડખ બેઠેલી બહેન મંગળા એના પિતા ભવાનીશંકર પંડ્યાને તો બરોબર કોઈ ઘટાદાર આમ્ર-વૃક્ષને વળુંભતી માધવી-લતા સમાણી લાગી હતી. પણ આ તો આડા ઊતરી જવાયું. કહેવાનું એ હતું કે, બહેન મંગળા પરણીને સિધાવી તેના વળતા સવારથી જ સદાશિવ ટપાલી ઘેર રોટલો ટીપવા આવતો બંધ થયો હતો. પોસ્ટ-ઑફિસ સામે એક બગીચો હતો, તેના બાંકડા ઉપર બેસીને બે-ચાર પૈસાનાં ભજિયાં કે ગાંઠિયા ખાઈને ફુવારાના નળનું પાણી પી લેતો.

વાણિયાની દુકાનનાં ભજિયાં-ગાંઠિયા ખાઈને સદાશિવ ટપાલીએ બ્રાહ્મણ જેવો પવિત્ર દેહ વટલાવ્યો હતો, એનું એક કારણ કહેતાં ભૂલી જવાયું છે. જે દિવસ મંગળાના વિવાહની ચોરાસી જમી, તે દિવસે એ પણ એના દાદાની વેળાનું જાળવી રાખેલું સહેજ જળી ગયેલું રેશમી પીતામ્બર પહેરી, પટારામાંથી કાઢીને ખંતથી માંજેલો જસતનો ચકચકિત લોટો લઈ ચોટલી ઓળી, ખાસું ચાર ઇંચનું ત્રણ-પાંખિયાળું ત્રિપુંડ તાણી જમવા ગયો. પણ પંગતમાં બેસવા ગયો ત્યારે એને દરેક તડાએ 'આંહીં નહીં... આંહીં જગ્યા નથી...' કહીને તારવેલો, ટલ્લે ચડાવેલો. ચોરાસીની ન્યાતમાં તે દિવસ સદાશિવ ટપાલીની દશા દ્રૌપદી-સ્વયંવરમાંના દાસી-પુત્ર કર્ણના જેવી થઈ હતી. દાઝમાં ને દાઝમાં ગમારે બોલી માર્યું કે "શું હું શુક્લ બ્રાહ્મણ નથી ?"

એ વખતે કોઈકે અવાજ કર્યો: ''વાં....ઢો! ત્રીસ વરસનો ઢાં...ઢો!''

કોઈ શિકારી શ્વાનના જૂથને સિસકારે તેવી મજાની આ શબ્દોની અસર થઈ હતી: ખિખિયાટી અને હસાહસ ચાલ્યાં હતાં. કોપાગ્નિમાં સળગતા સદાશિવે જવાબમાં હૈયે હતું તે હોઠે લાવીને બોલી નાખ્યું કે ''વાંઢો-વાંઢો કરતા લાજતા નથી? શા સારુ પારકાને તેડાવીને દીકરિયું દઈ દિયો છો? શું અમે મજૂરી કરીનેય બાયડીનાં પેટ પૂરતા નથી? શું અમને બાયડી વા'લી નથી? શા સારુ પારકાને –''

એ જ વખતે કાકો ભવાનીશંકર શુક્લ આ રંગભૂમિ પર દેખાયા. એણે સદાશિવની બોચી ઝાલી આટલું જ કહ્યું: ''હું સમજું છું તારા પેટનું પાપ. જા! બાપનું કારજ કર્યા પછી જ પંગતમાં બેસવા આવજે!''

સદાશિવ ટપાલી ઘેર ચાલ્યો ગયો. પછી એ આખા બનાવમાંથી ફક્ત એક જ બિના એ વારેવારે સંભારતો, ને મનમાં ને મનમાં બબડતો કે, 'તે વખતે બાઈઓની પંગતમાં મંગળા બેઠી'તી ખરી? એણે ખિખિયાટા કર્યા'તા ખરા? આજ બે વરસે હું શા સાટુ નીમ તોડીને ન્યાતમાં ગયો? મંગળાને છેલ્લી વાર જોઈ લેવાનો મોહ કેમ ન છોડ્યો? એ ત્યાં બેઠી હતી ખરી? એ હસી હશે ખરી? એના દેખતાં જ શું આ ફજેતી થઈ?'

તે દિવસથી સદાશિવ ઉઘાડેછોગ વાણિયાનાં ભજિયાં ખાઈને ન્યાત ઉપર દાઝ કાઢતો હતો.

[3]

ભવાનીકાકાની ચાલુ ખણખોદથી કંટાળીને સદાશિવે પોતાની બદલી હલકારામાં કરાવી છે. અધમણનો થેલો ઉપાડીને નદી-કાંઠાનાં સાત ગામડાંની ફેરણી કરવા રોજે-રોજ ચાલી નીકળે છે. નદીનો પ્રવાહ એનો રોજનો સાથી બન્યો છે. બન્ને એકલા છે: બન્ને મૂંગા છે: બન્નેને તાપમાં તપતાંતપતાં, બસ, કેવળ પંથ જ કરવાનો હતો. એકના શરીર ઉપર તારાઓના, વાદળીઓના અને વૃક્ષોના પડછાયા પડતા હતા; અને બીજાના માથા પર અનેક માનવીઓનાં સુખ-દુઃખની છૂપી-અછૂપી કથાઓનો ભાર પડતો આવતો હતો. પણ નદીના પ્રવાહને જેમ સૂર્ય કે સંધ્યા પોતાના

અઢળક રંગ-તેજનું એક ટીપુંયે નહોતાં દેતાં, તેમ સદાશિવના હૈયાને પણ એ થેલી માંહેલા કાગળો એક લાગણી, ધબકાર, એક નિશ્વાસ પણ નહોતા દેતા. બન્નેનું જીવતર વેરાનમાં વહેતું. રેણુ નદી દરિયે પહોંચ્યા પહેલાં જ ખારાપાટમાં ફોળાઈ-શોષાઈ જતીઃ સદાશિવનું જીવન-વહેણ પણ એકલતાની ધરતીમાં ઊતરીને વરાળ બની જતું. પારકાના અધમણ કાગળો ઉપાડનારને પોતાને તો એક ચપતરી મોકલવાનું પણ કોઈ સરનામું નહોતું. ઘણી વાર તેની આંગળીઓ ત્રમ્-ત્રમ્ થતી. એક વાર કવરમાં એક નનામો કાગળ ફક્ત 'તમો સુખી છો?' એટલું જ લખીને ચોડ્યો હતો. સરનામું 'બેન મંગળા, ઠે...' એટલું લખતાં તો આંગળીઓ પરસેવે ટપકી ગયેલી; ને એ કવરની ઝીણીઝીણી કરચો કરીને ગજવામાં રાખી મૂકી ફેરણીએ નીકળતી વખતે, કોઈ ન દેખે તેમ, નદીમાં પધરાવી દીધેલી.

જગતમાં 'વાંઢા' જેવો કોઈ ગહન કોયડો છે ખરો? એને કોઈ પડોશમાં ઘર ન આપેઃ કોઢિયા ને રક્તપીતિયા જેવો એ ભયંકર છે. એનું ટીખળ સહુયે કરે; પણ એને પોતાને તો છૂટથી હસવાનુંય જોખમ છે. પાડોશના બાળકને જો એ પીપરમીટ લાવીને આપે, તો તે ઘડીથી 'બબલીની બા' અને આ પીપરમીટ આપનાર વાંઢાની ચાર આંખો કેટલી વાર અને કેટલીક 'ડીગ્રી'ને ખૂણે મળે છે તેની ગુપ્ત તપાસ 'બબલીના બાપા' રાખવા લાગે. એ જો બરાડા પાડીને કવિતા વાંચે તો બૈરાં સમજે કે, 'પીટ્યો અમને સંભળાવવા સારુ આરડે છે!' એ જો મૂંગો મરી રહે, તો 'હલકા મનસૂબા' ગોઠવતો લાગે. એની આંખો અમસ્થી જોતી હોય તો પણ 'ચકળવકળ' થતી લાગે. એની અનંત વેદનાઓને વ્યક્ત થવામાં સભ્ય–વાક્ય એક જઃ 'મારે રોટલા-પાણીની વપત્ય વડે છે!'

[4]

"મારું કરમ ફૂટી ગયું, ભાઈ! દીકરી મંગળાનો ચૂડો ભાંગ્યો."

"ઓચિંતાનું શું થયું?"

"હરિ જાણે! જમાઈની કાયા તો કંચન સરખી હતી; પણ એકાએક હૃદય બંધ પડી ગયું. ઓછામાં પૂરું દરબારે મકાન પણ પાછું લઈ લીધું;

જમીન આપી'તી તે રાજમાં દાખલ કરી દીધી, અને દીકરીને પહેર્યે લૂગડે બહાર કાઢી.''

''આ તે શો કોપ!''

''હું જાણું છું, ભાઈ, જાણું છું: દીકરીના લીલા માંડવા હેઠે જ એ કાળમુખો સદાશિવિયો તે દિ' નિસાપો નાખી ગયેલો ને શરાપી ગયેલો. વાઘરીવાડે જઈને કાંઈક કામણટુમણ પણ કરાવતો હતો. એનાં પાપ મંગળાની આડાં ફરી વળ્યાં.''

ભવાનીકાકાની આ વાતમાં થોડોક જ સુધારો જરૂરી છે: જમાઈરાજનું મૃત્યુ સદાશિવના શાપથી નહિ પણ શરીરમાં વધી પડેલી ચરબીથી નીપજ્યું હતું. એ માધવીલતાનો ઓધાર આંબો જાણે કે બેહદ કેરીઓના ફાલથી ફસકાઈ પડ્યો હતો.

*

એક વરસ વીતી ગયું છે. માથાના ચળકતા મૂંડા સાથે અઢાર વર્ષની મંગળા મહિયરે ખૂણો મુકાવવા આવી છે. એક વરસની કીકી એની કેડ્યે રમે છે. હવે એને પાછું સાસરે જવાનું રહ્યું નથી. વરના પિત્રાઈઓએ એની સાસરીની સંપત્તિનો કબજો કરી લઈ આ 'રાંડમૂંડી'ને માસિક બે રૂપિયા જિવાઈના ઠરાવી આપ્યા છે. ભવાનીકાકાને નવી વહુથી થયેલી બાળગોપાળ-વાડી બહોળી હોઈ આ રાંડીરાંડ દીકરી ઉપર ખાસ કશું હેત તો નથી રહ્યું; પણ મંગળાનો રંડાપો એને ભારી ઉપયોગી થઈ પડ્યો: નવી માને વરસોવરસ આવતી સુવાવડ મંગળા જ કરશે; અને એટલી બધી સુવાવડને કારણે નવી મા માંદાંસાજાં રહે છે, તેને કામમાંથી સંપૂર્ણ વિસામો મળશે.

નદી-કાંઠે ધોળી માટીના ઓરિયા હતા. આખી ગોહિલવાડમાં એ માટી પંકાતી. ગાર-ઓળીપામાં એનો તે કાંઈ રંગ ઊઘડતો! ભવાનીકાકાને નવું પરણેતર, એટલે પોતાના ઓરડામાં એ ધૂળની ગાર કરાવવી ગમતી. કેડ્યે પોતાની નાની કીકીને તેડી. ખંભે કોસ ઉપાડી, માથા પર પછેડી લઈ મંગળા એ ઓરિયાની માટી લેવા ઘણી વાર જતી. સવાર-સાંજ તો ઘર-

કામ હોય, તેથી બળતે બપોરે જતી. ગામથી અરધો ગાઉ દૂરના એ ઓરિયા પાસે થઈને જ સદાશિવ હલકારાનો કેડો જાતો. એ રીતે કોઈકોઈ વાર એ નદીપ્રવાહ, એ બળતો વગડો અને એ હૈયાશૂન્ય ટપાલી – ત્રણેયના નિત્ય સંગાથમાં એક ચોથું જણ ભળતું: રાંડીરાંડ મંગળા. મંગળાની કીકી સારુ સદાશિવ પોતાની કેડ્યે પીપરમીટની પડીકી ચડાવી રાખતો. કોઈકોઈ વાર થેલો ઝાડના થડ પાસે મેલીને માટી ખોદી આપતો, ગાંસડી ચડાવતો; પણ અગાઉની માફક જ મૂંગો રહેતો. સામી મીટ માંડતો હતો ખરો, પણ સસલાની માફક બીતોબીતો.

હા! ધીરે ધીરે એક પાપ એના અંતરમાં ઊગ્યું: આ ઓરિયાની અંદર મંગળા થોડેક વધુ ઊંડાણે ઊતરી જાય... એકાએક એના ઉપર ભેખડ ફસકી પડે... એ ક્ષણે જ પોતે નીકળે... નાની કીકી રોતી હોય, મંગળાનું ધોળું ઓઢણું અથવા માથાનો લીસો મૂંડો જરીક બહાર દેખાતો હોય, તે નિશાનીએ દોડીને પોતે મંગળાને એ દડબાં નીચેથી બહાર કાઢે, પાણી છાંટે, પવન નાખે, જીવતી કરે; ને પછી –

આહાહા! પછી શું? અદ્ભુત કોઈ નવલકથાના વીરની માફક મંગળાને અલૌકિક પરાક્રમથી જીતવી હતી; ઘર માંડવું હતું: આ માટીથી ઓરડો લીંપાવવો હતો. મંગળાને માથે ભલે વાંભ એકનો ચોટલો ન હોય, ભલે મૂંડો જ રહે, ભલે એનું રૂપ શોષાઈ ગયું, સદાશિવ તૈયાર હતો.

પણ જીવતર ક્યાં નવલકથા છે! આવા કશા જ દટણપટણની જરૂર ન પડી. એવો એક દિવસ સીધીસાદી રીતે આવી ગયો કે જ્યારે દુઃખના ડુંગરા હેઠ ચંપાતાંચંપાતાં બામણની રંડવાળ દીકરીએ મરવા-મારવાની હિંમત ભીડી.

મંગળા એટલું જ બોલી: “આમાંથી મને બહાર કાઢ. પછી રૌરવ નરકનાં દુઃખ ભોગવવાય હું તૈયાર છું.”

સદાશિવે દૂર ઊભા રહી ફક્ત કીકીને પોતાની છાતીએ ચાંપી; કીકીની નાનકડી હથેળી પોતાની આંખો ઉપર મેલી એટલું જ કહ્યું: “આ

નદીની સાક્ષી: આખી દુનિયાની સામે ઊભો રહીને તને ને કીકીને હું પાળીશ.''

*

વૈશાખ શુદ પાંચમની રાતે નદી-કાંઠાના ઉજ્જડ શિવાલયના વાડામાં પચાસ ભેટબંધ શુક્લ બ્રાહ્મણોના હાથની ડાંગોની ઝડી વરસી, અને એમાં ત્રણ જણાંનાં માથાં ફૂટ્યાં: પરણવા બેઠેલાં ટપાલી સદાશિવનું ને વિધવા મંગલાનું, તેમ જ એ લગ્નમાં પુરોહિત બની ભાગ લેનાર કમ્પાઉન્ડર વિશ્વનાથનું. વિશ્વનાથ બેભાન બન્યો ત્યાં સુધીમાં તો સપ્તપદી ગગડાવીને પૂરી કર્યે જ રહ્યો. બેશુદ્ધિમાંથી જાગ્યો ત્યારે પણ એ બહાદરિયો મંત્રો જ બડબડતો હતો. ગામના બ્રાહ્મણો એને 'સાળો વીશવો આર્યસમાજીડો!' કહી ઓળખતા.

ત્રણેય જણાં એક પખવાડિયે દવાખાનામાંથી સાજાં થયાં. સદાશિવને પોસ્ટ-ખાતામાંથી 'બરાબર નોકરી કરતો નથી' તે કારણે રજા મળી. કોળીવાડને પડખે એ બેય જણાંને ઓડ લોકોએ નાનું ઘર બાંધી આપ્યું. કોળીઓ ભેગા થઈને કહે, ''મા'રાજ! તું જો કે'તો હો ને, તો અમે ઈ પચાસેય શુક્લોનાં ઘરમાં આવતા અંધારિયે ગણેશિયા ભરાવીએ.'' સદાશિવે હસીને ના પાડી.

ને દુનિયા શું આટલી બધી નફ્ફટ છે! એની નફ્ફટાઈની અને એના ભુલકણા સ્વભાવની તે શી વાત કરવી! સદાશિવ અને મંગળા રોજ પેલા ઓરિયાની માટી લાવે છે, ચોમાસે સીમમાંથી ખડની ગાંસડીઓ લાવે છે, ઉનાળે કરગઠિયાંની ભારીઓ લાવે છે: નફ્ફટ લોકો એ ચંડાળોથીયે બેદ બે પાપાત્માઓની ભારીઓ વેચાતી રાખે છે!

બે વરસમાં તો કીકી પણ પોતાની નાનકડી ભારી માથે લઈને માબાપની વચ્ચે ઊભતી થઈ ગઈ. હૈયાફૂટાં ગામ-લોકો એ ત્રણ ગાંસડીઓ પર જ શા સારુ અવાયાં પડતાં હશે!

– ને શાં ઘોર પાપ બિચારા ભવાનીકાકાનાં, કે સગી આંખે એને આ બધું જીવ્યા ત્યાં સુધી જોવું પડ્યું! ઓ અંબાજી મા! કયા ઘોર પાપે!

# મંછાની સુવાવડ

"આજ તો આખી રાત મંછા લવતી'તી?"

"લવે નહિ? સુવાવડમાં તે કાંઈ ભાયડાના કાગળો વંચાતા હશે અને સામા જવાબ લખાતા હશે? રાત-દિ' એક જ રટણ, માડી!"

"કોનું રટણ?"

"ધીરજલાલનું! બીજા કોનું! પથારીમાંથી ઊઠીઊઠીને ઊભી થવા જાય છે. એનો વર જાણે સામો ઊભો હોય એમ બોલે છે કે, 'બારણામાં કાં ઊભા? ઓરા આવોની! મારે માથે હાથ મેલોની?' ઠીક પડે એમ બકે છે."

"તાવ છે?"

"તાવ તો ધાણી ફૂટે એવો ભર્યો છે."

"તો ધીરજલાલને તેડાવશું?"

"અટાણે? સુવાવડ ટાણે? જમાઈને! જગત વાતું કરે કે બીજું કાંઈ?"

"મળવા કે મોં જોવા એકબીજાંને નહિ દઈએ. આંહીં આવેલ છે એટલા વિચારથી જ દીકરીને શાતા વળશે."

"ભલે, તેડાવો ત્યારે. બાકી, કાંઈ જરૂર નથી. રે'તે-રે'તે બધું મટી જશે. કાંઈક પેટ ભરીને ખાય તો મટે ને! આજકાલનાં ચાગલાં છોકરાં: શીરો મોંમાંય ઘાલતી નથી. અમે તો બાર સુવાવડ્યું ઉડાડી મેલી! ટંકેટંકે શેર એક ઘીનો લદબદતો શીરો ખાઈને પગની આંટી નાખી એ...ય મજાનાં ઊંઘી રે'તાં."

"ત્યારે તાર કરું છું." આવા શીરાથી બેનસીબ રહેવા સર્જાયેલ પુરુષે હોઠ ઉપર જીભ ફેરવતાં કહ્યું.

''એમાં તાર શો? પત્તું લખી નાખો ને! જમાઈ ચાર દિ' મોડો આવે તો ક્યાં વેગડી વિયાઈ જાતી'તી! કાગળ તો ચચ્ચાર દા'ડે ચાલુ જ છે ને!''

મંદિર જેમ ફૂલો અને ધૂપની ફોરમથી પરખાય, અને પીરનો તકિયો જેમ પા માઈલ પરથી લોબાનની સુગંધે ઘ્રમકે, તેવી જ રીતે શેરીના એક છેડાથી બીજા છેડા સુધી કેવળ ગંધ પરથી જ કળી જવાય કે ઓઘડ માસ્તરનું ઘર સુવાવડું છે. ચાર વાર શેકાતો શેરો, મંછાના ખાટલા નીચે પથરાતો બે વખતનો બકરાની લીંડીઓનાં છાણાંનો ધીકતો શેક અને એ શેકની બાફમાં બફાતાં એ સુવાવડાં ગોદડાંના ગાભાઃ ત્રણેયમાંથી કોઈ જુગજુગના જૂના જાણે યજ્ઞ-હોમની એક અનિર્વચનીય વાસ ફોરે છે. મકાનના એ ઓરડાએ અને ખાટલા પરના એ ગાભાએ આવીઆવી તો મંછાની બાની બાર સુવાવડો માણી છે, આશરે 360 શેકના ધુમાડા લીધા છે; અને બે સુવાવડો વચ્ચેના ગાળામાં ત્યાં હંમેશાં ઘાસ તથા છાણાંના સંઘરા રહ્યા છે.

મંછાની આ પહેલી – અઘરણીની જ – સુવાવડ હતી, 'કંદોરાબંધ દીકરો' તાવલેલી મંછાની ગોદમાં પડ્યો પડ્યો ધાવણ વગરના સ્તન ચૂસતો હતો. મંછાનાં માવતરે મંછાને કરિયાવર કરેલો, તેના ચાર ટ્રંક ભરાયા હતા. હજારેક રૂપિયાનું તો ઘરેણું આપેલું. લગ્ન વખતે એક ન્યાત જમાડેલી, ને પુત્રનું લગ્ન પણ એક ખેતર વેચીને ઊજવેલું; પરંતુ આ 'કંદોરાબંધ' ભાણેજના ફૂલ-દેહ સારુ કે તાવમાં ભૂંજાતી દીકરી સારુ એક સારું ગોદડું નહોતું અભડાવી શકાયું.

''ઓહોહો! આ શું? ગોટેગોટ ધુમાડે ઓરડો ભરાઈ ગયો છે. આ ખાટલા નીચે આવો ચિતા જેવો ભાઠો શો! મંછા! મંછા!''

એમ બોલતો એક જુવાન સ્ટેશનેથી આવીને છેક સુવાવડીના ખાટલા પર બેસી ગયો છે, આંખો ચોળતો ને ગૂંગળાતો ચારે મેર જોઈ બૂમો પાડે છે, અને સુવવાડી સ્ત્રીને કપાળે હાથ ફેરવીને બોલાવે છે કે, ''મંછી! મારી મંછી! ઓ મંછી!''

સુવાવડી શુદ્ધિમાં નથી. એ લવે છે: "હં! હં! મોડી રાતે મને એકલી મૂકીને સ્ટેશને ભાગી જાવ ને! 'કટ! કટ! કટ! કટ!' કરી કરીને આખી દુનિયા સાથે વાતો કરો ને! હું બધું જ સમજું છું..."

એ લવારા પરથી કલ્પી શકાય કે મંછાનો વર કોઈ સ્ટેશનનો રાતની નોકરી કરનાર 'ડેપ્યુટી' સ્ટેશન-માસ્તર હશે.

ઓચિંતી મંછા ઊઠે છે, લોચે છે, ગળું સુકાતું હોય તેમ જીભ વતી હોઠ ચાટે છે.

"પાણી જોઈએ છે, મંછા?" કહીને જુવાન પાસેની માટલીમાંથી પ્યાલું ભરે છે, પાય છે, વાશી પાણી ગંધાય છે. મંછાને પાણી પિવાડીને પાછી ધીરે હાથે પંપાળે છે, મોટે અવાજે બોલે છે કે "આ ગાભા કેમ પાથર્યા છે? અરે, કોઈ એક સારું ગાદલું તો લાવો!"

સાસુ આવીને ઊભાં રહે છે: "ગાદલું? સુવાવડમાં નવું ગાદલું! અમે તો આ ને આ ગાભા માથે જ બાર સુવાવડ્યો કાઢી નાખી!" હસીને એ કહે છે.

જુવાન પોતાની સાસુના હેડમ્બ-દેહ ઉપર નખશિખ નીરખી રહ્યો. દરમિયાન ઘરની એક જુવાન સ્ત્રી લાજ કાઢીને આવી ઊભી રહી. એના હાથમાં એક અધોતું ગોદડું હતું.

"લે જા, જા વહુ! જરાક શરમા. કે'તલ તો દીવાના પણ સુણતલ બી દીવાના!"

સાસુજીના એટલા જ શબ્દે ઘૂમટાવાળી પુત્રવધૂને પાછી વાળી – કોઈ લશ્કરી અમલદાર પોતાની સામે ઊભેલા સૈનિકને 'એબાઉટ ટર્ન: ક્વિક માર્ચ' ફરમાવી બહાર કાઢે તે રીતે.

*

"જમાઈએ તો આખું ગામ માથે લીધું."

"હું બજારે બેસી શકતો નથી. મારી ફજેતી થાય છે."

"શેરીએ ને કૂવા-કાંઠે બાઈઓ પણ એ જ બોલે છે કે, આ તે કોનું ખોરડું! જમાઈ આવ્યો તો આવ્યો, પણ પરબારો સુવાવડીને ઓરડે પેઠો,

ખાટલે બેસી ગયો, ખસતો જ નથી. સુવાડેય પોતે, ઉઠાડેય પોતે, મળ-મૂતર પોતે ઉપાડે: આ તો દાટ વાળ્યો!"

"છોકરી સારુ નવું ગોદડું ક્યાંથી લઈ આવ્યો?"

"પોતાના બિસ્તરમાંથી કાઢીને પાથર્યું."

"મળ-મૂતરનાં ઠામડાં વેચાતાં લઈને ગામમાં નીકળ્યો એ દેખીને તો આપણા ન્યાતીલાએ મારા ઉપર માછલાં ધોયાં."

એ જ વખતે ધીરજલાલ દાખલ થાય છે. એના વાળનું કે લૂગડાંનું ઠેકાણું નથી. ઉજાગરાથી એની આંખો લાલઘૂમ છે.

"કેમ, ધીરજલાલ પારેખ! આ શું?"

"રાજકોટથી એકેદમ મોટા દાક્તરને બોલાવવો પડશે. મંછાને ગુહ્ય ભાગે એક લાંબો ચીરો પડેલો છે, ને એમાંથી લોહી વહ્યું જાય છે. આ તમારી કોઈની નજરે કેમ નથી ચડ્યું?"

લજ્જાથી ધરતીમાં સમાવા તત્પર હોય એવાં મંછાનાં બા આડું જોઈને મોં આડે છેડો ઢાંકે છે. ઓઘડ માસ્તર આભા બને છે: "ધીરજલાલ! આ તો સભ્યતા ચુકાય છે."

ધીરુ બોલ્યો: "એ ચીરો કોઈના જોવામાં જ ન આવ્યો? આ તો હમણાં મેં આંહીંની 'મિડ-વાઇફ'ને બોલાવીને તપાસ્યું ત્યારે જ ખબર પડી. નીકર આનું શું થાત! આ લોહી વહે છે એટલે જ બેભાન છે. એને આનો જ તાવ ને સનેપાત છે. જખમ 'સેપ્ટીક' બની ગયો છે."

"તમે શું સમજો, ધીરજલાલ!" સાસુ કોચવાયાં: "એને તો કંઈક વળગાડ છે, બાપ! તમારી મૂએલી મા ચોંટી પડી છે, ભા! ઠાલા લોહીની અને ચીરાની વાત શીદ કરો છો?"

"આપણા રામેશ્વર વૈદ અને મોતડી સુયાણી શું કહે છે?" સસરાએ પૂછ્યું.

"આમાં વૈદ-સુયાણીની વાત જવા દઈએ." જમાઈએ કહ્યું.

"એમ કેમ? રામેશ્વરને તો ચરક ને સુશ્રુત બેયના શ્લોકેશ્લોક કંઠાગ્રે છે. એણે તો મડાં બેઠાં કર્યાં છે."

"અને મોતડી સુયાણીએ તો હજાર છોકરાં જણાવ્યાં છે; એ તમારે મન કાંઈ નહિ! એ તો ચોખ્ખું કહે છે કે, આ વળગાડ છે."

"ને રામેશ્વરનો પણ એ જ મત છે કે બધું માનસિક છે." માસ્તરે તપખીરની ચપટી નાકે ચડાવી.

"પણ હું મારે ખરચે દાક્તર બોલાવું."

"દીકરીની એબ જાણીબૂઝીને દાક્તર પાસે દેખાડાય?"

"નહિ દેખાડીએ તો જીવની જાશે."

"હાય, માડી! તમારે તો ઠીક કે નવું માણસ મળી રહેશે; પણ આવી કાળ-વાણી કાઢીને અમારી સાત ખોટની દીકરીને કાં મરતી વાંછો!" મંછાની બા ગળગળાં થઈ ગયાં.

"પણ આ ગુહ્ય ભાગના ચીરા પર ટેભા લેવાની જરૂર છે."

"અમે હાથ જોડીએ છીએ તમથી, બાપ! ઠીક પડે તેમ કરો! મેં તો બાર સુવાવડ્યો કાઢી નાખી, પણ આ તો નવાઈ!"

"આ તો સુવાવડ કહેવાય, ધીરજલાલ!" ઓઘડ માસ્તરે શિખામણ આપી: "આમાં સારવાર જ ન હોય. એ બૈરાંઓનો કાર્ય-પ્રદેશ છે. તમે મર્યાદા લોપો છો. આર્યધર્મ સચવાતો નથી."

"કહું છું કે મેં બાર સુવાવડ્યો કાઢી નાખી. ટંકેટંકે શેર ઘીનો શીરો ખાઈ, બે વાર ઠીકાઠીકનો શેક લઈ અમે તો કોઈ ભાત્યના પગની આંટી વાળીને પડ્યાં રહેતાં. આઠ દિવસે તો ખાટલો ઉપાડી મેલીને હરતાંફરતાં જઈ જતાં. તમે અમારે ઘરે આવીને આ પોપલાઈ શી માંડી છે, બાપ! આ મગનાં પાણી શાં! આ માથા ઉપર બરફ ને આ પેટમાં પિચકારી શાં!"

ધીરજલાલની પાસે આ દલીલોનો જવાબ નહોતો. એણે રાજકોટ દાક્તરને તાર કરી તેડાવ્યા. એ મંછાની પથારી પર જ ખોડાઈ ગયા જેવો દિવસ-રાત બેઠો રહ્યો. ગુહ્ય ભાગના લાંબા ચીરામાં મળ ન ભરાઈ જાય તે સારુ એ ત્યાં લોશનનું પોતું રાખીને મંછાને ઝાડે બેસારતો, પેશાબ કરાવતો, પખાળતો. બેભાન મંછાના કપાળ અને પેડુ પર બરફ મૂકી પ્રભુ-પ્રાર્થના કરતો હતો. દરમિયાન મંછા લવતી. મંછાનાં માવતર જમાઈની આ

નફ્ફટાઈથી ત્રાહી પોકારીને જળકમળવત્ નિર્લેપ રહેતાં. સગાં અને પાડોશીઓ આ તમાશો જોવા આવતાં ત્યારે મંછાની બા પોતાની 'બાર સુવાવડો'ની વાત ગર્વભેર કરવાનું ચૂકતાં નહિ અને ધીરુ પેલા ચીરાની વાત કહ્યા વગર રહેતો નહિ.

સવાર પડે ને ધીરુ છેક રસોડા સુધી ચાલ્યો આવે; કહે કે "જરી મગનું પાણી કરી આપજો તો!"

સાસુ કહે: "સારું; તમે જાઓ. હું આપી જઈશ. ચૂલો સળગાવવા દ્યો."

અડધો કલાક થાય ને ધીરુ આવીને ઊભો જ હોય: "દૂધ ગરમ થયું કે નહિ?" સાસુ કહે: "થાય છે."

થોડીવારે વળી પેશાબ-ઝાડાનાં ઠામડાં લઈને ઊભો રહે: "આમાં પાણી રેડજો તો! ધોઈ નાખું."

"જરી આ નળિયામાં દેવતા દેજો: ધૂપ કરવો છે." "ગરમ પાણી દેજો: શરીર લૂછવું છે." આવી આવી નાનીમોટી સતામણીઓ ધીરુ તરફથી એટલી બધી વધતી ગઈ કે મંછાની બાને જમાઈ કોઈ પૂર્વભવનો વેરી દેખાવા લાગ્યો. અને જમાઈ ઉપરની દાઝ એ દીકરાની વહુ ઉપર ઠાલવવા માંડ્યાં: "તમે શીદ મારા ઉપરવટ થઈને બધું આપો છો? તમારી દયા શીદ એટલી બધી ઊભરાઈ જાય છે!"

*

તાવ ઊતર્યો છે. મંછા આંખો ઉઘાડે છે. નાના બચ્ચાને ધીરજલાલ પડખામાં સુવારે, તેને ધવરાવે છે. પણ એનું મગજ ખાલી થઈ ગયું છે. એના જ્ઞાનતંતુઓ જળી ગયા છે. એને પોતાની બેહાલ દશાની જાણ નથી. એ સૂતીસૂતી સાંભળે છે કે બા કાંઈક અફસોસ કરે છે: આ સહુ સાંભળે તેમ બોલી રહેલ છે કે, "અરેરે માડી! મારી દીકરીની એબ સગે ભાયડે ઊઠીને દાક્તરને દેખાડી! દીકરીને બિચાડીને માથે એને ઘેર પણ આવા જ હવાલ હશે ને! આટલે નાનેથી દીકરીને વળી ઘર શાં ને વર શાં? – આ એના મગજમાં નવા જમાનાના વિચારો શા? એના ભાઈબંધ દોસ્તારો

પણ બધા ભણેલા-વંઠેલા, એટલે મારી દીકરીનો દિ' ઉઠાડી મૂક્યો. પરણ્યા પછી સાસરે ને સાસરે રાખી એમાં દીકરીનું ફટકી ગયું."

મંછાની ઢીલી પડેલી મગજ-શક્તિ ઉપર આ માઠા વિચારોના હથોડા પડવા લાગ્યા. ધણી તરફ એનો અણગમો શરૂ થયો. ધણીની સારવાર અને ઝીણીઝીણી ટંટાળ એને અકારી લાગી. વરે પોતાનાં માબાપને દૂભવ્યાં છે, દુનિયા ગિલા કરે એવું બેમરજાદ વર્તન કર્યું છે એવા એવા મનતરંગો એને થકવી દેતા, ને એ શુદ્ધિ હારતી; બબડતી: "તમે આમ કહો છો; મારાં બા-બાપા તેમ કહે છે: કોનું ખરું? શીરો ખાવો કે મગનું પાણી પીવું? ચોકો-પાટલો રાખવો કે આભડછેટ ન પાળવી? નાના બાબલાને પરણાવશું? કે કુંવારો રાખશું?... તમારી ખાદીને ચૂલામાં નાખો ને! હું મારાં હીરચીર શીદ હોળીમાં નાખું? ગાંધીના પંથ કરતાં મારા બાપનાં ગુરુનો પંથ ચડિયાતો છે!"

"મંછા! ડાહી થા! શાંત થા! લે, પરસેવો લૂછી નાખું. પગ દાબું?" એવું કહીને ધીરુ મંછાને પંપાળતો હતો. સાસુ બહાર બેઠી બેઠી નિસાસો નાખીને બોલતી કે "ફટકી ગયું: બાપ રે, દીકરીનું ફટકી ગયું! આણે કોણ જાણે શું કરી નાખ્યું!"

[2]

"તમે ઝટ જાઓ, રામવાડીના બાવાજીને તેડી આવો."

"પણ ઓલ્યો આવી જશે તો?"

"ના રે ના, એ તો ગયો છે ગોદડાનો ગાભો લઈને ધોવા. નદી ગાઉ એક છેટી છે. આવશે તે પે'લાં તો પતાવી લેશું."

ઓઘડ માસ્તર રામવાડીના બાવાને લઈને આવ્યા. બાવાજીની ઘનશ્યામ અઘોરી નગ્નતા તો સ્ત્રી-પુરુષ સર્વને તીર્થસ્વરૂપ વંદનીય હતી. પ્રથમ તો એમની ચલમને માટે સારામાં સારો ગાંજો તૈયાર રાખ્યો હતો, તેના ગોટેગોટ ધુમાડાનો ધૂપ દઈને પછી બાવાજીએ મંછાને પોતાની સામે બેસારી. રામ-કવચ, હનુમાન-કવચ અને ચંડીપાઠના એક પછી એક પાઠ બોલ્યા. પાણીની એક વાટકી ભરી, તેમાં પોતાના પગનો અંગૂઠો બોળી,

મંત્ર ભણી એ પાણી મંછાને પાયું. કોઈ ગંધક જેવા પદાર્થનો ધૂપ દીધેલ એક ધાગો પોતાની જટાની એક લટ સહિત મંછાને કાંડે બાંધ્યો. તોય મંછા અર્ધબેભાનમાં આડુંઅવળું લવતી જ રહી.

"તારે નથી જાવું, એ....મ! ચંડાળ ડાકણી તારે આ દેહ નથી છોડવો, એમ? ઊભી રહે. ભૂતનાથનો પરચો દેખાડું છું." એવી ત્રાડ નાખીને બાવાજીએ દેવતા પર એક મૂઠી ભરી મરચાંનો ભૂકો ભભરાવ્યો. ઓરડો ધુમાડે ઢંકાઈ ગયો. મંછાનો દેહ, માત્ર કાળા ઓળા જેવો, 'અં...અં...અં...અં...' એમ ગૂંગળાટ કરે છે. ને બાવાજી જમીન પર હાથ પછાડી ત્રાડ મારે છે કે "બોલ, રંડા! તું કોણ છે? એની સાસુ છે કે! બોલ, નીકળ છ કે નહિ?"

હાય! આવી ખરાખરીની જમાવટને ટાણે જમાઈ કાં આવી ચડ્યો! મંછાની બા ખડકીએ જ ધ્યાન રાખી બેઠાં હતાં, તેણે દોડી જઈને બાવાજીને બીજે બારણેથી બહાર કાઢ્યા. અજ્ઞાત વ્રજલાલ અંદર ગયો ત્યારે હજુ મરચાંના ધુમાડાનાં છેલ્લાં ગૂંચળાં ઓરડામાં સર્પાકરે ભમતાં હતાં. મંછા ઉધરસે બેવડી વળી ગઈ હતી. શો મામલો બની ગયો તે કહેનાર કોઈ નહોતું. તેણે મંછાને હળવે હાથે સુવારી.

મંદવાડ વધે છે એ જાણ જેમજેમ પ્રસરતી ગઈ તેમ તેમ દૂરથી અને નજીકથી સગાંવહાલાં પણ ઊતરી પડવા લાગ્યાં. "દુઃખમાં ભાગ લેવા આવવું તો જોવે જ ને, બાઈ!" "સગાં થઈને આ ટાણે કામ ન લાગીએ તો પછી શું ઘસીને ગૂમડે ચોપડવાનાં સગાં છીએ!" "અરેરે! આણાત દીકરીએ હજી મન મોકળું મેલીને ઓઢ્યાંપેર્યાંય નથી. આ ચાર-ચાર પેટીઓ ભરીને કરિયાવર પડ્યા છે..." એવી વાતો ચાલ્યા કરતી, ગળાં ગદ્ગદિત થતાં, ને નિસાસા ઉપર નિસાસા પડતા. ઓઘડ માસ્તર માસ્તર મહેમાનોનાં ઘોડાં તથા ગાડાં સારુ ઘાસચારો અને પરોણાઓ સારુ ઘી, તેલ, શાક લાવવામાં દોડધામ કરતા; દીકરાની વહુ દળણાંપાણીમાં તેમ જ રસોઈમાં દટાતી; બા સહુને મોંએ વલોપાત કરવામાં રોકાતાં; છોકરાં ખા-ખા કરી ચીસો દેતાં; ગામ-લોક મળવાહળવા હલકતું: એ રીતે, હંમેશાં બનતું આવ્યું

છે તેમ, એક ઘરની માંદગી એ અનેક લાગતાંવળગતાંઓને માટે વરાનો, ઉત્સવનો, ગામડામાંથી શહેરમાં હટાણું કરવા આવવાનો ને વેવિશાળ-વિવાહ શોધવાનો અવસર બની ગયેલ છે. રાગી દીકરીની ખદખદતી પથારી ઉપર પ્રેત જેવો ને સહુએ અવગણેલો એક ફક્ત ધીરજલાલ જ બેઠો છે. ઘરમાં સાંકડ ઘણી, તેથી રાત્રિએ છેક મંછાના ઓરડાના બારણા સુધી ઠાંસોઠાંસ પથારીઓ પડતી. પથારીમાં પડ્યાં પડ્યાં કોની કોની વહુ-દીકરીઓને કેવીકેવી જાતના વળગાડ લાગુ પડી ગયા હતા તેની જ ઝીણી ઝીણી કથનીઓ ઊખળતી. મંછાની બા પોતાની નણંદને, કાકીજીને, જેઠાણીને વગેરેને હાથ દાબીને કહેતી કે, "આનેય એની સાસુ વળગી છે, બાપ! માતાજી એને હેમખેમ ઊભી કરે તો હું પાણી પીવાય રોકાણા વગર પહેલી પ્રથમ એને વઢવાણ બૂટ-મા પાસે લઈ જઈશ. ત્યાં પહોંચ્યા પછી જ મારે અડદ-મગની અને ઘીની આખડી છૂટશે. આંહીંના બાવાજીની તો કારી ન ફાવી."

મહેમાનો કહેતાં: "બૂટ-મા પાસેય ઠીક છે; નીકર સાળંગપર હડમાનજીય ઝોડ તો ભારે કાઢે છે. પારસીઓ પણ ત્યાં તો પારંપાર આવે છે. ગોરાઓ પણ ત્યાં જોવા ઊતરે છે."

"પણ ભૂવો તો બૂટ-માનો હો! કાળભેરવનો જ અવતાર. એના હાથની બે અડબોથ પડશે, એટલે મંછીની કાયામાં રાંડ ડાકણ્ય કે શાકણ્ય એક ઘડીય ઊભી નહિ રહે!"

"પણ આ રાફડે ભોરિંગ બેઠો છે ને, બાઈ!" મંછીની બાએ ગુપચુપ અવાજે ધીરજલાલને ઉદ્દેશીને કહ્યું: "પથારી જ ક્યાં છોડે છે!"

"ઈ તો બાળબુદ્ધિ કે'વાય. એને ગણકાર્યા વિના ઝટ છોકરીને બાપડીને કાં બૂટ-મા ભેળી ને કાં સાળંગપર ભેળી કરો; નીકર જમાઈ એનો જીવ ચૂસી જાશે ક્યાંક."

ઓરડામાં સૂતેલા ધીરજલાલની કાગાનીંદરમાં આ બધી વાતો અરધીપરધી સંભળાઈ, અને એના મગજ ઉપર વિકરાળ ઓળા અધ્ધરથી

લટકવા લાગ્યા. જેઠ મહિનાના નિર્જળ આકાશમાં નિષ્પ્રાણ વાદળાં વાયુને રૂંધી રૂંધી જગતને ગૂંગળાવી રહે તેવું એના ચિદાકાશમાં થયું. સાળંગપરના હનુમાન અને વઢવાણનાં બૂટ મા બન્ને જાણે મંછાના રક્તમાંસહીન શરીર સારુ બાથંબાથા લડતાં દેખાયાં. બન્નેના ભૂવાઓ મંછાના ભયભીત ચહેરા સામે ભમ્મર ચડાવી ડોળા તાણી એના હાડપિંજર પર અડબોથો લગાવતા એકબીજાના જોરની હોડ કરતા ધીરુને દેખાયા.

સવારે જ્યારે મંછાને બૂટ-મા પાસે અથવા સાળંગપર હનુમાને લઈ જવાની વાત ચર્ચાવા લાગી ત્યારે ધીરજલાલ સાસુ-સસરાને પાયે પડી વારવા લાગ્યો. એણે કહ્યું કે, મને મારું માણસ પાછું આપો. હું મારે ઘેર લઈ જઈ એની સારવાર કરીશ, પણ એને દૈત્યોના હાથમાં ન સોંપો. ને મંછાને બીજી કશાની નહિ, શાંત સારવારની, મીઠી હૂંફની જરૂર છે. એને વળગાડ નથી. મારી મા હલકટ નહોતી. હું એની છબીને હજુ રોજ મારી આંખે અડકાડું છું. છબીમાંથીયે એ તો નિરંતર મંછા સામે મીઠું મીઠું મલક્યા જ કરે છે. અને મારી કંચન પર મંછા પેટની પુત્રી જેવું હેત રાખે છે, એથી તો એ મૃત આત્મા બહુ પ્રસન્ન રહે છે. ભલા થઈને મારું ઘર ન ભંગાવો. હું જીવતરમાં હવે કેટલાંક થીગડાં દઈશ?"

મંછાની બા ધીરજલાલની આ હુજ્જતથી બેહદ કચવાટ પામ્યાં: "તમારે મન વૈદ ખોટા, સુયાણી ખોટી, લાજમરજાદ ઢોંગ, અમારાં સગાંવહાલાં શત્રુ, અમે શત્રુ, અને છેવટ બૂટ-મા ને હડમાન પણ દૈત ઠર્યાં! તમે અમારી છોકરીનો જીવ લેવા કાં ફર્યા છો? દેવસ્થાનાંને વગોવ્યે શી સારાવાટ થશે?"

"તમે જો મારી મંછાને ત્યાં લઈ જશો તો હું ઝેર ખાઈને મરીશ."

"ઝેર ખાવાની બીક બતાવો છો? અમને કાળી ટીલી ચોંટાડવી છે! ઝેર ખાવાની ડરામણી? હાય હાય, માડી! આ તે કયા ભવનાં વેર?" સાસુએ મોં ઢાકી રુદન માંડ્યું. ગામ ગાજી ઊઠ્યું.

*

"તમે હવે ઘેર જશો?" મંછાએ વાત ઉપાડી.

"જઈને શું કરું?"

"નોકરી કરો."

"નોકરી – હં..." ધીરજલાલ વાત પી ગયો. એની નોકરી રદ થઈ હતી. સ્ત્રીની સુવાવડ કરવા પુરુષ જાય, અને બબ્બે વાર તારથી રજા વધારવાની અરજી આપે, એ વસ્તુમાં 'ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ'ને નોકરીની બેપરવાઈ તથા દાંડાઈ લાગવાથી, 'ખાતાને આવી સુવાવડોના વૈભવ – 'લક્ઝરી' – ન પોસાય' એવી ટીકા સાથે, બરતરફી ફરમાવી હતી. આ વાત એણે મંછાથી છુપાવી હતી. એણે આટલું જ કહ્યું: "નોકરી મારે નથી કરવી. તું ન ઊઠે ત્યાં સુધી મારે તારી પથારી નથી છોડવી."

"પણ મારે બૂટ-માની માનતાએ જઈ આવવું છે. કાલે મને ચાળીસ વાસા થાશે. હું નહાઈ નાખીશ."

"આ દશામાં નવાય? કોલન-વૉટરથી હું તારા શરીરને માલિસ કરી નાખું. નહાવું રહેવા દે. અને, મંછા, તું ઊઠીને બૂટ-માતાના વહેમમાં ફસાઈશ! આ તારું હાડપિંજર એ દૈત્યની થપાટો ખમી શકશે?" ભૂવાઓના ભયાનક ઓળા ધીરજલાલની કલ્પનામાં આકાર ધરવા લાગ્યા.

મૃત્યુ સાથેની – અંધકાર સાથેની – દારુણ લડતમાં એ જુવાન જીત્યો નહિ. આખું ગામ મૃત્યુની ભેરે ઊભું થયું. ઘરમાં બંધિયાર સ્નાનાગાર તો નહોતું, ચોકડી પણ નહોતી. સાંકડા, ઉઘાડા ફળીમાં બે બાજુ ખાટલા મૂકીને વચ્ચે મંછાને નવરાવી. બીજે જ દિવસે મંછાને 'ડબલ ન્યુમોનિયા' ઊપડ્યો. દાક્તરે આવીને જાહેર કર્યું કે, "ઉઘાડી હવામાં નવરાવવાનું આ પરિણામ છે. મારા હાથમાં કારી નથી." સન્નિપાતમાં મંછા બહુ લવી. પથારી પરથી ઊઠી ઊઠી નાસવા લાગી. ભાંગ્યુંતૂટ્યું લવવા લાગી કે, "ચાલો, ઝટ આપણે ઘેર. ચાલો, પૂનમનો ચાંદો ઊગ્યો: આપણે બન્ને સ્ટેશન પર ફરશું: લો, બબલાને ઉછાળો! ચાંદા સુધી ઉછાળો! જો, બૂટ-માનો ભૂવો એને વચ્ચેથી ઝીલવા આવે છે. આપશો નહિ. લઈને ભાગી જાઓ – મને ભલે પકડી

જતા. હું મોડી રાતે પણ આવીશ જ! બબલાને ધવરાવવા આવીશ: ચાંદો ઊગ્યો. ચાલો ફરીએ: ફૂલ-ફૂલ-ફૂલ ઊગ્યાં."

ત્રણ દિવસમાં તો આત્માએ દેહનું પિંજર ખાલી કર્યું. યમરાજ સાથેના યુદ્ધમાં ધીરજલાલ હાર પામ્યો. યમનો પક્ષ જબ્બર હતો.

માબાપને ખાતરી થઈ કે દીકરી વળગાડથી, જમાઈની અતળચંડાઈથી અને દેવસ્થાનોની ઠેકડીથી જ મૂઈ. ગામ-લોકોએ ધીરજલાલની જડતા ઉપર પીટ પાડી. સહુએ સામસામા દોષ દીધા. મંછા તો માબાપને અને વરને બેઉને વહાલી હતી. બેઉ પક્ષે જાણે કે એને ખેંચાખેંચીમાં જ ખતમ કરી.

# ચોટલે ઝાલીને

"તો પછી એને ચોટલે ઝાલીને ઉપાડી જવી જોઈએ;" પ્રોફેસર ઈન્દ્રજિતે ઊઠતાં ઊઠતાં કહ્યું. સુખદેવ ડોસા એની સામે સુખભરી પણ શંકાશીલ અને દયામણી આંખે તાકી રહ્યા: "સાચેસાચ શું એ તમારો મત છે? મશ્કરી તો નથી ને, પ્રોફેસર!"

"ના, ના;" કહીને પ્રોફેસર ઈન્દ્રજિત ફરી પાછા ખુરસી પર બેઠા. "હું કટાક્ષ નથી કરતો; મારો સાચો મત કહું છું. એ તમારા દીકરાની કાયદેસરની સ્ત્રી છે. એ ન માને તો તમારે એને ચોટલે ઝાલીને – હું તો એટલે સુધી સળગું છું કે મુંબઈના ચાર ગુંડાઓ તેડાવીને – પણ એને લઈ જવી જોઈએ."

"શાબાશ, ઇન્દુભાઈ!" સુખદેવ ડોસાના બન્ને ગાલ ઉપર કોઈ જોબનવંતી સ્ત્રીના જેવી ચૂમકીઓ ઊપડી. "આજ સુધી હું એકલો પડી ગયો હતો. કોઈ મારું નહોતું રહ્યું. જેઓને મેં મરતા બચાવ્યા છે, લાગવગ લગાડી જેના છોકરાઓને નોકરીઓ અપાવી છે, તેઓ પણ આજ મને મારી પુત્રવધૂ પાછી મેળવી આપવાની મદદ દેવાને બદલે ઊલટાના મારા પ્રયાસો આડે પથ્થરો નાખે છે; મને પોતાને આંગણે ઊભવા નથી દેતા. હું એકલે હાથે મથી રહ્યો છું. મને બીજાનો તો ડર નથી. હુંય નાગાનો સરદાર થઈ શકું છું... મેં પંચાવન વર્ષ પાણીમાં નથી કાઢ્યાં. મેંય પાકી ત્રીસ સાલ સુધી મુંબઈ વેઠી છે. હું બધા દાવ રમી જાણું છું. પણ મને ખરેખર, ઈન્દ્રજિતભાઈ, તમારી જ બીક હતી. તમે શહેરના જુવાનોને મારી સામે સિસકારો તો મને એ ફાડી ખાય, એવો મારા દિલમાં ફડકો હતો. પણ જો તમે મારા પગલામાં સંમત હો, તો હું એકલો બીજા સહુને પૂરો પડીશ.

મુક્તાને હું મારો હાથ બતાવીશ; મારા દીકરાનો ભવ એ કેમ બગાડી શકે છે તે હું જોઈ લઈશ.''

સુખદેવ ડોસાએ 'જોઈ લઈશ' શબ્દના ઉચ્ચારની સાથોસાથ પોતાના શરબતી મલમલના પહેરણની બાંયો ચડાવી. પણ, સાચા વીર-રસની સાથે કરુણ રસ તો જોડાયેલો જ હોવાથી, 'મારા દીકરાનો ભવ' એ શબ્દોની અસરરૂપે ડોસાની આંખોમાં પાણી પણ દેખાઈ ગયાં.

પ્રો. ઈન્દ્રજિતને કૉલેજમાં જવાનો વખત થયો હતો. કાંડા-ઘડિયાળ ઉપર એની નજર રમતી હતી. પણ સુખદેવ ડોસાને પડખે ખડા રહેવાનો ધર્મ એને ઊઠવા દેતો નહોતો. એણે કહ્યું: ''જુવાનો પર મારો કાબૂ છે એ વાત સાચી; ને હું સ્ત્રી જાતિના હક્કોનો પક્ષકાર છું, મેં જુવાનોને મારાં ભાષણો વડે એ જુસ્સો પિવરાવ્યો છે. પણ હું તમારી મુક્તાના કિસ્સામાં તો કાળો કેર જોઉં છું. વેવિશાળ તોડવાની વાત હોય તો વાજબી હતું. આપણામાં છૂટાછેડા અથવા તલ્લાકનો કાયદો હોત તો પણ માર્ગ થઈ શકત. પણ, એવા કોઈ કાયદાની ગેરહાજરીમાં, પરણેલી હિન્દુ સ્ત્રીથી આવો સ્વેચ્છાચાર કેમ થઈ શકે?''

''કહું. એના બાપના ઘરમાં દીકરી વધીને તાડ થઈ ગઈ હતી. પ્રીતમલાલ એને ક્યાં સંતાડત! હાઇસ્કૂલમાં ભણાવતા હતા ત્યાં કાંઈક વગોણું થયું. ઉઠાડી લીધી. ઘરમાં આખો દા'ડો હાર્મોનિયમ ઉપાડીને બેસતી. ગાતી. નાયકાનું ઘર હોય તેમ લોકોની ઠઠ વીંટળાતી. બાપની ઊંઘ ઊડી ગઈ હતી. કોઈ મુક્તાનું કાંડું ઝાલવા તૈયાર નહોતું. એવામાં મારા રમણની વહુ સ્ટવથી દાઝી મૂઈ. શ્રીફળની તો અમારે તેરમા જ દિવસે પડાપડી બોલી. પણ મુક્તાના બાપા સાથેની મારી જૂની મહોબ્બત હું નહોતો ભૂલ્યો. એણે વેવિશાળનો તાર કર્યો ને તરત ચાંદલા થયા. પછી મારા રમણ વિષે આઘાપાછી વાતો સાંભળીને મુક્તા રડી હશે, એટલે મારાં તેડાવ્યાં એનાં માબાપ એને ખાસ લઈને મારે ઘેર આવી આઠ દિવસ રોકાયાં. હું તો અનુભવી ખરો ને, ઈન્દ્રજિતભાઈ!'' આંહીં સુખદેવ ડોસાનું મોં ગુલાબ જેવું લાલ થઈ ગયું. ''એટલે મેં એક લૉકેટ, બે એરિંગ અને એક 'રોલ્ડ-

ગોલ્ડ'નું કાંડા-ઘડિયાળ લાવીને મારા રમણને આપ્યું. ધક્કો મારીને એ શરમાળને બાજુના ઓરડામાં આ બધી ભેટો દેવા મુક્તા પાસે મોકલ્યો. મુક્તાને એ બધા શણગાર પહેરાવી મેં ફોટા સુધ્ધાં લેવરાવ્યા."

"ઓહોહોહો! આટલી હદ સુધી!" પુત્રના લગ્નનું આવું સંવનન પોષનાર ડોસા પ્રતિ પ્રો. ઈન્દ્રજિતને માન ઊપજ્યું. "ત્યારે તો તમે ન્યાતમાં સુધારાના છૂપા આદ્યપ્રેરક ગણાઓ, સુખદેવભાઈ!"

"હા, ભાઈ! પાછું મેં તો મારા ઓરડામાંથી વેવાણને મોટે સાદે પૂછ્યુંય ખરું કે, 'કેમ! મુક્તાને મારું ગરીબ ઘર ગમશે કે?' ત્યારે વેવાણ બોલેલાં પણ ખરાં કે, 'કેમ ન ગમે? આવી રાજસાયબી બીજે ક્યાં મળવાની હતી! મુક્તા જો મૂરખી હોય તો જ મન સંકોડે!' મેં કહ્યું કે, 'વેવાણ! મુક્તાને મોંએ હેતનો હાથ ફેરવનાર રમણની બા જો આજ જીવતી હોત તો હું સ્વર્ગનું સુખ પામત. પણ એ ખોટ હું ક્યાંથી પૂરું?' આ સાંભળીને તો મુક્તાની આંખો પણ પલળેલી હતી એમ મને અમારી ઘાટણે પાછળથી કહેલું."

"હું તો આ સાંભળીને વધુ દૃઢ બનતો જાઉં છું કે છોકરી તમને દબાવે છે. એને તો ચોટલે ઝાલીને –"

"હજુ સાંભળી લ્યો. આમ દીકરીનું દિલ ઠારીને બધાં પાછાં ગયાં. પાછળથી મેં મારા રમણને મુક્તા પર કાગળ લખતો કર્યો. અંદર ટાંકવા હું એને સારી કવિતાઓ પણ શોધી આપતો. ચિત્રો બિડાવતો. ઘણી વાર રમણના કાગળો હું ટપાલમાં નખાવતાં પહેલાં ફોડીને..." આંહીં ડોસાને એની વ્યવહારબુદ્ધિએ 'બ્રેક' મારી, ને એણે વાત કાપી નાખી: "હાં! મતલબમાં બન્યું એવું કે લગ્નનો દિવસ આવી પહોંચ્યો, ને અમે સૌ જાન લઈને જ્યારે છેક રવાના થયા, ત્યારે એ છોકરીએ અવળચંડાઈ માંડી. ઓરડીમાં પુરાઈને રડવું શરૂ કરેલું. એની માએ પંપાળીને પૂછેલું કે, 'શું છે? રમણલાલ નથી ગમતા? ઘર નથી ગમતું? શી બાબતનો તને અસંતોષ છે તે કહે.' પણ એ ઢોંગીલીએ માના ખોળામાં માથું દાટીને એટલું જ કહેલું કે, 'મને કારણબારણની કાંઈ ખબર નથી પડતી. પણ મારે નથી પરણવું

– ત્યાંય નથી પરણવું ને ક્યાંય નથી પરણવું.'

"ઓહો! કારણની ખબર નથી, એમ કહ્યું?" પ્રો. ઈન્દ્રજિતે માનવ-સ્વભાવનો તલસ્પર્શ કરેલો ખરો ને, એટલે એણે પકડી પાડ્યું: "સમજી શકાય છે: છૂપો કોઈનો પ્રેમ...!"

સુખદેવ ડોસાએ આગળ ચલાવ્યું:

"એ તો એ જાણે ને એનાં પાપ જાણે. પણ આવા ધમરોળ માંડ્યા, અને એની મા પોપલાવેડા કરતી રહી, ત્યારે પછી એનો બાપ આવ્યો. સારી પેઠે કેળવાએલો ને સંસ્કારી બાપ. થોડી વાર તો સાંભળી રહ્યો. દાઝ તો કાન ઝાલીને બે તમાચા ખેંચી કાઢવાની ચડી હતી; પણ દીકરીની મનપસંદગી ઉપરવટ એને જવું નહોતું. એણે કડક અવાજે કહી નાખ્યું: 'મુક્તાને કહો કે આ ઘોલકીની રમત નથી માંડી. ચોવીસ કલાકની મહેતલ આપું છું. પોતાની દુર્દશાનો પૂરો ખ્યાલ કરીને જવાબ આપે."

"ધૅટ્સ ઇટ (બરાબર છે)!" પ્રો. ઇન્દ્રજિતે ગળું ફુલાવીને સંતોષ બતાવ્યો. "ચમત્કાર વિના નમસ્કાર નહિ!"

"સીધીદોર થઈ ગઈ, ઈન્દુભાઈ! – નેતર જેવી સીધી થઈ ગઈ! બધા ફંદ મૂકી દીધા. ચોવીસ કલાકે એની માએ જઈને બાપને કહ્યું કે, 'મુક્તા ટાઢી પડી ગઈ છે. હા પાડે છે.'

"એ રીતે ચોખ્ખી સ્વેચ્છાથી લગ્ન કર્યાં. છતાં એ છોકરીએ ચાર દિવસ તો અમારે ત્યાં માંડ માંડ કાઢ્યા. ભુરાંટી થઈ. ઘર આખું ચગડોળે ચડાવ્યું. રમણને તો ખાજ ઉપર લાગેલી સિંહણની માફક પાસેય છબવા ન દે. ઈન્દુભાઈ! શું કહું? – મારા ત્રીસ વર્ષના પુત્રને એ છોકરીએ તમાચો ખેંચી કાઢ્યો. અંદરથી સાંકળ બીડીને બેસી ગઈ. ત્રણ દિવસ ખાધુંપીધું નહિ. મેં એના બાપને તાર કર્યો. એ તેડી ગયો. ત્યારથી આજ બાર મહિના થયા; નથી આવતી. માબાપ કહે છે કે, જોરાવરીથી લઈ જાવી હોય તો લઈ જાઓ – તમારું માણસ છે!"

"મુક્તા પોતે શું કહે છે?"

"કાંઈ નહિ. બસ, 'નથી આવવું.' મેં કહ્યું, દાવો માંડીશ. એ કહે,

ફાંસીએ કેમ નથી ચડાવતા! અહીં, બસ, હાર્મોનિયમ બજાવે છે. ટોળાં ભેળાં કરે છે. જગબત્રીસીએ ચડી છે તોયે નફ્ફટ થઈને ફરે છે, હરે છે. મેળાવડાઓમાં ને ઉત્સવોમાં ભળે છે, ગરબે રમે છે. લોકો મોઢે ચડીને ફિટકારે છે તોયે નઘરોળની નઘરોળ! હું ત્રણ-ત્રણ વાર તો રમણને તેડીને અહીં આવી ગયો. ત્રણમાંથી એક વાર માંડ માંડ રમણને એનું મળવું થયું. મેં રમણને ગોખાવી રાખેલું કે, 'પ્રથમ મીઠાશથી વશ કરવા મહેનત લેજે. પણ નરમ ઉપાય ન ચાલે તો પછી રાતી આંખ દેખાડજે'. બાજુના જ ઓરડામાં હું કાન દઈને સાંભળી રહ્યો હતો. રમણે ઘણું ઘણું પૂછ્યું કે, 'હું તને કેમ નથી ગમતો? મારામાં તેં શી ખોડ દીઠી? આપણે નવી મોટર લીધી છે. બાપા વાલકેશ્વરમાં બંગલો લેવાના છે'. પણ આખરે એ વંઠેલીને સાન ન આવી. છેવટે જ્યારે રમણે કહ્યું કે, 'હં! તારે આંહીં કોઈ બીજું પ્રણયપાત્ર છે, ખરું ને!' એટલે તો સાંઢ જેવી એ છોકરીએ મારા રમણને બીજી લપડાક લગાવી દીધી. રાતી આંખ દેખાડતાં મારા રમણને ન આવડ્યું."

"માફ કરજો – પણ રમણલાલમાં કાંઈ કહેવાપણું તો નથી ના?"

"રહો, બતાવું. બેટા રમણ! આંહીં આવ જોઉં!"

અંદરથી કોમળ કંઠનો અવાજ આવ્યો: "આવ્યો જી!"

જુવાન દાખલ થયો. એના મુખ ઉપર નીતરતી નરી મધુરતા એની ઉમ્મરમાંથી પાંચ વર્ષોના પોપડાને જાણે કે ધોઈ નાખતી હતી. એ માંડ પચીસ વર્ષનો લાગતો હતો. અડકશું તો ભાંગીને ભૂકો થઈ જશે, એવું બિલોરી કાચનું બનાવેલું જાણે એનું બદન હતું. અંજનની પારદર્શક ડબ્બીઓ જેવી બે આંખો હતી.

"આ મારો રમણ!"

"આ!" પ્રો. ઇન્દ્રજિત આભા બની ગયા: "આ પુરુષ એને પસંદ નથી પડતો? આટલી હદ સુધીની નફ્ટાઈ! હું કહું છું કે એને ચોટલે ઝાલી ઉઠાવી જાઓ." એમ કહી ઈન્દ્રજિત ઊઠ્યા.

"જોયું, રમણ! ઈન્દ્રજિત જેવા પ્રોફેસરે આપણને ન્યાય કર્યો છે.

'ચોટલે ઝાલીને!' એ એના શબ્દો વેદના મંત્ર જેવા સાચા છે. હવે મને છાતી આવી ગઈ. હવે તું મૂંઝાઈશ નહિ. હું લાખોનાં આંધણ મૂકીશ. દુનિયાને દેખાડી દઈશ કે કુળવાન માણસ પોતાની આબરૂ સારુ શું શું કરી જાણે છે.''

કુલીન પિતાની આબરૂનો આ પ્રશ્ન મેરુ પર્વતથી પણ મોટો હતો. સદાય રમણ જોતો આવતો હતો કે આબરૂ અને કુલીનતા ખાતર જ પિતાનું જીવતર હતું. આબરૂની વેદી ઉપર આત્મ-સમર્પણ કરનાર બાપને રમણ દેવ સમ ગણતો. એ માનતો કે પોતે, મુક્તા અને આખો સમાજ બાપુના કુળની આબરૂ આબાદ રાખવાનાં જ પુનિત સાધનો છે.

એણે પિતાની વાતના વિરામચિહ્ન તરીકે હંમેશની માફક ઉમેર્યું કે, ''જી હા!''

સુખદેવ ડોસા મુક્તાને 'ચોટલે ઝાલીને' ઉઠાવી જવાની વેતરણ ઉતારતાં ઉતારતાં બોલ્યા: ''હું આખી બાજી ગોઠવી રહ્યો છું. એના મુખ્ય પાત્ર તરીકે તારું જ સ્થાન રહેશે. તારે મુક્તાને છેલ્લી વારના એક મેળાપના બહાને, તારા તરફથી એને ચાહે તેની સાથે જીવન ગાળવાની ફારગતી આપવાને નિમિત્તે, તેડાવવાની છે. કાગળનો મુસદ્દો હું ઘડી દઈશ. એ આવે એટલે પછી હું બીજા માણસો મારફત જ કામ લઈશ. હું એક મોટરનો ને ચાર માણસોને જોગ કરી રહ્યો છું.''

''જી હા!'' રમણના રાતા હોઠેથી સનાતન વિરામચિહ્ન સર્યું.

પોતાના ઓરડામાં જઈ રમણ એક ખુરસી પર ઉપર ઢગલો થઈ પડ્યો. એના કાનમાં પેલા શબ્દો ગાજતા હતા: 'ચોટલે ઝાલીને...' એ શબ્દો નવા હતા. કદી નહિ સાંભળેલા. એની આંખો મળી. એણે સ્વપ્ન દીઠું. મુક્તાને ચોટલે ઝાલી ઘસડી જતો પ્રો. ઈન્દ્રજિત દીઠો. એ ઊઠ્યો. મોઢું ધોયું. લખવા બેઠો. આ પહેલી જ વાર એણે પોતાની પ્રેરણાથી કાગળ લખ્યો:

*મુક્તા,*

*અરીસામાં બહુ બહુ જોયું કે, તને કંટાળો આવે એવું મારામાં શું છે!*

*પણ હવે સમજાય છે. આ કંટાળો સ્વયં પ્રેરિત પ્રીતિ જેવો જ સ્વયંભૂ છે. હું ભલે ફૂલનો બનેલ હોઉં, પણ તારી આંખોએ મારા પ્રત્યેક રજકણમાં કીડા ખદબદતા દેખ્યા છે.*

*પરસ્પર વિનાદીઠયે થયેલાં અનેક લગ્નો પ્રેમભરપૂર નીવડ્યાં હશે; પરંતુ તેથી કરીને તારું ને મારું માબાપોએ તારથી કરી નાખેલ સાટું કશો બચાવ પ્રાપ્ત કરતું નથી.*

*તને ઘૃણા હતી. દબાવી-ડરાવીને તારી જીભમાંથી 'હા' કઢાવવામાં આવી હતી. સંમતિ-લગ્નનો એ દંભ હતો.*

*તું કુલીનનું બાળ છે. હિન્દુ કાયદાની ગુલામ છે. વિવાહિત જીવનને ઠેલ્યે તારો ક્યાંયે ઉગાર નથી; જ્યારે હું પુરુષ તો પાંચ બૈરાં પરણવા પણ સ્વતંત્ર છું. આમ છતાંય તું નાસે છે, એટલે નક્કી કોઈ ભયંકર ઘૃણાએ તને વલોવી નાખી હશે. મારી સાથેનું સહજીવન અસહ્ય થઈ ગયું હશે.*

*મારા બાપુ તને ચોટલે ઝાલીને ગુંડાઓને હાથે ઉઠાવી જવાની પેરવી કરે છે. મારા હાથના બીજા કોઈ કાગળથી ભોળવાઈશ નહિ. આ સાથે રૂ. 100ની નોટ બીડું છું. ફાવે ત્યાં નીકળી જઈ રક્ષણ મેળવજે.*

*મારા તરફની આ ફારગતી ગણજે. અદાલતમાં જવું પડે તો આ દેખાડજે.*

લિ૰ રમણ.

રૂ. 100ની નોટ સાથે બીડેલા કાગળનું પરબીડિયું ગજવામાં છુપાવીને રમણ બહાર નીકળ્યો. છેક ટપાલ-પેટી સુધી હિંમતભેર પહોંચી ગયો. પરબીડિયું અંદરના ગજવામાંથી કાઢીને પેટી સુધી હાથ લંબાવે તે પહેલાં તો એ હાથ પર કોઈની થપાટ પડી.

જુએ છે તો – બાપાજી પોતે!

પરબીડિયું આંચકી, ફોડી, અંદર સપાટાભેર નજર ફેરવીને પછી બાપાજીએ બીજી થપાટ ચોડી દીધી. કહ્યું: "ચાલ."

વળતે દિવસે જેને 'ચોટલે ઝાલીને ઉપાડી જવું' કહી શકાય એવી યોજના કરીને સુખદેવ સસરા પુત્રવધૂને મુંબઈ લઈ ગયા.

# મોરલીધર પરણ્યો

"એ... સોમચંદ જેઠાના ઘરનું સાગમટે નોતરું છે."

"એ... ભાઈ, કાળા હેમાણીના ઘરનું ન્યાતની વાડીમાં તમારે સાગમટે નોતરું છે."

"એ... આ પ્રાણજીવન વેલજીના ઘરનું સાકરનું પિરસણું લઈ લેજો."

રોજ સવાર પડે અને શેરીએ શેરીએ આવા લહેકાદાર સૂરો છંટાય. ગામમાં વિવાડો હતો. ન્યાતના મહેતાઓ હાથમાં લાંબો ખરડો લઈને ઘેરઘેર આ નોતરાં ફેરવતા હતા.

અપચાના ઓડકાર ખાતાં ખાતાં ઘરઘરનાં લોકો કહેતાં કે "હવે તો રોજ રોજ ગળ્યું જમવાનું ભાવતું નથી."

"પણ આજ તો હરખ-જમણ છે, એટલે દૂધપાક પૂરી હશે."

"હા, તો તો જશું." એમ ખાવાની લાલસા થાકીપાકી છતાં આળસ મરડીને, હિંમત રાખીને, હોશિયાર બનીને જઠરમાં જાગ્રત થતી.

ઘચરકા-વિકારની દવા કરાવવા માટે વૈદ્યની દુકાને ચડેલો દર્દી 'તમારે હમણાં પખવાડિયું ચરી પાળવી પડશે...' એવી વૈદ્યરાજની માગણી સાંભળીને ઊભો થઈ જતો; કહેતો કે, 'તો તો અઠવાડિયા પછી જ વાત; હમણાં ન્યાતમાં ને સગાંવહાલાંમાં વિવાડો છે અને દેખીપેખીને ચરી પાળવા ક્યાં બેસીએ, ભાઈસાહેબ!'

એવો એ મહાન વિવાડો હતો. જમણ-ભોજન સિવાયનું સર્વ જગત ક્ષણભંગુર હતું. પ્રજા પાસે દોલત નથી, એ વાત ગલત હતી. લોકોનાં હૈયાંમાં ગુલામીની વેદના સળગે છે, એ કથન વાહિયાત હતું. પ્રજાએ, ઓહોહો, કેવી સમદષ્ટિ કેળવી હતી! જ્વાલામુખીના શિખર પર બેસીને

પણ વિવાડો માણવાની કોઈ અલૌકિક આત્મશક્તિ આ આર્ય જાતિના કલેવરમાં પડી હતી. પાસે શબ પડ્યું હોય તોયે વિવાહ તો ચાલુ જ હતા. જમી કરીને લોકો સ્મશાને જતા, સ્મશાનેથી આવીને જમણવારમાં જતા.

ઢોલીનો ઢોલ ચારેય પહોર ધ્રૂસકતો હતો. વાઘરાંને, ઝાંપડાંને અને કૂતરાંને અધરાતે એંઠવાડ વહેંચાતો હતો. ગીતો બસૂરાં-બસૂરાં તોયે ગવાતાં હતાં. વાઘ, ચિત્તા અને દીપડાનું કોઈ વૃંદ હોય તેવા વેશધારી બેન્ડવાજાંવાળાઓ ખાસ ત્રીસ રૂપિયાને રોજે રાજધાનીમાંથી આવીને ગામ લોકોની સમૃદ્ધિની સાબિતી આપતા હતા. સંગીતનો મિથ્યા મોહ કોઈએ રાખ્યો જ નહોતો.

બે છલોછલ ટ્રંકો ભરીને કપડાંલતાં સાથે મોરલીધર પરણવા ઊતર્યો. રાજથળી દરબારની ખાસ બે ઘોડાની ગાડી એને સ્ટેશને લેવા ગઈ હતી. પોતાના ગામના દેશાવર ગયેલા ભાઈઓ પૈકી જેની જેની સ્થિતિ સારી બંધાયેલી માલમ પડતી તેને તેને દરબાર આ રીતે ગાડી સામી મોકલવાનો શિરસ્તો રાખતા. મોરલીધરનાં સગાંવહાલાંઓ તથા ગામના આગેવાનો સ્ટેશન લેવા ગયેલ, ત્યાં પણ તેઓએ ચા-નાસ્તાની સગવડ કરી હતી. મોરલીધર લગ્ન કરવા ઊતરે છે એ સહુને મન મોટો બનાવ થઈ પડ્યો હતો. સ્ટેશનથી ગામ પાંચ ગાઉ દૂર હતું, એટલે રસ્તામાં પણ એક-બે ગામડાંને પાદરે ચાપાણીનો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ગામના સોનીની બે દુકાનો હમણાં હમણાં રોજગાર વિના બેઠી હતી, તેને ધમધોકાર ઉદ્યોગ ઊઘડ્યો. દેશના ચાલુ ઘાટ ઉપરાંત મોરલીધર હાથની બંગડીના અને પગના છડાના કેટલાક પરદેશી સુંદર નમૂનાનો પણ લાવેલ તે ફેશનના દાગીના તૈયાર થવા લાગ્યા. એવા નાના કસ્બાતી ગામમાં પરણેલી સ્ત્રીઓથી કાનમાં એરિંગ ન પહેરાય. તે છતાં પણ મોરલીધરને આ ઝૂલતા, ફૂલોની મંજરીઓ જેવા, ગાલ પર ઝલક-ઝલક ઝાંય પાડતા અલંકારોનો બડો મોહ હતો, તેથી ગામ-લોકોથી કશું કહી ન શકાતું. ઊલટું એમ બોલાતું થયું કે, "હોય, ભાઈ; નસીબદારનાં ઘરનાં નહિ પે'રે તો પે'રશે કોણ બીજું?"

એ દેખીને તો ગામની બીજી બે-ત્રણ કન્યાઓએ પણ એરિંગોની હઠ કરી, અને માવતરોએ મોરલીધરની કુલીનતાની નકલ કરવામાં કશો જ વાંધો લીધો નહિ.

રોજની બેઠક ચાલુ થઈ. મોરલીધરને ઘેર ચાનું તપેલું ચારેય પહોર સગડીચૂલા પર ઊકળતું થયું. કેટલાક તો ત્યાં આવીને જ દાતણ કાઢતા.

ઔદિચ્ય બ્રાહ્મણોની ન્યાતનું નાક ગણાતા મહેશ્વર મહારાજ રોજ આવીને કહેતા કે, "આ વખતે તો મોરલીધરભાઈ પાસેથી લગનની ચોરાસી જમ્યા વગર છૂટકો નથી. નહિ તો અમે બ્રહ્માના પુત્રો લીલા માંડવા હેઠ લાંઘશું."

મામલતદાર, કે જેને ભૂતનાથની માનતાથી પિસ્તાલીસમે વર્ષે પુત્ર સાંપડ્યો હતો. તેમણે આવીને જણાવ્યું કે, "જુઓ, શેઠ, અત્યારથી સવાલ નોંધાવી જાઉં છું કે ભૂતનાથની જગ્યામાં ત્રણ ઓરડા ખાલી રહેલ છે, તેમાં શિવલિંગની પ્રતિષ્ઠા તમારે આ વેળા કરાવી આપવાની જ છે."

"ખુદ સાહેબ ઊઠીને વેણ નાખે છે, મોરલીધરભાઈ!" બીજા શેઠિયા બોલી ઊઠતા: "સાહેબનું વેણ કંઈ લોપાશે!"

એ રીતે સ્વામીનારાયણનું મંદિર એક વધુ ઘુમ્મટ માગતું હતું. પાંજરાપોળને ચાર દુકાનો ઉતારી હોટલોનાં ભાડાં રળવાં હતાં. અને તે તમામે આવીને મોરલીધરભાઈના લક્ષ પર આ માગણીઓ નોંધાવી દીધી. મોરલીધર એટલે ગામ-લોકોને મન તો સોનાનું ઝાડવું: સહુ ખંખેરવા લાગી પડ્યાં.

મોડી રાતે બીજા સહુ વીખરાતા ત્યારે દાક્તર સાહેબ એકલા જ બેસી રહેતા. મોરલીધરનો તમામ આધાર દાક્તર પર હતો. દાક્તર અનેક પુસ્તકો ઉથલાવીને, ફેરવી--ફેરવીને ડોઝ, પડીકી, માલીસનું તેલ વગેરે એકસામટી ત્રેવડી ઔષધિઓ આપતા. સૂર્યસ્નાન, શીર્ષાસન વગેરે કુદરતી ઇલાજો પણ ચાલુ કરવામાં આવ્યા હતા.

મોરલીધરનું આ નવું વેવિશાળ આટલી નાની વય છતાં પણ ત્રીજી વારનું હતું. ચાર વર્ષની અંદર જ એણે બે વહુઓના જાન ગુમાવ્યા હતા.

દેખીતી રીતે આ એક દુર્ભાગ્યની ઘટના કહેવાય છે. તકદીરમાંથી બાયડી ખડે એ ગરીબ માણસને માટે આપત્તિની અવધિ જ છે; પરંતુ સુખી ઘરનો જુવાન અંતઃકરણને અતલ ઊંડાણે એક ભયાનક ગર્વ અનુભવે છે એ શું સાચી વાત હશે? બે નીરોગી અને અલમસ્ત સ્ત્રીઓનાં યૌવનનો ભુક્કો કરી નાખવો એ શું સામર્થ્યની વસ્તુ નથી ગણાતી? છૂપુંછૂપું, ઊંડેઊંડે, એકાંતે, એકાદ મિત્ર સાથેના ઠઠ્ઠામાં 'બહાદરિયો ખરો; બબેને શોષી ગયો!' એવું કંઈક બોલાય છે ખરું?

ખેર! મોરલીધરના જીવનની એ પાતળી ખીણમાં ડોકિયું કરવાની શી જરૂર છે? અંદર જોતા તમ્મર આવે તેવી કૈક કંદરાઓ માનવીના પ્રાણમાં પડેલી છે. લોકોને તો ફક્ત આટલી જ ખબર હતી કે કાલીકટમાં એને એની બીજી વહુ અચાનક મરી ગયાના સમાચાર મળેલા, એટલે હરિચંદ નામના એના મહેતાની બહેન વેરેનું વેવિશાળ ત્યાં એણે પરબારું જ કરી લીધું હતું.

લગ્નની તિથિ જોવરાવવામાં હવે હરિચંદની જ વાટ જોવાતી હતી. હરિચંદના બાપનો કશો ધડો નહોતો. એ એક 'રિટાયર' થયેલા સનંદી વકીલ હતા. અરધાપરધા સાગરઘેલડા હતા. કંઈક છાપાંબાપાં અને એલફેલ ચોપડીઓ વાંચવાની વધુ પડતી ટેવને કારણે વિચારવાયુ પણ થઈ પડેલો, અને ધંધામાં એક પ્રવીણ માણસને ન છાજે તેવા કેટલાક ચોખલિયા સિદ્ધાંતો પણ એનામાં ઘર કરી ગયેલા. હાથમાં લીધેલો કેસ સાંગોપાંગ ચાલુ રાખવાની છાતી જ ન મળે. અરધેથીય જો માલૂમ પડે કે અસીલનો પક્ષ જૂઠો છે, તો ધગધગતા પાણીનું વાસણ જેમ કોઈ બાળક હાથમાંથી પાડી નાખે તેમ એ મહેરબાન ઓચિંતા એ કેસને પડતો મૂકતા. પરિણામે એના 'જુનિયરો' હતા તેઓએ મેડીઓવાળાં ચૂનાબંધ મકાનો પણ કરી નાખેલાં, ત્યારે આ સિદ્ધાંતીને ફક્ત મૂછોના ગુચ્છા તથા આંખો ફરતી કાળી દાઝ્યો સિવાય બીજું કશું જ વધ્યું નહોતું. ગામ લોકો એને રૂબરૂમાં 'બાલીસ્ટર' કહી બોલાવતાં અને ગેરહાજરીમાં 'વેદિયો' શબ્દે ઓળખતાં.

ઘરમાં પણ એની કિંમત અંકાઈ ગઈ હતી. સ્ત્રી એને નમાલો કહેતી. એક-બે વાર તો સ્ત્રીએ એની ચોપડીઓ પણ ચૂલામાં નાખેલી. દીકરો

બાપની આ કંગાલિયત ન સહેવાયાથી દેશાવર ચાલ્યો ગયેલો. પિતાની ભેરે હતી માત્ર પુત્રી ચંપા. છાપામાં કે ચોપડીમાં કંઈક સારો લેખ અથવા છબી આવે તો 'ચંપા! બેટા, અહીં આવ તો!' કહી બોલાવતા, અને એને પાસે બેસારી એના માથા પર હાથ મૂકી એ નવું લખાણ કોઈ અજબ છટાથી વાંચી સંભળાવતા.

"હવે ચંપાનો ભવ શીદ બગાડો છો?" કહેતી સ્ત્રી હાથમાં હાંડલું હોય તો હાંડલું ને સાવરણી હોય તો સાવરણી લઈને દોડી આવતી. "તમારો ને મારો બગડ્યો તે ઘણું છે! એના મગજમાં શીદ ભરો છો આ પસ્તીના ડૂચા! એને વેઠવાનું છે પારકું ઘરઃ એટલું તો ભાન રાખો!"

"ના, મારે તો ચંપાને પરણાવવી જ નથી."

"લ્યો, જરા લાજો – લાજો બોલતાં."

"અરે ગાંડી, વિલાયતના વડા પ્રધાન મૅકડોનાલ્ડની દીકરી, એના બાપ ભેળી જ રહીને બાપનો વહીવટ કરે છેઃ ખબર છે?"

"હા, એટલે તમેય રાખજો ચંપાને તમારી પસ્તીનો વહીવટ કરવા."

"બસ, હું બનીશ મૅકડોનાલ્ડ, ને મારી દીકરી ચંપા બનશે મારો મંત્રીઃ ખરું ને, બેટા ચંપા?"

ચંપાને બાપની અનુકંપા આવતી. છાનીછાની આવીને ચંપા બાપુ પાસેથી રોજનું નવું છાપું જોઈ જતી. મા આઘીપાછી હોય ત્યારે બાપુને ચાનો વાટકો પણ ઝટઝટ તલસરાં બાળીને કરી દેતી.

બહેન ચંપાનું સગપણ એના ભાઈ હરિચંદે કાલીકટમાં બારોબાર મોરલીધર વેરે કરી નાખેલું અને તેના સમાચાર એણે પોતાની બાને પહોંચાડેલા – કે જેથી બા તાબતડોબ બાજુના કોઈ ગામડામાં જઈને હરિચંદનું સગપણ પણ કરી કાઢે. મોરલીધરને બીજી કોઈ કન્યા આટલી સસ્તી સાંપડત નહિ; અને હરિચંદનું વેવિશાળ પહેલી વારનું છતાં વગર કોથળીએ થાત નહિ. ચંપાનો વકરો એ રીતે ખપ લાગી ગયો અને બન્ને ભાઈ-બહેનનાં લગ્ન લેવાનું નક્કી થઈ ગયું. ફક્ત ચંપાનો બાપ 'બાલીસ્ટર' જ આમાં રાજી નહોતો. એ ઘરના મેડા ઉપર બેસીને બબડતો જ રહ્યો.

સ્ત્રીએ કહી દીધું કે, "બબડી લ્યો જેટલું બબડવું હોય એટલું. હું દીકરીને ક્યાં – કોઠીમાં છાંદી મૂકત! એણે તમારું શું બગાડ્યું છે? બાપ છો કે વેરી? એનું ઘર બંધાય છે એય જોઈ શકતા નથી?"

હરિચંદની જ રાહ જોવાતી હતી. 'બાલીસ્ટર'ની પરવા તો નહોતી મોરલીધરને કે નહોતી બીજા કોઈને. એને તો ચંપાના વેવિશાળની ખબર પણ ત્યારે જ પડી, જ્યારે ચંપાને એક દિવસના છાપામાં આકાશી વિમાન ઉરાડનારી કુમારી એમી જોનસનનું ચિત્ર દેખાડવા બોલાવતાં બાપે એના કપાળમાં ચોખાવાળો ચાંદલો અને શરીર પર હેમના નવા દાગીના દીઠા.

તે દિવસે એ મેડેથી ઊતર્યો ત્યારે ત્રણ-ત્રણ પગથિયાં સામટાં ઊતર્યો. એનાં ચશ્માં ફૂટ્યાં, એ પડતો પડતો રહી ગયો. એણે સ્ત્રીને ફાટી આંખે પૂછ્યું: "હેં, ચંપાનું વેશવાળ કર્યું? મોરલીધર વેરે? મને પૂછ્યું પણ નહિ?"

"લ્યો, હવે જાવ: મેડે ચડીને નિરાંતે પસ્તી વાંચો. વેવાર હલાવવાની જો રતિ નથી, તો પછેં બીજાંને હલાવવા તો દ્યો!"

એ મેડે ચડી તો ગયો, પણ ત્યારથી નીચે જમવા પણ નહોતો ઊતરતો. મા ચંપાની સાથે એનું 'ઠોસર્યું' – અર્થાત્ ભાણું – મેડે જ પહોંચાડતી. બાપે ચંપાને તે દિવસથી છાપાં બતાવવાં બંધ કર્યાં, વાતો પણ બંધ કરી. થાળી દેવા જતી ચંપા બાપની છાતીમાંથી એક પછી એક ડોકિયાં કરી રહેલ પાંસળીને નિહાળતી અને બાપની ભીની આંખોના ઊંડા ખાડામાં નાની નાની બે ચંપાઓને આંસુમાં નહાતી જોતી.

આખરે હરિચંદ પણ એનું વેવિશાળ થઈ ગયું હોવાનો તાર મળવાથી પરણવા ઊતર્યો. રતિવિહોણા બાપનો પોતે રાંક પુત્ર, ઉંમર હજુ નાની છતાં બાહોશીથી બહેનને ઠેકાણે પાડી, પોતેય ઠેકાણે પડી શક્યો, માનું હૈયું ઠાર્યું, અને બાપની હાંસીને સ્થાને પોતાની ડાહ્યપ સ્થાપી દીધી – એથી હરિચંદનું દિલ ભર્યું ભર્યું બની ગયું હતું. વિવાહ પણ સૌ જોઈ રહે એવો મોભાસરનો કરવાની એની ઉમેદ હતી. મોરલીધરના લગ્ન ઉપર એમના અંગ્રેજ આડતિયાની પેઢીનો જે પારસી મૅનેજર આવવાનો હતો તેને પોતે પણ પોતાની જાનમાં એકાદ ટંક બપોર પૂરતો લઈ જાય એવો એનો મનોરથ હતો.

એટલી ઇજ્જત-આબરૂ પરદેશ ચરબી ચડાવનારી વિલાયતી કંપનીનો પારસી મૅનેજર એક વણિકના પુત્રની જાનમાં એક ટંક આવે એ પ્રતિષ્ઠા – એ કંઈ જેવીતેવી છે! પોતે ગામમાં દાખલ થયો તે દિવસે વિવાડાના ઠાઠમાઠ અને ઉછરંગ જોતાં એને પણ 'કૉંટો' આવી ગયો કે બીજા સહુનું ઝાંખું પડી જાય એવી જુક્તિ પોતે પોતાના ઘરનાં લગ્નોમાં જમાવશે. અનેકની આંખોમાં આજે ચંપાના અહોભાગ્યની અદેખાઈ થતી હશે, એ વિચાર અત્યારે હરિચંદના હૈયામાં ફૂલેલ ડોકવાળા કબૂતર-શો ઘૂઘવી રહ્યો હતો.

મેડે બેઠેલ બાપે હરિચંદને પાસે બોલાવ્યો; કહ્યું: "ભાઈ, મારે એક વાત કહેવી છે."

"તમારે ચંપાના નવા સંબંધ વિષે કાંઈ જ કહેવાનું નથી. બીજું જે કહેવું હોય તે કહો."

"પણ, ભાઈ, આમાં બેનનો ભવ –"

વધુ ન સહેવાયાથી હરિચંદ ઊઠી ગયો. લગ્ન લખવા માટે એણે મહાજન તેડાવ્યું. બીજાંને ત્યાં ફક્ત ચા મળે છે પણ હરિચંદ તો કેસરિયાં દૂધનો કઢો પિવરાવવાનો છે, એ સાંભળીને મહાજનમાં ન ખપે એવા પણ ઘણા માણસો હાજર થયા. નીચે સ્ત્રીઓ પણ ગાવા એકઠી મળી. મહાજનમાં પ્રશંસા ચાલી:

"હરિચંદે પણ નાની ઉંમરમાં નામના સારી કાઢી."

"બેનને ભારી ઠેકાણે પાડી! ભાઈ હોય તો આવા હોજો!"

"નીકર, ભાઈ, આ ઘરનું કામ સો વરસેય સરેડે ચડે એવું થોડું હતું!"

"બાપ બચારા સાગરઘેલડો: સળી તોડીને બે તણખલાંય ન કરી શકે. ક્યાં છે બાલીસ્ટર, હેં હરિચંદ?"

"મેડે બેઠા છે."

"બોલાવો તો ખરા! દીકરીના બાપે હાજર તો રે'વું જોવે ને?"

"એ વેદાન્તમાં ઊતરી ગયેલને આ સંસારી માયા ગમતી નથી." એમ વાતો થાય છે, અને જ્યાં નીચેના ઘરમાં પહેલું –

*માંડવડે કાંઈ ઢાળોને બાજોઠી,*
*કે કંકુ ઘોળો રે કંકાવટી...*

એ ગીત ગવાઈ ગયા પછી –

*કે રાયવર, વેલેરો આવ!*
*સુંદર વર, વેલેરો આવ!*
*તારાં ઘડિયાં લગન, રાયવર, વહી જશે...*

– એ રસભર્યું, કન્યાના હૃદયમાં નવવસંતના વાયુ-હિલ્લોળ જગવતું, પોઢેલા પ્રેમપંખીને હૈયાના માળામાંથી જાગ્રત કરતું, સ્થળ-કાળના સીમાડા ભૂંસાડીને હજારો યોજન પર ઊભેલાં વિજોગીઓની વચ્ચે મિલન કરાવતું, તલસાવતું, પલ-પલની વાટડીને પણ યુગ સમી વસમી કરી મૂકતું બીજું ગીત ઊપડ્યું, અને અહીં બ્રાહ્મણના મંત્રોચ્ચાર મંડાયા, નગરશેઠે લેખણ લઈ લગ્ન-કંકોતરી લખવા માંડી ત્યારે સહુના કાન ફાડી નાખે તેવો આર્તનાદ પડખેના મેડામાંથી સંભળાયો. એ રુદનમાં હજાર વીંછીના ડંખો હતા; એકસામટા સાત જુવાનજોધ પુત્રો ફાટી પડ્યાની વેદના હતી. એવું રુદન માનવીના ગળામાંથી જીવનમાં એકાદ વાર માંડ નીકળે છે. જાણે કોઈ સળગતા ઘરની અંદરથી પંદર માણસોનો આખો પરિવાર ઊગરવા માટે ચીસો પાડી રહ્યો છે.

"આ શું થયું? કોણ રુવે છે?" પૂછતાં સહુ સ્તબ્ધ બન્યા. વિલાપ વધારે વેધક બન્યો. રસ્તે રાહદારીઓ ઊભાં રહી ગયાં. જાણે કોઈની હત્યા થતી હતી.

"કોણ રુવે છે?"

હરિચંદ જોવા જાય ત્યાં તો ચોધાર આંસુડે છાતીફાટ રોતો, જાણે ગાંડો થઈ ગયો હોય તેવો એનો પિતા આવ્યો. ચિતાના ઢેળાખામાંથી બળતુંબળતું શબ ઊઠ્યું હોય એવી એની દશા હતી.

"આ શું! બાલીસ્ટર કેમ રુએ છે! શું છે, બાલીસ્ટર!"

નાના બાળકની માફક તરફડિયાં મારીને રોતો, કપાળ કૂટતો ચંપાનો પિતા બોલી ઊઠ્યો: "મારી ચંપાને ગરદન મારો, ચાય કૂવે હડસેલો; પણ

તમે એને એની સાત પેઢીને શીદ આમ સળગતી આગમાં હોમી રહ્યા છો?"

"પણ શું છે એવડું બધું, અરે બાલીસ્ટર!"

"તમે દાક્તરી તપાસ કરાવો, દાક્તરી તપાસ કરાવો."

"કોની?"

"મોરલીધરની. તમે ડાહ્યાઓ કાં ભૂલો? એટલું તો વિચારો, કે એની પહેલી વહુને આખે શરીરે વિષ્ફોટકવાળું બાળક અવતરેલું; અને બીજીને ત્રણ કસુવાવડો થઈ હતી. એના રોગની કલ્પના તો કરો. મારી ચંપાને – મારી ફૂલની કળી જેવી ચંપાને રૂંવે રૂંવે ફૂટી નીકળશે, એની સંતતિને ય લાગી જશે. એનો છૂપો રોગ –"

સહુ સમજી ગયા હોય તેમ એકબીજાનાં મોં સામે જોવા લાગ્યા.

"ચાં-દી." કોઈકનો ધીરો સ્વર ઊઠ્યો.

"મારી ચંપાને તમે પાલવે ત્યાં પરણાવો, હું આડો નહિ પડું. મારો હરિચંદ ભલે બહેનને વેચીને પોતાનો સંસાર બાંધે. પણ આ નરકમાં! તમે કોઈ દાક્તરી તપાસ કરાવો." પિતા પાગલની પેઠે રોતો હતો. "નીકર મારા ને મારી ચંપાના તમને એવા કકળતા નિસાસા લાગશે કે તમારી બહેનો-દીકરીઓનાં ધનોતપનોત નીકળી જશે. હું જિંદગીમાં કદી રોયો નથી. મારું આ પહેલું અને છેલ્લું રોણું સમજજો તમે, મહાજનના શેઠિયા! હજારો દીકરીઓના સાચા માવતર! ઘરેણાં-લૂગડાંના ધારા બાંધો, લાડવા-ગાંઠિયાના ધોરણ ઠરાવો; પણ તમને કોઈને કેમ સૂઝતું નથી કે વર-કન્યાનાં શરીરની શી દશા છે!"

મહાજન થંભી ગયું હતું. તેમાં બે ભાગલા પડ્યા. બે સૂર ઊઠ્યા:

"શરીર-પરીક્ષાનું આ એક નવું તૂત, ભાઈ!"

"એમાં ખોટું શું છે?"

"કાલ તો કહેશો, કે, વરનું નાક ચપટું છે તે મોટું કરાવો."

"એમ વાતને ડોળો મા. ચાંદી-પરમિયાનો રોગી ચાય તેટલો પૈસાવાળો હોય તો પણ કુંવારો રહે."

"એ...મ?" મોરલીધરના પક્ષકારોની આંખો સળગી: "કોને રોગ

છે! કોણ કુંવારો રહેશે? કોણ કન્યાને સવેલી લઈ જવા માગે છે? આવી જાય બેટો પડમાં.''

''આ કકળાટમાં અમે લગન નહિ લખી શકીએ, ભાઈ!'' એમ કહીએ મહાજન ઊઠી ગયું.

ઢોલી, બૈરાં અને પુરોહિત પાછાં ચાલ્યાં ગયાં.

હરિચંદ અને મા ચંપાને સમજાવવા લાગ્યાં: ''તું તારે એમ જ કહેજે કે, બસ, મારે મોરલીધર વેરે જ પરણવું છે: ભલે એ રોગિયલ હોય. હું સતી છું. બીજા મારે ભાઈ--બાપ છે.''

ચંપાની કાળી કાળી મોટી આંખોમાંથી જવાબરૂપે આંસુ ઝર્યાં.

દાક્તરી પરીક્ષા: દાક્તરી પરીક્ષા: વરકન્યાની દાક્તરી પરીક્ષા: ઘરેણાં-લૂગડાં અને કેળવણી કે કુલીનતા કરતાંય વધુ જરૂરી: એ મંત્ર ગામમાં રટાવા લાગ્યો. અનેક માબાપોએ પોતપોતાનાં પરણાવી રાખેલાં સંતાનોની ઊંડી વેદનાઓના તાગ લીધા, તો તળિયેથી આ ભયંકર વાતો નીકળી પડી.

પણ મોરલીધર આ વાત ઝાઝી ચર્ચાય એવું ઇચ્છતો નહોતો.

''મારે સર્ટિફિકેટ શા માટે લાવી આપવું? શું ગામમાં એ એક જ કન્યા છે? અરે, એની આંખ આંજીને એની છાતી સામે જ બીજી કોઈ પણ કન્યા લઈ આવું – ને એ ધૂળ ફાકતાં રહે. લાખ વાતેય મારે લગ્નનું મૂરત ખડવા દેવું નથી.''

અને થોડા જ કલાકોમાં ચંપાના અંગ ઉપરથી ઘરેણાંનો ઢગલો ઊતરી ગયો, ને ગામના એક કરજદાર સટોડિયાની વીસ વરસની દીકરીના શરીરને એ જ આભૂષણો શોભાવવા લાગ્યાં. નક્કી કરેલાં મુહૂર્તે મોરલીધર ચંપાના ઘરની સામેને જ ઘેર નાખેલા માંડવામાંથી મૂછે તાલ દેતો ધરાર બીજી 'નસીબદાર' કન્યાને ગાલે પેલાં એરિંગો ઝુલાવવા ઉપાડી ગયો, અને 'ભાગ્યહીન' ચંપા જોતી રહી ગઈ.

હરિચંદની સોહાગ-રાત્રિ તો આવી આવીને પાછી કેટલે દૂર ચાલી ગઈ!

# ભનાભાઈ ફાવ્યા

**મા**માના અગાધ અંતઃકરણમાં આનંદ છે કે નહિ તેનો તાગ લેવાનું એક અચૂક માપ હતું: ચા પીધા પછી કે જમ્યા પછી જો મામાની સૂડી વચ્ચે વાંકડી સોપારીનાં એક પછી એક દૂધિયાં ફાડિયાંનો ચૂરો પડતો જ રહે, તો સમજવું કે મામાના જીવનમાં આજે એક નવી ઘડી સંકેલાઈ છે. ધોબી કપડામાં જે ઘડીઓ પાડે છે, તેવી જ જાતની જીવતરના વ્યવહારમાં પણ ઘડીઓ પાડવાનો ઘણાને શોખ હોય છે. મામાની જિંદગી પણ આવી 'ઘેડ્ય' પાડેલી ચાદર જેવી હતી.

આજે મામાની સૂડી ચાલુ છે. "ભનાભાઈ! બીજી સોપારી લાવજો તો!" એમ કહે છે ત્યાં તો બાવીસ વર્ષના જુવાન ભનાભાઈ છલંગો મારીને મામી પાસે દોડે છે. કબાટનું તાળું, કે જેની ચાવી મામીની કમ્મરે જ રહેતી, તે ઉઘાડીને મામી વાંકડી સોપારી કાઢી આપે છે; અને આજે તો બે ઘડી નિરાંતે વાતો કરાશે એમ સમજીને મામી ઓરડાની બારીએ આવીને ઊભાં રહે છે. બન્નેની આંખો સામસામી હસે છે. મામી પૂછે છે: "પણ આવડું બધું શું છે આજ?"

"ભનાભાઈ ફાવ્યા: બીજું શું!" એમ કહી મામાએ ભાણેજ તરફ દોંગી દૃષ્ટિ માંડી. ભનાભાઈ, ખાસ કોઈ કુદરતી લજ્જા પામીને નહિ પણ આવે પ્રસંગે લજ્જા પામવી જોઈએ એવા સભાન પ્રયત્નથી, નીચે જોઈ ગયા.

"શું, ભનાભાઈને વટાવ્યા?" ગામના દાક્તર મામાને મળવા આવેલા, તેણે આનંદ પામીને પૂછ્યું.

"હા, વટાવ્યા!" મામાનું ગળું ફુલાઈને બોલી ઊઠ્યું: "ભનો ખાટી

ગયો! બીજા કૈંક પડ્યા રહ્યા."

"કેમ, શું કન્યા બહુ રૂપાળી મળી?" મામીએ પોતાની મતિ પ્રમાણે 'ખાટી જવા'નો અર્થ બેસાર્યો.

"સસરાજી શાહુકાર મળ્યા?" દાક્તર સાહેબે પોતાના ગજથી માપ્યું.

"બધી વાતે ઘેડ્ય બેસી ગઈ. ભલા માણસ!" મામાની સૂડી જોરથી ચાલી. "કન્યા રૂપાળી ને ભણેલીગણેલી, સાસરાનો ધીકતો વેપાર, અને એ કન્યા સિવાય કોઈ બીજું સંતાન ન મળે – ને હવે થવાનોય સંભવ નથી, હો ભનાભાઈ! મૂંઝાશો મા!" એમ કહીને મામાએ ભાણેજને ફરીવાર શરમાવાનો પાઠ ભજવવાની તક દીધી.

દાક્તર સાહેબે પોતાના અનુભવના બોલ કહ્યા: "બસ, તો તો પછી હવે નાહકનું ભનાભાઈએ બી.એ. સુધી ટિપાવા શીદને જવું! સાચી કૉલેજ સસરાની પેઢી. વેપારમાં પાવરધા બનીને પછી એક આંટો અમેરિકાનો મારી આવે, એટલે વિદ્યા...વિદ્યા: હાંઉં મારા ભાઈ! આમ રઝળ્યે આરો નહિ આવે. અને કાલની કોને ખબર છે, યાર! હું તો કહું છું કે પરણી પણ વેળાસર લેવું. જે કાંઈ સ્થિતિ બંધાઈ જાય તે આપણા બાપની. બાકી, સમય બહુ બારીક છે, યાર!"

"થઈ રહેશે: બધું જ ઘીને ઘડે ઘી થઈ રહેશે." મામાના હાથ સોપારી વાંતરતા હતા, પણ એના કપાળની પાછળ અનેક વેતરણો ચાલુ હતી. લમણાંની નસો ફુલાઈને બહાર નીકળી હતી તે ઉપરથી જણાઈ આવે કે અંદર એકસામટી ઘણી ક્રિયાઓ ચાલી રહેલ છે. દાક્તરે કહ્યું: "ભાઈ! હું તો અંગત અનુભવની વાત હોવાથી કહું છું. અમારે બિન્દુની વહુને એક વર્ષથી જ્વર લાગુ પડ્યો છે. પણ ખૂબ કાળજી લઈ ઇન્જેક્શનો ઉપર ઇન્જેક્શનો આપ્યે જઈએ છીએ. બે વર્ષ એમ-નાં એમ કાઢી નાખે ને, તો એની દાદીનો તમામ વારસો બિન્દુને મળી જાય તેમ છે. મોટી સાસુ બે વર્ષમાં તો સ્વધામ પહોચવાનાં જ, એટલે વહુ જો બે વર્ષ ખેંચી કાઢે ના, તો બિન્દુને બે પેઢીની નિરાંત –"

"થઈ રહેશે. અને તેમ છતાં આપણે ક્યાં ભનાભાઈને પૈસા સાટુ

વરાવ્યા છે? પૈસા તો પગનો મેલ છે મેલ. આ તો એવા પૈસાદારોને જ ગરજ કરતાં આવવું પડે છે. એ લોકોની જ દીકરીઓ રઝળી પડેલી હોય છે. મને મિત્રોએ બહુ ગળે ઝાલ્યો, એટલે વળી મેં હા પાડી. બાકી, ભનાભાઈને તો દસ નાળિયેર આવતાં હતાં. પૈસાની શી પડી હતી એને!"

આટલું બોલતાં બોલતાં મામાને પાંચ-છ વાર ખોંખારા ખાઈ ગળાની સોપારી સાફ કરવી પડી.

"જે જે ત્યારે. હાર્ટી કોંગ્રેચ્યુલેશન્સ (અંતઃકરણનાં અભિનંદન), ભનાભાઈ! વિશ યુ ગુડ લક (સદ્ભાગ્ય ઇચ્છું છું)!" કહીને દાક્તર સાહેબ ઊઠ્યા.

"સવારે તો ભનાભાઈનું મોં લાલઘૂમ થઈ ગયેલું ને આંખમાં ધુમાડા ઊઠ્યા હતા." મામીએ મામાની તથા ભાણેજની વચ્ચે નજરને નચાવતાં નચાવતાં કહ્યું: "નાકનું ટેરવું રાતુંચોળ –"

"હવે બેસો ને, મામી!" ભાણેજે રીસ કરી.

"શા માટે વળી?" મામાએ ટટ્ટાર બનીને પૂછ્યું.

"એના ગોઠિયા બધા ભઠવતા હતા કે ભનાભાઈએ એક દિવસની મુલાકાતમાં કન્યાની કઈ એવી પરીક્ષા કરી નાખી તે વેવિશાળ કરી બેઠા! એ તો સસરાની લક્ષ્મી પર મોહી પડ્યા – દીકરી પર નહિ! ને એણે કૉલેજમાં 'ઇચ્છાવર' વિષે બહુ મોટાં ભાષણો કર્યાં'તાં એ ક્યાં ઊંઘી ગયાં! ને એને તો વારસો જોવે છે વારસો! એવું એવું કહીને બધા ખીજવતા હતા, એટલે ભાઈસાહેબના કપાળે ઢેલડીઓ ચડી ગઈ; ડળક ડળક પાણી પડ્યાં."

"હા-હા!" મામા મહેનત કરીને હસ્યા. "ભનાભાઈની તો છાતી જ ક્યાં છે છાતી! કાળજાં જ કૂતરાં ખાઈ ગયાં છે. નીકર માથું ભાંગી નાખે એવો જવાબ ન દઈએ! કહેવું'તું ને કે, 'ઈર્ષા શાના કરો છો? તમને ન મળી એટલે? નાળિયેર આવ્યું હોત ને પાછું વાળ્યું હોત તો તમને બધાને સાચા બહાદુર કહેત!' બાકી – ટેબલ ઉપર છટાથી મામાએ સૂડીનો ટકોરો દઈ તાલ મેળવતાં મેળવતાં શબ્દો ઉચ્ચાર્યા: "એ તો બધા ઘાએ ચડ્યા છે ઘાએ. સારી કન્યા જો મળે ને," સૂડીનો ટકોરો – "તો અત્યારે સા

ભરમના કાળમાં જ મળે.'' – ટકોરો – ''ભણી ઊતર્યા પછી તો બાંધી મૂઠી ઉઘાડી પડી જાય.'' – પાછો ટકોરો – ''નોકરી સારુ ફાંફાં મારતાને કંકુને ચાંદલે કોઈ કન્યા દેવા ન આવે. પછી તો મૂઆ પડ્યા! અથવા મળે કોઈ બોદો રૂપિયો: અવતાર આખો ઝેર થઈ જાય. ભનાભાઈ, એ કલ્પનાને ઘોડે ચડનારાને ચડવા દે. એ બધા એવા તો પડવાના છે ને, કે છોતરેછોતરાં ઊડી જશે. કેટલા કૉલેજવાળાઓ ગોટાળે ચડીને પાયમાલ થયા છે! ઇચ્છા-લગ્ન! પસંદગીનાં લગ્ન! સ્વયંવર! એ તો બધા શબ્દો જ મીઠા લાગે છે; અને અનુભવ તો ઝેર જેવા નીવડ્યા છે. આ જોતો નથી? હું અને તારી મામી ફક્ત એકબીજાંના ફોટોગ્રાફ જોઈને જ પરણ્યાં'તાં. પંદર વરસ વીતી ગયાં, છતાં એકધારો સંબંધ ચાલ્યો જાય છે ને! એનું નામ ઇચ્છા-લગન! લો ચાલો, સૂઈ જાઓ બે ઘડી. ઘાએ ચડો મા, ને થઈ જાઓ મુંબઈના વસવાટ માટે તૈયાર!''

ભનાભાઈના બરડામાં હાથ થાબડીને મામા પોતાના ઓરડામાં પેઠા. પાછળ મામી પણ ગયાં. ઓસીકે જઈ ઊભાં રહ્યાં. પૂછ્યું: ''હેં, સાચું કહો છો? કન્યા રૂપાળી તો છે ના?''

''અરે, તમારા સમ: નમણી છે. એથી રૂપાળી – વરથી વધુ રૂપાળી – વહુ જોવામાં માલ પણ નથી. અવતાર બગડે. અને મારે તો આ ભાઈસાહેબના મગજમાં કોઈક ભૂંસું ભરાવશે એવી બીકે લગન સાથોસાથ જ કરી નાખવાં હતાં. પણ બહેનનો જીવ કચવાય, એકનો એક દીકરો કોળીનાળીની પેઠે પરણી લે છે એમ બહેનને લાગે, એટલે જ મેં છ મહિનાની ધીરજ રાખી છે. લો જાઓ, પધારો; સૂવા દો હવે નિરાંત કરીને.'' એમ કહીને બપોરના બાર વાગ્યે મામાએ માથા ઉપર કાશ્મીરી શાલ ઓઢી લીધી.

[2]

અઠવાડિયામાં તો મુંબઈથી ત્રણ તાર આવી ગયા. સસરાએ ભનાભાઈને જલદી તેડાવ્યા. મામા પરના કાગળમાં સવિસ્તર લખ્યું કે ''મારી પેઢીમાં અત્યારથી જ હું બેસાડું તેથી તમને હીણપ જેવું જણાતું

હોય, ઘરજમાઈનું આળ ચડતું હોય, તો અહીં મેં એક ભાગીદાર ઊભો કરીને શ્રી ભનુનો જીવ ન દુખાય તેવો સ્વદેશી વસ્તુનો વ્યાપાર નિરધારી મૂક્યો છે. માટે ઝટ મોકલો. શાંતાનો અભ્યાસ જોરથી આગળ ચાલે છે."

આવી ગોઠવણથી પ્રસન્ન બની ભનાભાઈએ બિસ્તર ને બેગ બાંધ્યાં. મામાએ કહ્યું કે, "વધુ સરસામાન ન લઈ જતો. તારા સસરાને ત્યાં અઢળક વસ્તુઓ ભરી છે." મામાના નાના દીકરા રમણે ભનાભાઈનું કાંડા-ઘડિયાળ માગ્યું, તે તરત જ ભનાભાઈએ છોડીને આપી દીધું; કહ્યું કે, "ત્યાં મને તો માગ્યા ભેગું જ મળી રહેશે". એમ, પોતે કોઈ કલ્પવૃક્ષની છાંયડીમાં જતા હોય તે રીતે, એણે ઘણીખરી ચીજો ભેટ-સોગાદમાં દઈ દીધી. બુધવાર, દિશાશૂળ, હોળીની સામી ઝાળ વગેરે બધા જ અપશુકનિયાળ દિવસો વટાવીને ચોખ્ખે દહાડે સાંજની ટ્રેનમાં ભનાભાઈનું ઊપડવું નક્કી થયું.

ગામ નાનું, બનાવ પ્રમાણમાં મોટો, મામાની પ્રતિષ્ઠા જબ્બર, એટલે ઘણાં લોકો વળાવવા ઘેર એકઠાં થયાં. પોતાના છોકરાઓ સંબંધે કાં તો નોકરીની, કાં સ્કોલરશીપની અને, બેશક, બની શકે તો સારાં સાસરિયાં શોધી દેવાની પણ વિનતિઓ કરવા અનેક ઓળખાણવાળાંઓ આવ્યાં. "ભનાભાઈ! બાપા! અમારે તો તમારો વશીલો બંધાણો છે. વાડ્ય વિના વેલો ચડતો નથી. તમારી ચડતી કળા દેખીને અમારી આંખો ઠરે છે. મોટી પાયરીએ ચડ્યા છો, તે હવે બાની ચાકરી કરીને તમે વર-વહુ બેઉ તમારા હાથ ઠારો." એવું એવું ઘણું ઘણું બોલાઈ ગયું.

ભનાભાઈનાં આધેડ વયનાં બા ભારેખમ મોં કરીને સહુની વચ્ચે બેઠાં હતાં. તેની સામે નજર કરીને કોઈ બોલ્યું: "બાએ બિચારીએ સંસારનું સુખ ક્યાં ભાળ્યું છે! એ તો સ્વપના જેવું થઈ ગયું. હવે તમે પાછો દી વાળ્યો, ભનાભાઈ!"

"અરેરે! રાંડી પુત્ર શે'જાદો..." એટલું બોલતાં બાથી રડી પડાયું.

મળવા આવનારાઓમાં એક ભનાભાઈનાં બા જેવડી જ વિધવા બાઈ હતી, અને એ વિધવાની સોળેક વરસની પુત્રી હતી. સહુ જ્યારે ભનાભાઈના આ નવપ્રાપ્ત સૌભાગ્યથી વિનોદ, આનંદ અને વિનતિઓ કરી રહ્યાં હતાં.

ત્યારે આ ત્રિવેણીબહેનનું મુખ પડી ગયું હતું. પણ રંગમાં ભંગ ન પાડવા એ મહેનતથી મોં મલકાવતાં હતાં.

"ત્રિવેણીબહેન!" મામીએ પૂછ્યું: "આજ લલિતા કેમ નથી દેખાતી!"

"આ રહી. હું અહીં છું." લલિતા એની બાની પીઠ પાછળ લપાઈને બેઠેલી, ત્યાંથી બોલી.

"મોં સંતાડીને કેમ બેઠી છો?"

"ના, મેં ક્યાં મોં સંતાડ્યું છે?" એમ કહેતી લલિતા ટટ્ટાર થઈ બેઠી.

"આ ત્રિવેણીબહેનની લલિતા." મામીએ સહુની સામે નિહાળીને કહ્યું.

બધાં એકબીજાંની સામે તાકી રહ્યાં. કોઈ બોલ્યું: "ભાગ્યની વાત છે, બાઈ!"

લલિતાનું મોં ગાલનાં મૂળ સુધી લાલલાલ થઈ ગયું. એ પાછી બાની પાછળ લપાઈ ગઈ.

ભનાભાઈ ઘૂમાઘૂમ કરતાં પોતાનો સરંજામ સજતા હતા. વાળની લટો કપાળ પર પડતી હતી, તેને ઝટકાવી વારંવાર ઠેકાણે નાખતા હતા.

"લ્યો, ભનાભાઈ! આવજો. માયા રાખજો!" કહેતાં ત્રિવેણીબહેન ઊઠ્યાં.

"કાં, ત્રિવેણીમાશી! લલિતાબહેન! ઊઠશો! આવજો. તમારી આશિષ." ભનાભાઈએ એટલું કહ્યું ત્યાં ત્રિવેણીબહેન ટોળાથી થોડે દૂર ચાલ્યાં ગયાં. ભનો પણ એની પાસે ઘસડાયો. લલિતા આગળ નીકળીને થાંભલી સાથે શરીર ટેકવી પડખું ફરીને ઊભી રહી.

"ભનાભાઈ! બાપા! એક ભલામણ કરવી છે." વિધવાએ ઓશિયાળું મોં કર્યું.

"હા, કહો ને, માશી!" ટાઈમ થઈ જતો હોય તે બતાવવા ને વાત ટૂંકી કરાવવા ભનાભાઈએ કાંડા પર નજર કરી – પણ કાંડે ઘડિયાળ નહોતું.

થોથરાતી જીભે વિધવા માતાએ હળવેથી કહ્યું: "બીજું તો શું! આ

લલિતાને લાયક કોઈ ઠેકાણું જડે તો ધ્યાન –''

''બા!'' થાંભલીને અઢેલી ઊભેલી લલિતા એના શરીરના ટુકડેટુકડા થઈ જતા હોય તેવી વેદના સંઘરતી બોલી: ''બા, હવે ચાલશો? મોડું થાય છે.''

મોડું શાનું થતું હતું તે તો લલિતાને માલમ. બાએ કહ્યું: ''બેટા, આ અબઘડી જ આવી, હો!'' એટલું કહીને પાછું એણે ભનાભાઈને પજવવા માંડ્યું: ''તમે તો જાણો છો, ભાઈ! બધી વાત જાણો છો કે આના બાપની નજર કોના ઉપર હતી. એ ગુજરી ગયા ત્યારે તમે જ એના મોંમાં પાણી દઈને સદ્ગતિ કરાવેલી કે લલિતાનું કાંડું તમે –''

એટલું કહેતી કહેતી એ આધેડ વિધવા એકીસાથે હસી પડી તેમ જ થીગડાવાળા કાળા સાડલાના છેડા વતી આંખો લૂછવા લાગી. ભનાભાઈને સૂઝ ન પડી કે શો ઉત્તર વાળવો. એ ચારેય બાજુ જોતો જાણે કોઈની સહાય શોધતો હતો. એને નાસી છૂટવું હતું.

''બા! હું તો જાઉં છું.'' કહેતી લલિતા ખડકી બહાર નીકળી પાછી દીવાલની ઓથે ઊભી રહી.

''એ આવી, હો બેટા!'' એટલું બોલીને ત્રિવેણીમાશીએ, ગરજવાનને અક્કલ ન હોય તે પ્રમાણે, પાછું ચલાવ્યું: ''એ તો હોય, ભાગ્યની વાત. તમારું સુખ ને ચડતી કળા દેખી મારી આંતરડી ઠરે. પણ આ તો ઓલ્યું તમને બધું ગમતું ખરું ને! વાંકો સેંથો – ને કાનમાં એરિંગ – ને સાંજે ફરવા નીકળવાનું – ને ગાવું વગાડવું – બાઇસિકલ ને પોટુગરાપ – ને ઉંમર પણ બે વરસ વધુ થઈ ગઈ – એટલે અહીં નાના ગામમાં ન્યાતનાં માણસો ગિલા કરે જ ને! એથી હવે તો ક્યાંય બહારગામ ઠીક-ઠીક સુધારાવાળું ઠેકાણું જડે તો એમ કે ઝટ કરી નખાય. તમે તો ચતુર છો; બધું સમજો છો. દાંતને જીભની ભલામણ શી હોય!''

લલિતાએ સાંજના ઠંડા પહોરમાં બહાર ઊભાં ઊભાં બાનો એકેએક શબ્દ સાંભળ્યો. પોતાનાથી ઊંચે અવાજે ચીસ પાડી બેસાશે એવી બીકે એ ત્યાંથી ચાલી નીકળી તોયે બા હજી ખસી જ નહિ. કોઈ પનિહારી

જળાશયને આરે પોતાના ફૂટેલા ઘડાનાં ઠીકરાં એકઠાં કરે છે તેની પોતાને સાન ન હોય, ને પછી ભાન આવતાં હાથમાંથી એ ટુકડા પોતાની મેળે જ નીચે પડી જતા હોય, એવી વલે આજે લલિતાની વિધવા માતાની થઈ પડી. ત્રણ વાર એણે "લ્યો બાપા, આવજો!" એમ કહી વિદાય લીધી, તે છતાં પોતે ભનાભાઈના મુખ સામે જોતી જ રહી. ખબર નથી કે છૂટા પડવાની વિધિમાં શું તૂટે છે. કંઈક તૂટતું તો હતું જ.

"ભાઈ!" એ ત્રુટી સાંધતો મામાનો સાદ આવ્યો: "હવે પછી વાતો ખૂટશે કે નહિ? ગાડીનો વખત ભરાઈ ગયો છે." એમ કહેતાં મામા એ વિધવા તરફ ફર્યા: "ઓહો ત્રિવેણીબહેન છે! ત્રિવેણીબહેન! ભનો તો ચાલ્યો."

"હા, ભાઈ! બહુ ખુશી થવા જેવું છે."

"મને તો ઘણુંય હતું લલિતા વેરે કરવાનું, ત્રિવેણીબહેન! પણ સાતમી પેઢીએ આપણે સગોત્રી નીકળીએ છીએ. એટલે હું લાચાર થઈ પડ્યો."

"ના, એમાં શું, ભાઈ!" કહીને વિધવાએ પગે લાગી રસ્તો લીધો.

એ ઘેર પહોંચી ત્યારે ઘરમાં દીવો નહોતો. પાંચ-છ દીવાસળી બગડ્યા પછી જ ફાનસ પેટાવી શકાયું. જોયું તો લલિતા ડામચિયા ઉપર જ માથું ઢાળીને ઊભી ઊભી ઝોલું લઈ ગઈ હતી. ડામચિયા પરનું ગાદલું લલિતાનાં આંસુમાં ભીંજાયું હતું. તે જ વખતે ભનાભાઈને મુંબઈ લઈ જનારી ગાડી જંગલમાંથી પાવા વગાડતી સૂસવાટ વેગે ચાલી આવતી હતી. લલિતાની રાંડીરાંડ બાને જાણે પચીસ વર્ષનો પેટનો દીકરો ફાટી પડ્યો હોય તેવી વેદના હતી; છતાં છાતી ઉઘાડીને રડવાનો એને અધિકાર નહોતો.

[3]

પહેલાં દુ:ખણાં લઈને સાસુએ જમાઈના હાથમાં અગિયાર રૂપિયા મૂક્યા તે ઘડીથી જ ભનાબાઈનું દિલ હર્ષ-ગદ્ગદિત બની ગયું. પછી તો જમવામાં બે-ત્રણ શાક અને રોટલી સાથે કંઈક ને કંઈક મીઠાઈ તો લેવાની ખરી જ. સાયબી પણ એવી કે એક વાર શાક ઠંડું પિરસાયું ત્યારે તરત જ સસરાએ વાટકો પછાડ્યો હતો. સાંજે ઘેર જતાં ક્યાં કોને, કયા શુભ-

અશુભ અવસરે કેટલી કેટલી રકમના વધાવા અથવા ઝબલાં-ટોપી મોકલવાનાં છે તે વિષેની સાસુ-સસરા વચ્ચેની વાતચીતો: શાંતાનો કયો દાગીનો જૂનો થઈ ગયો છે, અને સોનીને ત્યાં એનો કયો નવો ઘાટ ઘડવા લઈ જવાનું છે, તેની વાટાઘાટ: બૅન્કમાં બાપનું, માનું, શાંતાનું એમ સહુનાં જુદાં જુદાં ચાલુ તેમ જ 'ફિક્સ્ડ ડિપોઝીટ'નાં ખાતાં: દાક્તરોનાં બિલ: નોકરોના ફેરફાર: દૂધવાળીનું દૂધ બદલવાની જરૂર: ભંગિયાણી રિસાઈ છે, અને બીજા કોઈ ભંગીને પણ આવવા નથી દેતી માટે મ્યુનિસિપાલિટીમાં ખબર આપવા જોઈએ તેની ચર્ચા: એવા વિધવિધ વાર્તાલાપોથી કુટુંબનું જીવન રસાયું હતું. ભાવિ વારસ પોતાની ભવિષ્યની મિલકતો ઉપર પ્યાર કેળવવા લાગ્યો. બૅન્કમાં જમાઈને નામે પણ અલાયદું ખાતું ખોલવાનું નક્કી થયું. ખરેખર, ભનાભાઈના જમણા પગની ભાગ્ય-રેખા જોઈને પાંચ વર્ષ ઉપર એક રેખાશાસ્ત્રીએ ભાખેલી વાણી અક્ષરે અક્ષર સાચી પડી.

પેઢી ઉપર પણ 'આ પરદેશી રાજસત્તાના અમલમાં નીતિનો વેપાર ન જ કરી શકાય' એ જૂની માન્યતાઓના ચૂરેચૂરા થઈ જાય તેવી સચોટ દલીલો ભનાભાઈ કરવા લાગ્યા. એમણે સસરાના મિત્ર સાથે સ્વતંત્ર કામ આરંભી દીધું. પરંતુ એ રીતે ચાર-છ મહિનામાં બે-ત્રણ ધંધા બદલાયા, કેમકે વેપારીની અનીતિ અને કૂડ ભનાભાઈને ફાવતાં નહોતાં. ભનાભાઈની બિનઆવડતનો દોષ બીજા દ્વેષીલાઓ કે અબુધો કાઢતા; પણ એ દોષ સાચો નહોતો.

પોતાનાં ઉચ્ચ નીતિ-તત્ત્વોને માચડેથી એ સાસરાની વેપાર પદ્ધતિ પર શરવૃષ્ટિઓ કરવા લાગ્યા. પ્રથમ-પહેલાં તો આવા સિદ્ધાંત-ભક્ત જમાઈને માટે સસરાના મંડળને મોટું માન પેદા થયેલું. પણ ધીરે ધીરે એમની મશ્કરી મંડાઈ ગઈ. પેઢી ઉપરની જ મેડીમાં એમનો મુકામ હતો. તેથી રાત્રિએ ત્યાં સૂનારા નોકરોચાકરો માટે ભનાભાઈ એક રમકડું બની ગયા.

શાંતાને તો ભનાભાઈ હવે કોઈ કોઈ વાર જ્યારે સસરા ખાસ ઘેર જમવા તેડી જાય ત્યારે જ જોઈ શકતા. કોઈક વાર શાંતા નિશાળેથી કંઈક કારણસર પેઢી પર આવતી ત્યારે દીદાર થતા. પેઢીના નોકર પાસેથી

ભનાભાઈ શાંતા વિષે ઘણી માહિતીઓ મેળવતા. કોઈ વાર એને કવિતા લખીને મોકલતા. પણ શાંતા બિચારી 'પૃથ્વી છંદ'માં લખેલ ગુજરાતી સૉનેટની –

*કલાપ તુજમાં ગૂંથું સુમન વ્યોમ-ઊગી વેલનાં*
*ઉતારું શશિ-તેજની ફરફરંત ઝીણી ઓઢણી.*

– એવી પંક્તિઓમાં ભારેલા નિગૂઢ અર્થો સમજી શકતી નહોતી. પૃથ્વી છંદ એને વાંચતાં પણ આવડતો નહોતો. એને તો ધૂન હતી પરીક્ષા પસાર કરી કરીને વિદ્યા-પ્રવીણ થવાની. એ જવાબો લખી મોકલતી, તેમાં લાગણીની ભાષા જ નહોતી. એ એક જ વાત ઉપર ભાર દેતી કે, 'તમે હવે જલદી કોઈ લાઇન પકડી લ્યો: નકામો વખત ન ગાળો, મારે હમણાં સ્કૂલના ઉત્સવમાં સંવાદ ભજવવાનો પાઠ કરવાનો હોવાથી કાગળ નહિ લખી શકું તો માફ કરજો' વગેરે વગેરે.

આમ ભનાભાઈનાં બન્ને ફેફસાં ઉપર સોજા ચડવા લાગ્યા. એનો જીવ શાંતાના આવા જવાબથી ઊલટો ઊચક થઈ ગયો. પછી એના હૃદયમાં ઇર્ષ્યા જાગી ઊઠી. શાંતાના ભણતર માટે સસરાને આગ્રહ કરનાર પોતે જ હતો તે ભૂલી જઈને એણે હવે વાંધા ઉઠાવવા માંડ્યા કે, "આમ ભણ-ભણ કરવાથી શરીર બગડશે... આ સંવાદો ને નાટકોમાં જાહેર પાઠ લઈને નાચવું એ બરાબર નથી... બૂટ શા માટે પહેરો છો? ચંપલ અથવા સપાટ જ હોવાં જોઈએ. શાંતાને માથું ઉઘાડું રાખવાની ટેવ પડી છે, એ મારા મામાને ઘેર કેમ પોસાશે? એણે તો, ઊલટું, મામાની લાજ કાઢતાં પણ શીખવું જોઈએ. પોલકાની બાંય આટલી બધી ઊંચી કેમ ચાલશે? ને વાળ જરા ઊંચે કપાળે ઓળવા પડશે; નહિ તો મારાં બાને આવા પાતરવેડા ગમશે નહિ'.

આવી-આવી સૂચનાઓ જ્યારે નોકરની મારફત પોતાના ભાવિ સ્વામીનાથ તરફથી આવવા લાગી, ત્યારે શાંતાનો શ્વાસ ઊડી ગયો. એ તો ઘડીઘડી ઘરમાં રડવા લાગી. માને આ બધી વાતની જાણ થઈ ત્યારે તેણે શાંતાના બાપુને કહ્યું કે, "આપણે તો એમ સમજીને સગપણ કર્યું

છે કે જમાઈ ને દીકરી આપણે ઘેર રહી આપણો વહીવટ કરશે. પણ આ માવડિયો તો મારી શાંતાને એના મામા અને મામીના કેદખાનામાં નાખવા માગે છે. અત્યારથી જ આટલી ખોડખાંપણો કાઢી રહ્યો છે, તે પરણ્યા પછી શું નહિ કરે? એ તો મારી દીકરીને કહેશે કે, પાણી ભરી આવ: લૂગડાં ધોવા ગાંસડો બાંધીને નદી-કાંઠે જા: ને કાં પાંચ મહેમાનોનાં વાસણ માંજી નાખ. ના, બાપુ! મેં મારી ખોટની દીકરીને એ માટે કેળવીને તૈયાર નથી કરી. મારે તો દીકરી દઈને દીકરો લેવો હતો."

આ રીતે શરમેધરમે એકાદ વર્ષ નીકળી ગયું છે. બહુ બજાવેલા ગ્રામોફોનની ચાવી ઊતરી જાય, બહુ ફેરવેલા સ્ક્રૂના પેચ ઘસાઈ જાય, બહુ લખેલી ટાંક ઠરડાઈ જાય એ રીતે ભનાભાઈની માનસિક શક્તિના આંટા પણ બૂઠા થઈ ગયા છે. એક વાર માર્ગ ચૂકેલો મુસાફર અનંત ભુલામણીમાં પડી જાય, તે રીતે એને રસ્તાની ગમ પડતી નથી. એને સંદેહ પડી ગયો છે કે, આખી દુનિયા મારી ઠેકડી કરી રહી છે. મિત્રો કે સ્નેહીઓ તો ઠીક પણ ત્રાહિત અણઓળખીતાઓ પણ જો કશી વાતચીત કરી હસી પડે તો ભનાભાઈને એમ જ ઠસાઈ જાય છે કે, એ સાલાઓ મારી જ કશી મજાક કરે છે. બીજી બાજુથી, પોતે આવો ભોટ અને શાંતા શાળાના મેળાવડામાં પુરુષ-પાઠ કરીને તાળીઓના ગડગડાટ સાથે ઇનામ મેળવે, એ એને પોતાનું અક્ષમ્ય અપમાન લાગ્યું. એણે શાંતાને કહી મોકલ્યું કે, "આ બધું નહિ પોસાય".

બીજે જ દહાડે ભનાભાઈના મામા કામપ્રસંગે મુંબઈ આવેલા તેને સ્ટેશન પર વળાવવા જઈને શાંતાના પિતાએ એકાંતે ઊભા રાખીને વિનતી કરી કે, "મહેરબાની કરીને ચિરંજીવી ભનુને કોઈક લાઈન પકડી લેવા સમજાવો."

મામા બોલ્યા: "હવે વળી લાઈન શી પકડવી હતી? તમારા જેવા સમર્થનો હાથ પકડ્યો છે ના!"

"ના, એમ તો નહિ ચાલે."

"કેમ?"

"મારી શાન્તાનું મા-માટલું હું ધર્મશાળામાં ઉતારવા તૈયાર નથી."

"મારું ઘર એટલે –"

"– એટલે ધર્મશાળા: ભનુનું સ્વતંત્ર ઘર નહિ."

"તો પછી મને કશી પરવા નથી. મારા ભાણેજને માટે ડઝન એક શ્રીફળો હું ગજવામાં લઈને જ ફરું છું."

એવી ટપાટપી બોલી ગઈ. વેવિશાળ તૂટ્યું. એનો કડાકો સાંભળીને ભનાભાઈ મામાને ગૃહે જવા પાછા વળ્યા.

[4]

પોતાથી નીચલી પાયરીના જ કુટુંબની કન્યા લેવી જોઈએ, અને સાળા મુંબઈગરાઓની પુત્રીઓ કોઈ પણ જુવાને ન સ્વીકારવી, એવું પ્રચાર-કામ જોશભેર ઉપાડવા એને મન થયું. એના ઘવાયલા અંતઃકરણમાં એક જ વાતની રૂઝ વળતી હતી કે, હવે હું, મેં વિના વાંકે તજેલી બાપડી લલિતાનો હાથ ગ્રહીને એની તથા એની વિધવા માતાની રક્ષા કરીશ.

લલિતાનું સ્મરણ થતાં જ એના હૃદય-પટ પર જૂનાં સંભારણાંની રેખાઓ ફૂટવા લાગી: જૂનાગઢ કૉલેજમાં પોતે ભણતો ત્યારે લલિતાને તથા એની બાને લઈ પોતે ગિરનાર પર ચડ્યો હતો. સાસુને આગળ નીકળી જવા દઈને પછી બંને જણાં આંકડા ભીડીને બબ્બે પગથિયાંની છલંગો મારતાં ચડ્યાં હતાં. લલિતાની ઓઢણી ખભા પર ઢળી પડીને અંબોડામાંથી છટકેલી લટો ગિરનારની વાદળીઓ જેવી ફરર-ફરર થતી હતી. પોતે 'શકુન્તલ'ના તાજા મોંએ કરેલા પ્રેમ-શ્લોકો બોલતો હતો, અને વણસમજ્યે પણ લલિતા આ હૃદયનાથની વિદ્વત્તા પર વારી જતી દેખાતી હતી. અને પોતે કૉલેજ જોવા લઈ ગયેલો ત્યારે એની સામે હસી પડનાર વિદ્યાર્થીઓને "હસો છો શું જોઈને!" એવી ધમકી લલિતાની નજરોનજર સંભળાવી હતી. એવો જે હું, તેનું મૂંગું આરાધન કરતી લલિતા મારે માટે ઝૂરતી બેઠી હશે. બીજા સાથે પરણવું એને ગમ્યું જ નહિ હોય. એક વાર મને દિલ આપ્યા પછી બીજાની સ્ત્રી થતાં તો એ બાપડીને જુગના જુગ જાય. સારું થયું કે હું છૂટો થયો. લલિતાની પ્રાર્થના સાંભળીને જ પ્રભુએ મારી આવી દશા

કરી મને પાછો વાળ્યો હશે. કેવું દયામણું મોં કરીને એ બેઠી હશે! કેવું ઠપકાભર્યું મૌન ધારણ કરીને એ મારી સન્મુખ હૈયાફાટ રડી ઊઠશે! એ ઠપકો હું શિર પર ચડાવીશ. આ વખતે મામા ગમે તેટલું કહેશે તો પણ હું કોઈ શ્રીમંતની કન્યાને સ્વીકારવાનો જ નથી: ભલે કરોડોનો વારસો મળતો હોય. લલિતાના એક જ આંસુ ઉપર હું એ કરોડોને ઓળઘોળ કરીશ. આ વખતે મામાની દલીલો કે બાનાં ફોસલામણાં મારી પાસે નહિ ચાલે – નહિ જ ચાલે. ગરીબ, પિતાહીન પુત્રીનો પાલનહાર બનવામાં મારું જીવન કુરબાન થજો! હું શ્રીમંતોના ફાંસલામાંથી બચીને પાછો ચાલ્યો આવ્યો એ સારું જ કર્યું.

આમ આ યુવાનના દિલમાં હજુ એવી જ ભ્રમણા હતી કે પોતે કોઈ ઉજ્જ્વળ કારકિર્દીને જાણીબૂઝીને જતી કરી પાછો ફર્યો છે. એ આવ્યો અને મામાએ જ્યારે કચવાટ દર્શાવી કહ્યું કે, "ભનાભાઈ! ભાગ્યદેવીને ઓળખી ન શક્યા. હાથે કરીને હીરો ખોઈ બેઠા." ત્યારે ભાણેજે ભોં ખોતરતાં ખોતરતાં કહ્યું કે, "તમે જ મને ધકેલ્યો હતો."

"મેં! ના, તેં તારી પસંદગીથી જ વેવિશાળ સ્વીકારેલું, ભાઈ! પણ આજકાલના જુવાનિયાના મગજમાં રોજરોજ હજાર ઉધામા ઊઠે તેનું શું કરવું? તેં જ ઉતાવળ કરી, ભાઈ! નીકર તારે ટોંક-ટોંક કરવાની શી જરૂર હતી કે શાંતાએ આમ પહેરવું ને તેમ ઓઢવું! આંહીં આપણે ઘેર એક વાર આવી જાત, તો પછી એ બધી ઘેડ્યો આંહીં ક્યાં નહોતી પાડી શકાતી! એક વાર આપણા દબાણમાં આવ્યા પછી આપણે ચાહે તે ઘાટ ઘડી શકીએ ને!"

આમ મામાને 'ઘેડ્ય' અને 'ઘાટ'નું સ્મરણ થયું, જીવનમાં આજે પહેલી જ વાર એને હાથે વળેલી 'ઘેડ્ય' બગડી. સોપારીના ફાડિયાં આજે ખોરાં નીકળતાં હતાં.

"કશી પરવા નહિ. હવે મને મારા નિશ્ચયમાંથી ચળાવશો મા!" એટલું કહીને ભનાભાઈ જરીક વિખરાયેલે જુલફે, ઝભ્ભાનાં ગજવામાં હાથ નાખી, રાત પડ્યા પછી ગામ-લોક કોઈ ન દેખે તેમ ગામમાં ચાલ્યા ગયા,

અને પીપળાવાળી શેરીમાં મહાલક્ષ્મીની દેરી પાસેની પોતાની પ્રિય ખડકીનું કમાડ ખખડાવ્યું.

પવનની લહેરીમાં પોતાના માથા પાસે કોઈક ખડખડાટ હસતું લાગ્યું. એણે ઊંચું જોયું: ટોડલા ઉપર આસોપાલવનાં પાંદડાંનું સુકાયેલું તોરણ જ અટ્ટહાસ કરી રહ્યું છે. બારસાખની બન્ને બાજુ કંકુનાં તાજાં ત્રિશૂળો ને થાપાઓ છે. બારસાખ પરના ગણેશ તાજા સિંદૂરે રંગેલા છે. એ બધાં ભનાભાઈની સામે જાણે કે તાકીતાકીને જોતાં હતાં. તોરણનાં સૂકલ પાંદડાં કટાક્ષના સ્વરો કાઢી ખખડતાં હતાં. ખડકી ઊઘડી: "કોણ છે?"

"ત્રિવેણીમાશી!"

"કોણ – ભનાભાઈ! ઓહો બાપ! ક્યારે આવ્યા? ઓચિંતાના? બહુ સારું થયું." એમ કહીને વિધવાએ હેતનાં વારણાં લઈ દસેય આંગળીના ટચાકા ફોડ્યા. "આવો આવો અંદર!"

ભનાભાઈએ અંદર જતાં વિધવાના ઘરના ફાનસને ઝાંખે અજવાળે માણેકથંભ દીઠો. માંડવો જાણે તાજેતરમાં જ સમેટ્યો હોય એ બતાવતી વળીઓ ત્યાં પડી હતી ગળું ખોંખારીને ભનાભાઈ કંઈ પૂછે તે પહેલાં તો ત્રિવેણીમાશી બોલી ઊઠ્યાં: "તમને કંકોતરી મળી હતી બેનની?"

"કોની?"

"લલિતાબેનની. બેનનાં લગન હજી ચાર મહિના ઉપર જ કર્યાં, બાપ! હું જઈને બાને હાથોહાથ કંકોતરી દઈ આવી હતી. મને સરનામાની ખબર નહિ, અને બેન કહે કે, બા, જરૂર-જરૂર કંકોતરી દઈ આવ્ય માશીને. તમને નહિ મળી હોય, ખરું!"

લલિતા પરણી ગઈ! મારી થવા નિર્માયેલીને કોણ ચોરી ગયો? મારી રાહ ચાર મહિના પણ ન જોવાઈ! કોઈ ઘરડોખખ, કોઈ કૂબડો-કાણો, કોઈ રોગી-દુરાચારી, કોઈ સંતતિ-ભૂખ્યો ધનવાન, આવો કોઈ કાગડો શું દહીંથરું ઉપાડી ગયો! શું નાણાંની લાલચે માસીએ દીકરી વેચી! મારી તજેલીને બીજું ઠેકાણું તો ક્યાંથી મળી જ શકે? માશીએ દીકરીને કૂવો દેખાડ્યો કે શું?

ઉદ્ધારક બનીને દોડ્યો આવનાર એ યુવાન જ્યારે એક પલમાં આવી વિચાર-સૃષ્ટિમાં ગતિ કરી રહ્યો હતો, ત્યારે એને અડધું જ ભાન હતું કે માશી શું કહી રહેલ છે. માશી તો ભોળે ભાવે કહેતાં હતાં; પણ એવા જ નિર્મળ ભાવથી વરસતી ચાંદની જેમ કામાતુરને વગર ઇચ્છાએ દગ્ધ કરે છે, તે જ રીતે માશીનાં વેણ ભનાભાઈના કલેજા ઉપર એક પછી એક અંગાર ચાંપી રહ્યાં હતાં:

"બાપુ! તમે ક્યાંક ઠેકાણું ગોતી દેશો એવી આશાએ તો છ મહિના વાટ જોઈ. ગામલોકોએ તો ગિલા કરવામાં મણા ન રાખી. 'વાંકા સેંથાળી', 'બૂટજોડાળી', 'પારસણ' વગેરે વેણની તો તડાપીટ વરસે. બેન બચાડી બા'ર ન નીકળી શકે. એનાં આંસુડાં કે' દીય ન સુકાય. રાતમાં ઝંખે ઝંખે તે કાંઈ ઝંખે! આવી, આંગળી રોખી થઈ ગઈ. પછી મેં તો, માડી, બધી પંચાત મેલીને અમારા તડા બા'રના એક જુવાનને જોઈ કાઢ્યો. બરાબર લલિતાની જોડ્ય મળી ગઈ: એને બાપડાંને 'હીણા કુળનો' કહીને કોઈ દેતું નો'તું, ને બેનને 'પારસણ' કહી કોઈ લેતું નહોતું. મેં તો વર જોયો: બીજું કશું – ઘરેય ન જોયું ને કુળેય ન જોયું. ભાવનગરમાં છાપખાનાનો સંચો હાંકે છે. રૂપિયા પોણોસો પરસેવો નિતારીને નીતિના રળે છે. સંચે બેઠેલો મેં જોયો, પણ કાળામશ લૂગડાંમાંય દેવના ચક્કર જેવી કાંતિ દીઠી. લલિતાનેય દેખાડ્યો. સામસામાં મન ઠરેલાં લાગ્યાં. કહ્યું કે, ન્યાતનું ઘર જાય પૂંછડામાં. આંખ્યું મીંચીને મેં તો કરી નાખ્યું. વિવા ટાણે ન્યાત સંપી ગઈ. કોઈ મારે ઘેર ન ડોકાણું. મેં કહ્યું કે, ન આવો તો મારે શી સાડીબાર છે! મેં એકલે હાથે ગારગોરમટી કરી, વડી-પાપડ ને સેવ વણ્યાં. પાંચ દીમાં વિવા પતાવ્યા. જમાઈને કહ્યું કે, "બાપુ, લૂગડાંના ગાભા લાવીશ મા! શુકનની વાળી લઈને હાલ્યો આવજે. ચાનો વાટકો પીને વળતી ગાડીએ તેડી જજે! પછી તારે ઘેર જઈ ભલે મારી દીકરીને સોને મઢજે કે અડવી ફેરવજે."

માશીએ અહીં શ્વાસ ખાધો, ને ભનાભાઈએ પણ નિઃશ્વાસ નાખ્યો. માશીએ વાત આગળ ચલાવી:

"આ એમ પરણાવીને મેં તો દીકરીને વળાવી. પછી બે મહિના ભેળી

રહીને પણ આવી. ને, ભાઈ, મારી તો આંતરડી ઠરી, હો! અહો! શું જમાઈનો સ્વભાવ! શું એની સબૂરી! શી એની નજર પોગે! કહે કે, ઘી-દૂધ ઓછાં ખાઈશ, પણ આ મચ્છરવાળા ગામમાં મકાન તો હવાઉજાસવાળું જ રાખીશ: ને લલિતાને નળની સગવડ હોય ત્યાં જ રહીશ. મનેય કહે કે, બા, તમને પણ અહીં મચ્છરદાની વગર નહિ સૂવા દઉં. લલિતાની આંખ્યો બહુ ઊઠણી ખરી ને, તે જમાઈ કહે કે, 'ના, ચૂલે નહિ. શગડી ઉપર કોયલે રાંધો'. એક વાર મેં જમાઈને પૂછ્યું કે, 'બાપુ! કાંઈ કહેવા જેવું?' ત્યાં તો બાપડો દડ-દડ-દડ પાણીડાં પાડીને બોલ્યો: 'બા, મારા ઘરમાં તો દેવી આવી છે. મારા જેવા ઘાસલેટમાં આળોટનારાને આવું ભાગ્ય ક્યાંથી? ઈશ્વરને કહું છું કે, મારું સપનું ઉડાડીશ મા, હે નાથ!' આમ બોલીને જમાઈ કાંઈ રડ્યો છે, કાંઈ રડ્યો છે, ભનાભાઈ! શું કહું! મને રાંડીરાંડને – કરમફૂટી હતી એને – આવું સુખ જડ્યું એ તમ જેવા, બા જેવાં ને મામા જેવાને આશીર્વાદે, ભાઈ!"

ભનાભાઈ ઊભા હતા. એને તમ્મર આવી રહ્યાં હતાં. એના હૈયામાં ધખધખાટ હતો. હજુ એને થઈ રહ્યું હતું કે, 'હું જેને માટે થઈને પાછો આવ્યો, જેને ઝંખી રહ્યો છું, તેણે મને છેતર્યો શું!'

"બેન તમને બહુ યાદ કરતી'તી, હો ભાઈ! સાંભળ્યું તો છે કે – ખમ્મા, એને બે મૈના પણ ચડ્યા છે, તો તો હું એને તેડી આવીશ. તમે હમણાં અહીં જ રે'શો ને!"

"હા, માશી! અહીં જ છું."

એમ કહી, 'બીજે ક્યાં – જહન્નમમાં જાઉં!' એવું મનમાં બબડી ભનાભાઈ કોણ જાણે કોના ઉપર ચિડાતા, રસ્તામાં કૂતરું સૂતેલું તેને ઠેબું લાગવાથી માંડમાંડ એના બચકામાંથી બચી છૂટતા, અંધારું હોવાથી વિના શરમે પલાયન કરતા ઘેર પહોંચ્યા. તે વખતે રાતનું વાળુ કરીને મામા સારી, દૂધલી સોપારી શોધતા ઓસરીમાં બેઠા હતા.

એ સૂડી-સોપારીના કકડાટથી અને મોંના બચબચાટથી કોઈ અકળ, અગમ ત્રાસ અનુભવતો આ તરુણ ઘરમાં પેસવાને બદલે સીધેસીધો ચાલતો

થયો. સડક વટાવી. સ્ટેશન વટાવ્યું. દૂર ઊભેલા સિગ્નલની લાલ બત્તી એની સામે તાકી રહી હતી. તળાવની પાળે ટિટોડી બોલતી હતી. કોઈ પીધેલા જેવા એ જુવાનનું શરીર ખોળામાં લઈને કરુણામયી કુદરત એને વાયરો ઢોળતી હતી. નશો ઊતરતાં એને પોતાની પામરતાનો થાક સમજાયો. તારાઓ એને કહેતા હતા કે, લલિતા સુખમાં પડી એથી આનંદ પામ!

સુખમાં પડી! લલિતા ભલે સુખમાં પડી! એકવાર એ અહીં આવશે તો હું એના બાળકને ખોળે લઈને રમાડીશ. હું એ બચ્ચાનાં ગાલ અને હોઠ પર ચૂમી કરીશ. એનાં કૂણાં કિસલય-શાં આંગળાંના તમાચા મારા બેવકૂફ ગાલો પર ચોડાવીશ. અને હવે તો હું લલિતાને જ કહીશ કે, 'બહેન! ગરીબડી કોઈ બીજી લલિતા જડશે આ જગતમાં ક્યાંક? હોય તો મારી ભલામણ કરીશ? મને વેલાને વાડ્ય દેખાડીશ?'

આવી ઊર્મિઓમાં નહાતો એ યુવાન અરધી રાત સુધી સિગ્નલને ઓટે સૂતો રહ્યો. વીંછીના ડંખ ઉપર ફૂંકવાથી વળે છે તેવી શાતા એને થોડી વાર વળી.

# કેશુના બાપનું કારજ

કંકુમાનું મોં કાળા સોગિયા સાડલાના ઘૂમટામાંથી બોલતું હતું. એ મોઢાનો અવાજ જાણે કબરના ખાડામાંથી આવતો હતો. એના હાથમાં ટપાલનું પત્તું હતું. "ભાઈ, આ વાંચ ને, બાપુઃ શું લખ્યું છે ભાઈજીએ?"

બાવીસ વરસના દીકરાનો મિજાજ ફાટી ગયો હતો. એ બોલ્યો: "બીજું શું લખ્યું હોય! ભાઈજીને અને ગામની ન્યાતને તો ઝટ મારા બાપના લાડવા ખાવા છે. હજુ ચાર દિ' થયા. હજુ ચિતા તો બળે છે મારા બાપની, ત્યાં તો સૌના મોંમાં પાણી છૂટ્યાં છે કારજ ખાવાનાં!"

"પણ તું વાંચ્ય તો ખરો!"

કેશુ કાગળ વાંચે છે:

"ભાઈ કેશવલાલ તથા અમારાં ગંગાસ્વરૂપ વહુ બાઈ કંકુને માલમ થાય જે માધાભાઈનો ઘાસ ઘણો મોટો લાગ્યો છે. અમારી છાતી ભાંગી ગઈ છે. અમે સાંભળ્યું છે કે તમે ત્યાં આકોલામાં જ માધાભાઈની ઉત્તરક્રિયા કરવાનાં છો. તો, વહુ, આ બહુ અઘટિત ગણાશે. કેશુની વહુનો ખોળો પણ ત્યાં દેશાવરમાં જ ભરી નાખેલો, તેનું મેણું ન્યાત અને કુટુંબમાં હજી બોલાય છે. તમારે અહીં દેશમાં આવીને કારજ કરવું જોવે. હજુ તમારે દીકરા-દીકરી પરણાવવાનાં છે. આપણું નામ વગોવાય છે. ગામમાં હલાતું નથી. અમારા માધાભાઈ જેવો દસ હજારની આબરૂવાળો જીવ –"

"હં, દસ હજારની આબરૂ!" કેશુએ કાગળ વાંચતાં વાંચતાં ધીરજ છોડી. "મારા બાપે મરતાં લગી પણ દસ હજારનો ભરમ સાચવી રાખ્યો એ પાપ મારે ભોગવવું રહ્યું. અંત સુધી ઓશીકા હેઠ હિસાબની ચોપડીઓ દબાવી રાખી. મોટાં ખોરડાં લેવાની વાતો કરી. ખોટેખોટી આબરૂ સારુ થઈને

આજ લગી તરકટ હાંક્યું. ને હવે એનાં પરિણામનો વારસો મારે વેઠવો."

"ચોપડીમાં માંડેલું કાંઈ ન નીકળ્યું, હેં ગગા!"

"કાંઈ જ નહિ."

"તું શું સમજ! નક્કી ધારશીકાકો એ નામની એક ચોપડી ઉપાડી ગયો. એ જ ત્યાં અંત ટાણે બેઠો'તો."

"અરે બા! બોલો મા! બોલો મા!"

"ઠીક, કાંઈ નહિ. આપણે કાંઈ ઘેર જઈને કારજ કર્યા વિના છૂટકો છે!"

"પણ અહીં પચીસ-પચાસ રૂપિયા વાવરો ને નાતીલાં જમાડી લ્યો, તો શો વાંધો છે!"

"બાપુ! તું પરણીને બેઠો છો. તારા બાપે ઈ દસ હજારનો ભરમ રાખ્યો, તો તારું ઘર બંધાણું. પણ હજુ બે બેન્યો અને નાનેરો ભાઈ બાકી છે. અને કારજ કરશું નહિ તો નાતીલાં નાક કાપી લેશે. ભરમ પણ ઊઘડી જાશે."

"બા! વહુને હજુ હમણાં જ કસુવાવડ થઈ ગઈ છે. આ મુસાફરીનો હડદો – ને ત્યાં રોવાકૂટવાં –"

"રોવાકૂટવાં તો કરવાં જ જોવે ને, ભાઈ! સો પેઢીનો ચાલતો આવતો ધરમ કાંઈ, વઉ ચાર ચોપડી ભણીને આવી છે તેટલા સારુ, લોપાય છે? અને હું તો આજ છું ને કાલ નહિ હોઉં. પછી કટંબકબીલામાં આભડવા, મોં વાળવા જવું તો એને જ પડશે ને! હજુ તો એને સરખો રાગ કાઢીને રોતાંય આવડતું નથી! મોં વાળવામાં તો ઘડીક થાય ત્યાં છાતી દુખવા આવે છે. એ બધું આવે અવસરે જ શિખાય છે ના! જો ને, પ્રેમજીકાકાની વહુ હજી પરણીને ચાલી આવે છે ત્યાં તો મનેય ટપી જાય એવું મોં વાળે છે."

"પણ, બા, મારી પાસે ભાડાની જોગવાઈ જેટલુંય નથી. ને મારી નોકરી જાશે."

"મારી પાસે એક ગંઠો ને વહુની એક મગમાળા છે. ઈ ક્યાંક મેલીને

પૈસા ઉપાડીએ. બાકી, તારે બાપે મરતાંમરતાં જીભ કચરી છે કે, મારી વાંસે મેશુબ અને જલેબીની નાત કરજો, એટલે એની સદ્‌ગતિ તો કર્યે જ મારે છૂટકો છે."

કેશુ બે ઘડી વિચારમાં પડી ગયો. બાપને અને બાને આખો જન્મારો કૂતરા-બિલાડાનો જ સ્નેહસંબંધ હતો. પણ બાપ મૂઆ પછી બા બિચારાં બાપના જીવની સદ્‌ગતિ સારુ મથે છે!

કેશુ ઊઠ્યો. ઘરમાં ગયો. રાતી ટીબકીવાળા કાળા સોગિયા સાડલામાં સ્ત્રીનું લોહી વિનાનું શ્વેત, માંદલું અને શોકાતુર મોં મીઠું દેખાતું હતું. એ કાંઈ બોલતી નહોતી. બાના વેણ એણે સાંભળ્યાં હતાં. એટલે ડોકમાંથી મગમાળા કાઢીને હાથમાં લઈને જ એ ઊભી હતી. પણ એના કલેજામાં સ્ત્રીના આ અવાચક અધીનતા એટલી કરુણ લાગી કે એણે મગમાળા દેવાની ના પાડી હોત તો પોતાને વધુ ગમત.

"તું આ એકાદ મહિનાનો કુટુંબવાસ સહન કરી લઈશ ને? રોતાંકૂટતાં આવડશે?"

"મહેનત કરીશ." ફિક્કા મોઢામાંથી હસતો જવાબ નીકળ્યો.

કેશુ, એની સ્ત્રી, બા, બે બહેનો ને એક ભાઈ સ્ટેશને ગયાં. સાડાપાંચ ટિકિટોના ખોબો એક રૂપિયાની જ્યારે ટિકિટની બારી પર કેશુએ ઢગલી કરી, ત્યારે કેશુને થોડીક કમકમાટી આવી ગઈ. ત્રણ દિવસની મુસાફરી દરમિયાન સહુ બાઘોલાં જેવાં બેસી રહ્યાં. બાનું ને ભાભીનું કાળા ઘૂમટામાં દટાયેલું મોં બાળકોને બિહામણું લાગતું હતું. છોકરાં જરીકે હસતાં કે આનંદથી વાતો કરતાં એ બાથી સહેવાતું ન હતું. વહુએ એક વાર છૂટો શ્વાસ લેવા સારુ બારીમાં ડોકું રાખીને ઘૂમટો ઊંચો લીધેલો કે તરત બાએ ટપારેલું કે, "માડી! ચાર દિ' તો સમતા રાખીએ ને! કાગડો-કૂતરો નથી મૂઓ: સસરો હાલ્યો ગયો છે."

તે પછીથી આખી મુસાફરીમાં વહુએ ઉધરસનાં ઠસકાં છેક ગળે આવેલાં તે પણ ચાંપી રાખ્યાં હતાં. કેશુ મોટે મોટે સ્ટેશને ગરમ ભજિયાં લાવીને બાને આગ્રહ કરી કરી આપતો. ખાતાં પહેલાં બા થોડુંક રડતા

હોય એવું જણાતું. ભજિયાં આવે ત્યારે છોકરાં બાના મોં સામે દયામણી આંખે તાકી રહેતાં, ને બા ખાય ત્યાર પછી, હસવા-આનંદવાનું ન બની જાય તેની સંભાળ રાખી, ખાતાં. એક સ્ટેશને કેશુ એની તાવલેલી સ્ત્રી સારુ બે મોસંબી લઈ આવ્યો. તે પછીથી બાએ ભજિયાં ઠેલ્યાં હતાં.

ગામને પાદર જ્યારે કુટુંબ આવી પહોંચ્યું ત્યારે "કંકુમા આવ્યાં!" "કેશુભાઈ આવ્યો!" એવા હર્ષનાદ કરતાં છોકરાં એકઠાં થઈ ગયાં અને ગામમાં ખબર દેવા દોડ્યાં ગયાં. છોકરાંને માધાબાપાના કારજનો દિવસ શીતળા-સાતમ, ગણેશચોથ કે દિવાળીના પડવા કરતાં વધુ પ્યારો હતો. તે દિવસે રવિવાર ન હોય તો સારું: છૂટ્ટી લઈ શકાય એ ઝંખના છોકરાં ઝંખી રહ્યાં હતાં. ન્યાતમાં કોણકોણ માંદું છે એની દાક્તર કરતાં નિશાળિયાઓ કનેથી વધુ ચોક્કસ ખબર મળી શકતી. પૂતળીમાનો દા'ડો ગયાને પંદર દિવસ થઈ ગયેલા, તેથી છોકરાંઓ બહુ જ કચવાતાં હતાં. હવેલીમાં આવનારી સ્ત્રીઓ પણ જ્યારે આમ સાંભળતી કે પશા દેવાણીની દાદીને તો પાંચ દિ' થયાં દરદમાં ઘટાડો થતો આવે છે, ત્યારે તેઓ ચિડાઈ ઊઠતી કે, "ડોશી તો અવગતણી છે. ડાબલો સંતાડ્યો છે તે જીવ જાતો નથી. ભોરિંગ જેવી છે, બાઈ! એના લાડવા ખાવાનું નામ જ લેશો મા કોઈ. જેમ જેમ આપણે મરતી વાંછશું તેમતેમ ઈ ડાકણ્યની આવરદા વધતી જાશે."

હવેલીમાં આમ વાતો કરતી બાઈઓને છોકરાંએ ખબર આપી કે કંકુમા ને કેશુ આવી પહોંચ્યાં છે. સાંભળીને સહુની નાડ્યમાં જીવ આવ્યો.

દિવસ આથમ્યો. કંકુમાના હાથ ઝાલીને એને રોવરાવતાં રોવરાવતાં તેમ જ પો'રે-પો'રે પછાડીઓ ખવરાવતાં ન્યાતીલાનાં બૈરાંઓ જ્યારે ઘેર લઈ જતાં હતાં, ત્યારે શેરીએ ઊભેલી નાનીમોટી સ્ત્રીઓ-સાસુઓ, વહુઓ, દીકરીઓ, વિધવાઓ ને નાની બાળકીઓ નિહાળી નિહાળી જોતી હતી. એક વાત ઉપર સર્વે શેરીઓનો સરખો જ મત પડ્યો કે, "કેશુડાની વહુને તો, મૂઈ, ડિલનો વળાંકો જ ક્યાં છે! ગળામાંથી રાગ કાઢે તો એના બાપના જ સમ!"

"આ તો ઓલી ભણેલી ને? અંહં, ગોંડળ રાજની નિશાળમાં ભણેલી. કે' દિ' મોળાકતેય નહિ રહી હોય. નાનપણે દેદો કૂટ્યો હોય તો આજ ડીલ વળે ને!"

"બળ્યાં ઈ ભણતર, બાપ! કુળનો જૂનો ધરમ, રીતભાત, ચાલચીલ – બધાં માથે મીંડું મુકાઈ જાય છે."

"મેં તો મારી પાતડીને એટલા સારુ જ કકા-બારખડી કરાવીને જ ઉઠાડી લીધી." પાર્વતીની બા ચેતી ચૂકેલાં હતાં.

"પણ હવે છાજિયાં લેતી વખતે આ ભણેલીનું શું થશે!"

"જોયા જેવું થાશે: ધાવશેર લેશે ધાવશેર! છાજિયાંની છટા તો એવા તિતાલી હાથમાં હોય જ શેની?"

ચાર વરસ ઉપર કેશુ જ્યારે પરણીને પાછો આવતો હતો ત્યારે ગામમાં વાત ઊડેલી કે એ ચાર અંગ્રેજી ચોપડીઓ ભણેલીને સામૈયામાં ઉઘાડે મોઢે બેસારીને કેશુડો ગામ સોંસરવો નીકળવાનો છે. તે વખતે પણ શેરીએ શેરીનું નાકું છલોછલ હલક્યું હતું. બાઈઓ ઉપરાઉપરી ખભા ઝાલીને જોવા મળી હતી. પણ આ ફજેતીથી ડરી ગયેલો કેશુ લોકોને અચંબામાં ગરકાવ કરતો, 'દીકરો આમન્યામાં રહ્યો ખરો!' એવી શાબાશી પામતો પોતાની ભણેલીને બેવડે ઘૂમટે ઢાંકીને ઘેર લઈ આવ્યો હતો. તે દિવસે શેરીએ-શેરીએ નિરાશા છવાઈ હતી. પણ આજ કેશુની ભણેલીનું નિરીક્ષણ કરવાનો અવસર આવવાથી તે દિવસનો વસવસો કાંઈક સંતોષાયો ખરો. નાની નવલીની રાંડીરાંડ ફઈએ તો નવલીનો કાન આમળીને એમ પણ કહ્યું કે, "આમ જો આમ, આડા સેંથા લેવાની સવાદણ્ય! પારકે ઘેર જઈશ તે દિ' તારાયે આવા હાલ થશે. સૌ ઠેકડી કરશે. મને સંભારજે તે દિ'."

એ બધું દીવાટાણે તો પતી ગયું. હવે કારજનો કયો દિવસ ઠરે છે તેની વાટ જોતાં સહુ બેઠાં.

[2]

ઘણાં વર્ષોનું અવાવરુ ઘર પડ્યું હતું. તે ત્રણ નાનાં ભાંડરડાં

ઝાડવાઝૂડવા લાગ્યાં. એક બાજુ કેશુએ પુરુષોને માટે પાથરણું પાથર્યું, અને બીજી બાજુ બા તથા વહુ એક પછી એક આવતાં સ્ત્રીઓનાં ટોળાંની સાથે મોં વાળવા લાગ્યાં. પોતે આવેલ છે એ વાત અછતી ન રહી જાય તેટલા સારુ દરેક કુટુંબની બાઈઓ જુદાં જુદાં જૂથ બાંધીને આવતી હતી. દરેકની સામે બાને નવેસર રડવું પડતું. અને દરેકની ઉપર પોતાના અંતરના ઊભરાતા પતિ-પ્રેમની ઘાટામાં ઘાટી છાપ પાડવા સારુ વધુમાં વધુ ધડૂસકારા કરી કૂટવું પડતું, લાંબામાં લાંબું રુદન-સંગીત કરવું પડતું, અને માધાબાપા કેવા સંજોગોમાં મૃત્યુ પામ્યા એ આખીયે છયે મહિનાના મંદવાડની કરુણ કથા માંડીમાંડીને, જમાવટ કરીને, નિસાસા મૂકી મૂકીને, 'અરેરે!'ના ઉદ્ગારો ઉચિત સ્થાને કાઢીકાઢીને અવાજને ટાણાસર ગળગળો કરીને, કોઈ કાબેલ કળાકારની જુક્તિથી વર્ણવવી પડતી હતી. પડખામાં બેઠેલાં વહુ રીતરિવાજમાં આવાં અણઘડ કેમ રહી ગયાં છે તેનો, વહુને દુ:ખ ન લાગી જાય તેવો, ખુલાસો પણ કેશુની બાને સહુ પાસે આપવો પડતો.

મોડી રાતે પહેલા દિવસનો મામલો પૂરો થયો ત્યારે બેસી ગયેલ સાદે અને લોથપોથ થાકી ગયેલ શરીરે બાએ કેશુની પાસે આવીને કહ્યું: "ભાઈ, જોજે હો: ઉતાવળો થઈ આપણો ભરમ ઉઘાડો પાડીશ મા! જગતમાં બધું ભરમે-ભરમે જ ચાલે છે. સારા ઘરનું મરણું છે. એટલે ઘણાં કાણિયાં કારજે આવશે. એમાં ક્યાંક બેમાંથી એક બેનને ઠેકાણે પાડી દેવી છે. પણ તું ભરમ ખુલ્લો કરીશ મા!"

એ જ ટાણે ખડકીમાં લાકડીનો ઠબઠબાટ સંભળાયો. અને "કેશુ ઘરમાં છે કે?"ની બૂમ પડી. માએ કહ્યું: "ગગા, જા જા. પીતાંબર ભાઈજી આવેલ છે. રાતના નહિ ભાળે. તું દોરી લાવ્ય." ફળિયામાં દીવો નહોતો, કેમકે ખડકી મજિયારી હતી.

પીતાંબર ભાઈજીની અવસ્થા 65 વર્ષની હતી. આવીને એણે કેશુનો હાથ ઝાલ્યો. "દીકરા! અટાટની પડી, હો! માધાભાઈની દેઈ પરદેશમાં પડી! માંડ્યું હશે ના!" એવું કહી ભાઈજી રડી પડ્યાં. કેશુને ભાઈજીના

આ રુદને ખાતરી કરી આપી કે પોતે નિરાધાર નથી.

"બેટા! તારી મા ઘરમાં છે ને? મારા વતી ખરખરો કરજે. એ તો બહુ સારું છે કે તારા જેવો દીકરો ભગવાને દીધો છે. દેશાવરમાં તારે સારી પાયરી બંધાણી છે. શું વરસના હજાર-બારસે તો મળતા હશે ને, ભાઈ!"

કેશુ ઉતાવળો બનીને ઊંધું વાળશે એ બીકે માએ અંદર કમાડ આડે બેઠાંબેઠાં બેઠે અવાજે છતાં ભાઈજી સાંભળે તેમ કહ્યું કે, "ગગી, કહે ભાઈજીને, કે તમારે પુન્ય-પ્રતાપે બધી સરખાઈ છે. સાચા પરતાપ ઘરડાના. ખાતાંપીતાં છૈયે."

"હા! દીકરો કર્મી ખરો. ને વળી બીજું પણ પડે તો ખરું જ ના! ખરીદી કરવામાં, મુસાફરીમાં, વેચાણમાં, બોણીમાં નોખો કસ તો રે'તો જ હશે ના! માણસ કંઈ અમસ્થા કાળાં પાણી થોડાં વેઠે છે?"

કેશુએ નિરુત્તર રહેવામાં જ સાર દીઠો. માએ દીકરીને કહ્યું: "ભાઈજીને પૂછ: કારજમાં શું જમણ આપીએ તો ઠીક?"

"તમે શું ધાર્યું છે, વહુ?"

"ગગી, ભાઈજીને કહે: મેશૂબ ને જલેબી."

કોઈ ગહન પ્રશ્ન પોતાની સામે આવી પડ્યો હોય તેમ ભાઈજી વિચારે ચડી ગયા. માએ પૂછાવ્યું: "કેમ ચૂપ રહ્યા? કાંઈ કહેવું છે?"

"કહેવાનું તો આટલું, કે શું શું કરવું તેની કુલમુખત્યારી તમારી છે. પણ મેં આંહીં આખી અવસ્થા કાઢી નાખી છે. ઇજ્જતઆબરૂની આ વાત છે. હજી છોકરાં વરાવવાં–પરણાવવાં બાકી છે. મારો માધોભાઈ પડી–પેપડીનો ખાતલ નો'તો એય સૌ જાણે છે. વળી એ બાપડો કામીને મેલી ગયો –"

કેશુની ધીરજ ન રહી: "પણ શું મેલી –?"

મા વખતસર વહારે ધાયાં: "તો ભાઈજી કહે તેમ. મારે મોળું દેખાવા દેવું નથી. મારે તો પે'લું ને છેલ્લું આ ટાણું છું. મારું મોત તો વળી કેશુ સુધારે ત્યારે ખરું!"

"તયેં, વહુ, સો રૂપિયા વધુ કડવા કરી નાખીને સાટા ને મોહનથાળ

ઉમેરો એટલે પચાસ ગાઉ ફરતો ડંકો વાગી જાય!"

"ગગી!" બાએ સંભળાવ્યું: "ભાઈજીને કહે કે આંહીં ઓરડામાં આવે. પેટછૂટી એક વાત કહેવી છે."

પીતાંબર ડોસા અંદર જઈને બેઠા. બોલ્યા: "મારામાં વિશ્વાસ રાખજો. મારું પાણી મરે નહિ. જે કહેવું હોય તે કહો. જે આંટીઘૂંટી હોય એનો આપણે ઉકેલ કરીએ."

"ત્યારે, ગગી, ભાઈજીને કહે, કે તમારો ભાઈ ગમે ત્યાં ક્યાંક બધું ઠેકાણાસર મેલીને તો સૂતા છે; પણ ચોપડાનો હેરફેર થઈ ગયો છે. ઠેકાણાની ખબર નથી. અટાણે નાણું હાથવગું નથી. ઈ બધું હાથ આવે ત્યાં સુધીની જોગવાઈ જો હમણાં થઈ જાય તો હું તમારા ભાઈનું મોત હરકોઈ વાતે ઊજળું કરવા તૈયાર છું."

"અરે રામ! વહુ! દીકરા! વખત ખરાબ છે. અગાઉના જેવો અમારો કાળ હવે રહ્યો નથી. બીજે ક્યાંય વેણ નાખવા જાયેં એમ મારું ધ્યાન પડતું નથી. ઘરમેળે સમજીએ તો જ ઠીક."

"તો એમ."

"કહું? દુઃખ નહિ લગાડો ને? મારે કાંઈ અવિશ્વાસ નથી. પણ વે'વારે વાત કરવી પડે છે, આ ખોરડું હું થાલમાં રાખું – હું પોતે જ રાખું. પાંચસો રૂપિયા ગણી આપું. મારે કાંઈ ખોરડું જો'તું નથી. ખોરડાનાં બટકાં ભરાતાં નથી. તમે તમારે રહો છો તેમ રહો. ફક્ત તમે ને કેશુ દસ્તાવેજ કરી આપો. વેળા કઠણ છે. મારા છોકરા માંડી વાળેલ છે. સાત પેઢીની શરમ ઘડીવારમાં ધોઈ નાખે તેવા છે એટલે જ હું દસ્તાવેજનું કહું છું. કહેતાં તો ઘણીય જીભ કપાય છે."

થોડી વાર સુધી તો ઘરમાં જાણે કોઈ શબ પડ્યું હોય તેવી શૂન્યતા પ્રસરી રહી. પીતાંબર ભાઈજીએ પાછું કહ્યું: "ને, વહુ, દીકરા, એક મુદ્દાની વાત મને સાંભરી આવે છે. પણ પાંચમે કાને વાત પોં'ચવી ન જોઈએ."

"છોકરાંવ! તમે મેડી માથે જાવ!" એમ કંકુમા છોકરાંને દૂર કરી, ઘૂમટો રાખી બેઠાં. પીતાંબર ભાઈજીએ આજુબાજુ જોઈ, લાંબી ડોક કરી

રહસ્ય ઉચ્ચાર્યું કે, ‘‘વાત પેટમાં રાખજો. હું બધુંય સમજું છું. સહુની બાંધી મૂઠી જ સારી: ઉઘડાવવી એ ખાનદાનનું કામ નથી. મારે કે'વાનું એ છે કે બર્માવાળા બબલો શેઠ આંહીં મધુસૂદન મા'રાજના દર્શને આવેલ છે. હમણાં જ ઘરભંગ થયા છે. કરોડપતિ છે. અવસ્થા કાંઈ બહુ નથી. મારાથી પાંચ વરસ નાનેરા છે. તમારી વિમુડીનું ત્યાં કરીએ. નામ નથી પાડવું, પણ મોંમાગ્યા આપે એમ છે. શરીર કડેધડે છે. એક દાક્તર ને એક વૈદ તો હારે ફેરવે છે. કારજ બરાબર ઊજળું કરીએ. મધુસૂદન મા'રાજની પધરામણી ઘેર કરાવીએ. વિમુને હાથે જ મા'રાજને ચરણે રૂપિયા એકાવન મેલાવવા. બબલો શેઠ ભેળા આવે. કન્યાને જોઈ લ્યે. પછી તો હું છું જ ના? ઘેર બેઠે ગંગા! બોલો: છે ઊલટ?''

ઘણી વારે એક ઊંડો નિઃશ્વાસ મૂકીને કંકુમાએ ડોકું ધુણાવ્યું.

પીતાંબર ભાઈજીએ ઘરનું થાલ-ખત કરાવી લઈને કારજમાં જો'તા માલતાલની વેતરણ માંડી.

કેશુ આ રહસ્ય-ગોષ્ઠિ વખતે મેડા ઉપર હતો. એની વહુને તાવ ચડેલો, તેથી માથા પર ઠંડા પાણીનાં પોતાં મૂકતો હતો. એને લાગતું હતું કે જાણે આ ઘર નથી, પણ કોઈને ફાંસી દેવાનું ઠેકાણું છે.

આવા તકલાદી શરીરવાળી વહુ પોતાને તકદીરે ક્યાંથી આવી! બાની સાથે એક વર્ષ ખૂણો પળાવવા એ આંહીં શી રીતે રહી શકશે! ઘરમાં તો આજથી રોજેરોજ ધડાપીટ અને મોં ઢાંકવાં શરૂ રહેશે. મામા-માશીઓ પણ આજુબાજુથી કાણ્યે આવશે. એ બધાંનાં રાંધણાંમાં આ રોગીલી સ્ત્રીની શી ગતિ થશે! આ ભણેલી છે, એટલે જૂની રીતભાતો જોતી-જોતી સળગી જશે. એવા વિચાર કરતો કેશુ પોતાં મૂકતો હતો, ત્યાં બાનું કાળા સાળુમાં વીંટાયેલું ડોકું દાદર પર દેખાયું. પોતે કાંઈક ગુનો કરતો હોય તેમ કેશુ ચોંકીને ઊભો થઈ ગયો.

‘‘અટાણથી મેડીએ ચડીય ગયાં, માડી! એમાં શેનાં ઠરીએ!'' એટલું કહીને એ ડોકું નીચે ઊતરી ગયું.

તે વખતે વહુ તાવમાં બેશુદ્ધ હતી. કેશુએ એને હબડાવીને કહ્યું:

"ભલી થઈને ઊઠ ને! જરાક કઠણ થા ને! અત્યારે આમ પડવાનો વખત છે?"

વહુએ આંખો ઉઘાડી. કેશુએ ફરી કહ્યું:

"અત્યારે આમ પડવાનો વખત છે?"

વહુ ઘેનમાં ને ઘેનમાં આંખો મીંચી ગઈ.

બા દિલથી દુષ્ટ નહોતાં. બાની દયામાયાનાં બિંદુ શોષી જનાર દાનવ હતો સમાજ. એણે ફરીવાર મેડી નીચેથી પૂછ્યું: "કેશુ! વહુને ગરમ ઉકાળો પાવો છે, ભાઈ! મારી પાસે ચપટીક ચીંથરીમાં બાંધ્યો છે. ચૂલો કરું?"

"કાંઈ નહિ, બા; રાત કાઢી નાખીએ."

[3]

અગિયારમા દિવસની તૈયારીને ઓળખાવવા માટે 'હડેડાટ' એ એક જ શબ્દ પૂરતો થઈ પડશે. હડેડાટ મોટા તાવડા, કડાયાં, તપેલાં, ચોકીઓ, પાણી ભરવાના ઢોલ ને દાળ ઉકાળવાનાં ગડાં ન્યાતને ડેલે હાજર થયાં. ઘીના ડબા ખરીદાયા. અનાજના કોથળા, ખાંડની બોરીઓ, કેસર, એળચી વગેરે માટે દોડાદોડ થઈ રહી. માધાકાકાની સાથે જેઓને દસ વરસથી બોલ્યા વહેવાર પણ નહોતો, અને કંકુમાને પૈસાનું શાક પણ જેઓ નહોતા લાવી આપતા, તે જ કુટુંબીઓ આજ સવારથી ભાઈ કેશુની પડખે ખડા થઈ ગયા. "દીકરા, જે કામ હોય તે ચીંધજે, હો! ખડે પગે હાજર છીએ." "અરે, એમ ચીંધવા વાટ શી જોવી? હાથોહાથ કરવા માંડીએ!" "લ્યો, હું ઘીના ડબા ખરીદી આવું: કૂરિયા જેવું ઘી!" "ખાંડ અમારા ભાણેજની દુકાને અસલ માલ છે." "જો ન્યાતના મોઢામાં સારો સબડકો દેવો હોય, તો તુરદાળ ફૂલાભાઈને હાટે વન નંબર છે." એમ લાગતાવળગતાને ખટાવવાની જિકર થવા લાગી. કેશુભાઈને પૂછવા પણ કોઈ રોકાતું નથી. પીતાંબર ભાઈજી બધો આંકડો પરબારા જ ચૂકવવાના છે. બા બિચારાં સારો અવસર થોડાક સારુ બગડી જાય એ બીકે ચૂપચાપ છે. તે સિવાય એને તો આજ, કાલ ને પરમનો દિવસ – એ ત્રણ તો છાતી છૂંદી નાખવાના દિવસો છે. એને ક્યાં ફુરસદ હતી? મહેમાનોનાં ધાડાં ઊતરવા લાગ્યાં હતાં.

રાતના બાર વાગતાં સુધી બજાર જાગતી હતી. છોકરાંને પણ પિતાઓ જાગરણ કરાવતા હતા. અધરાતે સાદ પડ્યો કે, "હાલો લાડવા વાળવા. ઘાણ થઈ ગયો છે".

પચાસેક જણાં ભેળાં થઈ ગયાં. "એલા કંદોઈ! માલ કેવોક બનાવી જાણછ! જોજે હો, છૂટે હાથે વાવરજે: હાથ ચોરતો નહિ. કેશુની શોભા વધે એમ કરજે." એમ કહી કહી કાકા-બાપાઓ માલની ચાખણી પર ચડ્યા. છોકરાંને ઠાંસોઠાંસ ખવરાવ્યું, અને ખોઈમાં પણ મીઠાઈ પકડાવીને ઘેર વિદાય કર્યાં કે "માળાં રેઢિયાળ! સમજે જ નહિ કાંઈ! જાવ, હવે ફરી આવ્યાં છો તો કાન ખેંચી કાઢશું." પછી ડેલા સુધી જઈને ધીરેથી કહેતા કે "સવારે પાછી વે'લી આવજે, હો નવલી! ઘેર શિરાવતી નહિ."

કેશુના મોંમાં જીભ નહોતી રહી, કેમકે એક વાર એનાથી કહેવાઈ ગયું હતું કે, "કૂરજીકાકો કામમાં તો મદદ કરાવતા નથી, ને નાસ્તામાં સહુથી મોખરે આવે છે." બસ, આટલા વેણથી કૂરજી એવો તો રિસાયો હતો કે, કુટુંબ આખું વીફરેલું. કૂરજી બોલતો જતો હતો કે, "પૂળો મૂકોને એના કારજમાં! નવી નવાઈનો પરદેશથી રળી આવ્યો છે! મને ચોર કહ્યો! હું શું એના લાડવા ચોરી ગયો! એ શાહુકાર ને હું ચોર! એનાં સાટાજલેબીમાં કીડા પડજો કીડા!"

અવસર બગડી જાત. પણ કંકુમા મોંમાં ખાસડું લઈને કૂરજીકાકાને મનાવી લાવ્યાં. કેશુની જીભ ચૂપ નહિ રહે એમ સમજીને પીતાંબર ભાઈજીએ એને "વહુ માંદાં છે, માટે જા: ત્યાં પાસે રહે" એમ કહી ઘેર મોકલી દીધો.

પછી હડેડાટ વરો હાલ્યો.

"બા! તમારી પાસે કાંઈ ખરચી છે? એકાદ-બે રૂપિયા આપો ને! આ માંદી સારુ જૂનાગઢથી મોસંબી મંગાવવી છે."

"ખરચી તો મારી પાસે હવે ન મળે, ભાઈ! કારજમાં ચીજવસ્તુ જોવે તે સહુ બે આના ચાર આના કરી કરી લઈ ગયા. પાછું આ કાણિયાં સહુ

આવ્યાં છે, તેનાં ગાડાંના બળદ સારુ ને ઘોડા સારુ ખડ-ખાણ મારી ખરચીમાંથી જ લેવાણાં છે.''

''ત્યારે શું કરશું! પીતાંબર ભાઈજી પાસે જાઉં?''

''બેટા, અટાણે ત્યાં કારજની જણશો લાવવાનો દેકારો બોલતો હશે, ને તું અટાણે ઘરણ ટાણે સાપ કાં કાઢી બેઠો?''

''બા, વહુના નાકની ચૂંક છે. ક્યાંક મેલીને રૂપિયા લઈ આવું?''

''ભાઈ, સૌભાગ્યની ચૂંક તે ક્યાંય વેચાતી હશે? તું જરાક તો સમજ! અને અટાણે ભરમ ફોડવા કાં ઊભો થયો? બધુંય કર્યું કારવ્યું ધૂળ થઈ જાશે. આ છોકરીઓ રઝળી પડશે. એક દી ખમી ખા. ઈશ્વર સારાં વાનાં કરશે. વિમુડીનાં ભાગ્ય ઊજળાં હશે, તો તારે મોસંબી મોસંબી જ વરસી રે'શે!''

''એવું તે શું છે, બા? ફોડ તો પાડો!''

બાએ બબલા શેઠની વાત ઇશારે સમજાવી. કેશુનો શ્વાસ ઊંચે ચડી ગયો.

દરમિયાન ડેલે સહુના જીવ અધ્ધર થઈ ગયા છે. ન્યાતનાં હજાર માણસ થાળી ઉપર બેસી ગયાં છે. પીરસવાની તૈયારી છે. તે વખતે રંગમાં ભંગ પડી જાત. પણ ડાહ્યા આગેવાનોએ અણીને ટાણે ઉગાર કરી લીધો. વાત આમ હતી: ખબર આવ્યા કે કુટુંબમાં ધના ઓઘડનો જુવાન દીકરો ક્ષયની પથારીએ અંતકાળ છે. આગેવાનો એકબીજાની સામે ટગરટગર જુએ છે, ત્યાં તો એનું કાળું મોઢું લઈને બીજો એક જણ આવ્યો, ને કહ્યું કે ''મામલો ખલાસ છે.''

''ઠીક, હવે ચૂપ!'' ભવાન અદાએ આંખનો મિચકારો કર્યો. ''હવે ધનાને જઈને કહી આવો કે ભલો થઈને વાત દાબી રાખે. એની વહુ છે ડાયલી; માંડશે રાગડા તાણવા. માટે કે'જો કે મૂંગી મરી રહે ને મડદું ઢાંકી રાખે. કે'જો – ચૂંચાં ન કરે: નીકર નાત આખીના નિસાપા લાગશે. અને માંડો ઝટ પીરસવા. એલા મઘરા બાંઠિયા, ઝટઝટ કાકડી વઘારી નાખ.

તેલ સમાયે મૂકચ. ક્યાં તારા બાપનું વરે છે! ઝટ મરચાં વઘારિયાં કરી નાખ. એલા, કઢીને હવેજ કર્યો કે નહિ? ઓલ્યા ઓધા કંદોઈને કહો – ઝટ ઝટ ચાલાકી રાખીને ભજિયાનાં ઘાણ ઉતારે!'' એમ ચીવટથી કામ લેવાયું. અદા ખડી ચોકી રાખીને ઊભા રહ્યા. સહુને તાણ કરી કરી ખવરાવ્યું. કેટલાયનાં મોંમાં બટકાં દીધાં. એવો તો મો'રો રાખ્યો કે કોઈને ગંધ પણ ન આવી કે કુટુંબમાં કંઈક માઠું બની ગયું છે.

"હાં, હવે ઝટ બોલાવો બાયડિયુંને! અને ઓલ્યા મૂરખા ધનાને કહેતા આવજો કે હમણાં પ્રાણ-પોક ન મૂકે: ખબડદાર જો ઘરમાં કોઈ રોયું-કૂટ્યું છે તો!''

સ્ત્રીઓની પંગત પણ પતી ગઈ. અદા ખડી ચોકીએ જ ઊભા છે.

"હા, હવે દઈ આવો પીરસણાં! દરબારમાં, કામદાર સા'બને ત્યાં, ફોજદાર સા'બને ત્યાં, અને કારકુનોને ઘરેઘરે, જ્યાં ન ખપે ત્યાં સીધાં ભરો.''

એ પણ પતી ગયું. અદાનો તા' જ આટલું કરાવી શકે.

"પતી ગયું? કોઈ ભૂખ્યું નથી ના? તો બસ: હવે ભલે ધનો પ્રાણપોક પડાવતો.''

"વરાનું કામ છે, ભાઈ! છાતી રાખીયેં તો જ હેમખેમ પાર ઊતરે. અકળાયે કાંઈ કામ આવે?''

સાંજ ટાણે સમગ્ર કુટુંબ ને ન્યાતના પુરુષો ધનાના છોકરાને દેન પાડવા લઈ ગયા. એ બધું કામ પણ એટલી જ બાહોશીથી લેવાયું. ધનો જ્યારે સૂનમૂન હૈયે દીકરાની બળતી ચિતા સામે ડોળા ફાડીને એકલો બેઠો હતો, ત્યારે બાકીના જ્ઞાતિજનો મરનારની ઉમ્મર વિષે ચર્ચા કરતા હતા. સહુનો નિર્ણય એવો થયો કે ત્રીસ વર્ષના જુવાનની વાંસે કારજ તો ન કરાય: ગોરણીઓ અને છોકરાં જમે.

પાંચમે દિવસે કેશુએ માંદી વહુના છેલ્લા છડા અને ચૂંક વેચીને આકોલા પહોંચવાના પૈસા જોગવ્યા. તાવભરી પત્નીને ગાડામાં નાખીને

જ્યારે એ સ્ટેશને જવા નીકળ્યો, ત્યારે ગામ-પરગામથી ભેગા થયેલા પચાસ બ્રાહ્મણોએ એના ગાડાની પાછળ દોડીદોડીને "હે સાળા ઓટીવાળ! સાળાએ કુળ બોળ્યું! સાળાની પાસે બામણને દેવા પૈસા નો'તા ત્યારે કારજ શીદ કર્યું બાપનું? જખ મારવા? સાલાની બાયડી રસ્તામાં અંતરિયાળ જ રે'જો!" એવાંએવાં બ્રહ્માસ્ત્રો છોડ્યાં.

ગામે પણ એ જ વાત કરી: "મૂરખે આટલા સારુ થઈને કર્યા-કારવ્યા ઉપર પાણી ફેરવ્યું."

બબલા શેઠનું વેવિશાળ તો વચ્ચેથી કોઈ બીજો જ ઝડપી ગયો, એટલે વિમુડી બિચારી ઠેકાણે ન પડી શકી.

એક મહિનો જવા દઈને પછી પીતાંબર ભાઈજીએ કંકુમાને કહેવરાવ્યું કે "મારા છોકરાઓને સંકડાશ પડે છે. નાનેરાની વહુ આણું વાળીને આવી ગયાં છે. એટલે કંકુવહુને કહો કે ત્યાંથી ફેરવી નાખે. આપણા એકઢાળિયામાં ઓરડી છે ત્યાં રહેવા આવી જાય."

થોડાક દિવસ પછી પીતાંબર ભાઈજીની ગાય વિયાણી, પણ વાછડી મૂએલી અવતરી. દીકરીઓનાં નાનાં છોકરાં માંદાં પડવા લાગ્યાં. વધુ શંકાનું કારણ તો ત્યારે પડ્યું, જ્યારે દીકરીનો ભાણો તાવમાં પડ્યો.

ખૂણો પાળતી ઘરડી વિધવા અમસ્થીયે ઘર-આંગણામાં આઠેય પહોર ને સાઠેય ઘડી કોને ગમે? ઉપરાંત પાછો સહુને વહેમ ભરાયો કે કંકુમાનાં પગલાં સારાં નથી.

એક દિવસ કંકુમાએ કારજના ખર્ચનો હિસાબ ચોખ્ખો કરવાની વાત ઉચ્ચારી, એથી પણ ભાઈજીને ઓછું આવ્યું.

ટૂંકામાં, કંકુમાને એકઢાળિયાવાળી ઓરડી ખાલી કરવી પડી. નજીકમાં કોળી-ખેડૂતોનો પા હતો, ત્યાં ઊકા પટેલે એક ખોરડું કાઢી આપીને પોતાના જૂના ભાઈબંધ માધાભાઈનો મીઠો સંબંધ જીવતો કર્યો. ઉકા પટેલ ખેડૂત હતા, એટલે વનસ્પતિના જૂના, સુકાઈ ગયેલા રોપાને પણ ગોતીગોતી પાણી સીંચીને પાછો કોળાવવાનો એનો સ્વભાવ પડી ગયેલો. કંકુમા ને

એનાં બે-ત્રણ બાળકો પણ ઉકા પટેલની નજરે થોરની વાડ્યમાં રઝળતા પડેલા આંબાના નાના રોપ જેવા લાગતાં.

ન્યાતમાં ગિલા થવા લાગી કે, ડોશી જુવાન દીકરીઓને લઈને હલકા વરણમાં રહેવા ગયાં! કેશુ ઉપર કાગળ પણ લખાયો કે, કંકુમાએ ખૂણો પાળવાનું મેલીને સીમમાં જઈ ખડની ભારીઓ તાણવા માંડી છે, એ કાંઈ કુળની રીત કહેવાય!

કંકુમા બિચારાં હજુય બાતમી મેળવતાં હતાં કે કેશુના બાપને ઓશીકેથી નાણાંની વિગતની ચોપડી કોણ ચોરી ગયો!

## 'લાડકો રંડાપો'

"રાતે ફાસ્ટ ગાડી વખતે ગામમાં રોતું રોતું કોણ નીકળેલું?"

"ગુલાબની ફુઈ. ગુલાબ હમણાં મરી ગયો ને, તેની કાણ્યે આવેલી. એને ગુલાબના ભાઈ ઘોઘલાએ કાલ રાતે બૂરે હવાલે કાઢી."

"શું ઘોઘલો આવ્યો?"

"ગામડામાં ક્યાંક 'પિકેટિંગ' કરતો હશે, ત્યાં ચોથે દિવસે માંડ ખબર પહોંચાડ્યા ત્યારે આવ્યો. ને પંદર દિવસમાં તો સગી ફઈને, આધેડ અવસ્થાની રાંડીરાંડ બાઈને, દુકાનીની કરી નાખી."

"શા સારુ?"

"ગુલાબડાની વહુને માટે કાંઈક કંકાસ થયો લાગે છે. નવા જમાનાનું લોહી ખરું ને? જૂના રીતરિવાજ માયલું રહસ્ય સમજી શકે નહિ. પોતાનો ધોકો પછાડે."

"બાયડીઓના રીતરિવાજમાં માથું મારવું એ પુરુષ માણસનું કામ જ નથી. ડોશી શાસ્તર તો નોખું એક શાસ્તર જ છે. એના ગૂઢારથ તો ડોશીઓ જ જાણે. એમાં ઘોડો કુદાવવો એ આપણું કામ જ નહિ."

કસ્બા-ગામની બજારે પોતપોતાની દુકાનો વાળતા વાળતા ચાર-છ વેપારીઓ પ્રભાતને પહોર આવું નિગૂઢ તત્ત્વ ચર્ચી રહ્યા હતા, અને ભંગિયાઓએ પરોઢિયામાં તાજી જ ઝાડુ મારેલી બજાર ઉપર પોતાનાં હાટડાંનો પૂંજો છાંટતા હતા.

"ગુલાબડાની ફઈ તો બચાડી ભારી ધર્મિષ્ઠ માણસ છે. ટેકીલી શ્રાવિકા છે, હો! તકલાદી નથી. હરરોજ ચોવિયાર: મહિનાની દસેદસ તથ્યનો અપવાસ: સાધુ–સાધ્વી હોય ત્યારે ખડે પગે સેવા: ઘંટીને અડવાની

અને સગા દીકરાની વહુની પણ સુવાવડ કરવાની બાધા.''

''સુવાવડનું પાપ તો શ્રાવકના શાસ્તરમાં બહુ મોટું કહ્યું છે ને!''

''હા, અને આ ગુલાબડાની ફઈ એ બાબતમાં ભારી ટેકીલી છે. એક વાર એના ફળીમાં પાડોશીને ઘેર બાઈને પીડ ઊપડી. ઘરમાં કોઈ ન મળે. બાઈ ચીસોચીસ પાડે. પણ ગુલાબની ફઈ કોઈને ખબર આપવા જેટલા પાપમાંયે ન પડી. સમાયક કરીને બેસી ગઈ. પાડોશણ બાઈને એમ ને એમ બાળક અવતર્યું. નાળ પણ એણે હાથે વધેર્યું.''

''પાળે એનો ધરમ છે, ભાઈ!''

''ઘોઘલે આવી અશરાફ, ધર્મિષ્ઠ ફઈના નિસાસા લીધા. બાઈ રાતે ધા નાખતી જતી'તી.''

ઝાડુ વાળવાનું કામ પૂરું થયું. વેપારીઓ થડા ઉપર બેસી ગયા. થડાને તેમ જ ત્રાજવાં-તોલાંને પગે લાગ્યા. સંસાર ચાલ્યો જાય છે તે જ ઢબે ચાલવા લાગ્યો. પોતપોતાના પરિવારનાં પેટ પૂરતી ચણ્ય એકઠી કરવા સિવાય સવારથી રાત સુધી બીજી ઉપાસના નહોતી. ઉત્તર ધ્રુવના બરફ-ઢંકાયલા પ્રદેશની માફક અહીં પણ વિચાર-સૃષ્ટિ થીજી ગયેલી હતી. જિંદગીની પળેપળ જાણે એક જ વાત બોલતી હતી કે, 'શી ઉતાવળ છે! પડ્યા છીએ. પરિવર્તનની શી દોડાદોડી છે! હાલવા દ્યો ને!'

'ઘોઘલો' તો એની બાએ પાડેલું હુલામણું નામ હતું. ફઈએ 'ઓળી ઝોળી પીપળ પાન' કરીને પાડેલું નામ તો હિંમતલાલ હતું. હિંમતલાલની ઉમ્મર વીસ વર્ષની હતી. હિંમતલાલ સાત અંગ્રેજી તો ભણ્યા હતા, પણ ગામ-લોકોએ તો 'ઘોઘલો' 'ઘોઘલો' જ કહ્યા કરી એની મરી ગયેલી માના હેત-હુલાવ સદા અણભૂલ્યા રખાવ્યા હતા. હિંમતલાલની છોકરવાદી પણ ચાલુ જ હતી, અને એ રીતે 'ઘોઘલો' નામને સાર્થક કરતી. હિંમત જ્યારે ગઈ કાલે ગામડાના કીચડ ખૂંદતો આવી પહોંચ્યો, ત્યારે મોટાભાઈ ગુલાબને ગુજરી ગયાં ચાર દિવસ થઈ ગયા હતા. ભાલના ભૂખપરા ગામે પડેલા હિંમતને ડાંસ કરડવાથી તાવ ચડ્યો હતો. ગુલાબનું સર્પદંશથી મરણ થયું એ ખબર મળતાં જ ચડતે તાવે એ ઘેર ધસી આવ્યો હતો. આવ્યો કે

તરત જ એ ઘરની અંદર પેસી ગયો. ખડકીમાં બેઠેલા એના કુટુંબી, કાકા, મોટાબાપા ફાટી આંખે જ જોઈ રહ્યા, કે આ છોકરો નથી મોં ઢાંકીને રોતો: નથી પૂછવાય રોકાતો કે, મારા ભાઈને શું થયું: નથી બૈરાંને ખબર આપતો કે જેથી એ બધાં મોં વાળે: પરબારો "ભાભી! ભાભી! ભાભી ક્યાં!" એવા ગાંડા અવાજ કરતો એ રાંડેલી જુવાન વહુના ઓરડામાં દોડ્યો જાય છે. એની આંખોમાં લાજ-શરમ કે વિનય નથી. અવસરની ગંભીરતા એ સમજતો નથી.

"ભાભી! ભાભી! મારાં ભાભી ક્યાં!"

બારી-બારણાં બીડેલા એ કાળા ઓરડાને ઊંડે ખૂણે એક આકાર બેઠો છે. નથી હલતો કે નથી બોલતો. છાપરા ઉપરના સહેજ ખસી ગયેલા નળિયામાંથી જરીક જેટલું – આંખની કીકી જેવડું ચાંદરણું પડે છે. એના ઝાંખા અજવાળામાં દેખાય છે બુટ્ટાદાર રેશમી સાડલો: કોઈ પીરની કબર પર ઓઢાડેલી સોડ્ય સમાન નિષ્પ્રાણ ને નિશ્ચલ. અંદર કોઈ શ્વાસ લે છે તેટલા પૂરતું જ જાણે એ કફન હલે છે.

"ભાભી! ભાભી! ભાભી ક્યાં!" હિંમતનો સ્વર ફાટી ગયો. ઓરડામાં હજાર શબો સૂતાં હોય તેવી નીરવતા હતી. ફક્ત એ રેશમી સાળુના ઓઢણા નીચેથી જરીક સંચાર થયો. અંદરના કલેવર ઉપર કંઈક રણઝણાટ થયો. એ હતો સોના-રૂપાના દાગીનાનો ઝંકાર. કલેવર હતું તેણે કેવળ નિઃશ્વાસ જ પડતો મૂક્યો. કોઈ શક્તિધર્મીઓના ગુપ્ત દેવી-થાનકનો જ આ દેખાવ હતો. કોઈનો જાણે ભોગ દેવાતો હતો. ઓરડો કદાચ હમણાં ચીસ પાડશે એમ ધારીને કોઈકે જાણે એને મોંએ ડૂચો દીધો હતો. ઓરડો રૂંધાઈ ગૂંગળાતો હતો: જાણે કોઈએ એની છાતી ચાંપી રાખી હતી. ઓરડાનાં કમાડ વચ્ચે હિંમત અટક્યો હતો. ખૂણે બેઠેલી આકૃતિ પર એ નજર ઠેરવતો હતો. એનું અંગે-અંગ તાવમાં તપતું હતું.

ઓચિંતો સોનાનાં કડાં પહેરેલ એક હાથ એના કાંડા પર જોરથી પડ્યો. એ ઝબકીને ફર્યો. ઘૂમટે ઢાંકેલ એ બીજી આકૃતિ હતી. એ હિંમતનાં ફઈબા હતાં. ફઈબાએ કહ્યું: "તને કંઈ ભાન છે કે નહિ? પાધરો 'ભાભી'

'ભાભી' કરતો ત્યાં દોડ્યો ગયો! ભાભી ખૂણે બેઠી છે એ તો સમજ! બહાર જા, અને અમને અમારી રીત તો કરવા દે!"

ફઈએ ધકેલીને હિંમતને બહાર કાઢ્યો. પછી એ ઘરમાં ગયાં. ખૂણો પાળનારીને ઠપકો દીધો: "તમે પણ અજ્જડ થઈને બેઠાં રહ્યાં? દેર હાલ્યો આવે છે તોય મોં ન વાળ્યું? એટલીયે ભાન નથી બળી! હું તો કેટલેક ઠેકાણે દોડા કરું? રસોડે દસ કાણિયાંની રસોઈ તો કરાવું ને! ઘીનો ડબો લાવીને મૂક્યો છે, તોય તમે તપેલીમાં ઘી હજી કાઢ્યું નથી? રોટલીઓ ઝબોળવા જોશે ને? લ્યો, હવે એક વાર મોં વાળી લઈએ. સામાં વેણ કહેતાં આવો જોઉં."

ફઈજીએ ને વહુએ રુદન આદર્યું. ચાર દિવસમાં લગભગ ચાલીસ-પચાસ વાર એ પાઠ બોલાયો હતો. વિધવાને કંઠે વેણ ચડી ગયાં હતાં. એ રડતી રડતી બોલતી ગઈ: "ચાંદલે-ચૂડલે ચોર પડ્યા: ઢોલિયે ધાડ્યું પડી: પલંગે પોકાર પડ્યા: તડકે બેસી તેલ છાંટ્યાં: માથાં વાઢી ધડ રખડાવ્યાં: કૂણી કાતળીએ વાઢ પડ્યા." એ હતી રુદનની ટૂંકો. એવી તો ઘણી હતી. વહુ ચૂક્યાં ત્યાં ફઈ સુધારતાં ગયાં.

રુદન બંધ પડ્યું તે દરમિયાન બીજાં સગાં પરગામથી આવી ગયાં હતાં. કુટુંબની બાઈઓ પણ હાજર થઈ ગઈ હતી. મહેમાન બૈરાંએ ફઈબાની તારીફ આદરી: "સારું થયું કે બેન ઝટ આવી પહોંચ્યાં. નીકર આ બાપડી નાની બાળને આવો લાડકો ખૂણો કોણ પળાવત!"

"એને બચાડીને પછી ક્યાં ઓઢવાપે'રવાના દી રહ્યા છે!' ફઈબાએ અનુકંપા વહાવી; "ઘરમાં નથી સાસુ કે જેઠાણી, જે એના લાડકોડ પૂરે."

"હા, જે કહીએ તે અત્યારે તો તમારા અંગમાં છે, બેન!" વખતવહુ બોલ્યાં: "તમે છો તો રોજેરોજ એના માથે નવાનવા સાડલા નાખો છો. દાતણ, પાયલું ને પાણીનો લોટો પણ એની પાસે જ મૂકો છો. બબે તો ચાકળા નાખી દીધા છે. ઓ બાપડી લાભકુંવરનું જોયું'તું ને! નખેદ સાસુએ ખૂણામાં ઘાલીને સારો સાડલોય નો'તો ઓઢાડ્યો: ગાભા પે'રાવ્યા'તા!"

"ડોકમાં દાગીનાય નાખ્યા છે ના?"

"હા જ તો." ફઈએ વહુનો ઘૂમટો જરીક ડોકનો ભાગ દેખી શકાય તેટલો ઊંચો કરીને કહ્યું: "મારી ડોકની ગુલછડી અને ચંદણહાર – બેય પે'રાવેલ છે."

"એનાંય ઘરાણાં હશે તો ખરાં ને?"

"હશે... પડ્યાં હશે ક્યાંઈક. અટાણે ક્યાં ખોળવાં? મારાં એ એનાં જ છે ને!"

"ફઈજી! મારી મોહનમાળા તો ઘીનો ડ–"

"હાં હાં માડી!" વહુને ફઈએ બોળી મારતી અટકાવી: "તમારાથી અટાણે કાંઈ જ ન બોલાય: સાદ જ ન કઢાય. ઓરડોયે તમારો બોલાસ ન સાંભળે એવું રાખવું. તમારે તો ખૂણો પાળવાનો છે. એ તો પછી બધું થઈ રહેશે." ફઈએ વહાલપથી વહુના વાંસામાં હાથ ફેરવ્યો. એ પોચો હાથ એક ઠેકાણે જરાક અટક્યો હતો. આંગળી દાબીને ફઈએ વહુને સંકેતમાં સમજાવ્યું હતું.

ખરી વાત એ હતી કે મહેમાનોને રોટલીમાં પીરસવા સારુ ઘીનો એક ડબો લાવવા માટે વહુનો એકનો એક દાગીનો ઘરાણે મુકાઈ ગયો હતો. બાકી દાગીના હતા જ નહિ.

"બેન! તમે છો તે કેવી ઘરની રીત સચવાય છે! બેન તો કુળનું ઢાંકણ છે, હો!"

"એમાં ક્યાં પાડ કરીએ છીએ, બાપુ! ભાઈનું આબરૂદાર ખોરડું: આજ ભાઈનું ગામતરું: મારે ગુલાબ ઓચિંતો ફાટી પડ્યો: ઘોઘલો સાવ છોકરવેજા. ખબર પડી કે તરત ધા નાખતી આવી છું. આંહીં જોઉં તો વહુ સૂનમૂન પડેલી: વહુને તાણ આવે. પછી વહુને હડબડાવવાં પડ્યાં કે, 'બાઈ! આમ પડ્યું રિયું કામ આવે કાંઈ? અત્યારે તો કેડ્ય બાંધીને કૂટવું જોઈએ ને! મરણ જેવું મરણ છે!' હાથ ઝાલીને ઉઠાડ્યાં."

વખતવહુએ પણ યાદ કરીને કહ્યું: "અને, બેન, મરણ થયું તે ઘડીથી જ વહુ તો હિસ્ટોરિયાના તાણમાં ને તાણમાં પડી ગયાં. બોલે નહિ: રોવે નહિ: ડોળા ફાડીને જોયા કરે. ડિલે લૂગડાંના ઢંગ નહિ. અમે તો મૂંઝાઈ

ગયાં. અમારે છાજિયાં લેવા સારુ ઊભા થઈ રહેવું પડેલું. પછી અમરતમાએ ત્રાડ નાખી કે, 'તમે બધાં વહુને પંપાળો છો શા સારુ! હાથ ઝાલીને ઊભી કરો, આંહીં લાવો અને નાખો આપણી સહુની વચાળે!' આ એમ છાજિયાં લેવરાવ્યાં'તાં. પછી તો, બેન, તમે આવીને એને બરાબર ચાલાક કરી દીધાં છે. હવે વાંધો નહિ આવે."

"લાડકો ખૂણો છે, બાઈ! મારી કાયા બેઠી છે ત્યાં લગી તો કચાશ નહિ રહેવા દઉં."

કાળા સાડલામાં ઢંકાએલું એક બીજું શરીર હાથમાં તપેલું લઈને અંદર આવ્યું. પણ મોં ઢાંકેલું હતું. એણે કહ્યું: "દસ વાગી ગયા, બેન! રોટલી ઊતરે છે. મહેમાનને હવે જમવા બેસારી દેશું ને? આ તપેલામાં ઘી કાઢી દેજો."

"વહુ! ઘી કાઢી દેજો તમારે હાથે. ડબો તમારે પડખે જ પડ્યો છે."

'લાડકો ખૂણો' માણનારીએ ઘીનું તપેલું ભરી દીધું.

"વાહ! કૂરિયા જેવું ઘી: ભારે ફરસું!" એક જણીએ ઘૂમટામાંથી નીરખીને ઘી વખાણ્યું.

"મે'માનને મોઢે તો ઘર પ્રમાણે દેવું જ જોવે ને!"

એમ કહીને ફઈએ સહુને જમવા ઉઠાડ્યાં. ઓરડામાંથી જાણે ભમતાભમતા ઓળા નીકળ્યા. ઓરડો ખાલી થયો. એ પ્રેતસૃષ્ટિ પૈકીનો એક જ બુટ્ટાદાર સાડલો 'લાડકા ખૂણા'માં શ્વાસ પણ ગભરાઈને ખેંચતો બેઠો રહ્યો. એના મોં ઉપર, એની આંખોમાં, એના અંતરમાં શું શું થતું તે અગમ્ય જ રહ્યું. કવિની કલ્પના કે ગ્રંથકારની આલેખન-શક્તિ ન ભેદી શકે એવાં જે ગાઢ ઊંડાણો છે, તેમાં 'લાડકો ખૂણો' તો સહુથી વધુ અતલ અને અંધકારે ભર્યો છે. એ ઓળાના માથા ઉપર માત્ર એક ચાંદરણું – આંખની કીકી જેવડું નાનું ચાંદરણું – નીરખી રહ્યું હતું. આકાશ જાણે માનવીનાં છિદ્રો જોતું હતું.

રસોડું ગાજે છે – દાળશાકના નહિ, પણ ઘીના સબડકાથી ગાજે છે. કુટુંબની નાનેરી વહુઓ રોટલીઓ ઉતારે છે. એક પછી એક એ ફળફળતું

ફુલકું ઘીના ભર્યા તપેલામાં ઝબોળાતું જાય છે. ઝબોળવા બેસનાર પણ દિવાળી ડોશી છે. (ઘરનું માણસ ઘી ઝબોળવા ન બેસી શકે; એને હાથે સંકોચ થવાનો સંભવ છે.) ઝબોળ્યા પછી પણ ઘી નીતરી ન જાય તે સારુ ફુલકું ચારેય બાજુથી ઝાલીને, વચલા ખાડામાં ઘી સહિત, મહેમાનની થાળીમાં ફગાવાય છે. થાળીમાં એ ઘીનો વીરડો એક બાજુ ભરાઈ રહે તે સારુ દરેક મહેમાન થાળીને પગના પોંચા ઉપર ટેકવે છે. વીરડામાં બોળાઈ-બોળાઈને બટકું લાંબા ઘૂમટા સોંસરવું થઈને એ શોકાર્ત મોંમાં સબડકો ગજાવતું સમાઈ જાય છે. રોટલી ઝબોળવા બેઠેલ દિવાળી ડોશી વચ્ચે ટપારે છે કે, "ચૂલે રોટલી કોણ ઉતારે છે, ભા! એને કે'જો કે રોટલી મોટી થાય છે: સમે ફેરે ઉતારો."

રસોડાની સામે જ 'લાડકા રંડાપા'વાળો ઓરડો હતો. એની આરપાર બીજે છેડે નાની બારી હતી. બારી બંધ હતી. પણ એની ચિરાડમાંથી કોઈક ગૂંગળાતો અવાજ માંડમાંડ પેસતો હતો: "ભાભી! ઓ ભાભી! ભાભી!"

ભાભીના આખા દેહને ભુજપાશમાં દાબીને 'લાડકો ખૂણો' બેઠો હતો. એણે ભાભીની ગરદન ચાંપી રાખી હતી.

ચિરાડ સોંસરવો રૂંધાતો એ ગદ્દગદિત અવાજ ફરી વાર બોલ્યો: "ભાભી! આ બધું શું થઈ ગયું! ભાભી, મારે એક વાર તમારું મોઢું જોવું છે. આ તરડમાંથી મને જોઈ લેવા દો."

ને રસોડામાંથી સબડકા સંભળાતા હતા: દાળના નહિ, ઘીના.

[2]

મોં-સૂઝણું હજુ નહોતું થયું. અજવાળી પાંચમના પરોઢિયામાં કેવળ તારાઓ જ જાગતા હતા, અને છાતી સોંસરી જાય એવી કારમી ટાઢમાં એકલા અભરામનો જ ટપો પહેલો ફેરો નાખવા નીકળ્યો હતો. ફઈ જાગી ગયાં. વહુની પથારી ખાલી દીઠી. પોતાના પહેરામાંથી ખૂનનો તોહમતદાર ગુમ થયો દેખીને પહરેગીરને જે ફાળ પડે, તે જ ફાળ ફઈને પડી. ઓસરીમાં કંઈક ઝીણો બોલાસ સંભળાયો. ફઈ ઊભાં રહ્યાં. ઝાંખે દીવે ફઈનું ફાળે ગયેલું ને વાળ વીંખાયેલું મુખમંડળ વહુને પોતાના ઝીણા વાયલના નવાનકોર

ઘૂમટામાંથી પણ વિકરાળ દેખાયું.

"ક્યાં ગયાં'તાં?"

"શેરીમાં દિશાએ બેસવા."

"એકલાં? રસ્તે લોકોનો અવરજવર મંડાઈ ગયા પછી નીકળાય?"

"શું કરું? હું બે દા'ડાથી અકળાતી હતી. પેડુમાં ને પેટમાં વાઢ્ય આવતી હતી. ઘરમાં નથી વાડો કે નથી આડશ. ફળીમાં ઘોઘોભાઈ સૂતા છે. ક્યાં જાઉં?"

"બા'નાં આપવાં હોય તો હજાર આપી શકાય. વરસ જેવડી શિયાળાની આખી રાત પડી'તી, તેમાં ક્યારેય વખત ન મળ્યો, તે ઠેઠ સવારને પો'ર શેરીમાં ગયાં? ને તેય એકલાં?"

"તમે ભરનીંદરમાં હતાં. રાતે બાર બજ્યા પછી તો બાઈઓ ઊઠી. તે પછી પણ શેરીમાં તો અવરજવર ચાલુ હતો. તમે ના પાડી; કહ્યું કે, એક કલાક પછી જાશું. પછી તમને ઝોલું આવી ગયું. હું કેમેય કરી સૂઈ ન શકી. પેટ ને પેડુ બેયમાં વાઢ્ય આવતી'તી. માથું ફાટતું'તું. તમે હમણાં જાગશો, હમણાં જાગશો, એમ થતું'તું. પછી મારીય આંખ જરીક મળી. મને બહુ બીકાળાં સ્વપ્નાં –"

"હવે તમારાં સ્વપ્નાંની પરડ મારે ક્યાં સાંભળવી છે? તમે આટલાં મોડેરાં અને એકલાં શેરીમાં ગયાં, એમાં આપણું મા'ત્યમ નહિ. બૈરાંની જાતને મન અને શરીર ઉપર કાબૂ તો હોવો જ જોઈએ ને? એમાં હાજત દબાવવાથી ક્યાં મરી જવાનાં હતાં! આ અમારા સામું તો જોવો! આપણા કુટુંબમાં જ તમારી નજર સામે પચાસ તો રાંડીરાંડો છે. અમે બધાં પણ બાળરંડાપા જ વેઠીએ છીએ ને! અમારે તો લાઠીની શૂળી જેવાં સાસરિયાં હતાં. મારા સસરાનું તો નગરશેઠનું ખોરડું હતું. આખી રાત ને આખો દી છ-છ મહિના સુધી ઘરમાં ને ડેલીમાં માણસોની ઘમસાણ્ય બોલતી. પણ પૂછી જોજો જઈને: કોઈએ આ તમારી ફઈજીના લાકડા રંડાપામાં ક્યાંયે રજતલ જેટલીયે એબ દીઠી છે? મન ઉપર અંકુશ રાખવા દોયલા છે. આજકાલનાં નાનડિયાનું ગજું નહિ. અસલી ગજાં જ નોખાં. તમને કાંઈ

થયું? એકલાં લોટો ભરીને હાલી નીકળ્યાં શેરીમાં!''

વહુના મોંમાં જીભ જ ન રહી. એને પણ દિલમાં પસ્તાવો થયો કે પોતે ભૂલ કરી છે. એને હવે યાદ આવ્યું કે અભરામનો ટપો છડિયાં લઈને જ્યારે રસ્તા ઉપર નીકળ્યો હતો, ત્યારે મારું કોરું પહેરેલું વાયલ તો તારોડિયાના તેજમાં ચોખ્ખું દેખાઈ ગયું હશે ને! અભરામ ટપાવાળાનાં છડિયાંએ મને ઓળખી લીધી હશે ને! અરેરે! એ બધાં મારા માટે શું ધારશે? એ બધાં કેટલે ઠેકાણે મારી વાતો કરશે? અત્યારે સ્ટેશન પર પણ મારી વાતો થતી હશે ને? સવારે ગામમાં ખબર પડશે તો? લોકો મારા ઉપર કેવાકેવા વહેમ લાવશે!

''ને હજી તો આવા દસ મહિના ખેંચવાના છે.'' ફઈએ યાદ આપ્યું: ''અત્યારથી હૈયું હારી બેઠે ખૂણો પળાશે? કોળીવાઘરી જેવું કહેવાશે. આપણી જાત કોણ? ખોરડું કયું? તમારે સગાં કેવાં કુળવાન! હજી તો મારા સસરાની ત્રીજી જ પેઢીએ અમારે ઘરે સુલતાનપર ગામની નગરશેઠાઈ હતી...''

એવી એવી ખાટીમીઠી શિખામણો આપતાં તો પ્રભાત થવા આવ્યું. અને ઓસરીમાં ગોદડું ઓઢીને પડેલા ઘોઘલાએ આ ચર્ચા કાનોકાન સાંભળી લીધી. એ નાદાન છોકરાને આજે પહેલી જ વાર જ્ઞાન થયું કે લાડકા રંડાપાનો ખૂણો શોભાવતી ભાભીઓ અને બહેનોને ઝાડા-પેશાબની વાતોમાં પણ વિધિ કરવાની હોય છે, તપ તપવાનાં હોય છે. ઘોઘલો હજી હમણાં જ સત્યાગ્રહની લડાઈમાં જેલ વેઠી આવ્યો હતો. જેલમાં એને ચક્કી પીસવાનું કામ કરવું પડેલું. સાંજે છ વાગ્યામાં તો બરાકોમાં પુરાઈ જવાનું હતું. ખૂનીઓ અને ડાકુઓ પણ પોતાના ભેળા પુરાતા. ત્યાં જેલમાં તો એ લોકોને સારુ પણ ઝાડા-પેશાબનાં ઠામડાં બરાકોમાં મુકાતાં; ત્યારે આ લાડકો રંડાપો કઈ જાતનું કારાગૃહ હશે? કયા ભયંકર અપરાધની એ સજા હશે? આવા દસ મહિનાને અંતે ભાભીના શરીરનું શું થશે? એના દિલની ગતિ કેવી બની જશે? 'ભાભી' પણ 'ફઈબા'ની જ નવી આવૃત્તિ બની જશે ને? વિચાર કરતાં કરતાં શિયાળાની પરોઢે ઘોઘલાની આંખો મળી ગઈ. પણ એ નિદ્રા નથી:

તંદ્રા છે.

સ્વપ્ન શરૂ થાય છે. ઝાડની ડાળીએ ઠેકતાં વાંદરાં જેવાં ધડા વગરનાં છતાં ઉગ્ર એ સ્વપ્નો છે. એને દેખાય છે કે એક ચરુ ઊકળે છે. ચરુ નીચે ફઈબા જેવી અસંખ્ય આકૃતિઓ જ્વાલાઓને સ્થાને ઊભી છે. ખદખદતા એ ચરુની પાસે શરીર વગરના બે હાથ દેખાય છે. એ બે હાથો ભાભીને – તથા ભાભીના જેવી જ મસ્તીખોર, ગેલતી વહાલભરી માનવાકૃતિઓને – ઉઠાવીને ઉઠાવીને ચરુમાં નાખે છે. પછી એને ઓગાળીને કરેલો રસ ચરુમાંથી બકડીએ બકડીએ ભરીને પેલા બે હાથ એક લોઢાના બીબામાં રેડે છે. પછી બીબાની પેટી ઉઘાડીને એક પછી એક આકૃતિઓને બહાર કાઢે છે. એ દરેક આકૃતિ જીવતી થાય છે. ભવાં ચડાવે છે. એના આગલા બબે દાંત લાંબા થવા લાગે છે. એમાંની એક લંબદંતી ઘોઘલાના ઘરમાં ઘૂસે છે. ઘોઘલો પોતાની નવી પરણેલી વહુ સાથે વાતો કરે છે. લંબદંતી કમાડની ચિરાડમાંથી ડોકાય છે; કહે છે: 'નથી ઓળખતી? હું તારી ભાભીજી! મારા દેખતાં વર સાથે વાતો? ચાલ ચાલ દેવ-દેરે! ચાલ ફુલકોરબાઈ આર્જાજીની પાસે! હું તારી સુવાવડ નહિ કરું: મને મહારાજે બાધા દીધી છે. ચાલ, સંઘ નીકળ્યો છે પાંચ તીર્થોની જાત્રાએ.'

"ભાભી! ભાભી! ભાભી!" એવી ચીસો પાડતો ઘોઘલો જાગી ઊઠ્યો ત્યારે ફઈ એને ઢંઢોળી રહ્યાં હતાં કે, "ભાઈ! બાપુ! ભલો થઈને ઊઠીશ હવે! વહુનાં માબાપ અત્યારની ગાડીએ ઊતર્યાં છે, ને અમારે હમણાં અહીં ધડાપીટ કરવી પડશે. મહેમાનને માટે બેસણું તો પાથર. હમણાં આવી પોગશે બધાં."

બપોરે શાંતિ વેળાએ હિંમતે ભાભીના બાપ પાસે વાત મૂકી કે, "તમે એને તમારે ઘેર તેડી જાવ. આંહીં એને દસ મહિનામાં મારાં ફઈ અને મારું કુટુંબ મારી નાખશે."

"શી રીતે લઈ જાઉં! મારી ઇજ્જત જાય."

"પણ હું રજા આપું છું ને! ઘરનો ધણી તો અત્યારે હું જ છું ને? હું મારાં ભાભીને રાજીખુશીથી છૂટાં કરું છું."

"હિંમતલાલ! વહેવાર બહુ વિકટ છે. હું દીકરીને લઈને ગામમાં પેસું, એટલે મને તો ન્યાત ફોલી જ ખાય. મને ગોળ બહાર મૂકે, તો મારાં છોકરાં ક્યાં વરે?"

"તમને તમારી સગી દીકરીની દયા નથી? આટલુંયે બળ નહિ બતાવો? કોણ – તમારો ચત્રભુજ શેઠ તમને ન્યાત બહાર મૂકશે? એ સગા દીકરાની વહુને ફસાવનારો –"

"હિંમતલાલ! ભલા થઈને એ વાત કરો મા!"

"કેમ એને તો ન્યાત કાંઈ નથી કરતી? પેટની દીકરીને પંચોતેર વર્ષના લખપતિ વેરે પરણાવનારા માકા શેઠનો વાળ કોઈ વાંકો નથી કરતું. કોળણોને ઘેર પડ્યા રહેનારા તમારા મહાજનના શેઠિયા તો મૂછે તાવ દઈ ફરે છે. રાંડીરાંડોની થાપણો ઓળવનારાઓ તો એનાં છોકરાં-છોકરીને વરાવે-પરણાવે છે. અને તમને દીકરીને આગની ઝાળમાંથી કાઢવા સારુ ન્યાત-બહાર મૂકશે? જુવાન બાઈનો પુરુષ ફાટી પડે એ આપદામાં એને આશ્વાસન દેવાનો, દુઃખ વિસરાવવાનો, બીજે સદ્‌વિચારે ચડાવવાનો મને કે તમને હક્ક નહિ?"

"ભાઈ, લોકાપવાદને કોણ જીત્યું છે? મારું ગજું નથી. દીકરીનું વળી જે થાય તે ખરું! જેવાં એનાં તકદીર! કોઈ શું કરશે? આખા જન્મારાના રંડાપા કરતાં મોત શું ખોટું છે! અમારા ભત્રીજાની દીકરીને એનો ધણી મૂઆ પછી ખૂણામાં ને ખૂણામાં ક્ષય લાગુ થઈ ગયો. બિચારી વહેલી છૂટી ગઈ."

[3]

માબાપ ગયાં. લાડકો ખૂણો ઝાલીને ભાભી બેઠી રહી.

દિયર અને બાપ વચ્ચે થયેલી વાતચીતો એને કાને કમાડની ચિરાડે પહોંચાડી હતી. સગો જન્મદાતા પણ પોતાની આબરૂનો જ વિચાર કરી રહ્યો છે! એને હજુ છોકરાં વરાવવાં છે! માટે એ મારું મોત પણ થવા દેવા તૈયાર છે! એ પોતાના મનને પૂછવા લાગી: હું આ ધર્મ કોના સારુ સાચવી રહી છું? ગુલાબને સારુ? ના, ના; આ ભીડાભીડમાં, આ

વિધિક્રિયામાં, આ લાડકા ખૂણામાં ગુલાબની તો ઝીણી યાદ પણ ક્યાં રહી છે? હું ખૂણો તો પાળું છું એવી બીકે કે લોકો શું કહેશે! કયા લોકો? દિયરે બાપની પાસે વર્ણવ્યા તે બધા? શું કહેશે! તેઓનાં કુકર્મોને માટે તો કોઈએ કાંઈ કહ્યું નથી, ને મારા માટે કહેશે? શું કહેશે? કહીકહીને શું કહેશે? વંઠેલી: નિર્લજ્જ: કુળબોળામણ: બસ ને?

એવી ઘટમાળ દસેક દિવસ ફરતી રહી. અગિયારમી સાંજે સંચાની માફક ભાભીની આંગળીઓ ગરદન ઉપર ફરતી હતી. અને ગળાના દાગીના ઉતારી ઉતારીને નીચે ઢગલી કરતી હતી. ત્યાં ફઈ આવ્યાં. હાથમાં રેશમી કપડાંની જોડ્ય હતી. કહ્યું: "લ્યો, આજ તો આ પે'રજો! આજ મારાં સાસરિયાં કાણ્યે આવવાનાં છે."

"મારે નથી પે'રવાં."

"કાં? અને આ શું? આ દાગીના કેમ કાઢી નાખ્યા?"

"પાછા લઈ જાવ."

"એટલે... ખૂણો પાળવો આકરો થઈ પડ્યો? કે તમને કાંઈ ઓછું પડ્યું? પે'રી લ્યો. છોકરમત કરો મા!"

વહુ ચૂપ રહી. ફઈના હોઠ તપી ગયા: "આ માથું કોણે ભમાવી નાખ્યું તે હું જાણું છું. ઘોઘલે કાન ફૂંક્યા છે પરમ દી પરોઢિયાના! માડી રે, કામ વંઠ્યું!"

ફઈએ કપાળ કૂટ્યું. એ ધડાકા સાંભળીને હિંમત ઓરડામાં ધસી આવ્યો. એણે ભાભીને ઘૂમટો ઉઘાડીને ઊભેલી દીઠી. એક વારનું ગુલાબી મોં ચિતામાં શેકાયેલું હોય તેવું દીઠું. ફઈ બોલ્યાં: "તારે ખૂણો છાંડીને –"

"ફઈબા!" ઘોઘલાએ કહ્યું: "તમે આ લાડકા ખૂણામાં રોજ દીવો પેટાવજો ને અહીં રહેજો. હું ભાભીને લઈને જાઉં છું."

"ક્યાં?"

"ગમે ત્યાં."

"ના રે, બાપુ! હું તો આ હાલી તમારી મોઢા આગળ. સાચવો

તમારું ઘર."

ધડાપીટ કરતાં ફઈ ગયાં. વળતે દિવસે દિયર-ભોજાઈ પણ ગયાં.

સાંજે ઘર ઉજ્જડ પડ્યું હતું. ઓરડામાં રેશમ રઝળતાં હતાં. લાડકા ખૂણાને છાપરાનું ચાંદરણું પૂછતું કે, 'પહેરનારી ક્યાં ગઈ?' અને લોકો વાતો કરતાં હતાં.

એકાદ મહિનો વીતી ગયા પછી એ ખડકીનું તાળુ ઊઘડ્યું છે. અંદર વસવાટ શરૂ થયો છે. રૂંધાઈ રહેલ એ ઓરડામાં સૂર્યનાં કિરણો અને આકાશની વાયુ-લહેરીઓ જાણે કે સાતતાળી-દા રમતાં રમતાં દોટાદોટ કરી રહ્યાં છે. બારી-બારણાં હસી હસીને બોલતાં હોય ને જાણે!: 'ફઈબા નથી, ફઈબા નથી.'

ખડકીના માથે 'કાર્ડબોર્ડ'ના પૂંઠા ઉપર મોટા અક્ષરો લખ્યા છે કે, 'વછિયાતો અને વિદ્યાર્થીઓ માટે વીશી'. નાના અક્ષરે ભાત પાડીને અંગ્રેજી અક્ષરો કોતર્યા છે કે, 'વર્ક ઇઝ વર્શિપ' (કામ એ જ પૂજા છે). ફળિયામાં બપોરની વેળાએ ઘોઘાભાઈ ઉર્ફે હિંમતલાલ અજીઠાં વાસણોનો ખડકલો માંજે છે. સફેદ છાયલવાળી ભાભી ઓસરીમાં કમોદ ઓઘાવી રહી છે. બન્નેનાં મોં ઉપર ઊંડી પ્રસન્નતા ઝલકી રહી છે. બન્ને વાતો કરે છે:

"કાલથી બે વિદ્યાર્થી વધે છે, ભાભી! આજ જમવા આવેલા તે બાપડા બહાર નીકળીને વાતો કરતા હતા કે, આજ જાણે માના હાથની રસોઈ મળી."

ભાભીની નેત્ર-જ્યોતમાં જાણે નવું દિવેલ પુરાયું. "ને, ઘોઘાભાઈ, ઇસ્પિતાલવાળા ઓલ્યા દરદીના બાપા પણ હવેથી આંહીંથી જ થાળી લઈ જાશે. આપણે એ દરદીના સારુ ઝીણા ચોખા લઈ આવશું ને?"

"હાહા, બચાડા દલપતરામ કારકુનથી પણ બોખા દાંતે મોટા ભાત ચવાતા નથી."

"વછિયાતોને તો, ભાઈ, તમારે થોડીક તાણ કરીને જમાડવા, હો! સ્ટેશનોની વીશીમાં ખાધેલું ને, એટલે આંહીં શરમાઈને ભૂખ્યા રહે છે માંહીંમાંહીં તો."

એવી બપોર વેળાએ કાંડે સોનાનાં કડાં, ડોકમાં એક્કેક-બબે હેમના દાગીના, લાલ--લાલ અટલસનાં કાપડાં અને કાળા ઝીણા સાડલા પહેરીને દસ-બાર બાઈઓ નીકળે છે. હાથમાં એક્કેક-બબે ધર્મ-પોથીઓ હોય છે. જતીજતી એ બધી આ ખડકીમાં ડોકિયાં કરે છે. પરસ્પર હસતી હસતી વાતો કરે છે કે –

"માડી રે! પાછાં પેઠાં આ તો ગામમાં."

"રંડાપામાં ધૂળ નાખી. ખૂણો પાળવાને સાટે તો ભઠિયારખાનું ખોલ્યું."

"નાની બાળ અલકમલકનાં માણસું સાટુ વીશી માંડીને બેઠી. અરે મૂઈ! બાળવિધવાને દેવદેરાં ન સૂઝ્યાં, ધર્મધ્યાન ન ગોઠ્યાં, સાધુસાધ્વીની સેવાયું ન ગમી – ક્યાં જાતી ઝીંકાણી!"

"લ્યો હાલો હાલો, આપણે શાસ્તરનું ભણતર ખોટી થાય છે. આપણે શું કરીએ? ભોગ એના!"

"કાલે આર્જાજી આંહીં વોરવા ચડતાં'તાં. હું ભેગી હતી તે મેં ચેતાવી દીધાં."

રૂમઝૂમ રૂમઝૂમ જીભો ચલાવતી સુવર્ણે મઢેલી ધર્મપૂતળીઓ શાસ્ત્રો શીખવા માટે સાધુ-સ્થાનકે ચાલી ગઈ. કમોદ ઓઘાવતી ભાભીથી જગતના બોલ ઝિલાયા નહિ.

ઘોઘલાભાઈની વીશી તો પરગામના અનેક વિદ્યાર્થીઓની અને વછિયાતોની મા બની ગઈ.

કોઈકોઈ વાર કામ ઓછું હોય, ભાભીને એકલવાયું લાગતું હોય, ઘોઘાભાઈ નળાખ્યાન ગાતા હોય, હિસ્ટીરિયા નામનો અતિથિ અંગ ઉપર આવું આવું કરતો હોય –તે વખતે ઘોઘલાની પાસે એક રામબાણ ઔષધ હાજર હતું:

"ત્યારે હવે ફઈબાને તેડાવશું કે, ભાભી! લાડકો ખૂણો અધૂરો છે તે પૂરો કરશું કે?"

હસી પડીને ભાભી પાણીની હેલ્યો લાવવા મંડતાં.

# ઘૂઘા ગોર

**ખ**ડકીનું બાર ભભડ્યું અને મારા મોંમાંથી ઉદ્ગાર પડ્યો: "કમબખ્ત રવિવાર પણ પારકાના બાપનો –"

કમાડ ઊઘડતાં જ દીદાર થયા:

હાથમાં ઘીનો અડધો ભરેલ લોટો, ખંભે સીધું ભરેલી લાંબી ઝોળી, કપાળે ત્રિપુંડ, ભમ્મરોને ભેળી કરતો ભસ્મનો ચાંદલો, મોંમાં તમાકુવાળું પાન અને બેતાલીશ વર્ષે પણ હસતું મોઢું; છેલ્લાં પાંચ વર્ષો થયાં જે પહેરતા તે જ ફાટેલ પોશાક: એ જ ચેકનો થીગડેદાર કોટ, એ ખાદીનો ફેંટો, ને કફનાં બુતાનને સ્થાને રાતા દોરા બાંધેલ ખમીસ: ફેરફાર ફક્ત થીગડાંની સંખ્યામાં થયો હતો.

આ તો ઘૂઘો ગોર! મારો 'કમબખ્ત' શબ્દ એણે નક્કી સાંભળ્યો હશે. પછી તો "આવો! ઓ-હો-હો-" વગેરે મારા વિવેકના નળની ચકલી મેં પૂરેપૂરી ઉઘાડી નાખી. પણ 'કમબખ્ત' શબ્દે પાડેલી અસર, વિક્ટોરિયા રાણીની બાવલા પર વર્ષો પૂર્વે કોઈએ લગાવેલ અસાધ્ય કાળા લેપ જેવી જ, ઘૂઘા ગોરના વદન પર રહી ગઈ.

સોગંદ પર કહું છું – હું બૅરિસ્ટર છું એટલે સોગંદનામાનો સંસ્કાર ઊંડો પડી ગયો છે – કે ઘૂઘા ગોરને દેખી મને હર્ષ થયો. કોઈક બીજાને ઘેર કાળ જેવા થઈ પડનાર એ ગોરનું મારે ઘેર આગમન મને ગમતું. બીજે ઘેર એ લેવા જતા: મારે ત્યાં તો એ આપવા આવતા. એ આપી જતા – અનુભવોનો ખજાનો.

"કેમ, ઘૂઘા ગોર! કહો: આટલે ઝાઝે દિવસે કાં ડોકાયા?"

"આ લગનવાળો ફાટી નીકળ્યો છે ના, ભાઈ!" ઘૂઘા ગોરે કોઈ

રોગચાળો ફાટી નીકળ્યો હોય, ને પોતે જાણે દાક્તર હોય, એવો હર્ષ પ્રકટ કર્યો. "ને તેમાં પાછું આ વખતે તો, ભાઈ, બેવડે દોરે કામ છે: જ્યાં જ્યાં લગન, ત્યાં ત્યાં મરણ; એટલે સપ્તપદી અને સરાવણું બેઉ વાત ભેળી. બેઉ વાતે લાભ સવાયા છે. પાઘડી, ધોતિયાં, ગોદડાં, ગાદલાં ને શ્રીફળોનો પાર નથી રહ્યો."

"હાં, આ વર્ષે એવી તે શી અજાયબી બની છે, ઘૂઘા ગોર, કે લગન ને મરણ જોડાજોડ?"

"હું તો મારી ઊંડી વિચારણામાંથી એમ માનું છું, ભાઈ," ઘૂઘા ગોરને પોતાની એક ફિલસૂફી હતી: "કે, કાં તો આજના નાસ્તિકો જેને માનતા નથી તે 'વિવા ત્યાં વરસી ને લગનમાં વિઘન'ના પ્રાચીન સૂત્રની પ્રતીતિ કરાવવા યમદેવ આ કરી રહ્યો હોય; અથવા તો 'સુખદુઃખે સમે કૃત્વા, લાભાલાભૌ જયાજયૌ' એ ગીતાપાઠ ભણાવવાનો કાળનો સંકેત હોય – અર્થાત્, 'હે લોકો, લગનમાં હર્ષને વિષે કે મરણમાં શોકને વિષે ચિત્ત ન જવા દેવું' એવી આ કોઈ અંતરિક્ષની શિખામણ હોય."

ઘૂઘા ગોરની ફિલસૂફી ગરમાગરમ શીરા જેવી સરલતાથી ગળે ઊતરી જનારી છે. મને એમના મનનું સમત્વ દંભી નથી લાગ્યું; કેમકે મેં એમને પણ કદી લગન કે મરણમાં ભિન્ન લાગણીઓથી દ્રવતા દીઠયા નથી.

"વિવાડો પણ ભારી ઊપડ્યો છે, હો ભાઈ! હજુ તો કૃષ્ણપક્ષમાં કેર થવાનો છે." ઘૂઘા ગોરે જાણે કોઈ ભીષણ આપત્તિ સામે મને ચેતવ્યો.

"આપણી લગ્નની પદ્ધતિમાં હવે આટલે વર્ષે પલટો ને સુધારો તો ઘણો ઘણો થઈ ગયો હશે: નહિ, ઘૂઘા ગોર?"

"હા, ભાઈ!" ઠાવકું મોં કરીને મને ઉત્તર આપ્યો: "બે-ત્રણ મોટા ફેરફારો તો હું અવશ્ય જોઈ શક્યો છું: એક તો, પાટિયાં બદલાણાં છે."

"પાટિયાં?"

"હા, પૂર્વે જે પાટિયામાં 'ભલે પધાર્યાં' અને 'વેલ-કમ' લખાતું, તેને બદલે હવે ત્યાં 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં' એ વાક્ય લખાય છે. એક હાથની મધરાશી, એક હાથનું પાટિયું, અને ચપટી સોનેરી રંગની

ભૂકી – એ ત્રણ ભેગાં થાય છે એટલે માંડવે માંડવે 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં' એ શબ્દો શોભી ઊઠે છે."

"ઓહો!" મને આમાં સાહિત્યનો વિજય જણાયો. હું એક નિષ્ફળ બૅરિસ્ટર ખરો ને, એટલે સાહિત્યકારનું ટટ્ટુ પણ સાથોસાથ ચડવા તૈયાર રાખતો.

"હા, ભાઈ!" ઘૂઘા ગોરે ખાતરી આપી: "હમણાં જ એક ગામમાં પરણાવી આવ્યો. કન્યાદાનનો સંકલ્પ કરાવવા બેઠો તે જ વખતે કન્યાની માએ માગ્યું: 'મારું શું?' કોઈ વાતે એનું 'મારું શું' ચૂપ ન થયું. વરના પિતાએ આવીને 'હેં-હેં-હેં' દાંત કાઢતે કાઢતે સો-સો રૂપિયાની પાંચ નોટો વેવાણના હાથમાં સેરવી, ને એ પાંચેયને કાપડાની ગજવીમાં પધરાવીને પછી વેવાણે કન્યાદાન દીધું. પાછળથી હું જ્યારે વરના બાપને મળ્યો ત્યારે એણે ફક્ત એટલું જ કહ્યું કે, 'ગોર! આ અમારી પાંચ ભાઈયુંની કમાણી એક છોકરો પરણાવવામાં સાફ થઈ ગઈ છે'. લ્યો, ભાઈ: ઈ માંડવે પણ મેં 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવા'નું પાટિયું વાંચ્યું હતું."

"બીજો ફેરફાર?" મેં પૂછ્યું.

"બીજું, વરરાજાનો પોશાક હવે મહાન પરિવર્તન પામ્યો છે. સુરવાળ, અચકન અને માથે ધોળી ટોપી – નખશિખ ખાદીના પોશાકની લખનવી ટેડાઈ હવે આવી છે. તેમ વરરાજાઓનાં શરીરોએ પણ મહાન પલટો લીધો છે: મુખ ઉપર વ્યસનોને રમતાં જોઈ શકાય."

"બસ, બીજો કોઈ ફેરફાર નહિ?"

"ના, આર્યત્વના અસલી પાયા મોજૂદ છે: ઉપર નકસીકામ જ બદલતું રહ્યું છે. ને જ્યારે જ્યારે મેં મોંને એક ખૂણે સળગતી બીડી રાખીને મારી 'સપ્તપદી'ની ચર્ચા ઉપાડતા, વાતો પૂછતા વરરાજા જોયા છે, ત્યારે મને એવી કલ્પના થઈ છે કે કેમ જાણે તેઓ જવતલ-હોમના અગ્નિને પોતાના મુખમાં જ ફેરવી રહ્યા હોય!"

ઘૂઘા ગોરની કહેણી એકધારી અને અણઉતાવળી હતી. એનો અવાજ ઊંચો-નીચો કે તીવ્ર-કોમળ ન બનતો. એ અવાજ પણ અપરિવર્નશીલ રહેતો.

એ અવાજ સાંભળું છું ત્યારે મને તબલાની જોડી પૈકીના એકલા નરઘાનો તાલબંધ ઘોષ યાદ આવે છે.

"પણ તમને આ 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં'વાળી વાત કેવી લાગે છે?" મેં ઘૂઘા ગોરને પૂછ્યું.

"એથી વધુ સારી વાત તો મને આજે હાથ લાગી છે, ભાઈ!" એમ કહીને એણે આંખોને વિશેષ પ્રદીપ્ત કરી. "એક શેઠિયાને ઘેરે લગ્ન હતાં. પરણાવવા હું ગયો'તો. વર-કન્યાને માયરે આવતાં બહુ વાર લાગી, એટલે મેં એ ઘરના ભરવાડ નોકરને પૂછ્યું કે, 'કાં, ભાઈ, હવે કેટલીક વાર છે?' એણે મને જવાબ આપ્યો કે 'હવે ઝાઝી વાર નથી, ભાઈ; બેય સરાડ્યાં છે'.

'સરાડ્યાં છે!' ધંધો વકીલાતનો છતાં મેં કદી ન સાંભળેલો એ પ્રયોગ હતો.

ઘૂઘા ગોરે કહ્યું: "એક ઢોર જ્યારે હરાયું હોય, ધણમાં સરખું જતું-આવતું ન હોય, ત્યારે માલધારીઓ એ રેઢિયાળ ઢોરને બીજા કહ્યાગરા ઢોરની સાથે બાંધીને સીમમાં મોકલે છે: એને 'સરાડ્યા' કહેવાય. હવે તમે જ વિચારો, ભાઈ: આ જે છેડાછેડી બંધાય છે, એને 'પ્રભુતામાં પગલાં માંડવા'ની તમારા કવિએ આપેલી ઉપમા બંધબેસતી છે? કે ભરવાડોએ આપેલી 'સરાડવા'ની ઉપમા વધુ ચોટદાર છે!"

ખરેખર, આ ઘૂઘા ગોરની ઉપમા પાસે મને ન્હાનાલાલ કવિની ઉપમા ફુચ્ચા લાગી. લગ્ન એટલે બે માનવ-પશુઓનું સરાડવું: હરાયા માનવીને પાળેલા માનવી જોડે જોરાવરીથી સાથી બનાવવું. બેમાંથી જે બળૂકું હોય તેનું જોર તોડી નાખવાની એક પ્રયુક્તિ તે આ લગ્ન.

"પણ", મને સમસ્યા થઈ, કેમકે હું નારી-સન્માનની – 'શિવલ્લી'ની – બાબતમાં જરા ઉદ્ધત વિચારો ધરાવું છું. "હેં ઘૂઘા ગોર, બેમાંથી ઝાઝાં હરાયાં કોણ જોયાં છે તમે? – પુરુષ કે સ્ત્રી?"

"નવા જમાનામાં તો સ્ત્રી જ ને, ભાઈ!" ઘૂઘા ગોરે મારા મતમાં અનુમતિ આપી. અને અનુમતિ એટલે તો મીઠામાં મીઠી ખુશામદ. એટલે

તરત જ મેં મારી બૈરીને કહ્યું: "પાંચ શેર ઘઉં લાવો."

"ન લાવતાં, હો બેન!" એટલું કહેતાં જ ઘૂઘા ગોરનું મોં છોભીલું પડ્યું. મને નવાઈ લાગી. મેં પૂછ્યું: "કેમ?"

"અહીં એકાદ ઠેકાણું તો શુદ્ધ વિશ્રામનું રહેવા દ્યો, ભાઈસા'બ!"

"કેમ?"

"તમે સમજ્યા નહિ, ભાઈ!" એણે વાત બદલાવી: "ભીલ જેને લૂંટે તેને પે'લાં તો લોહીલોહાણ કરે જ કરે: અણહક્કનો માલ ન લ્યે. તેમ હું ગોરપદું લઉં છું ત્યાં ત્યાં છેતરીને લઉં છું: અણહક્કનું નથી લેતો, ભાઈ. હમણાં જ ગામમાં જઈશ. એક રાંડીરાંડ રેંટિયો કાંતીને ઉદર ભરે છે. મરતી સાસુને એણે અગિયારશનું પુણ્ય બંધાવ્યું છે. મને બોલાવ્યો'તો; પૂછ્યું'તું: 'હેં ભઈલા! આવ ને, બાપ; એક વાત પૂછું. આ અગિયારશનું પુણ્ય આપવા જો હું પરભાસ જાઉં, તો તો પચાસ રૂપિયા પડે: ક્યાંથી કાઢું? તું કંઈ ઓછે નહિ કરી દે, હેં ભઈલા?' સાંભળીને ઘડીવાર તો મારું હૃદય ઊકળી આવ્યું. ઉજળિયાત વર્ગની રાંડીરાંડની ગરીબી લોહી ઉકાળે એવી વાત છે. મન થયું કે કહી દઉં: 'બેન! આ ધતિંગ શીદ કરે છે?' પણ બીજો જ વિચાર આવ્યો: કોઈ બીજો ગોર જાણશે ને, તો આને આડું અવળું ભંભેરીને પોતે વધુ કિંમત લઈ સંકલ્પ કરાવશે: તે કરતાં હું જ ઓછામાં ઓછા ભાવે સંકલ્પ ન કરાવી લઉં! આ એટલા માટે જાઉં છું. રૂપિયા બે-ત્રણ પડાવી આવીશ. સરગની નિસરણી ને સાખિયો મારે ઘેરથી લઈ જઈશ. એવાં ઊંઠાં સાંજ પડ્યે એકાદ-બેને શું હું નહિ ભણાવી શકું? બાર મહિને મારા ઘર જોગા દાણા ન ઊભા કરી શકું?"

"હજુય શું લોકશ્રદ્ધા એવી ને એવી જ રહી છે, ઘૂઘા ગોર? મને તો લાગેલું કે સામાજિક ક્રાંતિ થઈ ચૂકી છે; કેમ કે હું આંહીંની ક્રાંતિ વિષે વિલાયત બેઠે બેઠે મોટા લેખો વાંચતો."

"શ્રદ્ધા તો બેવડી બની છે. દા'ડે-દા'ડે જોર પકડતી જાય છે. બેશક, એમાં થોડી 'સાઈકોલોજી' આવડવી જોઈએ."

"સાઇકોલોજી!" ઘૂઘા ગોરના મોંમાંથી આ શબ્દ સાંભળી હું વિસ્મય

પામ્યો.

"હા, ભાઈ." ઘૂઘા ગોરે મને પૂર્ણ ગંભીરતા ધરીને કહ્યું: "પ્રત્યેક ધંધામાં – શું તમારા વકીલાતના કામમાં કે શું અમારા ગોરપદાના કામમાં – સાઇકોલોજીનું થોડુંક જ્ઞાન પણ બહુ કામ આપે છે. દાખલો આપું: હું ગામડે જાઉં છું. ટીપણું લઈ જાઉં છું; બીજી બધી જાદુગરી કરું છું. પણ હું ફાવું છું. જ્યારે ભનો પંડ્યો, પોતળો દવે કે શામો તરવાડી નથી ફાવતા; કેમકે સાઇકોલોજીનું તેમને ભાન નહિ."

એટલું કહી, તમાકુની ચપટી હોઠ પાછળ ચડાવી ઘૂઘા ગોરે મને સમજ પાડી:

"બાઈઓ મારી પાસે જાતજાતની વાતો જોવરાવવા આવે: 'ગોર, જુઓ તો ખરા: મને મહિના કેમ ચડતા નથી?... મને આભટછેટ કેમ વખતસર આવતી નથી?... મને સોણામાં સરપ કેમ આવે છે?' વગેરે વગેરે. આ બધા પ્રશ્નોના જવાબ ટીપણામાં કોણ મારો દાદો નોંધી ગયો છે! એ તો સાઇકોલોજીથી કામ લેવું જોવે. એક સાઇકોલોજી, ને બીજી 'કોમનસેન્સ'.

એ શબ્દે મને ફરીવાર ચોંકાવ્યો. હું કાંઈ પૂછું એ પૂર્વે જ ઘૂઘા મહારાજે સમજ પાડી.

"કોમનસેન્સ તો રેંચા ભરવાડોની કેટલી બધી તીવ્ર! ભરવાડોનાં લગન હંમેશાં સામટાં થાય; સામટાં એટલે એક જ માંડવે અને એક જ વિધિએ; પચાસ-સો વર-કન્યાઓ. એમાં એક વાર ગોરે તે તમામ વરઘોડિયાંને ચાર આંટા ફેરવી લીધા ત્યાં એક ભરવાડે આવીને ગોરનું ધ્યાન ખેંચ્યું: 'એલા એ હેઈ ગોર!' કે, 'શું છે, ભાઈ?' કે, 'આમ તો જો: આ મારી છોકરીની છેડાછેડી કેની હારે બાંધી છે? માળા, આ તે તેં કેની હારે ફેરા ફેરવી નાખ્યા?' કે, 'કાં?' 'અરે, કાં-કાં શું કરછ? આ તો મારી કન્યાને કો'કના વર હારે ફેરા ફેરવી નાખ્યા!' ગોરની મત મૂંઝાઈ ગઈ: હવે શું થાય? ભરવાડે કહ્યું: 'હવે એમાં મૂંઝાઈને કાં મરી રિયો? ઉબેળ દે ઉબેળ! ચાર આંટા આમ ફેરવ્યા છે ને, તે હવે ચાર આંટા પાછા ફેરવીને

ઉબેળી નાખ્ય, એટલે હાઉં – છૂટકો થઈ જાય’.

“રાંઢવાં અને રસીઓના, નાડીઓનાં અને નેતરાં-નોંજણાંના વળ ચડાવવાની ને વળ ઉતારવાની જે સાદી સમજ, જે કોમનસેન્સ, તેને આમ ભરવાડે સંસારનો કોયડો ઉકેલવામાં પણ કામે લગાડી, ભાઈ! એને ધરમ અને શાસ્ત્રો આડાં આવ્યાં ક્યાંય! એના લગન-સંસાર આપણાં બામણ-વાણિયાંથી વધુ મજબૂત ચાલે છે, કેમકે એ ઉબેળ દેવાનું જાણે છે. આ કોમનસેન્સ અમારે શીખવી જોઈએ.”

ઘૂઘા ગોરમાં મને વધુ ને વધુ રસ પડ્યો. મને થયું કે વિધાતાની ભૂલ થઈ હતી. મારે બદલે ઘૂઘા ગોરને જ જો બૅરિસ્ટર થઈ આવવાનાં સાધનો મળ્યાં હોત, તો એ મારી માફક સસરાનો ઓશિયાળો ને સ્ત્રીનો દબાયલો ન રહ્યો હોત.

“લ્યો ત્યારે, ભાઈ, રજા લઉં છું! હજુ એક ઠેકાણે એક વિધવાના કેશ-વપનની ક્રિયા બાકી છે. બહુ વખત લીધો ભાઈનો.”

એમ કહેતા ઘૂઘા ગોર ઊઠ્યા. ‘કોઈ એક વિધવાના કેશ-વપનની ક્રિયા’ એ શબ્દો પણ ઘૂઘા ગોર લાગણીની એકેય ધ્રુજારી વિના બોલી ગયા. મારા કુતૂહલના દીવામાં એ શબ્દોએ નવું દિવેલ રેડ્યું.

“એ વાત કોઈ બીજે વખતે કહીશ, હો ભાઈ!” ઘૂઘા ગોરે મારી ઉત્સુકતા વાંચી લીધી.

એમને વળાવવા બહાર નીકળતાં નીકળતાં મેં એને પૂછ્યું: “ઘૂઘાભાઈ, એક પ્રશ્ન – વાંધો ન હોય તો.”

“એક નહિ, બે.”

“તમને કેટલાં વર્ષ થયાં?”

“બેતાળીશ.”

“લગ્ન કર્યાં જ નથી?”

“ના.”

“કેમ?”

“સાત-સાત...” એટલું કહીને એણે પોતાના મસ્તક પર અસ્તરા પેઠે

આંગળી ફેરવી.

"શું સાત?"

"સાત રાંડીરાંડો મારા ઘરમાં છે: એક બાર વર્ષની, બે સોળ-સોળની, એક પચીસની... એનાં બાળકો, વૃદ્ધ પિતા.. બાવીશ વર્ષે તો મારે એ સૌનો દાદો બની જવું પડ્યું. સાત રાંડીરાંડોની વચ્ચે જુવાન કન્યાને પરણીને હું ક્યાં પગ મૂકું? ક્યાં સમાઉં? કયું સુખ ભોગવું? અને, ભાઈને કહું કે, મજા છે. આખા દીનો થાક્યો લોથ થઈ ગોદડા માથે પડું છું. સ્વપ્નાં વનાની નીંદર આવે છે. જુવાનીનાં પચીશ તો નીકળી ગયાં, ને હવે સાતેક વરસ બેઠો રહું તો રાંડીરાંડ બેનોનાં ને ભાઈઓનાં ને ફઈઓનાં છોકરાં ચણ્ય ચણતાં થઈ જાય. કાઢ્યાં એટલાં ક્યાં કાઢવાનાં છે! લ્યો બેસો, ભાઈ!" કહેતા ઘૂઘા ગોર ચાલી નીકળ્યા.

મેં મારી મેડી પરથી જોયું: ઘૂઘા ગોરની ગતિ ગંભીર હતી. એની દૃષ્ટિ ધરતી તરફ ઢળેલી હતી. એની પડખે જ લગ્ન-ગીતો લલકારતી સ્ત્રીઓ નીકળી હતી.

ઘૂઘા ગોરનું મોં ઊંચું પણ ન થયું.

થોડા દિવસ પછી મેં ઘૂઘા ગોરને રેલવે-સ્ટેશને જુદા રૂપે જોયા: માથે સફેદ ફાળિયું, મૂછો બોડેલી; છતાં એવો ને એવો ચમકતો, સમત્વભર્યો ચહેરો. પૂછ્યું: "કેમ? કઈ તરફ?"

"કંઈ નહિ, ભાઈ! સારું છે. એ તો મારી એક જુવાન ભાણેજનો વર એકાએક દેશાવરમાં ગુજરી ગયો છે, અને બાઈ એકલી, કશી જ આજીવિકા વગરની થઈ પડેલી પાછી આવી છે. સીમમાં ખેતર નથી ને ગામમાં ઘર નથી; તે જાઉં છું હવે તેડી લાવવા."

"આંહીં જ રાખશો?"

"હા જ તો, ભાઈ!"

"ત્યારે તો તમારે બોજો વધ્યો!"

"એનું કશું નહિ, ભાઈ! કહીશ કે, 'બાઈ, તું મને કંઈ ભારે નથી પડવાની. હું વળી વર્ષે બે-પાંચ સરાવણાં વધુ કરાવીશ. તારા જોગા દાણા

ને તારું અંગ ઢાંકવાનાં બે ધોતિયાં મને શું નહિ મળી રહે? અરે, જજમાનોને મારીઝૂડીને મેળવીશ'.''

એટલું જ કહીને એ મારાથી જુદા પડ્યા ત્યારે મારી દૃષ્ટિ સ્ટેશન સામેની એક આલેશાન ઇમારત પર હતી. એ મકાન 'વનિતાધામ'નું હતું. વિધવાઓને શરણ આપનારા એ ધામમાં હમણાં જ એક મોટું ધાંધલ મચી ગયેલું. એના સ્થાપક એક મોટા સંત સુધારક હતા. તેનું કુટુંબ, ભાઈ-ભત્રીજા, સાળાઓ અને બનેવીઓ ત્યાં પોતાનો ગરાસહક્ક ગણીને રહેતાં હતાં, પ્રત્યેક વિધવા અને ત્યક્તાને પોતાની આશ્રિત ગુલામડી સમજતાં હતાં, દૂધમાં પાણી ભેળવી પીરસતાં વગેરે વગેરે ફરિયાદો ઘણા મહિના પછી માંડ માંડ દુનિયામાં પહોંચી શકી હતી – અને વર્તમાનપત્રોએ 'સનસનાટી' મચાવી હતી.

# ગરાસ માટે

**આ**જથી પંદરેક સાલ પૂર્વે કાઠિયાવાડના વાળાક નામે ઓળખાતા મુલકમાં એક ગામડાના ગામેતીના દરબારગઢમાં જબરું ધાંધલ મચી ગયું હતું.

દરબારગઢની ડેલીની એક ચોપાટમાં એક મોટા અમલદારે પોતાની પોલીસ-ટુકડી સાથે પડાવ નાખ્યો હતો; અને સામી ચોપાટમાં ગરાસદાર ભાઈઓનો ડાયરો મળતો, વળી વીંખાતો, કસુંબા પિવાતા, તડાકા થતા, અને પાછા સૌ ઊઠી ઊઠીને ચાલ્યા જતા. પડછંદ તેમ જ ઠીંગણા એ ગરાસદારોનાં મોં ઉપર અને મેલાં, ફાટલાંતૂટલાં લૂગડાં ઉપર માનસિક ગૂંચવાડાની અને આર્થિક સત્યાનાશની કથની આલેખાઈ હતી.

ગઢની અંદરના ઓરડાઓ તરફથી ગોલીઓની જે આવ-જા થતી તેના ઉપર પોલીસ-પહેરેગીર બારીક ધ્યાન આપતો હતો.

બહારથી ગઢની અંદર જનારાં બાઈઓનાં ટોળાંને પણ પોલીસ તેમ જ તેના ઉપરી અમલદાર ઝીણી નજરે જોતા હતા.

ટોળા માંહેની કોઈક ડોશી સામી ચોપાટે બેઠેલા પુરુષોને હસીને કહેતી પણ હતી કે, "કુંવર અવતર્યા ને? નરવ્યા છે ને કુંવર? સારું, બાપા! મારી આંતરડી ઠરી. આ ઝબલું લઈને જાઈ છીં, ભા!"

એમ કહેતે કહેતે તેઓ એક થાળમાં રેશમી કાપડ અને સાકર શ્રીફળ વગેરે જે લઈ જતાં હતાં તે ખુલ્લાં કરી બતાવતાં હતાં.

અવારનવાર ગોલી આવીને ડેલીએ પુરુષોને ખબર દઈ જતી કે "માએ કહેવાર્યું છે કે, કુંવર નરવ્યા છેઃ કાંઈ ઉચાટ કરશો નૈ."

"તો પછેં –" અમલદાર જે ચોપાટમાં બેઠા હતા તે ચોપાટમાંથી

એક પુરુષે ગોલીને હાકોટો માર્યો: "તો પછે કુંવરનું મોં અમને જોવા દેતાં શું ભે છે તારી માને! દી ને રાત કુંવર-કુંવર કરી રિયાં છો રોગાં..." બોલતો બોલતો એ પુરુષ પોતાના ડોળા ઘુમાવતો હતો.

"સથર્યા રો' ને, મારા બાપ!" સામી ચોપાટેથી બીજો જણ ઠંડે કોઠે જવાબ દેતો હતો: "આકળા થઈ ગિયે કાંઈ કુંવર હશે ઈ મટીને કુંવરી થોડો થઈ જાહે? અને ઉતાવળા શીદ થવું પડે છે, ભા! મહિનો નાહીને કુળદેવીને પગે લગાડ્યા પછેં પેટ ભરી ભરીને જોજો ને! બાકી, તમારે શી બીક છે? ગઢની ચારેકોર તો તમે ચોકી મુકાવી દીધી છે. તમારો બંદોબસ્ત ક્યાં જરાકેય કાચો છે!"

"કાચો શા સારુ રાખીએ?" સામી ચોપાટે રેશમી કબજા નીચે મલમલનું પહેરણ પહેરીને બેઠેલ એ જુવાન ગરાસદાર ઢોલિયેથી પગ નીચે ઉતારીને બોલ્યો: "ગરાસ કાંઈ વડવાઓએ કો'કના સાટુ નથી કામી રાખ્યો. લીલાંછમ માથાં વાઢીને..."

એટલું બોલ્યા પછી એને યાદ આવી ગયું કે 'લીલાંછમ માથાં' વાઢીને જમીન જીતવાની વાત હવે બહુ મશ્કરીને પાત્ર બની ગઈ છે, એટલે એ ચૂપ રહ્યો.

સાંજ પડી. દિવસ આથમ્યો. એક સાંઢિયો ડેલીએ આવીને ઝૂક્યો. અને સામી ચોપાટેથી "લ્યો, મામા આવી પોગ્યા!" એવો આનંદ-ધ્વનિ થયો, ઊંટના અસ્વાર ઊતરી સૌને હળ્યામળ્યા, અને ઊંટના કાઠાની મોખરે બાંધેલી એક નાની ટ્રંક છોડીને સાંઢિયા--સવારે ચોપાટમાં મૂકી.

"આ પેટીમાં કુંવરનું ઝબલું છે. ગઢમાં લઈ જાવ." ઊંટ પર આવેલા અમીર મહેમાને એવી કુદરતી રીતે કહ્યું કે કોઈને વહેમ પડી જ ન શકે.

અને જેના ચપોચપ બીડેલા ઢાંકણામાંથી પવન પણ આવ-જા કરી ન શકે એવી એક નવીનકોર તાળાબંધ ટ્રંકમાં ભરેલી સામગ્રી વિષે તો વહેમ જ કોને પડે? ગોલી ટ્રંક લેવા આવી, અને એણે મહેમાનનાં ઓવારણાં લઈને કહ્યું: "કુંવર અવતર્યા ત્યારથી બોન તો ભાઈભાઈ ઝંખે છે. આપ પધાર્યા ને માને કાં ન લેતા આવ્યા?"

"બોનને નારાયણ કહેજે. ને મા તો શું આવે, બાપા! અટાણે આફૂડા-આફૂડા વહેમ ઊઠે ને! બાકી તો, ઈશ્વર જ્યાં દીકરો દેવા બેઠો હોય ત્યાં કોની દેન છે કે આંચકી લઈ શકે?"

એમ કહીને એ આવેલ મહેમાને સામી ચોપાટમાં બેઠેલા પેલા સોનેરી બટનના 'સેટ'વાળા, મલમલિયા પહેરણવાળા ને રેશમી કબજાવાળા ગુસ્સેભર્યા જુવાન સામે નજર માંડી; માંડતાં જ કહ્યું: "ઓહો! મારા બાપ! તમે અહીં જ બેઠેલ છો એ તો ખબર જ નહિ." એમ કહી, સામી ચોપાટે ચડી, એ પુરુષને બથમાં લઈ હેતપ્રીત ઊભરાઈ જતાં હોય તે રીતે ભેટ્યો. આંહીં સૌરાષ્ટ્રમાં જ કટ્ટર શત્રુઓ એ રીતે ભેટી શકે છે.

આંહીં ડેલીએ જ્યારે આવી વૈરભાવે ટપકતી હેતપ્રીતનો તમાશો મચ્યો હતો ત્યારે ત્યાં અંદર રાણીવાસને ઓરડે એક સુવાવડી સ્ત્રીના ખાટલાની સામે મહેમાને આણેલી ટ્રંક ચૂપચાપ, ઉત્કંઠાભેર ઊઘડી રહી હતી. વીસેક વર્ષની લાગતી, રૂપાળી, પણ સૌભાગ્યની ચૂડીવિહોણી અને પતિ-મરણ પછી મહાકષ્ટે સાચવી રાખેલા ગર્ભના પ્રસવને કારણે ફીકી પડેલી એ સૂતેલી સ્ત્રીનો જીવ ટ્રંકના તાળામાં ફરતી ચાવીને ચિચૂડાટે ચિચૂડાટે રગેરગમાં લોહીના ધમધમાટ અનુભવતો હતો. ટ્રંકનું ઢાંકણ ઊઘડે તે પૂર્વે તો એણે પોતાની ગોદમાં પડેલા એક તાજા જન્મેલા બાળકને દૂર ખેસવી પણ દીધું હતું – કેમકે એ બાળક નારી જાતિનું હતું.

ટ્રંક ઊઘડી. ખૂલતાં જ કોઈક ઓકારી આવે તેવી બાફ નીકળી પડી, ને ઉપલું લૂગડું ખેસવતાં એક ચાર વાસાનું બાળક દેખાણું. બાળકને ઉપાડીને સુવાવડી બાઈના પડખામાં મૂકવા જતી ગોલીના હાથમાં ટાઢુંબોળ લાગ્યું. પણ એ બાળક જીવતું હતું કે મૂએલું તેની તપાસ કરવા જેટલી ખેવના પણ એ અધીરાઈમાં નહોતી.

"મરો રે મરો, રાંડની જણિયું!" એમ કહેતે જ સૂતેલી સ્ત્રીએ પોતાના પડખામાં લીધેલા એ ટ્રંકમાંથી નીકળેલા બાળકને ઘા કરી નીચે નાખી દીધું. અને હૈયે શૂળા પરોવાયા હોય એવી વેદનાથી એણે પોતાનું માથું કૂટ્યું: "મારો ભાઈ લાવ્યો તેય મરેલો છોકરો! મલકમાં ક્યાંય છોકરા મળતા

નથી! મારે અભાગણીને હવે મારી આબરૂ તે કેમ કરીને સાચવવી? પાંચ દી તો ખેંચી નાખ્યા. હવે હું કેટલુંક ખેંચી શકીશ?"

ખસિયાણી પડેલી એ ગોલીઓએ ટ્રંકમાંથી નીકળેલા મૂએલ બાળકને એક બાજુ ગોટો વાળી મૂક્યું, ને મધરાત પછી પાછલા વાડામાં ખાડો ખોદી દાટી દીધું. દાટતાં દાટતાં બેઉ જણીઓ વચ્ચે વાતો ચાલી:

"હવે?"

"હવે તો ભાઈએ ફરી ઘોડાં દોડાવ્યાં છે. કહે છે કે વડલીના સુતારને ઘેર પંદરેક વાસાનો છોકરો છે."

"ત્યારે આ મૂવો ઈ કોનો હશે?"

"કીને ખબર છે, માડી? ભગવાન જાણે! અટાણે કાંઈ નાતજાત જોવાની હોય?"

"હજી તો ટ્રંક ઊઘડતી'તી ત્યાં જ પ..ની છોકરીને કેવી ઠેલી દીધી?"

"અવતાર! અરે અભાગી અવતા.."

"અભાગણી તો જુઓ: પંદર .રસની જુવાન્ય સાઠ વરસનાને પરણીને આવી, અને પાંચ વરસ બેઠાંબેઠ કાઢ્યાં પછેં ગામેતીને મૂવા ટાણું આવ્યું ત્યારે આને આશા રહી! આમાં તે છોરુ જણ્યાનો સવાદ શો, મારી બાઈ!"

"પોતાની છોકરીને તો મારશે, પણ પારકા કેટલા છોકરાની હત્યા લેશે!"

"ટ્રંકમાં ઘાલીને છોકરો લાવતાં એના ભાઈનું કાળજું ન કંપ્યું?"

"ગરાસ ખાવો છે, માડી! કાળજાં કંપે તો કામ કેમ આવે?"

દિવસ પર દિવસ ખેંચાયે જતા હતા. સાત મહિના પર મૂએલા એ ગામના બુઢ્ઢા ગામેતીની આ જુવાન વિધવાએ ચૂડો ભાંગતેભાંગતે ગર્ભનું જતન કર્યું હતું. કાણ્યો માંડીને છાતીફાટ રોવાના તમાશા કરવા પડ્યા, અને ગર્ભનું જતન કરવું પડ્યું – નહિ કે પુત્ર–પુત્રી જે જન્મે તેનું લાલન કરવાની લાગણીથી, પણ નિર્વંશ મૂએલા ગામેતીનો રૂપિયા પંદર હજારનો ગરાસ એના સગા ભાઈના દીકરાને ભાગે ન જાય તેવી એક જ દાઝનાં

માર્યાં.

વીસ વર્ષની યુવાન બાઈની આ કામના કુદરતી નહોતી. એ કટ્ટર દાઝ એનામાં ઉત્પન્ન કરનારાં તો એનાં પિયરિયાં હતાં અને ગામના કેટલાક બેકાર, કંગાલ ભાગદારો એને પડખે ચડી ગયા હતા. 'બાઈ! તને આ તારા ભત્રીજા જિવાઈનો ટુકડોય ખાવા નહિ આપે' એવી ડરામણી દેખાડીને તેમણે સૌએ સ્ત્રીને એના સ્ત્રીત્વ અને માતૃત્વ સામેના આવા ઘાતકી બંડે ચડાવી હતી.

નાખી દીધેલી પોતાની પેટની છોકરીને ફરી પાછી ગોદમાં લઈને બાઈ નવા છોકરાની વાટ જોતી પડી રહી.

વળતા દિવસે ગોલીએ આવી ખબર આપ્યા કે, "પંદર ગાઉ માથેથી વડલી ગામના સુતારનો દસ વાસાનો છોકરો વેચાતો લઈને આપણો સવાર આવેલ છે પણ મરી ગયો છે."

"હવે?"

"ભાઈએ કે'વાર્યું છે કે, બોનને કહીએ: ફિકર ન કરે; એક દી આમ ને આમ કાઢી નાખે. ભાઈ બીજી તજવીજ કરે છે."

બપોર થયાં ત્યાં ડેલીએથી અમલદારનું કહેણ આવ્યું: "બાઈને કહો કે અમારે કુંવર જોયા વગર છૂટકો નથી."

બાઈએ કહાવ્યું: "મારે છે માતાની માનતા, કે સવા મહિને ના'ઈને માતાએ જઈ કુંવરને પગે ન લગાડું ત્યાં સુધી કોઈને દેખાડીશ નહિ. માટે જો કોઈ આ ઓરડે આવ્યા, તો હું જીભ કરડીને મરી જઈશ. જાવ કહી દ્યો જે અમલદાર હોય તેને."

મામાએ અને ગામના બીજા પડખે ચડી ગએલ ગામેતીઓએ શીખવેલો આ પાઠ હતો. બહેન એ પાઠ પથારીમાં પડી પડી ભજવતી હતી. એ જવાબ સાંભળીને અમલદાર ચૂપ થઈ સવા મહિનો પૂરો થવાની વાટ જોતો બેઠો.

પાંચમે દિવસ બાજુના ગામડાના ઢેઢવાડામાં એક બનાવ બનતો હતો. વીસેક વાસાના એક છોકરાની મા ઢેઢડી પાણી ભરવા ગઈ હતી. પાણીનું

બેડું લઈને એ પોતાની ખડકીમાં દાખલ થાય છે તે જ ઘડીએ બેડું પછાડીને ઘરની વંડી તરફ ધસે છે. વંડીએથી એનો ધણી વંડીની બહાર ઊભેલા એક ગરાસદારને પોતાનો છોકરો ચોરીછૂપીથી આપી રહેલ છે.

"તારાં... મરે રે મરે, મારા રોયા!" એમ ચીસ પાડતી એ ઢેઢડી પોતાના ધણીના હાથમાંથી છોકરાનો પગ ઝાલી ઝોંટ મારે છે. એ ઝોંટમાં ને રકઝકમાં ઢેઢડીના છોકરાનો જીવ જાય છે.

ધણીએ બાઈને પાટુ લગાવીને કહ્યું: "રાંડ! તારો છોકરો સામા ગામનો કુલહોલ ગરાસ-ધણી થાત, ને આપણને પચાસ રૂપૈયા મળત. રો હવે મારા બાપનું મોં વાળીને!"

"તારા ગરાસમાં મેલને અંગારો, રોયા! રૂપૈયાને મારે શું કરવા છે! મને પારકાના ગરાસ સારુ છોકરા વગરની કરી!" એમ કહીને એ ઢેઢડીએ બાળકના શબ ઉપર હૈયાફાટ રુદન માંડ્યું.

ત્રણ પારકા છોકરા મૂઆ તે પછી પણ નજીક અને દૂર, ગામડે ગામડે, તાજા જન્મેલા દીકરાઓની શોધ ચાલુ હતી. બ્રાહ્મણથી લઈ ભંગી સુધી હરકોઈ ઘરનો 'દીકરો' ચાલે તેમ હતું. જેમને જેમને 'દીકરો' બનાવી દેવામાં નાનો-મોટો સ્વાર્થ હતો તે સર્વની લાગણીઓએ એક 'દીકરો' નક્કી કરવાને સારુ જેટલાં બાળકોને જોખવામાં પડે તેટલાંનો ભોગ લેતાં જરીકે થરથરાટી અનુભવી નહોતી.

છેવટે જ્યારે નક્કી થયું કે આ શોધ છેક જ નિરર્થક છે, અને દિવસો પર દિવસો દોડવા લાગ્યા, ત્યારે એક રાત્રીએ સુવાવડી બાઈને એની નાની પુત્રી સહિત ગઢમાંથી પાછલી દીવાલેથી ઉપર ચડાવીને બહાર કાઢી. ચોકિયાતોને રાજી કરી એને પિયર લઈ જવામાં આવી. નાની બાળકીને પણ મારી નાખવામાં આવી, અને જાહેર કરવામાં આવ્યું કે, કુંવર ગુજરી ગયા છે.

આ ખબર ડેલીએ પડ્યા એટલે પછી અમલદાર પડાવ ઉપાડી ચાલ્યા ગયા. અને મૂએલા ગામેતીના વારસાનો કબજો પેલા મલમલના પોશાકવાળા પિતરાઈને સોંપી દેવાનું ઉપલી કચેરીમાંથી નક્કી થઈને આવી

ગયું. એ-નો એ જ અમલદાર જાગીરની સોંપણ કરવા પાછો આવ્યો.

"'ઊભા રો', સાહેબ!" એમ કહી નવા હક્કદારે પેલી વિધવા બાઈના ભાઈને તેમ જ 'દીકરો' પેદા કરવાની પ્રવૃત્તિમાં શામિલ એવા બે બીજા ગામેતીઓને તેડાવ્યા. ડાયરો ભર્યો. ડાયરાની વચ્ચે એ નવા હક્કદારે જાહેર કર્યું કે, "ભાઈઓ, હવે તો દીકરો હતો કે દીકરી એની કોઈ તકરાર રહી જ નથી; છતાં હું એમ કહું છું કે દીકરો જ અવતરેલો હતો એવું કહેનારા ભાઈઓ ફક્ત આ 'ગીતા' ઉપાડે, એટલે હું અરધો ગરાસ મારાં કાકીને કાઢી દેવા અટાણે ને અટાણે તૈયાર છું, ને હું એ વચન પાળવા માટે આ 'ગીતા' ઉપાડું છું."

એમ કહીને એણે ગામના એક ટીપણું જોનાર જોષી પાસેથી આણેલી ફાટેલી-તૂટેલી એક ચોપડીને ઉપાડીને આંખે લગાડી. આંખે લગાડનાર અભણ હતો; તેથી એને ખબર પણ નહોતી કે, આ ગીતા છે કે ગજરામારુની વાર્તા.

અમલદાર બ્રાહ્મણ હતો. એ તો ત્યાં દિગ્મૂઢ બની ગયો. આગળ બેઠેલા એ બન્ને ગામેતીઓએ અને બાઈના ભાઈએ, જેમણે આટલાં બાળકોની હત્યા કરતાં આંચકો નહોતો ખાધો, તેમણે જવાબ દીધો:

" 'ગીતા' તો અમે નહિ ઉપાડીએ!"

# દરિયાપરી

"નહિ, બહેન, વાવટા ઉપર તો બાનો ભરેલો રૂમાલ જ ચડાવશું. આજના શણગારમાં તો એનાં જ સંભારણાં હોય."

"મારી પેટીમાં બાએ પરોવેલો એક પડદો પડ્યો છેઃ આપણાં નામોની ભાત પાડેલો. એ લઈ આવું?"

"લઈ આવ જલદી. પણ જલદી જલદી, હો! પેલી આવી પહોંચશે."

ઘરમાં બન્ને બહેનો તોરણ સારુ, ખીલીઓ સારુ ને હથોડી સારુ દોડાદોડી કરે છે. ઘરને શણગારી રહી છે. કોઈની બીક લાગતી હોય તેમ હાંફળીહાંફળી થાય છે. નાની બહેન પડદો લઈને આવી પહોંચી.

"હવે... નિસરણી?"

"નિસરણી શોધવાનો વખત નથી. લે, ચડી જા – મારા ખભા પર." એમ કહીને મોટી બહેને એક પગ વાળી પગથિયું બનાવ્યું. નાની ઊંચે ચડીને ડગમગ થતી ઘરનાં બારણાંની ઉપર બારસાખે તોરણ ચોડવાની ખીલીઓ મારવા લાગી. બન્નેનાં સુંવાળાં શરીર પર પરસેવો નીતરી ગયો. વાળ અને વસ્ત્રો વીખરાઈ ગયાં.

"કાં, તોફાની છોકરીઓ! શું થાય છે!" એમ કહેતાં દાક્તર પરસાળે ચડ્યા. બન્ને દીકરીઓ દોડીને બાપુને હાથે બાઝી પડી. દાક્તરની ઉમ્મર ચાલીસેક વર્ષની હશે. કદાવર, ગૌરવરણા બદન પર હમણાં હમણાં શોષાઈને થોડી કરચલીઓ પડી છે. પ્રેમ-ઝરતી ઝીણી આંખો છે. આંખો જાણે ઓરડામાં બે પુત્રીઓ ઉપરાંત કોઈને શોધી રહી હોય તેવી સહેજ વિહ્વળ છે.

"કાં, બેટા!" બન્નેના ખભે હાથ મૂકીને દાક્તરે પૂછ્યુંઃ "આ શું

સર્કસ માંડ્યું છે! તમને આવડી મોટી છોકરીઓને બા વળી શાની આટલી યાદ –"

ઓચિંતા સાવધાન બનીને એણે જીભ કચરી; ધીરે અવાજે પૂછ્યું: "ઘરમાં કોઈ છે નહિ ને? જલદેવી છે અંદર?"

"ના, બાપુજી, એ તો – નવી બા તો – દરિયે નહાવા ગયાં છે. જુઓ તો, બાપુજી! અમે કેવી શોભા કરી છે! આ બધાં જ તોરણ ને પડદા બાના હાથનાં જ કરેલાં. પેલો ચંદરવો –"

"હા, એ તો તું પેટમાં હતી ત્યારે બાએ ભરેલો." દાક્તરને યાદ આવ્યું.

"એ અમે વાવટા પર ચડાવશું."

56631

"વાહ! સરસ છે. પણ... બેટા, મને આ વરસોવરસ ઊજવવું નથી ગમતું. બધું ફરીને સાંભરી આવે છે."

"બાને સંભારવું તમને નથી ગમતું, બાપુ?"

"નથી ગમતું – કેમકે નથી સહેવાતું." દાક્તરનું ગળું સહેજ ઝલાયું. એણે ખોંખારો ખાધો. "ને પાછું આ બધું ઘરમાં કંઈ સહુને ગમે એવું થોડું છે? કોઈને નારાજ કરવાથી ઊલટું ઘરમાં ગમગીની –"

"પણ આપણે બાની જન્મગાંઠની વાત કરશું જ નહિ, બાપુ! આજે અમારા જૂના માસ્તર સાહેબ આવે છે ખરા ને, તેના સ્વાગતની શોભા કહીને ચલાવશું."

"હાં, બરાબર." કંઈક યાદ આવ્યું હોય તેમ પિતાએ ઉમેર્યું: "એને પણ એ સ્વાગત મીઠું લાગશે. બરાબર છે, નાનીની વાત બરાબર છે. તું ભારી દુત્તી છોકરી છે, હો! મારા બંને ખાપરા-કોડિયા ભારી ખેપાન છે!" એમ કહીને એ માતાવિહોણી દીકરીઓની હડપચીઓ પોતાના બન્ને હાથે પકડીને બન્નેનાં મોં સાથે દાક્તર પોતાની આંખો મસળવા લાગ્યા. દસ વર્ષ પહેલાંની પોતાની સહચરી આજે જાણે ઘરમાં ફરીવાર સજીવન બનીને આવી જણાઈ. સોળ અને તેર વર્ષનાં બેઉ નમાયાં બાળકો બાપુના લાડમાં જનેતાના લાડલડામણનું સુખ પીવા લાગ્યાં. ત્રણેય જણાં જાણે કે નમાયાં

હતાં. ત્રણેયને જાણે તે ઘડીએ એ અદીઠ જનેતા એકસામટાં ગોદમાં સંઘરતી ઊભી હતી.

એ ખાડીનું બંદર હતું. મોટો દરિયો ત્યાંથી થોડે દૂર હતો. દરિયાની દિશામાં બન્ને બાજુએ ઊંચા, કાળા ખડકની હારોએ, ધરતીની બે ભુજાઓએ જાણે કે સમુદ્રને પોતાના આલિંગનમાં લીધો હોય તેવી રીતે, એક બીજ-આકારની ખાડી રચી કાઢી હતી. દાક્તરના બેઠા ઘાટના, નાના, ઘાટીલા બંગલાની આસપાસ મોટું ચોગાન વીંટાયું હતું. દીવાલોની બહાર ખાડીનો રસ્તો હતો. રસ્તો નહાવાના ઘાટ પર લઈ જતો હતો. આ પહાડી શહેરના સમુદ્રનું પાણી અનેક રોગોને મટાડતું હોવાથી દેશ–દેશાવરનાં ઘણાં આજાર સ્ત્રી-પુરુષો આવતાં, અને સ્નાન કરી સાજાં થતાં. દરિયાનાં નીલાં પાણી અને ભૂખરાં વાદળની ભોંય વચ્ચે અબોલ ઊભેલી ખડકમાળા સવારે સોનાનાં દેવળો જેવી જણાતી, ને સાંજે કોઈ પ્રલયમાં ગરક બની ગએલા પહાડોનાં પ્રેતો બેઠાં હોય તેવી લાગતી. ધીકતી પ્રેક્ટીસવાળા દાક્તર શહેરના દેવદૂત ગણાતા. ખડકમાળને છેક છેડે રહેતા ગરીબ ખારવાઓ અને 'ઢેઢિયા', 'શિયાળિયા' વગેરે નામના ટાપુઓમાં રહેતા માછીમારો વારંવાર હોડી લઈને દાક્તર સાહેબને દર્દીઓને જોવા તેડી જતા. આજે એવી જ એક 'વિઝિટ'માંથી દાક્તર પાછા આવેલ હતા.

ચોગાનના દરવાજામાં કોઈનાં પગલાંનો સંચાર થયો, અને દાક્તર એ તરફ વળ્યા. "ઓહો, માસ્તર સાહેબ! આવી પહોંચ્યા!" એમ કહી એ પગથિયાં સુધી જઈ મહેમાનને હાથ ઝાલી અંદર લાવ્યા. "છોકરીઓ, આ તમારા માસ્તર સાહેબ. મળો તો ખરી!" એમ કહીને એણે અંદરના ઓરડામાં ચાલી ગયેલી દીકરીઓને સાદ કર્યો. થોડી વાર પહેલાંની તોફાની બાળકો જેવી દીકરીઓ લપાતી લપાતી બહાર આવી, અને મહેમાનને નમસ્કાર કર્યા.

"બહેનો તો બહુ મોટી થઈ ગઈ!" એવા મહેમાનના ઉદ્‌ગારના જવાબમાં દાક્તરે કહ્યું: "ના રે ના, મારાં બચોળિયાં હજુ તો એવાં ને એવાં નાનાં જ છે. આવો આવો, આંહી લતા-મંડપમાં બેસીએ. ત્યાં પરસાળમાં

બહુ ગરમી છે. તમે ઠીક આવ્યા, હો માસ્તર! મારે તમારી બહુ જરૂર હતી. આંહીં ખૂણામાં પડ્યા છીએ, એટલે કોઈ કોઈ વાર સહેજ એકલવાયા જેવું લાગે છે."

"ત્યારે હવે અહીં ક્યાં સુધી પડ્યા રહેવું છે? ખાડીની બહાર નહિ નીકળો? અહીં જ જિંદગી કાઢશો?"

"જિંદગી તો અહીં જ નીકળવાની હવે. અહીં જન્મ્યા, અહીં ઊછર્યા, જે ચાલી ગઈ તેની સાથે સુખનો સંસાર અહીં ગાળ્યો – ને નવી આવી છે તેની સાથે પણ કિલ્લોલ કરું છું. ભાગ્યદેવીની એકંદરે કૃપા છે અહીં."

"નવાં તો... જલદેવી ને?"

"હા, મારી જલદેવી. હમણાં આવશે. દરિયે નહાવા ગઈ છે. ભલી રોજની સવાર, ને ભલો એનો દરિયો. એને તો હંમેશાં દરિયામાં ઝબોળાયે જ જંપ વળે. ગમે તે ઋતુ હોય, પણ દરિયામાં ખાબક્યા સિવાય એક દહાડોય ખાલી નહિ."

"બીમારી છે કંઈ?"

"ના ના, બીમારી તો ખાસ ન કહેવાય. પણ કેટલાંક વર્ષોથી સહેજ ઉત્પાતિયો જીવ રહે છે ખરો. મને કશી ગમ નથી પડતી. પણ દરિયામાં ખાબકવું એ એનો એક જ આનંદ છે."

"એ હું જાણું છું. નાનપણથી જ અમારા ગામમાં એ એની ટેવ હતી."

"ઓહો! તમે એના બાપના ગામમાં શિક્ષક હતા ત્યારના જાણતા હશો, ખરું? બસ, એ બાલ્યાવસ્થાની દરિયા પરની પ્રીતિએ જ એના મન પર ઊંડી અસર કરી છે. રોજ ઊઠીને દરિયો. અંદર, બસ, પડી જ રહે. અહીંનાં લોકો બિચારાં થોડાં સમજે છે! એ બધાંએ તો નવીનું નામ દરિયાપરી પાડ્યું છે! પણ તમે હવે આવ્યા છો, ને એના બાળપણની જૂની વાતો યાદ કરાવશો, એટલે એને સુખ થશે; એની ગમગીની થોડી ઊડશે." દાક્તરનું મોં દીન બની ગયું.

"એમ? એવું માનવાનું કશું કારણ?" મહેમાન સહેજ ચમક્યા.

"કારણ છે, છે." સાંભળીને મહેમાનનો ચહેરો વધુ ઝંખવાયો.

એ વખતે "લો! તમે આવી પહોંચ્યા!" એવો રૂપાની ઘંટડી-શો મીઠો કંઠ સંભળાયો, અને મોટી આછી શાલમાં લપેટાએલા દેહવાળી નવી પત્ની અંદર આવી. એના ખભા પર ઢળકતા વાળની લટો હજુ નીતરતી હતી.

"આવો, પધારો, જલદેવી! હું પાછો આવી ગયો છું." એમ કહી કોમળ પગલે દાક્તરે સામા જઈ પોતાની નવીને અંદર લીધી. બાવીસેક વર્ષની એની જુવાની હશે. દરિયાના દેવતાઈ સૌંદર્યભર્યા કુંભ-શો એનો દેહ હતો. સમુદ્ર પોતાનાં પ્યારાં હોય તેને પોતાના નીલ રંગે રંગે છે. એવી, સમુદ્ર-સ્નાન કરી કરીને શામળી પડેલી આ તરુણીની ચામડી એક વેળા ચળકાટ મારતી હશે. અત્યારે તો એ નિસ્તેજ હતી.

"તમે આજ ઢેઢિયા બેટમાં વિઝિટે ગયા હતા ને? સારું થયું કે સાજાનરવા પહોંચી ગયા. મારો જીવ ક્યારનો બળતો હતો." બોલતી બોલતી એ ભીજાયેલી લટો ઝાપટવા લાગી.

"અરે, પણ આ મહેમાનને તો ઓળખ! જળની દેવી પૃથ્વીનાં પરિચિતોનેય ભૂલવા લાગી!"

જલદેવીએ પરોણાને નિહાળ્યો. ઓળખવામાં એકાદ પળ વધુ થઈ. "ઓહો! માસ્તર સાહેબ! અહીં ક્યારે આવ્યા?"

"હમણાં જ." પરોણો મીટ માંડીને આ જૂના પ્રિયજન સામે તાકી રહ્યો.

"કાં, જલદેવી!" દાક્તરે પૂછ્યું: "આજે તો દરિયાનું પાણી ચોખ્ખું ને શીતળ હતું ના?"

"ચોખ્ખું! અહીંની તમારી ખાડીનું પાણી કે' દહાડે વળી ચોખ્ખું અને શીતળ હતું! હંમેશાં તાતું-તાતું અને જીવ વગરનું. ખરેખર, દાક્તર, અહીંની ખાડીનું પાણી માંદું છે."

"માંદું!" માસ્તર સાહેબને એ વિશેષણ વિચિત્ર લાગ્યું.

દાક્તર હસી પડ્યા: "જલદેવી! અમારા જગ-જાણીતા આરોગ્યજળને તેં પણ ભલું વિશેષણ લગાડ્યું! ઠીક ઠીક; જો, જલદેવી, મારે જરા કામ છે. હું દવાખાને જાઉં છું. તું આપણા અતિથિને થોડી વાર

સંભાળજે."

દાક્તરને એવું કશું જ જરૂરી કામ નહોતું. એના અંતરમાં આજે પ્રસન્નતા હતી. જલદેવી તરફ સૂર્યના છેલ્લા કિરણની કુમાશે ઝલકાતી એક કરુણાભરી દૃષ્ટિ ફેરવીને એ ચાલતો થયો. મનમાં સુખ હતું કે, જલદેવી આટલાં વર્ષોથી જેને સારુ ઝૂરે છે તે મિત્રના એકલ-મેળાપમાંથી એને શાતા મળશે.

બે જણાં એકલાં પડ્યાં. જલદેવી કહે: "આ મારો લતા-મંડપ. દાક્તરે મારા સારુ પોતાને હાથે જ રોપેલો છે."

"તમે અહીં જ બેસો છો?" પરોણાએ પ્રારંભ કર્યો.

"હા, લગભગ આખો દિવસ અહીં જ ગાળું છું."

"દીકરીઓ?"

"દીકરીઓ પરસાળમાં બેસે છે. દાક્તર ઘડીક મારી કને, તો ઘડીક દીકરીઓ કને બેસે છે."

"કેમ એકલવાયાં રહો છો?"

"સહુને શાંતિ રહે છે. એકલતાની એકલતા, અને વળી સમાગમ પણ સહેજે નજીકમાં જ."

અતિથિની આંખો પીગળતી હતી. એને જૂના પ્રસંગો સાંભર્યા: "છેલ્લે આપણે મોતીનગરમાં મળેલાં, ખરું?"

"હા, દસ વર્ષ ઉપર."

"મેં કદી આ નહોતું કલ્પેલું."

"શું?"

"– કે તમે દાક્તરને પરણશો."

"ના, તે વેળા તો આ છોકરીઓની બા હયાત હતી ખરી ને?"

"તેમ ન હોત તો પણ તમે દાક્તરની સાથે જીવન જોડો એ કલ્પના જ થઈ શકતી નથી."

"કેમ? દાક્તર સાહેબ તો બાપડા બહુ ભલા, ભદ્રિક અને ખાનદાન છે. મારા પર બહુ મમતા રાખે છે."

"પણ છતાં એનું જીવન અને તમારું જીવન કેટલાં જુદાં છે! મેળ મળી શકે જ નહિ. આ શી રીતે બન્યું?"

"કંઈ નહિ. એ વાત જ ન ઉખેળીએ. ગઈ ગુજરી!"

"તમે એને મારી વાત કરી છે ખરી – મારી મૂર્ખાઈની?... મારું તમારી પ્રત્યેનું છેલ્લું બેવકૂફ પગલું – માગણી કરવાનું?"

"ના ના; પણ એ જાણે છે કે જગતમાં તમે એક જ મારા સાચા અને પરમ મિત્ર છો."

"ત્યારે આજે જીભ ખોલીને એક વાત પૂછું? તમે શા સારુ મને તરછોડ્યો?"

"માસ્તર, મારે જ તમને આજે એક વાત કહેવી છે. મેં જેને મૃત્યુ સુધી સંઘરી રાખવા ધારેલું તેને આજ તમારી પાસે ઠાલવવા માગું છું. એટલું જ કહું છું કે એ સમયે મારાથી તમને 'ના' સિવાય બીજો જવાબ આપી શકાય તેવું નહોતું."

"હા." અતિથિએ નિઃશ્વાસ નાખ્યો: "તમારા દિલમાં મારે માટે મિત્રતા સિવાય બીજું કશું જ નહોતું, તે હું જાણું છું."

"એટલું જ નહિ," જલદેવીએ ખડકની શિખરમાળાને ભેદી નાખે તેવી નજર ચોંટાડીને એ ખડકોની પાછળ પડેલા અસીમ મહાસાગર ઉપર જોવા પ્રયત્ન કર્યો: "માસ્તર સાહેબ, તમે નહોતા જાણતા કે મારું અંતર ને મારો આત્મા તે વખતે બીજાને અપાઈ ચૂક્યાં હતાં!"

"તે વખતે? હોય નહિ. દાક્તરને તો તે વખતે તમે ઓળખતાં પણ ક્યાં હતાં?"

"દાક્તરની વાત હું નથી કરતી." જલદેવીનું હાસ્ય દરિયાની રૂપેરી માછલીના ઝલકાટ જેવું દેખાયું.

"પણ ત્યાં મોતીનગરમાં તો કોઈ એવો જુવાન નહોતો!"

"સાચું. પણ મારી તો એક અજબ ઘેલછા હતી: ન મનાય તેવી ઘેલછા." હજુ એની આંખો સાગરને શોધી રહી હતી. સાગરની આડે પહાડો હતા, ઝાડી હતી.

"તમે મને આખી વાત નહિ કહો? કહો, એક વાર કહી નાખો."

"એ આખી વાત અકળ અને અગમ છે. હું કેમ કરીને કહું? મને પોતાને જ સમજાતું નથી, કે એ શું થઈ ગયું. પણ હું બંધાઈ ગઈ હતી, વચને બંધાઈ ગઈ હતી. મારો કોલ – એ કોલની વાત મેં દાક્તરને પણ નથી કરી. કહ્યું છે એટલું જ કે તે વેળા હું બીજાને કોલ દઈ ચૂકી હતી. વધુ કશું નહિ. તમને શું કહું? ગાંડપણ – એ બધું ગાંડપણ જ હતું. તમે મને ચસ્કેલી જ ગણશો."

"મને જરૂર કહો. હું કશું નહિ કહું."

અચાનક દરિયા ઉપર બંધાઈ રહેલા જલદેવીના દૃષ્ટિદોરને જાણે કે છેદી નાખતો એક જુવાન ચોગાનમાં આવતો હતો. માંદલા જેવો તોયે મધુર એનો ચહેરો હતો. હાથમાં ફૂલના હારતોરા હતા.

"જય જય જલદેવી!" કહીને જુવાને નમસ્કાર કર્યા.

"જય જય! કાં, બહેનોની પાસે આવ્યા છો ને? બહેનો અંદર હશે, હો!"

"નહિ, હું બહેનો પાસે તો સવારે જ ગયો હતો. અત્યારે તો તમારી પાસે જ આવેલો છું."

"હાં હાં! કેમ?"

"કલાકાર તરફની આ ભેટ ધરવા; તમારી જન્મગાંઠને પ્રભાતે."

"મારી જન્મગાંઠ?" જલદેવી અચંબો પામી. "કોણે કહ્યું?"

"સવારમાં બહેનોએ જ કહ્યું કે આજે બાની જન્મગાંઠ છે. માટે આ શણગાર –"

"હાં હાં, બાની જન્મગાંઠ! હવે હું સમજી. ઠીક ઠીક. કંઈ નહિ. બરાબર છે. લાવો લાવો ફૂલ. બહુ ઉપકાર થયો, હો!" બે-ચાર એકસામટી ઊર્મિઓનું વલોણું અંદર ચાલતું હોય એવી મહેનતે જલદેવીએ સુખનો ભાવ ધારણ કર્યો. "બેસો બેસો, કલાકાર! શી કલાને સાધવા માગો છો હવે!"

"શિલ્પીની કલાને: મુલાયમ માટીમાં આકારો પ્રગટાવવાની કલાને. મનુષ્યની આંગળીનાં ટેરવાંને લળી લળીને હોંકારો આપે એવી માટીના

હૃદયમાં હું મારા અનુભવો આંકીશ. અત્યારે જ મારી નજરમાં એક સાચું અનુભવેલું દૃશ્ય રમે છે. એને હું જીવતું કરીશ."

"એવું વળી શું છે?" જલદેવીએ મરક મરક થતા હોઠે, કલાકારને રીઝવતી પોતાની આંગળીઓની આસપાસ એક મોટી લટ વીંટાળી લટોમાં ગૂંચળાં પાડ્યાં.

"એ મારી ભવ્ય કૃતિ બનશે. એક દરિયાપરીને હું ખડક પાસે તરફડતી બતાવીશ; ઝૂરતી ને સ્વપ્ન જોતી બતાવીશ."

"દરિયાપરીને?" જલદેવી એના અર્ધઘેનમાંથી, સ્વપ્નાવસ્થામાંથી સફાળી જાગી ઊઠી. "શું દરિયાપરી? ઝૂરતી?"

"હા, કિનારે ધગધગતી રેતીમાં ઊભેલા એક કૂબામાં ઝૂરતી. જોજો, હું એને સ્વપ્નમાં હૂબહૂ ઝૂરતી બતાવીશ. દરિયાપરી એટલે એક ખલાસીની સ્ત્રી. ખલાસી દેશાવર ગયેલો; પાછળથી બાઈ એને બેવફા બની. બીજાને પ્યાર દીધો. ખલાસી દરિયામાં ડૂબી મૂઓ છે; પણ એ ઝૂરતી દરિયાપરીની પાસે, એની પથારી આગળ, એ ડૂબેલો ખલાસી અધરાતે આવીને ઊભો છે એવું હું ગોઠવવા માગું છું. દરિયામાંથી નીકળીને આવ્યો હોય એ રીતે એનાં કપડાં પણ ભીનાં, નીતરતાં બતાવીશ."

"ડૂબેલો ખલાસી? અધરાતે આવે છે?" જલદેવીની આંખોની કીકીઓ જાણે ઊલટી બનીને બહારને બદલે અંદર જોઈ રહી હતી.

"હા, વૈર લેવા સારુ ઘેર આવે છે. પણ એને હું સંપૂર્ણ સજીવન નહિ બતાવું. ફક્ત ઓળો બનાવી ગોઠવીશ. તમને આ મારી કલ્પના પાયા વિનાની લાગે છે? નહિ, એ તો મારા અનુભવની વાત છે. હું મારી માટીમાં અસત્ય દોરવા નથી માગતો."

"મરેલો માણસ પાછો આવે એ તમારા અનુભવની વાત?" મહેમાને પૂછ્યું.

જલદેવીનું કૌતુક ભયાનક બનતું હતું. એ બોલી કે, "બરાબર. હું આખો બનાવ જીવતોજાગતો જોઈ શકું છું. મને એ આખી વાત કહો."

"હા, હું એક જહાજમાં જાપાન ગયેલો. જાવા ટાપુના એક બંદરે

નાંગરેલું અમારું જહાજ વળતી સફરે જ્યારે ઊપડ્યું ત્યારે અમારા જહાજનો ટંડેલ બીમારીને બિછાને એ બંદરની ઇસ્પિતાલમાં જ રહી ગયો. તેને બદલે ત્યાં વસતા એક લંકાવાસીને લેવામાં આવ્યો.''

''લંકાના વાસીને?'' કોઈ સમજતું નહોતું કે જલદેવી આવી વાતમાં આશ્ચર્ય શા માટે બતાવી રહી છે. પણ એની ગરદન તો પસીને ટપકવા લાગી હતી.

''હા. રસ્તામાં એ જહાજની ઓરડીમાં એકલો જ બેઠો હતો. તૂતક પરના ટોળામાં એ નહોતો આવતો. તૃષાતુર જેમ પાણી ગટગટાવે તેમ એ આપણા દેશની ભાષા ભણી રહ્યો હતો. એક દિવસ એ નાખુદા પાસેથી જૂનાં છાપાંનો થોકડો લાવીને આપણું છાપું વાંચે છે. ઓચિંતો એ ચીસ પાડી ઊઠ્યો: આપણી બોલીમાં પોકાર્યું કે, 'હાય હાય! પરણી ગઈ! મને કોલ દીધા પછી બીજાને પરણી ગઈ? ફિકર નહિ. હું આવું છું. તને લેવા આવું છું. નહિ છોડું'. આટલું બોલીને એણે એ છાપાની કાપલીના ટુકડેટુકડા કરી નાખ્યા. પછી તો અમારું જહાજ દરિયામાં ડૂબ્યું. મેં માન્યું કે એ ડૂબી મૂઓ હશે. પણ પછી મને ખબર પડ્યા છે કે એ જીવતો નીકળ્યો. એ જીવે છે. કોઈ દિવસ એ બેવફાઈનો બદલો લેવા આવી પહોંચશે. આ બનાવમાંથી મેં કલ્પના પકડી છે. મારી પ્યારી માટી એને એક દિવસ સજીવન કરી બતાવશે. જોજો, વાટ જોજો: હસી ન કાઢતા. એ કૃતિ તો દેશભરમાં નામના કાઢશે. હા-હા-હા-હા, લો ત્યારે હવે હું જઈશ, હો!'' હસીને એ ક્ષીણ દેહ ઊભો થયો.

''એક પલ ઊભા રહો. આવું ક્યારે બન્યું? કેટલો વખત થયો એ કન્યાને?'' જલદેવીએ ગાલે આંગળી ઠેરવીને પૂછ્યું.

''બરાબર સાડાત્રણ વરસ. નથી મનાતું? કાંઈ નહિ. લો ત્યારે, જય જય.''

કલાકાર ચેટક કરીને ચાલ્યો ગયો તે વેળા જલદેવી પરસેવે રેબઝેબ હતી. અકળામણ થતી હોય તેમ એ ઊઠી. ''અહીં બહુ ગરમી છે'' એમ કહી એ લતા-મંડપની બહાર જઈ લાંબા શ્વાસ લેવા લાગી. દરિયાકાંઠાની

સવારની શીતળ હવાનાં લહેરિયાં એનાં ફેફસાંને જાણે ઓછાં પડતાં હતાં. બન્ને જણાં ફરીવાર એકલાં પડ્યાં.

મહેમાન મિત્રે જલદેવીના મોં પર ગભરાટ જોયો. પણ એ આખી વાત સમજ્યો નહોતો. એણે આશ્વાસન આપવા માંડ્યું: "દેવી, તમારું દિલ એ વાતથી દુભાયું છે: ખરું? પણ એથી વધુની ધારણાય તમે શી રીતે રાખી શકો?"

"ધારણા?" જલદેવીના અંતર-તાર જુદી જ દિશામાં સંધાયા હતા: "ડૂબી મૂએલો માનવી એ રીતે પૃથ્વી પર પાછો આવે એવી ધારણા?"

"ઓહો, તમે પેલા પાગલ કલાકારની દરિયાઈ પરીકથાનો વિચાર કરો છો?"

"માસ્તર સાહેબ, છેક જ એ એક પાગલની પરીકથા નથી."

"હાં-હાં, ત્યારે તો એ મૂએલા ખલાસીની વાતે તમને ગભરાવ્યાં છે! સમજેલો કે ઘરનાં લોકોએ આજનો ઉત્સવ તમારાથી ગુપ્ત રાખ્યો તેથી – તમારા પતિ અને બાળકો એ જૂની સ્મૃતિની દુનિયામાં જીવે છે, અને તમને એમાં દાખલ કરતાં નથી, તેથી – તમે દુભાયાં હશો."

"ના રે ના, પતિના ઉપર મારો એકલીનો જ કબજો માગવાનો મને શો હક્ક હોઈ શકે? એમ તો એ બાપડાંને બધાંને હું પણ મારી સૃષ્ટિની બહાર રાખીને જ જીવી રહી છું ના?"

"ત્યારે શું તમને દાક્તર ઉપર ખરો પ્રેમ નથી?" અતિથિનો અવાજ ધીરો પડી ગયો.

"પ્રેમ તો અપાર છે. મારો પ્રાણ ઠાલવીને એને ચાહતાં શીખી છું. એટલે જ આ બધું આટલું ભયાનક – આટલું અગમ્ય અને અકલ્પ્ય – થઈ પડ્યું છે ના?"

"દેવી! તમે મને આજે તો તમારું દર્દ કહી નાખો."

"ના, આજે નહિ. કોઈ બીજે દિવસે વાત."

અંદરથી નાની દીકરીએ સામું જોયા વિના નીચે મોંએ જ સાદ પાડ્યો: "બા, બાપુજી આવી ગયા છે. તમને અને માસ્તર સાહેબને અંદર

આવવા કહે છે.''

બન્ને અંદર ચાલ્યાં. કપડાં ઉતારીને ઝૂલતા પાયજામા તથા પહેરણમાં શોભતા દાક્તર સામા આવ્યાઃ ''બસ, હું હવે પરવારીને જ આવ્યો છું. હવે તમારી સેવામાં ખડે પગે હાજર છું, જલદેવી!''

''રહો, હું આવી!'' એમ કહેતી જલદેવી પાછી લતામંડપમાં દોડી; ફૂલહાર ને તોરો લઈ પાછી આવી. નાની પુત્રી હર્ષે પોકારી ઊઠીઃ ''ઓહો! અત્યારમાં આવાં સુંદર ફૂલ ક્યાંથી!''

બા કહેઃ 'આપણા પેલા કલાકાર ભાઈ આપી ગયા.'' હસીને ઉમેર્યુંઃ ''આજે તો જન્મગાંઠ છે ખરી ને!''

દીકરીઓનાં મોં ઝંખવાણાં પડી ગયાં. મોટીએ નાની સામે નજર કરી. એ નજર બોલતી હતી કે, 'સવારે તેં જ ઉતાવળી બનીને કલાકારને સાચું કહી નાખ્યું હતું'.

આખી વાતને એટલેથી જ કાપી નાખવા પ્રયત્ન કરતા દાક્તર બોલ્યાઃ ''હાં – એ તો કાંઈ નહિ – લો, ચાલો હવે.''

''નહિ.'' જલદેવીએ કહ્યુંઃ ''ચાલો, છોકરીઓ, હું પણ તમારાં સહુનાં ફૂલોની સાથે બાને માટે આ મારી ભેટ ધરીશ.'' એમ કહી માયાળુ પગલે એ પરસાળમાં ગઈ. મેજ પર ફૂલ-છલકતો થાળ હતો. તેમાં પોતાના તરફથી હારતોરા ધર્યા.

દાક્તરની આંખોમાંથી આંસુ દડી પડ્યાં. બન્ને દીકરીઓ બીજા ઓરડામાં ચાલી ગઈ. મોટી બોલીઃ ''બાપડીનું અંતર ભોળું છે, હો!''

''છે ભોળું!'' નાનીએ અંગૂઠો દેખાડ્યોઃ ''બાપુજીને નચાવવાના બધા ચાળા! અત્યાર સુધી લતામંડપમાં માસ્તર સાથે બેસીને એકલી કોણ જાણે શીયે વાતો કરતી હતી! બાપુ આવે એટલે બધી વાચાળતા કોણ જાણે ક્યાં મરી જાય છે. માયલા ભેદની –''

''ચૂપ, ચૂપ! તું પાપમાં પડે છે, ગાંડી!''

''પાપ તો પાપ. બાકી, આપણે ને એને શું? એ આપણા માયલું માનવી જ નથી. એની ને આપણી દુનિયા જ જુદી છે. બાપાજી કોણ જાણે

કયા પાપે એને આ ઘરમાં ઘસડી લાવ્યા છે. જોજે, એક દિવસ આપણી નજર સામે જ એ ગાંડી થઈ જવાની. એની મા પણ ગાંડી થઈને જ મરેલી."

"ભલી થઈને તું ચૂપ થા. બાપુજીને ખાતર તું જીભ બંધ રાખ."

"બળ્યું!"

[2]

ખડકોની ધાર ઉપર એક નાની પગથી બંધાએલી છે. એ પગથી ઊંચેથી ધીરે ધીરે ઢોળાવ પકડીને તળેટીમાં સમુદ્ર તીરે ઊતરતી જાય છે. તળેટીમાં આરામ-ભવનો, સંગીતાલયો ને 'બૅન્ડ-સ્ટૅન્ડો' બંધાયાં છે. હાથમાં હાથ પરોવીને પરદેશી પ્રવાસીઓનાં જોડલાં પગથી પર ચાલ્યાં જ આવે છે. એ પ્રવાહ તૂટતો જ નથી. વાયરામાં રંગરંગનાં વસ્ત્રો લહેરાઈ રહ્યાં છે, સંધ્યાકાળનો સૂર્ય દરિયામાં ઊતરતો ઊતરતો એ ખડકોનાં શિખરોને, ખાડીને, હારબંધ ઊભેલાં ગુલમોરનાં ઝાડોને અને માળા તરફ ઊડી આવતાં પક્ષીઓને પોતાની આંખની છેલ્લી ગમગીનીમાં રંગતો જાય છે. આખરી શોભામાં હંમેશાં જે ઉદાસી રહેલી છે, તે નથી હસવા દેતી કે નથી પ્રાણ ઠાલવીને રડવા પણ દેતી.

દાક્તરે પત્નીને કહ્યું: "જોયાં! છોકરાં તો બન્ને માસ્તરની અને કલાકાર ભાઈની સાથે દોટાદોટ ચાલ્યાં જાય છે, આપણે છેટું પડી ગયું."

"આપણે અહીં જ બેસીએ." જલદેવી બોલી.

"અહીં બાંકડો અલાયદો છે."

"ના, અહીં ખડકના પથ્થરો પર બેસવું જ ઠીક પડશે."

"આખરે દરિયાનો જીવ ખરો ને! પાણી ભાવે, ને પથ્થર ભાવે: ખરું?"

"ખરું. આવો, અહીં બેસીએ. મીઠી એકાંત છે."

"હા. ને આજ થોડી વાતો કરી નાખીએ."

"વાતો વળી શાની?"

"પહેલાં તારી, ને પછી આપણી બન્નેની, વહાલી દેવી! હવે આપણું ગાડું આમ નહિ જ ચાલે એમ મને ખાતરી થઈ છે."

"તો હવે શું કરશું?"

"પરસ્પર પૂર્ણ વિશ્વાસનું, ખુલ્લા દિલનું, અગાઉના જેવું સહજીવન."

"હા! હા!" જલદેવીએ નિઃશ્વાસ મૂક્યો: "ઘણુંયે ઇચ્છું છું કે એમ બને. પણ હવે તો એ અશક્ય જ બની ગયું."

"હું એ સમજું છું. તારા કેટલાક ઉદ્‌ગારો પરથી –"

"ના ના, તમે નથી સમજતા – કશું જ નહિ."

"જલદેવી! હું સમજું છું. તારા જેવી નિખાલસ દિલની જુવાન સ્ત્રીને માટે બીજવરની પત્ની બનવામાં હૃદયનો મેળ ન જ મળી શકે."

"શાથી એમ માન્યું?"

"મને મનમાં એમ થયા જ કર્યું છે. આજે એ વધુ સ્પષ્ટ બન્યું. મરનાર સ્ત્રીના ઉત્સવમાં હું ભળ્યો તે તને ન ગમ્યું. પણ હું શું કરું? માણસ પોતાના ભૂતકાળને એમ સહેલાઈથી નથી ભૂંસી શકતો – હું તો નહિ જ ભૂંસી શકું."

"હું સમજું છું: ન જ ભૂંસી શકાય."

"તમને એમ લાગ્યા કરે છે, દેવી, કે મારું હૃદય મરનારની ને તારી વચ્ચે વહેંચાયેલું છે: જાણે છોકરીઓની બા હજુય મારા જીવનમાં અંતરીક્ષે રહીને રસ લઈ રહી છે. એટલે જ તું મારી સાથે છેલ્લાં અઢી વર્ષથી દેહસંબંધ નથી રાખી શકતી: ખરું?"

શાંતિ સાચવીને જલદેવી પથ્થર પરથી ઊઠી બોલી: "ત્યારે શું તમે મારા અંતરમાંનું બધું જ આરપાર જોઈ લીધું છે એમ તમને લાગે છે?"

"આજે તો છેક તળિયા સુધી જોવાઈ ગયું."

"ના ના, દાક્તર! તમે બધું જ નથી જોઈ શક્યા."

"હું જાણું છું કે હજુ બાકી છે."

"બાકી છે એ જાણો છો?"

"હા. તને આ સ્થળ, આ વાતાવરણ, આ દુનિયા જ અસહ્ય થઈ પડ્યાં છે. આ ડુંગરા જાણે તારી છાતી પર ચડી તને છૂંદી રહ્યા છે. આ ખાડી, આ હવા – આ બધું તને સાંકડું દેખાય છે. ઊંચે આકાશ પણ

જાણે કે તારે જોઈએ તેટલું પૂરું પહોળું નથી. હવામાંયે જાણે તારા શ્વાસ ગૂંગળાય છે."

"સાચું છે. દિવસ ને રાત, શિયાળો અને ઉનાળો – એ બધાંનો ભાર મને ચગદે છે. મને જાણે દરિયો બોલાવ્યા કરે છે."

"માટે જ મેં નક્કી કર્યું છે કે દરિયાનું બિચારું બીમાર બાળ પાછું પોતાને દરિયાઈ ઘેર જવાનો સમય પામે."

"એટલે શું કહો છો?"

"કહું છું એમ, કે આપણે અહીંનો વસવાટ છોડીને ક્યાંઈક દરિયામાં, કોઈ તારું હૈયું ઠરીને બેસે એવા દરિયાઈ સ્થાને, રહેવા જશું. ત્યાંના સ્થળફેરથી તને શાતા વળશે. તારું શરીર આરામ પામીને નવું લોહી મેળવશે. મેં એ ચોક્કસ કર્યું છે. અહીંનો વહેવાર હું સંકેલવા પણ મંડી ગયો છું."

"તમે ધરતીના જીવ: તમારું મારી સાથે શું થશે? ના ના, હું તમારા જીવતરનો નાશ કેમ કરું?"

"નાશ નહિ થાય. તારી સાથે હું ગમે ત્યાં – ઉત્તર ધ્રુવમાં પણ – સુખ પામીશ. વળી, તને – મારાથી અત્યારે લાખો જોજન દૂર પડી ગયેલીને – હું પાછો મારા હૈયા સુધી લાવી શકીશ. તને ખોવાયલીને હું ફરી પ્રાપ્ત કરીશ."

ધીરે રહીને નમેલાં પોપચાં પ્રયત્નપૂર્વક ઊંચાં કરીને, એક વાર પતિની સામે નિહાળી લઈ જલદેવી નિષ્પ્રાણ સ્વરે બોલી: "મને પાછી મેળવવાનું – અરેરે! તમારાથી એ નહિ થઈ શકે. એ જ વાત મારા હૃદયને ચીરી રહી છે. તમને મારે હવે આજ તો સીધેસીધી બધી વાત કહી નાખવી જ જોઈએ. બધું મોઘમ રહેવાથી ગોટાળો વધે છે, ને મારે ખાતર તમારું સત્યાનાશ નીકળવા બેઠું છે."

"તારે જે કહેવું હોય તે કહી દે."

"અહીં પાસે આવો; બેસો."

"બોલો, ચાલો."

"તમે તે દિવસે મારા બાપુને ઘેર આવીને મારી માગણી કરી. તમારો આગલો સંસાર સુખી હોવાની નિખાલસ વાતો કરી. એ બધું યાદ છે?"

"શબ્દેશબ્દ યાદ છે. મારો આગલો સંસાર સાચેસાચ બહુ –"

"નાના, એ મુદ્દો મારી વાતનો નથી. પણ મેં તમને કહેલું કે, મારા પૂર્વસંસારમાં પણ એક પ્રેમપ્રસંગ કંઈક જીવન-જોડાણ – જેવું હતું, એ યાદ છે?"

"જીવનના જોડાણ જેવું? હશે. પણ અત્યારે એ વાતને ઉખેળવાની શી જરૂર છે? હું એ નામનું પણ અનુમાન કરી શકું છું. માસ્તર –"

"ત્યારે એ નામ સાચું નથી. તમે ભૂલ્યા છો. માસ્તર તો ફક્ત મારા માયાળુ મિત્ર જ હતા."

"માસ્તર નહિ? બીજો કોઈ?" દાક્તરની વ્યાકુળતામાં ભોંઠામણ તેમ જ નિરાશા દેખાતાં હતાં. "દેવી! માસ્તર તારા જૂના બંધુજન હોવાથી એનો ફરી મેળાપ તને ખીલતી બનાવશે એ આશાએ તો મેં એને અહીં તેડાવ્યા છે."

જે પતિને પોતે ચાહી ન શકતી, તેના દિલની આવી ઉદારતા દેખીને જલદેવી અંદરથી ચિરાઈ ગઈ.

"ત્યારે બીજો કોણ? ત્યાં એવો કોઈ જુવાન તો નહોતો."

"એવો કોઈ ત્યાં નહોતો, ખરું; પણ અમારા ગામને ખોળે જાપાન તરફનું એક મોટું જહાજ પડેલું મરામત માટે એ યાદ છે? એનો સિંહાલી ટંડેલ યાદ છે? મારું પહેલું વેવિશાળ એની સાથે થયું હતું."

"તું આ શું કહે છે, દેવી! એ અજાણ્યા પરદેશીની સાથે તારું વેવિશાળ? એની સાથે તારો પરિચય ક્યાંથી? એકબીજાનાં જીવનની ઓળખાણ ક્યાંથી?"

"કશું જ નહિ. બધું નજીવું. પરિચય ટૂંકો. દરિયે હું ફરવા જતી, ને અમે બેઉ વાતો કરતાં. હું એટલું જ જાણી શકેલી કે એ અસલ લંકાનો વતની, પણ નાનપણથી જ દરિયાઈ સફરે ગયેલો: દેશવિદેશ દીઠેલા. બીજી ઝીણી માહિતીમાં અમે ઊતર્યાં નહોતાં. વાતો કરતાં, પણ માત્ર દરિયાનાં

જળચરોની, દેવમાછલીઓની, જળઘોડાની, નાગકન્યાની, જળ-કૂકડીઓની, ભયંકર ટાપુઓની, ભાતભાતના સૂર્યાસ્તોની, વાવાઝોડાંની, ડૂબતાં વહાણોની. સાંભળી સાંભળીને હું એને નિહાળતી. દરિયો અને એ બેઉ એકાકાર બનેલા દેખાતા. મને એ જળદેવતા જણાતો. એની આંખો – હા, એની આંખો – મને મારી ઇચ્છા વિરુદ્ધ જાણે ખેંચ્યા કરતી. અમે એક દિવસ એકાંતે મળ્યાં. એણે પોતાની ચાવીઓના ઝૂડાની વાળી કાઢીને મારી આંગળીમાંથી એક વીંટી ને બીજી વીંટી પોતાની આંગળીમાંથી કાઢી. બન્ને વીંટીઓને પેલી વાળીમાં પરોવીને મને કહ્યું કે, 'જો, આ દરિયાની સાક્ષીએ આપણે બેઉ જોડાઈએ છીએ'. એટલું કહીને એણે ખૂબ જોરથી એ વીંટીઓ પરોવેલી વાળીનો ઘા કર્યો. દરિયાનું પાણી પાતાળ જેટલું ઊંડું હશે ત્યાં એ વીંટીઓ જઈ પડી ને ડૂબી ગઈ." એટલી કથાને અંતે જલદેવીની મીટ પાછી દરિયા પર મંડાઈ.

"તેં શા સારુ આવું કરવા દીધું, દેવી?"

"કોણ જાણે. મને ખબર નથી. પણ સારું થયું કે એ ચાલ્યો ગયો. પછી મને ભાન આવ્યું. એ બધી મૂર્ખાઈ પર હું હસી પડી. મેં એને કાગળ લખ્યો કે, તારે ને મારે કાંઈ નથી. લાંબે દહાડે એનો કાગળ આવ્યો. એ કાગળમાં મારા લખાણ વિષે કશો ઇશારો જ ન મળે: જાણે સંબંધ તૂટ્યો જ નથી! એક જ વાત લખેલી – ઠરેલે અક્ષરે, સમતાથી લખેલી કે, 'હું પાછો તને લેવા આવવાનો જ છું. મારી વાટ જોજે'. મેં ફરીને લખ્યું – વધુ મક્કમ શબ્દે લખ્યું – કે, તારે-મારે કાંઈ નથી'. પણ એનો જવાબ તો એ-નો એ જ: 'આવું છું. વાટ જોજે.' એક રુમસામથી, એક જંગમ બેટથી, ત્રીજો ચીનથી: એમ ત્રણ કાગળો મળ્યા."

"તારા ઉપર શું આ રખડુ પરદેશીએ જાદુ છાંટ્યું?"

"ઓહો! ભયંકર માણસ, દાક્તર! બહુ ભયંકર."

"તો, દેવી, હવે એ વાતને જ વીસરી જા. હવાફેરથી તને આરામ મળી જવાનો."

"ના ના, આરામ હવે મળશે નહિ. એ આશા રાખશો નહિ. હું એને

મારા અંતર પરથી ઉખેડી શકતી નથી. આંહીં કે બીજે ક્યાંય – એ વશીકરણ અતિ ભયંકર ને અકળ છે."

"પણ હવે તો એ વાતને વર્ષો વીતી ગયાં. હવે શું છે?"

"સાચું. હું લગભગ ભૂલી ગઈ હતી. પણ એક દિવસ, ત્રણ વર્ષ પહેલાં એક દિવસ જાણે ઓચિંતો એ મારી સામે આવીને સદેહે ઊભો રહ્યો – બરાબર જ્યારે મારે બાળક અવતરવાનો સમય નજીક હતો ત્યારે જ."

દાક્તર ઘડી ઘડીમાં આવેશ બતાવે તેવા છીછરા નહોતા પણ એની ગંભીરતા તે ઘડીએ ખૂટી ગઈ: "દેવી! હવે મને ઘણું ઘણું સમજાય છે. છેલ્લાં ત્રણ વર્ષથી તમે મારી પથારી તજી છે, શરીરસંબંધ છોડ્યો છે અને પરપુરુષની સ્મૃતિમાં જ પડી જઈ પારકાની માળા જપી પોતાનાને અવગણ્યો છે!"

"દાક્તર! ઓ વહાલા!" પોતે બેઠેલી તે પથ્થરને ઉખેડી નાખવા મથતી હોય એમ હાથ દબાવીને એ બોલી ઊઠી: "એવું ન બોલો. તમારા સિવાય મેં બીજા કોઈની કાળજી નથી કરી."

"ત્યારે શા સારુ મારી સાથેનો પતિ-પત્ની સંબંધ તેં બંધ પાડ્યો છે?"

"એ વાત ભયંકર છે – ન ઉચ્ચારી શકાય તેવી ભયંકર છે. શું કહું? છોકરો મરી ગયો તેની આંખોનો ભેદ તમને યાદ છે? એ ગેબી આંખો –"

"દેવી! એ તો કેવળ તારી ઘગેલી કલ્પના જ છે. એવું કશું એ બાળકની આંખોમાં નહોતું. સાધારણ બાળકોના જેવી જ એની આંખો હતી."

"ના, દાક્તર, છોકરાની આંખો દરિયાના રંગપલટાની સાથે રંગો બદલતી હતી. ખાડી જ્યારે સૂર્યના તાપમાં ચળકતી પડી હોય, ત્યારે એની આંખોમાં પીળો કનકવર્ણો ઝલકાટ ઊઠતો. દરિયો જ્યારે તોફાને ચડતો ત્યારે એની આંખો ડોળાઈને ઘૂમાઘૂમ કરતી."

"હશે; પણ તેથી આપણને શું? એ બાપડો તો ચાલ્યો ગયો છે!"

"દાક્તર, નજીક આવો. વધુ કહું." પોતે પાસે જઈને પતિને ધીરે સાદે કહ્યું: "એવી જ આંખો મેં અગાઉ દીઠેલી છે."

"ક્યાં? ક્યારે? કોની?"

"મારા બાપુને ગામ, રોહિણી ટાપુ ઉપર, દસ વર્ષ પૂર્વે. એ જ પરદેશીની આંખો." "દેવી!" દાક્તરનું દિલ વલોવાઈ જતું હતું.

"હવે તમને સમજાશે કે શા માટે મારાથી તમારી સાથે સ્ત્રી-સંબંધ ન રાખી શકાયો: શા માટે હું ભયથી ત્રાસતી દૂર ને દૂર ભાગતી રહી. ફરીવાર એ આંખો મારાથી જોઈ ન શકાત."

[3]

દાક્તરના ખુલ્લા, બહોળા મકાનને જાણે એક અદશ્ય દીવાલ વીંટળી વળી હતી. સુખનાં અજવાળાં એ દીવાલની બહાર ઊભાં ઊભાં અંદર આવવા છલંગો મારી રહ્યાં હતાં. ઘરમાં ચાર જણાં હતાં; પણ પ્રેતો વસતાં હોય એવું ભૂતિયું ઘર બન્યું હતું. હસમુખા ચહેરાઓ અરધું હસી હસીને પાછા કરમાઈ જતા. ગૂંગળાટ જાણે મુક્ત શ્વાસને રૂંધતો હતો. બન્ને દીકરીઓ માબાપનાં શૂન્ય, અગમ્ય મોઢાં જોઈને એકાદ નાના સ્મિતની પણ રાહ જોતી.

*

આજે સંધ્યા છે. ઘરથી થોડે વધુ આઘે – પણ ખાડીની ઊલટી જ બાજુમાં – મોટાં ઝાડોનાં ઝાંખરાં નીચે મોટી પુત્રી અને માસ્તર ઊભાં છે. મોટી બોલે છે કે, "હું ક્યાં જાઉં? શી રીતે છૂટું, માસ્તર સાહેબ! બાપુજીનું શું થાય? નવી બા એની સંભાળ નહિ લઈ શકે. એને ધ્યાન નથી. એ તો ભૂલી પડેલી ગાય છે. બાપુ બિચારા પોતાની આસપાસ આનંદી ચહેરા જોવા ઉત્સુક રહે છે. હું અહીં નહિ હોઉં ત્યારે એ કોના ચહેરા સામે જોઈ આંખો ઠારશે? નવી બાની ગમગીની બાપુને ભરખી જશે."

"પણ અહીં તો દેશ-વિદેશો ભેગા થાય છે; આવો સપ્તરંગી સમુદાય મળે છે. એનાથી શા સારુ તમે તરતાં ને તરતાં રહો છો?"

"દુનિયા સાથે અમારે જાણે કશી સ્નેહગાંઠ જ નથી રહી. અહીંથી ભાગી છૂટવાનું મન થાય છે."

એ જ વખતે દૂરથી,

*દરિયાના બેટમાં રહેતી,*
*પ્રભુજીનું નામ લેતી હું દરિયાની માછલી.*
*મને બારણે કાઢવી નો'તી: હું દરિયાની માછલી*

– એવું ગીત ગાતી ગાતી નવી બા ખડકોમાં ફરીને ચાલી આવે છે. એના આખા શરીરમાં તરવરાટ છે. કોઈ અકળ કારણસર ઉત્તેજિત થઈ હોય તેમ એ આવીને બોલી ઊઠી: "વાહ! અહીં સરસ છે, હો!"

"બેસો ને, જલદેવી!" માસ્તરે કહ્યું.

"ના ના, બેસવું તો નથી જ. ઊભવાનું ને દોડવાનું મન થાય છે. દરિયામાં દૂર પેલું કયું જહાજ દેખાય છે, ભલા?"

"ઉત્તર દેશનું જહાજ લાગે છે." પુત્રી બોલી.

"બોયા પાસે થઈને ત્યાં મછવા ઊભા છે તે ઠેકાણે અડધો કલાક રોકાશે. પછી પેલી બાજુ થઈને ખાડીમાં આવશે."

"અહીં રોકાશે?"

"હા, ખાડીમાં કિનારે એક જ દિવસ નાંગરશે."

"ને પાછું કાલે ચાલ્યું જશે, ખરું? અસીમ મહાસાગરની સફરે નીકળી પડશે. આહા! એ બધા મુસાફરોની સાથે જઈ શકાતું હોત! અસીમ સાગરમાં પૃથ્વી દેખાય જ નહિ. કેવું સુખ!"

"તમે કદી મોટી સફર કરી જ નથી શું?"

"ના રે ના, ખાડીમાં જ ફર્યા છીએ." પુત્રીએ નિઃશ્વાસ નાખીને કહ્યું: "આપણાં પનારાં જ સૂકી પૃથ્વી સાથે પડ્યાં, ત્યાં બીજું શું થાય!"

માસ્તરે કહ્યું: "ગમે તેમ તોય પૃથ્વી આપણું ખરું વતન છે, આપણી માતા છે."

"ના ના," જલદેવી બોલી ઊઠી: "મને તો લાગે છે કે લોકો જો પહેલેથી જ જળ ઉપર – અરે, જળની અંદર જળચરોની માફક – રહેતાં

હોત તો વધુ સુખી થાત અને સારાં થાત. મને એમ થાય છે કે મનુષ્યો ધરતીને ટેવાઈ પડ્યાં છે, પરંતુ એનાં ઊંડાં અંતરમાં તો ઉદાસી અને છુટકારાની ઝંખના જ ભરી છે. જમીન સાથે જાણે સહુને જકડાઈ રહેવું પડે છે.''

''એમ તો ન હોય. માણસો એવાં ઉદાસ ક્યાં દેખાય છે, જલદેવી? મોટે ભાગે તો, ઊલટાં, સહુ દુઃખને વીસરી જઈ લહેર ઉડાવે છે.''

''એ લહેર મને તો આવતા દોહ્યલા દિવસોની એંધાણી જ લાગે છે: દૂર દૂર ચાલ્યાં આવતાં તોફાનનાં વાદળાં જેમ આ ચળકતી પડેલી ખાડી ઉપર થોડી વાર મધુરો વાદળી રંગ છવરાવે છે, ને થોડી વાર પછી એકાએક બધું કેવું કાળુંઘોર!''

''જલદેવી, તમે કેમ ગમગીન બની ગયાં! હજુ હમણાં તો તમે હસતાં રમતાં હતાં.''

''કંઈ નહિ, કંઈ નહિ. એ તો જરા મારું ગાંડપણ છે.'' એમ કહીને જલદેવી ચારેય બાજુ ચકળવકળ જુએ છે: ''દાક્તર ક્યાં ગયા? મને કહ્યું હતું છતાં હજુ કેમ ન આવ્યા? તમે ઝટ જશો? એને કહેજો કે ઝટ આવે; કેમકે હું હવે એને કલ્પનામાં જોઈ શકતી નથી.''

''જોઈ શકતાં નથી?'' માસ્તર તાજ્જુબ થયા.

''તમે સમજ્યા નહિ. ઘણી વાર એ જ્યારે મારી પાસે નથી હોતા ત્યારે હું યાદ કરી કરીને મથું છતાં એની મુખમુદ્રા મને યાદ જ ન આવે: જાણે એવું થાય છે કે હું એને ખોઈ બેઠી. એ દશા મને અસહ્ય થઈ પડે છે. ભલા થઈને ઝટ જાઓ ને!''

જલદેવી ઝાડની ડાળી ઝાલીને વ્યાકુળ ચિત્તે ઊભી રહી. માસ્તર ગયા તેની પાછળ ''માસ્તર સાહેબ, હું તમને રસ્તો બતાવું...'' એમ કહેતી, નવી બાથી ફાળ ખાતી મોટી બહેન પણ ચાલી ગઈ. નવી બાની સાથે એ ઝાંખરાં નીચે એકલાં ઊભાં રહેવામાં એને ભય હતો.

એકલી ઊભી ઊભી જલદેવી જાણે પોતે પોતાની સાથે ગુપ્ત વાતો કરતી હોય તેમ ગણગણતી હતી. એ સમયે ચોગાનની જાળીની બહાર

ઝાડનાં સૂકાં પાંદડાં સળવળ્યાં. એક મુસાફર હાથમાં નાની બૅગ લઈને જાળીની બહાર ઊભો રહ્યો. જાળીની નજીક આવ્યો. અંદર ડોકાઈને બાગમાં નજર કરી. ઓચિંતી એણે જલદેવીને દીઠી. સ્થિર બની ગયો. નજર ચોડીને જલદેવીને નિહાળી રહ્યો. ધીરે સાદે બોલ્યો: "દરિયાપરી!"

ઝબકેલી જલદેવીએ ચોંકીને પછવાડે જોયું. પરદેશીને દીઠો. દેખતાં જ જાણે ઓળખાણ પડી હોય તેમ બોલી ઊઠી: "ઓ પ્યારા! આખરે તમે આવી પહોંચ્યા!"

"હા, આખરે આવી પહોંચ્યો છું, દરિયાપરી!" દરિયાના વમળમાંથી ઊઠે તેવો એનો આર્તસ્વર આવ્યો. એનું ડોકું હલ્યું.

એક પલમાં તો જલદેવી બદલી ગઈ. અવાજ ફાટી જાય એવી ચીસ પાડીને બોલી: "તમે કોણ છો? શા માટે અહીં આવ્યા છો? કોને શોધો છો?"

"હું ધારું છું કે તમને જ." ઠંડોગાર જવાબ મળ્યો. એ બે આંખોની મીટ અચલ હતી.

જલદેવી ધ્રૂજી ઊઠી. પરદેશીની સામે તાકી રહી, ને પાગલની પેઠે બોલી ઊઠી કે, "એ જ આંખો!"

"આખરે ઓળખાણ પડવા માંડી ને! મેં તો તને એકદમ ઓળખી કાઢી, મારી દરિયાપરી!"

"તમે મારી સામે શા માટે તાકી રહ્યા છો? ડોળા ન કાઢો. હું હમણાં ચીસ પાડીને લોકોને બોલાવીશ."

"ચૂપ! દરિયાપરી! હું તને કશી જ ઇજા નથી કરવાનો: તું ગભરા નહિ."

જલદેવી પોતાના હાથ આંખો પર ઢાંકીને બોલી: "ભલા થઈને મારી સામે એમ તાકી ન રહો."

તારની વાડ ઉપર પોતાનું મોં ટેકવીને પરદેશી બોલ્યો: "દરિયાપરી! હું આ ઉત્તર દેશના જહાજમાં આવ્યો છું."

જલદેવીએ છાની એક દૃષ્ટિ નાખીને પૂછ્યું: "તમારે મારી સાથે શું

છે?"

"મેં તને કોલ દીધેલો ને, કે હું વહેલો વહેલો આવી પહોંચીશ!"

"નહિ, અહીં હવે કદી ન આવશો. તમારી અને મારી વચ્ચે હવે શું છે તે? બધું જ સમાપ્ત થઈ ગયું છે, એ તો તમને ખબર છે."

જાણે કે એ જવાબને સાંભળ્યો જ ન હોય તેમ મુસાફર એ-ના એ ઠરેલા અવાજે બોલ્યો: "મારે આવવું તો હતું ક્યારનુંય; પણ આથી વહેલું ન બની શક્યું. ખેર! આખરે આવી તો પહોંચ્યો છું ને!"

"શા માટે? શા માટે? શા માટે તમે અહીં આવ્યા?"

"તને તેડી જવા માટે."

"મને તેડી જવા માટે? તમે જાણો તો છો, કે હું પરણી ગયેલી છું."

"જાણું છું."

"તે છતાં મને તેડી જવા આવ્યા છો?"

"બેશક, બેશક!"

"ઓ પ્રભુ! ઓહ! ત્રાસ!" એવું લવતી જલદેવીએ બે હાથ વચ્ચે માથું દબાવી દીધું.

"દરિયાપરી! તારે મારી સાથે નથી આવવું?"

"ના, ના, ના! કદી નહિ આવું – નહિ આવી શકું. મારામાં હિંમત નથી."

મુસાફર તારની વાડ ટપીને અંદર આવ્યો. નજીક જતાં જતાં કહ્યું: "દરિયાપરી! હું જાઉં તે પહેલાં તને એક વાત કહી દઉં."

એને નજીક આવતો દેખીને જલદેવી પોકારી ઊઠી: "દૂર રહેજો. પાસે ન આવતા. મને અડકતા નહિ. કહું છું કે મને અડકતા નહિ."

તોયે પ્રવાસી મક્કમ પગલે ધીરે ધીરે નજીક આવ્યો. બોલ્યો: "દરિયાપરી! તું શા સારુ મારાથી આટલી ગભરાય છે?"

"મારી સામે એમ આંખો રાખીને તમે ન તાકી રહો." એટલું બોલીને એ આંખોમાં કોઈ કાળ ભાળતી હોય એમ જલદેવીએ પોતાની આંખો આડે હાથ દાબી દીધો.

"તું ગભરા નહિ: બી નહિ."

"દેવી! તારે બહુ રાહ જોવી પડી, ખરું?" એવો અવાજ દેતા દાક્તર કમાનની બાજુથી ચાલ્યા આવ્યા. હજુ એણે મુસાફરને દીઠો નહોતો. જલદેવી દોડીને દાક્તરને બાઝી પડી: "ઓ દાક્તર! મને આનાથી બચાવો!"

એણે આંગળી ચીંધાડી. મુસાફરની આકૃતિ અચલ જ ઊભી હતી.

"કોનાથી? આનાથી?... કોણ છો તમે? શા માટે મારા બાગમાં દાખલ થયા છો?"

મુસાફરે જલદેવીની સામે આંગળી કરીને કહ્યું: "હું તો એમની સાથે વાત કરવા માગું છું."

"મારી સ્ત્રી સાથે શી વાતો કરવી છે તમારે?... તું એને ઓળખે છે, જલદેવી?"

"દાક્તર! એ પોતે જ પેલો – મેં કહ્યું હતું તે – મનુષ્ય છે."

"હાં હાં, પણ તમારે મારી પત્નીની સાથે શી નિસ્બત છે હવે? તમે જાણો છો ને, કે વર્ષોથી એ મને પરણી ચૂકી છે?"

"હા, મેં એ ત્રણ વર્ષ પર જ જાણ્યું."

"તમે શી રીતે જાણ્યું?" જલદેવીથી વચ્ચે પુછાઈ ગયું.

"જહાજમાં જૂનાં છાપાં વાંચતાં તમારા એ લગ્નની વાત જાણી."

"લગ્ન! હા, લગ્ન!" જલદેવીથી બોલી જવાયું.

"દરિયાપરી!" પ્રવાસીએ દાક્તરના અસ્તિત્વની પરવા કર્યા વિના જલદેવીને સંબોધન કર્યું: "મને અજબ લાગેલું. હું તાજુબ થયેલો; કેમકે પેલી બે વીંટીઓ – દરિયાપરી! એ પણ શું લગ્ન નહોતું!"

"ઓહ!" જલદેવીએ ચહેરો ઢાંક્યો.

"આટલી ધૃષ્ટતા કરનાર કોણ છે તું?" દાક્તરની આંખો લાલ બની. પણ પ્રવાસીએ એના તરફ નજર ન કરતાં જલદેવીને જ પૂછ્યું: "એ તું ભૂલી ગઈ શું?"

દાક્તરથી ન રહેવાયું. એણે પ્રવાસીની નજીક જઈ ઉગ્રતાથી કહ્યું: "તારે જે વાત કરવી હોય તે મારી સાથે કરવાની છે. બોલ, શા સારુ તું

મારી સ્ત્રીની પાછળ પડ્યો છે?''

પ્રવાસીનો ઉચ્ચાર એક જ હતો: ''મેં દરિયાપરીને વચન દીધેલું કે હું જેમ બનશે તેમ જલદી આવીશ; ને એણે પણ મને કોલ આપેલો કે પોતે મારી વાટ જોશે.''

''તું શા માટે મારી સ્ત્રીને તુંકારે બોલાવી રહ્યો છે? અહીં અમારા સમાજમાં પારકાની સ્ત્રી સાથે એવી તોછડાઈની છૂટ નથી.''

''હું એ બરાબર જાણું છું. પણ પ્રથમ દરજ્જે તો એ મારી જ છે.''

''તારી? હજુ –''

જલદેવી દાક્તરની પછવાડે લપાઈ ગઈ; છુપાઈને બોલી: ''એ મને નહિ છોડે – કદી નહિ છોડે.''

દાક્તર: ''તારી! એ તારી છે?''

વિદેશી: ''તમને એણે મારી ને એની બે વીંટીઓની વાત નથી કરી?''

દાક્તર: ''પણ એથી શું? એ વાતની તો સમાપ્તિ ક્યારની થઈ ચૂકી છે. તને એણે લખી પણ નાખ્યું હતું, એ તું જાણે છે.''

પ્રવાસી: ''પણ એણે અને મેં બંનેએ કોલ કીધા હતા કે અમારી એ વીંટીઓની વિધિને સાચા લગ્નની વિધિ જ સમજવી.''

જલદેવી વચ્ચે બોલી ઊઠી: ''પણ મારે એ નથી ગણવી. હું કહું છું કે મારે એ કશું જ નથી જાણવું. મારી સામે એમ ન જોઈ રહો. હું નથી આવવાની – નથી જ આવવાની.''

પોતાની ખીજમાં થોડો તિરસ્કાર અને ઠેકડી ઉમેરીને દાક્તરે કહ્યું: ''આવી છોકરવાદીને દાવે તું અહીં તારો હક્ક સાબિત કરવા આવ્યો છે? તારું ભેજું ઠેકાણે છે કે નહિ?''

''સાચી વાત. તમે કહો છો એ અર્થમાં તો મારે 'હક્ક' જેવું કશું ન જ હોઈ શકે.''

''એટલે?'' દાક્તર તપ્યા: ''એટલે શું તું એને જોરાવરીથી લઈ જવા માગે છે?''

''ના. એમ કરવાથી શો લાભ? જો દરિયાપરી મારી સાથે આવવા

ચાહતી હોય, તો તેણે મુક્ત મનથી જ આવવાનું છે.''

''મુક્ત મનથી?'' જલદેવી ચમકીને બોલી ઊઠી.

''ને હજુ તને એ વિશ્વાસ છે, એમ ને?''

'મુક્ત મનથી!' જલદેવી જાણે કોઈ મંત્ર રટતી હતી.

દાક્તર: ''નાદાન! તારી અક્કલ ઠેકાણે નથી લાગતી. જા, તારે રસ્તે ચાલ્યો જા. તારી સાથે અમારે કશી જ નિસ્બત નથી.''

પ્રવાસીનું તો આ બધી ઠેકડી કે ધમકી સામે લક્ષ જ નહોતું. પોતાના ધ્યાનમાં એ અવિચલ ઊભો હતો. એણે ખિસ્સામાંથી ઘડિયાળ કાઢીને જોયું. પછી થોડો જલદેવીની નજીક આવ્યો, ને બોલ્યો: ''દરિયાપરી! મારે જહાજ પર જવાનો સમય થયો છે. મેં મારી ફરજ બજાવી છે: મેં તને આપેલો કોલ પાળ્યો છે. એટલે તારે હવે કાલની સાંજ સુધીમાં વિચાર કરી રાખવાનો છે.''

''અહીં કશો વિચારબિચાર કરવાનો છે જ નહિ.'' દાક્તર ફરીવાર તપ્યા.

એની સામે નજર કર્યા વગર વિદેશીએ જલદેવીને કહ્યું: ''અત્યારે તો હું જહાજની સાથે ખાડીમાં જાઉં છું. કાલે રાતે હું અહીં આવીને તને શોધીશ. તું અહીં બાગમાં જ ઊભી રહેજે; કારણ કે મારે તારી એકલીની સાથે જ છેલ્લી પતાવટ કરવી છે. સમજી, દરિયાપરી? અત્યારે તો હું રજા લઉં છું; પણ જોજે, હો, ભૂલતી નહિ: કાલે રાતે–''

''નહિ નહિ.'' જલદેવી વિનવણીના સ્વરે બોલી: ''કાલે ન આવશો – અહીં કદી પણ ન આવશો.''

એ જવાબની અવગણના કરીને પ્રવાસી જાણે પોતાનું આગલું વાક્ય પૂરું કરતો હોય તે રીતે બોલ્યો: ''અને એ વખતે જો તારી ઇચ્છા મારી સાથે મહાસાગરે આવવાની હોય –''

''ઓહ! મારી સામે એમ ન તાકો.'' જલદેવી વચમાં જ બોલી ઊઠી.

વિદેશીએ અધૂરું વાક્ય આગળ ચલાવ્યું: ''તો તું ઊપડવાને માટે તૈયાર રહેજે.''

દાક્તરે જલદેવીને કહ્યું: "તમે ઘરમાં જાઓ."

"મારાથી નથી જવાતું: મારા પગ નથી ઊપડતા."

પ્રવાસીએ ઉમેર્યું: "યાદ રાખજે, દરિયાપરી! કે કાલે જો તું મારી સાથે નહિ આવે, તો પછી બધી વાતનો અંત સમજવો."

"અંત!" જલદેવીએ ધ્રૂજતાં ધ્રૂજતાં એની સામું જોયું. "સદાને માટે અંત?'

ડોકું ધુણાવીને વિદેશીએ કહ્યું કે, "હા; પછી તો, દરિયાપરી, કોઈથી એ નિર્ણય નહિ ફરી શકે. હું ફરી કદાપિ આ ધરતી પર પગ નહિ મૂકું. તું ફરી કદી મને મળી શકશે નહિ, ને મારા સમાચાર પણ તને પહોંચશે નહિ. પછી તો મને તારા પૂરતો તું મરી ગયેલો જ માનજે. માટે જે કરવું હોય તેનો શાંતિથી વિચાર કરજે. રજા લઉં છું."

એમ કહીને એ વાડ પાસે ગયો. ઠેકીને બીજી બાજુ ઊતરી ગયો. થોડી વાર સ્થિર ઊભો રહ્યો. છેલ્લું વાક્ય બોલ્યો: "દરિયાપરી! કાલે સાંજે સફર માટે તૈયાર રહેજે. હું તને તેડવા આવીશ."

ધીરે પગલે, શાંતિથી, કોઈની દહેશત વિના દરિયાકાંઠાની પગથી ઉપર એ પ્રવાસી ચાલ્યો ગયો. જલદેવીની નજર થોડી વાર સુધી એની પાછળ પાછળ ચાલી ગઈ. પછી જાણે સ્વગત બોલતી હોય તેમ એણે ઉચ્ચાર્યું: "મુક્ત મનથી! એણે કહ્યું, જોયું? એણે કહ્યું કે જો મારે આવવું હોય તો મુક્ત મનથી આવવું."

દાક્તર બોલ્યા: "દેવી! તું શાંત પડ. હવે શું છે? ખુદ તારા જ મોંએથી એણે સાંભળી લીધું કે એને ને તારે કશી નિસ્બત નથી. આટલેથી જ આખી વાત ખલ્લાસ થઈ જાય છે."

"ત્યારે... કાં તો કાલે, નહિ તો પછી સદાને માટે ખલ્લાસ. એ જહાજમાં મહાસાગરે નીકળી જશે પછી –!"

"પછી કશું નહિ, દેવી! આપણે છૂટ્યાં!"

"પણ કાલે એ આવશે તો?"

"તો તને એ મળી જ ન શકે એવું હું કરવાનો: હું એને પોલીસના

હાથમાં સોંપાવીશ."

"નહિ નહિ, દાક્તર! એવું ન કરશો. હું એને પૃથ્વીનો કેદી નહિ બનાવું. એ તો છે અસીમ સમુદ્રનો જીવઃ એને હું કેદી નહિ કરાવું."

"જલદેવી! હાય! ઓ જલદેવી! તને શું થઈ રહ્યું છે?"

"દાક્તર! મને મારા પોતાના મનનાં ભૂતોથી બચાવો."

"જલદેવી! આની પાછળ શું છે? કાંઈક છે ખરું?"

"છે, છે: ખેંચાણ છે, પ્રલોભન છે."

"હજુય પ્રલોભન રહ્યું છે?"

"હા, એ માનવી જાણે કે સાક્ષાત્ દરિયો છે."

[4]

એ આખી રાત દાક્તરે જાગતા ગાળી. એની દાક્તરી વિદ્યાએ જલદેવીનો રોગ જોઈને હાથ ધોઈ નાખ્યા. આખી રાત જલદેવી શાંત પડી હતી. પણ એ શાંતિના અતલતલમાં તોફાન હતું. એનો તલસ્પર્શ અશક્ય હતો. જલદેવી સમુદ્રની સૃષ્ટિનું પ્રાણી હોવાની એને ખાતરી થઈ. સમુદ્રના જીવો સમુદ્ર જેવું જ જીવન જીવે છે: સમુદ્રમાં ભરતી-ઓટ સમાન જ એ જીવાત્માઓની ઊર્મિઓના જુવાળ ચડે-ઊતરે છે. એવાં સમુદ્રવાસી પ્રાણીઓ કે માનવીઓ ધરતી પર ન ઊતરી શકે. એનાં મૂળ પૃથ્વીમાં ન બાઝે. મેં મોટી ભૂલ કરી. જલદેવીને ધરતી પર આણીને મેં પાપ કર્યું. હું માત્ર એના પરના પ્રેમને કારણે બીજું કશું જ વિચારી ન શક્યો. હું મારી ને એની વચ્ચેનું વયનું અંતર પણ ન વિચારી શક્યો. એને અહીં લાવ્યા પછી પણ મેં મારા સંસ્કારોનો વિકાસ ન આપ્યો: એ હતી તેવી જ મને વહાલી લાગી. આજ એ દરિયાનું જળચર જ રહી, ને હવે માછલી જેવી ઝૂરે છે. એનો પ્રાણ પેલા પ્રવાસીની પાછળ ધસે છે. એના અંતરમાં છૂપું વશીકરણ તોફાન મચાવી એને ચીસો પડાવે છે. શું કરું? એને જવા દઉં? તો મારું, એનું સહુનું શું થશે?"

બીજે દિવસે જલદેવીએ પહેલી જ તકે કહ્યું કે, "આજે તમે ક્યાંય ટાપુમાં વિઝીટે ન જતા, હો કે!"

“ભલે. તું આજે નહાવા નથી ગઈ?”

“ના, આજે તો નહાવાનો સવાલ જ નથી. પણ, દાક્તર, આવો; આપણે ફરીને વાતો કરી કાઢીએ, બધું અધૂરું જ રહ્યું છે.”

બેઉ ઘરમાં જ બેઠાં. જલદેવીએ વાત ઉપાડી: “આપણું દુર્ભાગ્ય હતું કે બીજાં કોઈ નહિ ને આપણે બે સંસારમાં જોડાયાં.”

“એમ કેમ કહે છે?”

“સાચું જ કહું છું. એ જોડાણમાંથી – એટલે કે જે રીતે એ જોડાણ થયું તેમાંથી – વિષવૃક્ષ જ ઊગ્યું.”

“બસ, તને એમ જ લાગે છે?”

“જુઓ, હવે આપણે એકબીજાંને ક્યાં સુધી છેતરશું? હવે તો સત્ય ન છુપાવીએ. સાચી વાત તો એ જ છે, કે તમે ત્યાં મારા પિતાને ઘેર આવ્યા અને મને વેચાતી લીધી.”

“વેચાતી લીધી? વેચાતી?”

“હા; ને હું પણ તમારાથી ચડિયાતી નહોતી. મેં પણ સાટું કબૂલ્યું: મારી જાત વેચી.”

“જલદેવી! આટલે સુધી કહી નાખવાની તારી છાતી ચાલી શકે છે? સાટું?”

“ત્યારે એને બીજું શું કહેશો? તમારાથી તમારા ઘરની શૂન્યતા – એકલતા – સહેવાતી નહોતી, ને તમે કોઈ સ્ત્રીની શોધમાં હતા: ખરું?”

“ખેર! તને ઠીક પડે તેમ કહે.”

“તમે મને બે-ચાર વાર મળ્યા, વાતો કરી અને પછી મારી માગણી કરી. એથી વધુ મારી શી તપાસ તમે કરી હતી, ભલા? મને તમે ક્યાં પૂરી પિછાની હતી?”

“વારુ!”

“હું પણ અનાથ હતી. દિશાશૂન્ય હતી. એકલી ને અટૂલી હતી. મને પણ એકલતા ખાઈ જતી હતી. તમે આવ્યા. મને જિંદગીભર ભરણપોષણ આપવા વચન દીધું –”

"જલદેવી! મેં શું તારા ભરણપોષણની જ વાત વિચારી હતી? એથી ઊંચું કંઈ જ નહિ?"

"એથી ઊંચું ઘણું ઘણું. તેમ છતાં મારે એ નહોતું સ્વીકારવું જોઈતું – કોઈ પણ લોભે નહિ. મારે મારી જાતને નહોતી વેચવી જોઈતી – કોઈ પણ કિંમતે નહિ. એથી તો મારા મનની મુક્ત પસંદગીની હલકામાં હલકી મજૂરી અથવા ચીંથરેહાલ ગરીબી બહેતર હતી."

"ત્યારે શું આપણે સહજીવનમાં ગાળેલાં આ પાંચ-છ વર્ષનો કાળ તારે મન તો દુઃખમય જ નીવડ્યો ને?"

"ના, એવું ન માનતા, દાક્તર! મને તો તમે જીવ સાટે સાચવી છે. મને સુખી કરવા સારુ મનુષ્ય મથી શકે તેટલા તમે મથી છૂટ્યા છો; પરંતુ ખરી વાત એ છે કે મેં તમારા ઘરમાં મુક્ત મનથી પગ નથી દીધો."

"મુક્ત મનથી નહિ? હાં હાં, ગઈ કાલ સાંજના તારા એ શબ્દો મને સાંભરે છે."

"બસ, એ શબ્દોએ મારી જીવન-સમસ્યાને સ્પષ્ટ કરી આપી છે. હવે હું ગોટાળાની બહાર નીકળી ગઈ છું. હવે હું જોઈ શકું છું."

"શું?"

"કે આપણું ભેળાં રહેવું એ ખરેખરું લગ્ન નથી."

દિલમાં દાઝો પડતી હોય, એક પછી એક અંગારા ચંપાતા હોય, તેવી વેદના પામતા દાક્તર બોલ્યા: "હા, હવે આપણે જ જીવન જીવીએ છીએ તે ખરું લગ્ન નથી."

"હવેનું – અને અગાઉ પણ એમ જ. પ્રથમ પગરણથી માંડીને અત્યાર સુધી કદી જ એ સાચું લગ્નજીવન નહોતું. મારું પહેલાનું એ લગ્ન પરિપૂર્ણ અને સાચું લગ્ન બની શક્યું હોત."

"પહેલાનું એટલે કયું?"

"મારું – એની સાથેનું."

"હું તારું કહેવું જરીકે સમજી શકતો નથી."

"ઓહ! દાક્તર! હવે આપણે પરસ્પરને છેતરવાનું છોડી દઈએ.

પોતાની જાતની છેતરપિંડી પણ હવે ન ઘટે.''

''એટલે તારે શું કહેવું છે?''

''કહેવી છે એક જ વાત – કે મુક્ત મનથી આપેલો કોલ પણ લગ્નની ગાંઠ જેટલો જ બંધનરૂપ છે.''

''પણ તું શું –''

''હું માગું છું, દાક્તર, કે મને મુક્ત કરો: મારો છુટકારો કરો!''

''જલદેવી! જલદેવી!''

''હા, છુટકારો માગું છું. ને કહી રાખું છું કે સરવાળે તો આપણાં બન્નેનાં જે રીતે જોડાણ થયાં છે તેને પરિણામે એ જ સ્થિતિ આવીને ઊભી જ રહેવાની.''

પોતાની વેદનાને દબાવવા મથતા દાક્તરથી એટલું જ બોલાયું: ''આખરે શું આ સ્થિતિ આવી પહોંચી, દેવી! હું તને ન જીતી શક્યો. પૂરેપૂરી ન જ પામી શક્યો.''

''ઓ દાક્તર! તમને ચાહવાનું જો મારાથી બની શક્યું હોત, તો કેટલી આનંદ-ભેર હું તમને ચાહત! પણ હું બરાબર જાણું છું: એ કદી જ નહિ બની શકે.''

''ત્યારે શું તું છૂટાછેડા માગે છે? કાયદેસરનો સંપૂર્ણ છુટકારો?''

''તમે મને હજુયે ન ઓળખી શક્યા, દાક્તર! એ કાયદાની વિધિઓની મને જરીકે પરવા નથી. એ બધી ઉપલક બાબતોની શી જરૂર છે? હું તો એટલું જ માગું છું કે આપણે એકબીજાંને મુક્ત મનથી અરસપરસ છૂટા કરવાં.''

''અને પછી? આપણાં બન્નેનાં જીવનની શી ગતિ થશે તેનો તેં વિચાર કર્યો છે, દેવી?'' દાક્તરે પોતાના બંને હાથમાં પોતાના માથાના વાળ જકડી લીધા.

''એની કશી ફિકર નથી. ગમે તે થાઓ. ફક્ત એક વાર મને મુક્ત કરો: મારી સ્વતંત્રતા મને પાછી આપો – આજે ને આજે જ આપો. આજે એ આવશે, અને મારે એની સામે પરિપૂર્ણ મુક્ત માનવી તરીકે ઊભાં રહેવું

છે. હું બીજાની બૈરી છું એ વાતની ઓથ લઈને મારે એને ના પાડવી નથી. એને તો મારે મુક્ત અને છેલ્લો નિશ્ચય કહેવો છે. મુક્ત દિલે મારે પસંદગી કરવી છે: કાં તો એને પાછો ચાલ્યો જવા કહેવું છે, ને કાં એની સાથે મારે ચાલી નીકળવાનું છે.''

''એની સાથે? એ પરદેશીને પૂરો ઓળખ્યા વિના તું તારી આખી જિંદગી સોંપી દઈશ?''

''તમને પણ મેં ક્યાં પૂરા ઓળખ્યા હતા! ને છતાં તમારા હાથમાંય મેં મારી આખી જિંદગી સોંપી હતી ને?''

''પણ, દેવી, તે વખતે તો તારા ભવિષ્યનો તને ઝાંખો ઝાંખોયે ખ્યાલ હતો. ને આ માણસ તો કોણ છે, ક્યાંનો છે એ કશું જ તું નથી જાણતી.''

''નથી જાણતી તેથી જ એ ભયાનક છે. ભયાનક છે માટે જ મને ખેંચી રહેલ છે. એ અગમ્ય છે તેથી જ તેમાં ઝંપલાવવા હું તલખી રહી છું. મને એ જાણે હાથ ઝાલીને અતલમાં ઘસડી જાય છે.''

''દેવી! હવે મને ગમ પડે છે. તું દરિયાની સાથે એકાકાર બની ગઈ છે. તું પણ ભયંકર છે: મને ખેંચે છે ને ધક્કો મારે છે; મને તરફડાવે છે ને ડરાવે છે.''

''માટે જ મને રજા આપો. આપણે મિત્રો તરીકે છૂટાં પડીશું. મને તમારાં તમામ બંધનોમાંથી, હૃદયની તમામ ગ્રંથિઓમાંથી મોકળી કરો.''

''દેવી! તને વીનવીને કહું છું કે આજે એક દિવસ આપણે ભેળાં રહીએ, હું ને તું બન્ને શાંતિથી વિચાર કરીએ. તને હું એમ કેમ છોડું? મને હક્ક નથી? તારી રક્ષા કરવી એ મારી ફરજ છે. તારી રક્ષાનો એ મારો હક્ક અને મારો ધર્મ બજાવવો જ રહ્યો.''

''મારી રક્ષા!'' જલદેવી હસી પડી. ''શું કોઈ બહારના શત્રુથી મને રક્ષવાનો આ સવાલ છે? ભય મારા ભીતરમાંથી ઊઠેલ છે. અંતઃકરણના ઊંડાણે એ ભયંકર લાલચ સળગી ઊઠી છે. તમે મને શી રીતે રક્ષવાના હતા?''

''એ લાલચ સામે શું તું લડીશ નહિ?''

"હા. મારી ઇચ્છા હોત તો હું લડત; પરંતુ મને એમ જ થયા કરે છે કે જાણે હું એની છું. હું એની સામે ટક્કર લેવા માગતી નથી. દાક્તર, મને ઝટ મોકળી કરો."

"તું એને આજે ચાલ્યો જવા દે: એ ભયંકર આફત તારા માથા પરથી ઊતરી જવા દે. પછી હું તને મુક્ત કરીશ. પછી તને ફાવે તે માર્ગે તું જજે."

"ના, ના, કાલે તો બહુ મોડું પડી જાય."

"દેવી! બીજું તો કંઈ નહિ, પણ આ બચ્ચાંની દયા ખાઈને આજે બંધ રહે."

એ વખતે બન્ને દીકરીઓ ફરતીફરતી બાપુ પાસે આવે છે. માથી જાણે ભય પામતી હોય તેમ બંને એની સામે દૃષ્ટિ સુધ્ધાં કરતી નથી.

"બાપુ!" મોટી બોલી: "અમે બેઉ ગોઠવણ કરીએ છીએ: આજે રાત્રે અમારે ખાડીના બંદર પર જવાનું છે."

"અમે બંને પણ ગોઠવણ કરીએ છીએ, બચ્ચાં!" દાક્તરે કહ્યું: "જલદેવી જાય છે. દરિયાની માછલી દરિયે જાય છે – એને પિયર રહેવા માટે."

"હેં બા! સાચી વાત, નવી બા?" કહેતી નાની પુત્રી જલદેવી તરફ ધસીને એને બાઝી પડવા ગઈ. ઓચિંતી જાણે આગ દેખીને ડરી હોય તેમ ઊભી રહી. "તમે અમને અહીં છોડીને જાઓ છો, બા?"

એને ઉશ્કેરાયેલી દેખીને જલદેવીએ પૂછ્યું: "કેમ નાની, શું થાય છે તને?"

"ના... કંઈ નહિ, બા! તમે એકલાં જ જશો? બાપુ પણ જાય છે?"

"ના, બેટા; હું તો ત્યાં વારંવાર આંટોફેરો જતો રહીશ." નાની પુત્રી એકાએક મોં ફેરવીને ધીરે ધીરે ચાલી ગઈ. જલદેવીએ પૂછ્યું: "નાનીને શું થયું? એ કેમ ચમકી ગઈ છે?"

"તમે નથી જોતાં, બા, કે નાની દિવસ-રાત શાને માટે તલખતી ઘરમાં ઘૂમી રહી છે?" મોટીએ કહ્યું.

"તલખતી?"

"હા, તમે આ ઘરમાં આવ્યાં ત્યારથી જ તલખતી ફરે છે."

"હોય નહિ. શા સારુ?"

"તમારા મોંના એક મીઠા બોલ સારુ." મોટી પુત્રીનું મોં પણ આંસુ છુપાવવા માટે ફરી ગયું.

"હાશ! હાશ!" જલદેવીએ નિઃશ્વાસ ઠાલવ્યો: "આ ઘરમાં જ મને ઠરી બેસવાનું એકાદ ઠેકાણું સાંપડ્યું હોત!"

[5]

સંધ્યાનો છેલ્લો પહોર હાંફતો હાંફતો દરિયાપાર ઊતરી ગયો. જલદેવીના ભાગ્ય-નિર્માણની છેલ્લી ઘડી ચાલી આવતી હતી. અડધો કલાક જ બાકી હતો. પણ આખરી નિર્ણય પહેલાંનો એ અડધો કલાક હતો: લોહી નિચોવી લે તેવી એ થોડી પળો હતી.

પતિના ઘરમાંથી ઊખડી જવામાં પોતાને કશી જ વેદના નથી એવું જલદેવીનું માનવું હતું. એના જીવનના ઝાડને મૂળિયું જ ત્યાં બાઝ્યું નહોતું. એક ઓરડો, એક કબાટ, એક ટ્રંક કે એક બૅગ પણ એવી નહોતી કે જેને એ પોતાની કહી શકે. એના મમત્વને બાંધનાર કોઈ દોરી ત્યાં નહોતી. ઘર છોડતી વેળા ત્રણ પહેર્યાં વસ્ત્રો ઉપરાંત એક બચકી પણ એને લેવાની નહોતી. એક ચાવી પણ કોઈને સોંપી જવાની નહોતી.

અને પતિ જબરદસ્તીથી રાખશે તો? હા, પતિએ છેલ્લા પછાડા મારતાં ધીરજ હારીને એમ પણ કહી નાખેલું કે, "હું તને ઘરમાંથી નહિ જવા દઉં!" તોયે શું? જોરાવરીથી એ જલદેવીના દેહને ઘરમાં રૂંધી શકશે કદાચ; પણ જલદેવીના મૂક અંતઃકરણના નિર્ણયને, એની પસંદગીને, એના પ્યારને કોણ બાંધવાનું હતું!

પતિએ ઘણી ઘણી ફોસલાવી કે, "તને કાલથી જ સઘળું સ્વાતંત્ર્ય આપું. તને ફાવે તે જીવન સ્વીકાર. તારું પોતાનું જીવતર પાછું વહેવા દે." પણ એનું પોતાનું જીવતર કયું? એ તો જે દિવસ જલદેવી દાક્તરને પરણવાની હા પાડી બેઠી હતી તે દિવસથી જ એ જીવતર કોઈ અકળ

વાવાઝોડામાં ઘસડાઈ ગયું હતું; કેમકે એણે જેને રાહ જોવાનો કોલ આપ્યો હતો, તેને જ તે દિવસે તજ્યો હતો. એ જ માનવી પોતાના કોલ પ્રમાણે બંધાઈ રહીને આજે એને સાચું જીવન જીવવાની ફરી એક તક આપવા આવતો હતો.

એ આવી પહોંચ્યો. જહાજનો પહેલો પાવો વાગ્યો ને એનાં પગલાં બોલ્યાં. ગઈકાલે જ્યાં ઊભાં રહેવા કહેલું ત્યાં જ જલદેવી ઊભી હતી. પતિ પણ છેલ્લા પછાડા મારતો ને ચિરાઈ જતો ઊભો હતો. વાડ્યના સળિયા ઉપર ડોકું કાઢીને વિદેશી ઊભો રહ્યો. બોલ્યો: "દરિયાપરી! તૈયાર છો ને?"

દાક્તર વચ્ચે બોલી ઊઠ્યા: "તમે જુઓ છો કે એ તૈયાર નથી."

"ના, ના, હું એનાં ટ્રંક-પેટી કે પ્રવાસના પોશાક માટે નથી પૂછતો. એને જે જોઈએ તે બધું જ મેં જહાજ પર તૈયાર રાખ્યું છે. હું તો માત્ર એટલું જ પૂછું છું, દરિયાપરી, કે તમે મારી સાથે આવવા તૈયાર છો ને?"

"ઓ...ઓ!" જલદેવીએ ચીસ પાડી: "મને ન લોભાવો! ન ઘસડી જાઓ!"

"જો, દરિયાપરી!" જહાજ પરથી વાગતી ઝાલરને ઉદ્દેશી પરદેશીએ કહ્યું: "જો, આ પહેલો ઘંટ બજી ગયો. જહાજ પર ચડવાનો એ પહેલો ઘંટ. હવે હા કે ના કહી દે."

જલદેવી હાથ મસળે છે: "જીવતરમાં, બસ છેલ્લી જ વારની પસંદગી કરવાની છે? પછી ફરી વાર શું કદી જ નહિ ફેરવી શકાય?"

"કદી જ નહિ. ને અડધા કલાક પછી તો અતિ મોડું થઈ ગયું હશે."

તીણી નજર ચોડીને જલદેવીએ પૂછ્યું: "આટલી દૃઢતાથી તમે શા સારુ મને જકડી રહ્યા છો?"

"કેમકે આપણે બન્ને એકીસાથે જડાયાં છીએ."

"સોગંદ લીધા હતા તેટલા કારણે શું?"

"નહિ, સોગંદ કોઈને ન બાંધી શકે: ન સ્ત્રીને કે ન પુરુષને. હું તો તને વળગી રહ્યો છું; કેમકે મારાથી બીજું કશું બની શકતું નથી: હું છુટકારો

પામી શકતો નથી.''

ધ્રૂજતે કંઠે જલદેવી બોલી: ''તમે વહેલા કેમ ન આવ્યા?''

પરદેશી તાર ઠેકીને અંદર ગયો. તરત જલદેવી હટી ગઈ. પતિની પાસે ભરાઈ ગઈ. પૂછ્યું: ''તમારે શું જોઈએ છે?''

''મારે જે જોઈએ છે તે જ હું તારા અંતરમાંથી સાંભળી રહ્યો છું. અંતે તું મારી જ બનશે.''

દાક્તરે ધૈર્ય ગુમાવ્યું. એ આગળ ધસ્યા. બોલ્યા: ''મારી સ્ત્રીને કશું પસંદ કરવાપણું રહેતું જ નથી. હું પોતે જ પસંદગી કરવા અને એને રક્ષવા અહીં ઊભો છું. તું ચાલ્યો જા. ફરીને કદી આવતો ના. નહિ તો – તું જાણે છે ને કે તારા શિર પર કાળ ભમી રહેલ છે?''

''ઓ વહાલા દાક્તર!'' જલદેવી બોલી ઊઠી: ''નહિ નહિ, એ નહિ, હો!''

પરદેશીએ પૂછ્યું: ''તમે શું કરશો?''

''હું તને કેદ કરાવીશ.''

''હું પણ એ સારુ તૈયાર જ રહું છું. એટલા સારુ તો –'' પોતાની છાતી પરના અંદરના ગજવામાંથી એણે રિવૉલ્વર કાઢી: ''એટલા સારુ તો મેં આ સાથે જ રાખી છે.''

દોડીને જલદેવી દાક્તરની આડે ઊભી રહી: ''નહિ હો! એને ન મારશો. એ કરતાં તો મને જ ઠાર કરો!''

''ન એને કે ન તમને, દરિયાપરી! આ મોત તો મારા પોતાના સારુ જ છે; કેમકે હું સ્વતંત્ર માનવી તરીકે જ જીવવા અથવા મરવા માગું છું.''

જલદેવીનાં અધબીડ્યાં હૃદયદ્વાર પૂરેપૂરાં ઊઘડી ગયાં. માતાને દેખી ખીલો ઉખેડી નાખવાનું જોર કરતા વાછરુની માફક એણે છેલ્લો તરફરાટ અનુભવ્યો. પતિ તરફ જોઈને એણે કહ્યું: ''સાંભળો, દાક્તર, સ્પષ્ટ સાંભળી લેજો. તમે તમારા સત્તાબળથી ને લાગવગથી મને જકડી રાખી શકો તેમ છો. ને એ જ તમારો વિચાર છે, તો સુખેથી રાખો; પરંતુ મારા દિલને

– મારા તમામ વિચારોને, મારી આકાંક્ષાઓને, મારી વેદનાઓને – તમે નહિ બાંધી રાખી શકો. એ બધાં તો ધસી રહ્યાં છે એક અગમ દુનિયામાં, કે જે દુનિયામાં જીવવા મારું નિર્માણ હતું, ને જે દુનિયામાંથી તમે મને રોકીને અહીં કેદ પૂરી છે.''

''જલદેવી!'' દાક્તરનાં કડકાઈ અને રોષ નીતરી ગયાં. એ દીન વદને બોલ્યો: ''દેવી! હું તને મારી પાસેથી ધીરે ધીરે સરી જતી જોઉં છું. એ અકળ, અગમ, અસીમ અને અપ્રાપ્ય સંસારની ઝંખના તને આખરે ઘોર અંધારી કો રાત્રિમાં ઉતારી દેશે.''

''હું પણ એ સમજું છું. એ કાળપંખીની કાળી, નિઃસ્તબ્ધ પાંખો મારા ઉપર ફફડી રહી છે.''

''હું તને ઉગારી શકું તેમ નથી. બચવાની બારી રહી નથી, એટલે હવે છેવટે હું આપણા બંધો છોડી નાખું છું: તને મોકળી કરું છું. હવે તું સંપૂર્ણ સ્વતંત્રતાથી પસંદગી કરી શકશે.''

''સાચોસાચ!'' જલદેવીએ થંભી જઈને પૂછ્યું: ''શું તમે સાચોસાચ કહો છો? ખરા અંતરથી કહો છો?''

''હા હા, ચિરાતા અંતરના ઊંડામાં ઊંડા ખૂણામાંથી ચીસ પાડીને કહું છું, કે તું બંધનમુક્ત છે.''

''સાચે જ, દાક્તર! સાચોસાચ તમે મને મુક્ત થવા દેશો? મને ચાહે ત્યાં જવા દેશો?''

''હા, કારણ કે હું તને પ્રાણતુલ્ય ચાહું છું.''

''હું તમારા અંતરની આટલી બધી નજીક આવી ગઈ, એમ? તમે મને હૃદયની છેક ગોદમાં લઈ લીધી?''

''આટલાં વર્ષો સાથે રહ્યાં તેને લીધે.''

''ને હું શું આ વાત સમજી ન શકી?''

''કારણ કે તારું દિલ બીજે દોડી રહ્યું હતું. ને હવે તો તું મારાથી – મારાં સ્વજનોથી – સહુથી સંપૂર્ણ સ્વતંત્ર છે, દેવી! તું સુખેથી મુક્ત

મનથી પસંદગી કરી લે. તારી પાંખો જ્યાં લઈ જાય ત્યાં ઊડી જા. તારી સ્વતંત્રતા અને તારી જવાબદારી પર તું નિર્ણય કરજે."

"મારી સ્વતંત્રતા અને મારી જવાબદારી!"

જલદેવીની મનોદશામાં આ સ્વતંત્રતાની નવપ્રાપ્તિથી નવો પલટો આવ્યો. નવા અવતારની લહરી વાઈ ગઈ. જે દીવાલો વટાવીને એ મૂંઝાયેલો પ્રાણ મહાસાગરે ઊડી જવા માગતો હતો, તે દીવાલો અદૃશ્ય બની. પંખીનું પિંજર તૂટી ગયું. આસપાસ જીવનની નિઃસીમ વિશાલતા દીઠી. એનો આત્મા બોલી ઊઠ્યો: "દાક્તર! વહાલા! બધું જાણે બદલી જાય છે."

જહાજની ઝાલર ફરીવાર ગુંજી ઊઠી. ભૂરા વાળ અને વાદળી આંખોવાળો વિદેશી અનિમેષ નેત્રે ઊભો હતો. તેણે કહ્યું: "દરિયાપરી, સાંભળો છો? છેલ્લો ઘંટ વાગી ચૂક્યો. ચાલો!"

એરણ પર હથોડો પડે તેવી મક્કમ વાણી કાઢીને જલદેવી એ વિદેશી પ્રિયતમની સામે સ્થિર દૃષ્ટિએ બોલી: "આ બધી વાત પછી તો હું કદી તમારી સાથે નહિ આવું."

"નહિ આવો?"

"ના, ના..." કહેતી જલદેવી દાક્તરને બાઝી પડી. "હું તમારાથી અળગી નહિ થાઉં. હવે શા સારુ જાઉં?"

દાક્તર ચકિત બની ગયા. "જલદેવી! દેવી!"

વિદેશીએ છેલ્લી વાર પૂછી જોયું: "બસ, બધું ખતમ થઈ ગયું ને હવે તો?"

"બસ, બધું જ ખતમ –"

"હાં, સમજ્યો: મારી ઇચ્છાના બળ કરતાં વધુ બળવાન કોઈક તત્ત્વ અહીં લાગે છે."

"તમારી ઇચ્છાનો હવે મારા મન પર છાયામાત્ર પણ કાબૂ નથી રહ્યો. તમે મારા મનથી કે' દાડાના મૂએલા માનવી સમાન છો. એ મૂએલનું પ્રેત જાણે કે સમુદ્રેથી ઘેર આવેલું તે આજે પાછું ચાલ્યું જાય છે. હવે મને

તમારું ભયંકર ખેંચાણ રહ્યું નથી. તમારું વશીકરણ પૂરું થઈ ગયું."

"તો છેલ્લા પ્રણામ, દરિયાપરી!" વિદેશી વાડ્ય વટાવીને બહાર ઊતરી ગયો. ત્યાંથી બોલ્યો: "આજથી તમે પણ મારા જીવનમાં કોઈ ડૂબેલા વહાણ સમ બની રહેશો. ને હું જાણે કે એ વહાણમાંથી ઊગરી આવેલ મુસાફર છું એમ સમજીને જીવન પૂરું કરીશ." એટલું કહીને વિદેશી ચાલી નીકળ્યો.

દાક્તરથી હજુ જાણે કે મનાતું નથી કે શું સાચું છે. "જલદેવી! દરિયાના ભરતી--ઓટ જેવા જ જુવાળ તારા હૃદયમાં ચડે-ઊતરે છે. આ પલટો ક્યાંથી આવ્યો?"

"પલટો આવ્યા વિના રહે જ કેમ? મુક્ત બનીને, પૂરેપૂરા છુટકારાની દશામાં પસંદગી કરવાની આવી ખરી ને!"

"ત્યારે શું તને એ અગમ સૃષ્ટિ આકર્ષતી નથી?"

"નથી એ આકર્ષતી, કે નથી બિવરાવતી. એના વશીકરણને અધીન જો મારે થવું હોત તો હું ચાલી જાત, એમાં દાખલ થઈ જાત. પણ એનો આધાર મારી પસંદગી ઉપર હતો. માટે જ હું આખરે એને ફેંકી દઈ શકી."

"હવે હું સમજી શક્યો છું, દેવી, કે તારા અંતરમાં આ સમુદ્ર માટેની ઝંખના, આ અજાણ્યા પરદેશી પ્રતિનું ખેંચાણ, આ તલખાટ અને વેદના – બધાં માત્ર સ્વતંત્રતા માટેના જ વધતા જતા પછાડા હતા: બીજું કશું જ નહોતું."

"એ તો હું નથી જાણતી. પણ, ઓ વહાલા દાક્તર, તમે આજે મારા રોગની સાચી પરખ કરી. તમે મારા ખરા વૈદ્ય બન્યા. તમે છેવટનો ઉપચાર કરવાની હિંમત બતાવી."

"હા, છેલ્લામાં છેલ્લી અણીને ટાણે, ખરા સંકટની ઘડીએ અમે દાક્તરો દરેક જાતનું જોખમ ખેડી જાણીએ છીએ. એ તો ઠીક, પણ હવે, દેવી, હવે ફરીવાર શું તું મારી નજીક આવી રહી છે?"

"સાચે જ હું તમારી ગોદમાં આવી પહોંચી છું, આવી શકું છું; કેમકે

હવે તો મુક્ત બનીને, મારી જવાબદારી સમજીને આવી છું."

"જલદેવી! મારી દેવી!" પત્નીના મુખની સુધાને તૃષાતુરની પેઠે પી રહેલી એની દૃષ્ટિ કોઈ જલચરની લાંબી ડોકની માફક લંબાઈ ગઈ હતી: "સાચે જ શું હવે આપણે પરિપૂર્ણપણે એકબીજાંને સારુ જીવી શકશું? પરસ્પર, એક અણુયે જગ્યા અન્ય કોઈને માટે ન રહે એવી રીતે જીવનને ભરચક કરી લેશું?"

"ચોક્કસ, ભૂતકાળનાં સંભારણાં પણ આપણાં બન્નેનાં સજીવન રહેશે. તે આપણે આપણાં સંતાનોને –"

"આપણાં! ખરેખર શું તું એને આપણાં કહી શકે છે?"

"હું એને મારાં કરી લઈશ, એનાં દિલ જીતી લઈશ."

"હવે શું બોલી શકાય!" એટલું કહીને દાક્તરે સ્ત્રીના હાથ પોતાની આંખે અડકાયા. ત્યાં તો ફરતી ફરતી દીકરીઓ માસ્તર સાહેબની સાથે આવી પહોંચી. તેઓના વાર્તાલાપમાંથી ગળાઈને તૂટક શબ્દો આવતા હતા કે, "બસ, આ વર્ષે તો આ વિદેશી જહાજની છેલ્લી સફર છે. ઉનાળાનો આપણો આનંદ ઊડી જશે. બા પણ પિયર ચાલ્યાં જશે."

"ના ના, બચ્ચાંઓ!" દાક્તરે હર્ષ-ગદ્ગદિત બની સંભળાવ્યું: "હવે અમે વિચાર બદલ્યો છે. બા હવે નથી જવાની; અહીં જ રહેશે."

"સાચેસાચ શું, બા!" કહેતી નાની પુત્રી, વાત્સલ્ય-ઝૂરતા હરણ-બાળ જેવી, નવી બાના મોં સામે તાકી રહી. "તમે અહીં અમારી સાથે જ રહેશો, બા?"

"હા, બેટા, જો તમે મને રાખશો તો હું રહીશ."

"જો તો! કેવું પૂછે છે બા! તમે રાખશો તો!" નાની પુત્રીના હસતા હોઠ ઉપરથી આંસુની ધારા વહી જતી હતી.

"આ તો આશ્ચર્યની વાત!" માસ્તર સાહેબ જોઈ રહ્યા.

જલદેવીએ હસીને કહ્યું: "માસ્તર સાહેબ! એ તો એવું છે કે એક વાર પૃથ્વીને તીરે ફેંકાઈ ગયા પછી જળનો જીવ જળમાં પાછો પહોંચી

શકતો નથી. દરિયાની માછલી હોય તો તરફડી મરે છે, પણ માનવી હોય તો ધરતીમાં ઘર કરી ધીરે ધીરે પૃથ્વીના જીવનને ટેવાઈ જાય છે – જો સ્વતંત્ર મનથી નક્કી કરે તો."

"ને – જો પોતાના શિર પર જવાબદારી લઈને કરે તો." દાક્તરે હસતાં હસતાં ઉમેર્યું.

"સાચું કહ્યું," એટલું કહી જલદેવીએ સ્વામીનો હાથ ઝાલ્યો. દીકરીઓ બાના પડખામાં લપાઈ ગઈ. બધાં ઘરમાં ચાલ્યાં.

પરદેશી જહાજ નિઃસ્તબ્ધ ગતિથી મોટા દરિયા તરફ ચાલ્યું જતું હતું. સૂતેલાં સમુદ્રજળ જાગતાં હતાં. આસમાની આંખોવાળો વિદેશી વિચારી રહ્યો હતો કે આ તારાઓ પણ શું કોઈ ભાંગેલી, ડૂબેલી નૌકામાંથી બચી નીકળેલા મુસાફરો જ હશે!



## ઝવેરચંદ મેઘાણી: સાહિત્યજીવન

1896 જન્મ: 28 ઑગસ્ટ, ચોટીલા (જિ૰ સુરેન્દ્રનગર).

1912 અમરેલીમાં શાળાશિક્ષણ પૂરું કર્યું. ત્યાં સુધીમાં સ્વદેશી ચળવળ, આર્યસમાજ અને થિયોસોફીનાં સંસ્કારબીજ વવાયાં.

1917 કૉલેજ-શિક્ષણ 1913માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી.એ. થયા. ત્યાં સનાતન ધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક થયા.

1918 કૌટુંબિક કારણે ઓચિંતા કલકત્તા જઈ ચડ્યા. શિક્ષકગીરી અને એમ.એ.નો અભ્યાસ રઝળ્યાં. ઍલ્યુમિનિયમના એક કારખાનામાં નોકરી સ્વીકારી. બંગાળી સાહિત્યનાં પરિચય-પરિશીલન આરંભાયાં. પહેલવહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' રચાયું.

1921 વતનનો 'દુર્નિવાર સાદ' સાંભળીને કલકત્તા છોડીને કાઠિયાવાડ પાછા ફર્યા.

1922 રાણપુરથી પ્રગટ થતા શ્રી અમૃતલાલ શેઠના નવા અઠવાડિક

'સૌરાષ્ટ્ર'માં બે-ત્રણ લેખો મોકલ્યા કે તરત તંત્રી-મંડળમાં સ્થાન પામ્યા; પત્રકાર તરીકેની કામગીરીનો આરંભ. રવીન્દ્રનાથના 'કથા ઓ કાહિની'નાં બંગાળી કથાગીતો પરથી આલેખેલા સ્વાર્પણ અને ત્યાગના ભાવના-પ્રસંગોનો નાનો સંગ્રહ 'કુરબાનીની કથાઓ' આપીને લેખન-કારકિર્દીનું મંગલાચરણ કર્યું. લોકસાહિત્યની પ્રથમ પ્રસાદીરૂપે 'ડોશીમાની વાતો' પુસ્તક બહાર પડ્યું.

1923 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ બહાર પડ્યો ને લેખક તરીકે જાણીતા થયા. હવે પછી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જીવન-ઉપાસના બની. 1927 સુધીમાં 'રસધાર'ના પાંચ ભાગ પૂરા થયા.

1928-29 બાલ-કિશોર ને નારી-ભાવને ઝીલતાં, પોતે 'પ્રિયતર' ગણેલાં ગીતોના સંગ્રહો 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' આપ્યા.

1929 લોકસાહિત્યના સંશોધન બદલ પહેલો રણજિતરામ સુવર્ણચંદ્રક (1928) અર્પણ થયો. જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે મુંબઈમાં લોકસાહિત્ય વિશે છ વ્યાખ્યાન આપ્યાં.

1930 સત્યાગ્રહ-સંગ્રામ નિમિત્તે રચેલાં શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધુડો' બહાર પડ્યો, તે સરકારે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂન-ભંગ આવૃત્તિની સેંકડો નકલો લોકોમાં પહોંચી વળી. રાજદ્રોહના આરોપસર બે વરસના કારાવાસની સજા થઈ. અદાલતમાં 'છેલ્લી પ્રાર્થના' ગીત ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સેંકડોની મેદનીની આંખો ભીની થઈ. સાબરમતી જેલમાં પ્રસિદ્ધ ગીત 'કોઈનો લાડકવાયો' રચાયું. બદલી પામતા કેદીઓ મારફત બીજી જેલોમાં અને છૂટનારાઓ મારફત બહાર પ્રજામાં એ જોતજોતામાં પ્રસર્યું અને લોકજીભે વસી ગયું. ગાંધી–અરવીન કરારને પરિણામે માર્ચ 1931માં જેલમાંથી છૂટ્યા.

1931 ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતું 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, એ જોઈને ગાંધીજીએ કહ્યું: "મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે એ તદ્દન સાચું છે." હવે પછી 'રાષ્ટ્રીય

શાયર' તરીકે ઓળખાયા.

1934 'જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું તેના સંપાદક-મંડળમાં જોડાયા. રવીન્દ્રનાથ સાથે મુંબઈમાં મિલન; સૌરાષ્ટ્રના લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી કવિવરે સાંભળી; શાંતિનિકેતન આવવા આમંત્રણ આપ્યું.

1936 'જન્મભૂમિ' છોડીને સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અઠવાડિકના તંત્રીપદે આવ્યા. પત્રકારત્વમાં નવી ભાત પાડી.

1941 શાંતિનિકેતનમાં લોકસાહિત્ય વિશેનાં એમનાં વ્યાખ્યાનોએ દેશ–વિદેશના વિદ્યાર્થીઓ–અધ્યાપકોને મુગ્ધ કર્યા.

1942 સૂરતમાં સ્વ૰ કમળાશંકર પ્રાણશંકર વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્યઃ પગદંડીનો પંથ' એ જાણીતું વ્યાખ્યાન આપ્યું. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ચારણો અને ચારણી સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં.

1943 મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં લોકસાહિત્ય વિશેનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનખંડ નાનો પડ્યો, બહાર બગીચામાં શ્રોતાઓની ભીડ થઈ, બેકાબૂ બની.

1945 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ 23 વરસના પત્રકારજીવનમાંથી નિવૃત્તિ લીધી. રવીન્દ્રનાથનાં કાવ્યોની અનુકૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર-વીણા' પ્રગટ થયો. ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવન-અનુભવોનું પુસ્તક 'માણસાઈના દીવા' લખ્યું.

1946 ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. 'માણસાઈના દીવા'ને વરસની ઉત્તમ કૃતિ તરીકે 'મહીડા પારિતોષિક'નું ગૌરવદાન.

1947 ભજન-સાહિત્યના સંશોધનનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. 'કાળચક્ર' નવલકથા લખાતી હતી. માર્ચની 9મીએ હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો.

❐

# મેઘાણી-સાહિત્ય

## કવિતા

એકતારો
કિલ્લોલ
બાપુનાં પારણાં
યુગવંદના
રવીન્દ્ર-વીણા
વેણીનાં ફૂલ

## જીવનચરિત્ર

અકબરની યાદમાં
એની બેસન્ટ
ઠક્કરબાપા: આછો જીવનપરિચય
દયાનંદ સરસ્વતી
દરિયાપારના બહારવટિયા
નરવીર લાલાજી
પાંચ વરસનાં પંખીડાં
પુરાતન જ્યોત
બે દેશદીપક
માણસાઈના દીવા
વસંત-રજબ સ્મારક ગ્રંથ (સંપાદન)
સોરઠી સંતો
હંગેરીનો તારણહાર

## નવલકથા

અપરાધી
કાળચક્ર (અધૂરી)
ગુજરાતનો જય (2 ભાગ)
તુલસી-ક્યારો
નિરંજન
પ્રભુ પધાર્યા
બીડેલાં દ્વાર
રા' ગંગાજળિયો
વસુંધરાનાં વહાલાં-દવલાં
વેવિશાળ
સત્યની શોધમાં
સમરાંગણ
સોરઠ, તારાં વહેતાં પાણી

## નવલિકા

કુરબાનીની કથાઓ
જેલ-ઑફિસની બારી
પ્રતિમાઓ, પલકારા
મેઘાણીની નવલિકાઓ (2 ખંડ)
વિલોપન અને બીજી વાતો
~~દરિયાપારના બહારવટિયા.~~

56631



## નાટક

રાજા–રાણી
રાણો પ્રતાપ
વંઠેલાં અને બીજી નાટિકાઓ
શાહજહાં

## લોકકથા

કંકાવટી (2 મંડળ)
ડોશીમાની વાતો
દાદાજીની વાતો
રંગ છે, બારોટ!
સોરઠી બહારવટિયા (3 ભાગ)
સૌરાષ્ટ્રની રસધાર (5 ભાગ)

## લોકગીત

ઋતુગીતો
ચૂંદડી: ગૂર્જર લગ્નગીતો (2 ભાગ)
રઢિયાળી રાત (4 ખંડ)
સોરઠિયા દુહા
સોરઠી ગીતકથાઓ
સોરઠી સંતવાણી
હાલરડાં

## લોકસાહિત્ય સંશોધન–વિવેચન

ચારણો અને ચારણી સાહિત્ય
છેલ્લું પ્રયાણ
પરકમ્મા
લોકસાહિત્ય: ધરતીનું ધાવણ (2 ભાગ)
લોકસાહિત્ય: પગદંડીનો પંથ
લોકસાહિત્યનું સમાલોચન
સોરઠને તીરે તીરે
સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

56631

## પ્રકીર્ણ

અજબ દુનિયા
આપણા ઘરની વધુ વાતો
આપણું ઘર
એશિયાનું કલંક
ધ્વજમિલાપ
પરિભ્રમણ (3 ભાગ)
ભારતનો મહાવીર પાડોશી
મરેલાંનાં રુધિર ને જીવતાનાં આંસુડાંઓ
મિસરનો મુક્તિસંગ્રામ
લોક-ગંગા
વેરાનમાં
સળગતું આયર્લૅન્ડ
સાંબેલાં
સાંબેલાના સૂર

## અનુભવોની વણકરી

આ વાર્તાઓ વાસ્તવલક્ષી હોવાથી એના વણાટમાં ધરતી પરના, પોતાના તેમજ પારકા, સાચા અનુભવોની વણકરી તો અનિવાર્ય જ બને છે. વાસ્તવલક્ષી વાર્તાઓનો દોરનાર ઘણુંખરું માટીનાં માનવીઓ વચ્ચે જ આથડે છે, બનતા બનાવોને ભાળે છે; જીવતાંજાગતાં માનવહૃદયોના સારા–નબળા ધબકાર, મનોવ્યાપાર, આવેશ, વિચાર, વિકાર ઇત્યાદિની બહુરંગી લીલા જોતો એ ઊભો હોય છે.

સંસારની દિન પર દિન પલટાતી આ અનંત લીલાને લેખક ફાવતી રીતે નિહાળી નિહાળી એનું પોતે કરેલું કૌશલયુક્ત પૃથક્કરણ, સમગ્રદર્શન તેમજ જુદાજુદા ખૂણાઓ પર ઊભીને કરેલું દર્શન બીજાઓને બતાવવામાં આનંદ માને છે, પોતાના આનંદમાં અન્યને સાથીઓ બનાવે છે ને ગર્ભિત ભાવે જાણે કે અન્યને પૂછે છે કે 'કેમ, આ વાતનું રહસ્ય તને આમ જ લાગે છે ને?'

[લેખકના નિવેદનમાં]

ISBN 978-81-8480-005-0